આશા અને ધીરજ

[અલેકઝાન્ડર ડૂમા કૃત 'મોન્ટે-ક્રિસ્ટો']

આચાર્ય જે.બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ
મેમોરિયલ ટ્રસ્ટ

આ નવલકથા વિશે

અદ્‌ભુત રોમાંચક કથા તરીકે, મૂળ ફ્રેન્ચ નવલકથા "કાઉન્ટ ઑફ મૉન્ટે-ક્રિસ્ટો"એ લાખો લોકોને રસમાં તરબોળ કર્યા છે અને હજુ પણ કરે છે. માનવહૃદયની બે મોટી લાગણીઓ — પોતાને કરવામાં આવેલા નુકસાનનો બદલો લેવો અને તે માટે જોઈતી સાધન-સામગ્રી મેળવવા મથવું, — એ બેને કલ્પનાનો છૂટો દોર આપીને આ કથાનો મશહૂર ફ્રેન્ચ લેખક ડૂમા એવો તો રસ-વમળ ચડાવે છે, કે જે વાચકને બીજો વિચાર કરવાની તક આપ્યા વિના સીધો પોતાની અંદર ખેંચી લે છે.

શ્રી. એમ. કે. એમ ટ્રસ્ટ ગ્રંથમાળા – ૪

આશા અને ધીરજ

ડૂમાકૃત રોમાંચક નવલકથા

['કાઉન્ટ ઑફ મૉન્ટેક્રિસ્ટો']

સંપાદક

ગોપાળદાસ જીવાભાઈ પટેલ

આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ

મેમોરિયલ ટ્રસ્ટ

સત્યાગ્રહ છાવણી, અમદાવાદ-૫૪

પ્રકાશક
પુ૦ છો૦ પટેલ
મંત્રી
આચાર્યશ્રી જે. બી. કૃપલાની અને મગનભાઈ દેસાઈ
મેમોરિયલ ટ્રસ્ટ
સત્યાગ્રહ છાવણી, અમદાવાદ–૫૪

મુદ્રક
પરેશ કાન્તિલાલ ગાંધી
સર્વોદય પ્રેસ, ૪૮/૬ સત્યાગ્રહ છાવણી
અમદાવાદ–૫૪

દ્વિતીય આવૃત્તિ પ્રત ૧૦૦૦

કિં૰ ૩૦ રૂપિયા જાન્યુઆરી, ૧૯૮૬

પ્રકાશકીય

મશહૂર ફ્રેન્ચ નવલકથા-કાર તથા નાટય-કાર અલેકઝાન્ડર ડૂમા (૧૮૦૨–૭૦)ની વિખ્યાત નવલકથા 'કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો'ના સંક્ષેપની આ બીજી આવૃત્તિ ગુજરાતી વાચક સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે. મૂળ નવલકથા તો ડૂમાએ ઈ.સ. ૧૮૪૪-૫ દરમ્યાન ૧૮ ભાગોમાં પ્રસિદ્ધ કરી હતી. તે બૃહત્કથાનો આખો અનુવાદ ગુજરાતીમાં પ્રસિદ્ધ કરવો, એ તો આર્થિક દૃષ્ટિએ કરતાં, વધુ તો, આજના ગુજરાતી વાચકની દૃષ્ટિએ મિથ્યા પ્રવૃત્તિ જ ગણાય. છતાં આ સંક્ષેપ એવી સફળ રીતે તૈયાર થયો છે કે, એ વાંચતાં – અને કેટલીક વાર તો વારંવાર વાંચતાં પણ – રસના ઘૂંટડા ઊતર્યા જ કરે છે.

આ નવલકથા અદ્ભુત રસની નવલકથા છે. પરંતુ એનો અદ્ભુત રસ અલાદીનના જાદુઈ દીવાની કથાના જેવો માત્ર મનોરંજન પૂરતો અદ્ભુત નથી. આ નવલકથામાં માનવના અંતરની સારી તથા ખોટી એમ બંને જાતની લાગણીઓને અદ્ભુત રસના રંગથી રંગીને એવી પરાકાષ્ઠાએ પહોંચાડીને રજૂ કરવામાં આવી છે કે, જેથી તે સંપૂર્ણ યથાતથતા ધારણ કરવા ઉપરાંત વધુ તો પૂરેપૂરી વેધક બની રહી છે. આપણી ઊંડી લાગણીઓને જ્યારે લેખક પોતાની કસબી કલમથી ઝણઝણાવે છે, ત્યારે આપણે કોઈક અલૌકિક રસમાં તરબોળ થઈ જઈએ છીએ. તેવા પ્રસંગો વાંચતી વખત આપણી આંખોમાંથી એક પ્રકારની કૃતાર્થતાનાં આંસુ વહ્યા વિના રહેતાં નથી. આ નવલકથા પૂરી કરીને હેઠી મૂકયા બાદ આપણને આપણા જીવનનો અમૂલ્ય સમય વેડફી માર્યો એમ લાગવાને બદલે કૃતાર્થ કર્યો એમ જ લાગે છે. કોઈ પણ નવલકથાને માટે આમ કહી શકાવું, એ તેની ગુણવત્તા બાબત સર્વોત્તમ પ્રમાણપત્ર ગણાય.

ડૂમાએ પોતાની લેખક તરીકેની કારકિર્દીની શરૂઆત તો ઐતિહાસિક નાટ્યલેખનથી (ઈ.સ. ૧૮૨૯) કરી હતી. નવલકથાકાર તરીકેની તેની ખ્યાતિ ઈ.સ. ૧૮૪૪માં તેણે લખેલી નવલકથા 'થ્રી મસ્કેટિયર્સ'થી શરૂ થઈ. પછી તો તેણે પોતે તેમજ તેણે આપેલા વાર્તાતંતુને આધારે વિસ્તારીને લખનારા બીજા સહાયક લેખકોએ મળીને લખેલી નવલકથાઓની કુલ સંખ્યા ૩૦૦ જેટલી થાય છે!

પરિવાર સંસ્થાએ ડૂમાની નવલકથાના આ સંક્ષેપ ઉપરાંત 'થ્રી મસ્કેટિયર્સ'ના પાંચ ભાગો રૂપે બીજી પાંચ નવલકથાઓના સચિત્ર સંક્ષેપો પણ પ્રસિદ્ધ કર્યા છે. તે પાંચેય મૂળે તો સ્વતંત્ર નવલકથાઓ જ છે.

પરિવાર સંસ્થાએ ડૂમા ઉપરાંત વિકટર હ્યૂગો, ટૉલ્સ્ટૉય, ડિકન્સ વગેરે બીજા વિખ્યાત લેખકોની મશહૂર નવલકથાઓના સંક્ષેપો પણ ગુજરાતી વાચકને આપ્યા છે. તેમાંની કેટલીકની પણ બીજી આવૃત્તિઓ બહાર પાડવાની થઈ છે. વિશ્વસાહિત્ય કહેવાય તેવી વિખ્યાત નવલકથાઓ, ગુજરાતી વાચકને માફક આવે તેવા સંક્ષેપો રૂપે, પ્રસિદ્ધ કરવાની પ્રવૃતિ સંસ્થાએ ઉપાડી કે તરત જ ગુજરાતી વાચકવર્ગ તરફથી તેને જે આવકાર મળ્યો, તેથી પ્રેરાઈને પરિવાર સંસ્થાએ એ મોટું કામ હોંસભેર વિસ્તાર્યું હતું. પણ એવી નિર્દોષ તથા રાષ્ટ્રસેવા કહી શકાય તેવી પ્રવૃત્તિ ઉપર પણ આસમાની–સુલતાનીના એવા ઓળા ફરી વળ્યા કે, સંસ્થાની તમામ પ્રવૃત્તિઓ સ્થગિત થઈ ગઈ. આમ બે-એક દાયકા સુધી નિષ્ક્રિયતામાં ગોંધાઈ રહ્યા બાદ, ઉપરવાળાની કોઈક અગમ્ય કળાથી, પરિવાર સંસ્થા જુદા કલેવર વડે પોતાની સેવા ફરીથી ગુજરાતને ચરણે રજૂ કરવા શક્તિમાન થઈ છે. અમને આશા છે કે, ગુજરાતી વાચક તરફથી અમને પહેલાંની પેઠે જ હાર્દિક અને વ્યાપક સહકાર પ્રાપ્ત થશે.

પુ૦ છો૦ પટેલ
મંત્રી

નિવેદન

[પ્રથમ આવૃત્તિનું]

અદ્ભુત રોમાંચક કથા તરીકે, (મૂળ ફ્રેન્ચ) નવલકથા 'કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો'એ લાખો લોકોને રસમાં તરબોળ કર્યા છે અને હજુ પણ કરે છે. માનવ હૃદયની બે મોટી લાગણીઓ – પોતાને કરવામાં આવેલા નુકસાનનો બદલો લેવો, અને તે માટે જોઈતી સાધનસામગ્રી મેળવવા મથવું, – એ બેને કલ્પનાનો છૂટો દોર આપીને આ કથાનો મશહૂર ફ્રેન્ચ લેખક ડૂમા એવો તો રસ-વમળ ચગાવે છે, કે જે *વાચકને બીજો વિચાર કરવાની તક આપ્યા વિના સીધો પોતાની અંદર* ખેંચી લે છે....

કથા ઉપરથી છેવટે તો લેખક એવો નિર્ણય તારવતા લાગે છે કે, માણસ પોતાના અપરાધીને જે સજા કરે છે કે વેરની જે વસૂલાત કરે છે, તે છેવટે કાં તો વધારે પડતી કે બહુ ઓછી નીવડે છે; અને પરિણામે બંને પક્ષને હાનિ સિવાય કંઈ થતું નથી. અને બીજી બાજુ તે એવું સૂચવે છે કે, ઈશ્વર જ સર્વજ્ઞ અને સર્વશક્તિમાન હોઈને તથા સાથે સાથે સૌ જીવોના કલ્યાણની જ કામનાવાળો હોવાથી, દરેક અપકર્મની એવી સજા યોજી શકે છે કે, જે સર્વતઃ સંપૂર્ણ હોવાની સાથે સર્વતોભદ્ર પણ હોય છે.

એક વિવેચકે આ નવલકથાને આધુનિક અદ્ભુત-કથા કહી છે, તથા તેને તે રીતે જ મૂલવવા તથા વખાણવા ભલામણ કરી છે. અને ખરેખર, અદ્ભુત-રસ એ જ આ નવલકથાનો પ્રધાન રસ છે. અને છતાં લેખકે એ અદ્ભુત-રસની કુશળ કલમે આણેલી પરાકાષ્ઠા, પરમ

અદ્‌ભુત-રસના સ્રષ્ટા પરમ કૃપાળુ પરમાત્મા પ્રત્યે ભક્તિભાવ પ્રેરવામાં જાણે મદદગાર નીવડે છે....

આ અદ્‌ભુત-કથાનો અંત જે બે શબ્દોમાં આવે છે, તે જ ખરી રીતે એનો મુખ્ય સંદેશ છે: આશા અને ધીરજ. ગમે તેવાં સંકટોમાં તથા છેક જ હતાશા ઘેરી વળી હોય ત્યારે પણ આશા અને ધીરજથી ટકી રહેનારને કંઈક રસ્તો મળી આવે છે. એ પાઠ લેખક પોતાની રોમાંચક સમર્થ કળાથી આપણને બરાબર ઠસાવી દે છે. ...

જુલાઈ, ૧૯૬૨]

પ્રકાશક

અનુક્રમણિકા

પ્રકાશકીય નિવેદન	૩
નિવેદન [પ્રથમ આવૃત્તિનું]	૫

ખંડ ૧ : વેર

૧. ઍડમંડ ડાન્ટે	૩
૨. કૅડરો અને ડૅન્ગલર્સ	૮
૩. મર્સિડીસ અને ફર્નાન્ડ	૧૩
૪. કાવતરું	૧૫
૫. લગ્નની મિજબાની	૧૮
૬. વિલેફૉર્ટ	૨૩
૭. તપાસ	૨૫
૮. શૅટો-દ' ઈફ	૨૯
૯. સો દિવસનું પુનરાગમન	૩૨
૧૦. બે કેદીઓ	૩૪
૧૧. નંબર ૩૪ અને નંબર ૨૭	૩૭
૧૨. એબ ફેરિયા	૪૩
૧૩. જેમાં ડાન્ટે પોતાની વાત કહે છે	૪૭
૧૪. માણસ ધારે શું, ઈશ્વર કરે શું !	૫૪
૧૫. ગુપ્ત ધનભંડાર	૬૦
૧૬. ત્રીજો હુમલો	૬૭
૧૭. શૅટો દ' ઈફનું કબ્રસ્તાન	૭૦
૧૮. મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ઉપર	૭૬
૧૯. માર્સેલ્સમાં	૮૨
૨૦. કૅડરો ભૂતકાળ ઉખેળે છે	૮૫
૨૧. જેલનું રજિસ્ટર	૯૪
૨૨. પાંચમી સપ્ટેંબર	૯૮

૨૩. 'સિંદબાદ, ખલાસી' ૧૦૪
૨૪. કેડરો હીરો વેચે છે ૧૧૩
૨૫. બર્ટુકિયોની કબૂલાત ૧૧૮

ખંડ ૨ : વસૂલાત

૨૬. પૅરિસમાં આગમન ૧૨૬
૨૭. જેમાં બનાવો રૂપ પકડે છે ૧૩૦
૨૮. અલીનો ગાળિયો ૧૩૬
૨૯. હૃદયો, આભારનાં ભરેલાં ૧૩૯
૩૦. હૃદયો, ઝેરનાં ભરેલાં ૧૪૩
૩૧. ઑાટીલમાં મિજબાની ૧૫૮
૩૨. મુલાકાતો : ગમતી અને અણગમતી ૧૫૬
૩૩. કુટુંબ-દાક્તર દ' એવરીની ૧૬૫
૩૪. લગ્ન ફોક થયું ! ૧૭૨
૩૫. કરુણ ફેજ : ઘણી બાબતોનો ૧૭૭
૩૬. દગા કિસીકા સગા નહિ ! ૧૮૬
૩૭. આરોપ અને ચુકાદો ૧૯૮
૩૮. પડકાર ! ૨૦૫
૩૯. દ્વંદ્વયુદ્ધ ૨૧૨
૪૦. આત્મહત્યા ૨૨૧
૪૧. વેલેન્ટાઈન આફતમાં ૨૨૫
૪૨. એન્દ્રિયાનું લગ્ન ૨૩૨
૪૩, વેલેન્ટાઈનનું મૃત્યુ ૨૩૮
૪૪. ડૅન્ગ્લર્સ નાઠો ૨૪૬
૪૫. એક મહિનાની મુદત ૨૫૦
૪૬. ન્યાય ચૂકવાયો ૨૫૬
૪૭. પૅરિસમાંથી વિદાય ૨૬૭
૪૮. આશા અને ધીરજ ! ૨૭૫

ખંડ ૧ લો
વેર

૧
એડમંડ ડાન્ટે

ઈ. સ. ૧૭૮૯ ના અરસામાં ફ્રાંસની પ્રજાએ પોતાના અત્યાચારી રાજા અને તેના અમીર-સામંતોના જુલમો સામે તરવાર ઉઠાવી. પરિણામે યુરોપના સૌ રાજાઓ ચોંકી ઊઠયા અને ભેગા થઈ ફ્રાંસ ઉપર ચડી આવ્યા. તે વખતે જેના પ્રતાપી સેનાપતિપણા હેઠળ ફ્રાંસની પ્રજા તે સૌના આક્રમણનો સામનો કરી શકી, તેનું નામ નેપોલિયન.

પરંતુ રશિયાના બરફઘેર્યા પાટનગર મૉસ્કો સુધી ફ્રાંસનાં સૈન્યોને દોરી જવાનો પ્રયત્ન કર્યા બાદ, નેપોલિયનને વેરવિખેર હાલતમાં પાછા ફરવું પડયું. નેપોલિયનના વિરોધીઓ હવે જોર ઉપર આવ્યા. પરિણામે ઈ. સ. ૧૮૧૪ના એપ્રિલ માસમાં નેપોલિયનને ગાદીત્યાગ કરવો પડયો. તેને ભૂમધ્ય સમુદ્રના એક નાનકડા ટાપુ એલ્બામાં દેશનિકાલ કરવામાં આવ્યો. જૂના રાજાનો ભાઈ, ફ્રાંસમાં, ૧૮ મા લૂઈના નામથી ગાદીએ બેઠો.

આપણી આ વાત એ અરસામાં શરૂ થાય છે.

ઈ. સ. ૧૮૧૫ના ફેબ્રુઆરીની ૨૮મી તારીખને રોજ મૉરેલ કંપનીની માલકીનું જહાજ फराओन સ્મર્ના, ત્રિએસ્ટ અને નેપલ્સ વગેરે બંદરોએ થતું માર્સેલ્સ બંદરે પાછું ફર્યું.

વહાણ સાજુંસમું દેખાતું હતું તથા એક જુવાન સુકાની પોતાની કાળજીભરી દેખરેખ હેઠળ, પૂરી કુશળતાથી તેને બંદરમાં દાખલ કરી રહ્યો હતો. છતાં બંદરે ઊભેલા હજારો લોકોને લાગ્યા વિના ન રહ્યું કે, વહાણ ઉપર કંઈક અવનવું બન્યું છે.

વહાણના માલિક શ્રી. મૉરેલ પોતે બંદર ઉપર હાજર હતા. તેમને વધુ ધીરજ ન રહી. તરત તે એક નાની હોડીમાં કૂદી પડયા અને फराओन તરફ સામા હંકારી ગયા.

फराओन ઉપરના જુવાન સુકાનીએ માલિકને સામે આવતા જોઈ, તૂતક ઉપર રહ્યાં રહ્યાં, ટોપી હાથમાં લઈ સલામ કરી. માલિકે તેને ઓળખ્યો. 'ઓહો, ડાન્ટે કે? સૌ કુશળ તો છો ને? વહાણ ઉપર બધું સૂનમૂન કેમ લાગે છે?'

'ભારે દુ:ખની વાત બની છે, સાહેબ! જહાજના બહાદુર કપ્તાન લૅક્લૅર મધદરિયે સ્વર્ગવાસી થયા.'

'હેં, આપણા ભલા કપ્તાનને શું થયું?'

'અમે નેપલ્સ છોડયું ત્યાં સુધી તો તે સાજાસમા હતા. બંદર ઉપરના અધિકારી સાથે તેમણે ખૂબ વાતચીતો પણ કરી. પણ વહાણ ઊપડયા પછી, ચોવીસ કલાકમાં, તેમને અચાનક મૂંઝવણ જેવું થઈ મગજનો તાવ ચડી આવ્યો અને ત્રણ દિવસ બાદ તેમણે દેહ છોડયો. અમે દરિયા વચ્ચે તેમની વિધિસર જળશય્યા કરી છે.'

પછી તો બંદરમાં લંગર નાખવાનું શરૂ થતાં, ઍડમંડ ડાન્ટે તરત ખલાસીઓને હુકમો આપવા મંડી ગયો. દરમ્યાન વહાણ ઉપરથી નખાયેલા એક દોરડાને આધારે શ્રી. મૉરેલ ચપળતાથી વહાણ ઉપર ચડી ગયા.

ત્યાં તેમને વહાણનો ભંડારી ડૅન્ગ્લર્સ ભેગો થયો. તેણે શેઠને દેખતાં લળીને સલામ કરી. શ્રી. મૉરેલની નજર વહાણને બંદરમાં લાંગરવા માટે ચપળતાથી અને આત્મવિશ્વાસપૂર્વક હુકમો આપ્યે જતા ડાન્ટે ઉપર જ ઠરી રહી હતી. તે જોઈ, ઈર્ષ્યાથી સળગી જઈને ડૅન્ગ્લર્સ બોલી ઊઠયો, 'જુઓને સાહેબ, કપ્તાનના પ્રાણ કંઠમાંથી નીકળી રહ્યા પણ નહીં હોય, ને આ ભાઈસાહેબ કોઈને પૂછયાગાછયા વિના જ કપ્તાન થઈ બેઠા છે! વળી માર્સેલ્સ બંદરે સીધા પાછા ફરવાને બદલે

આપણા વહાણને વચ્ચેથી જ તે નાહક એલ્બા ટાપુ તરફ વાળી ગયો અને ખાસો દોઢ દિવસ બગાડયો.'

'વહાણનું કામ તેણે સંભાળી લીધું એ તો જાણે ઠીક જ કર્યું; કારણ કે, કપ્તાન પછી કપ્તાનનો ભેરુ જ તે કામ સંભાળે ને! પરંતુ વચ્ચેથી એલ્બા ટાપુ તરફ વહાણ વાળી જઈ દોઢ દિવસ તેણે નાહક બગાડયો હોય, તો તે ખોટું કર્યું કહેવાય ખરું.'

શ્રી. મૉરેલે તરત ઍડમંડ ડાન્ટેને પોતાની પાસે બોલાવ્યો. ડૅન્ગલર્સ જરા દૂર ખસ્યો.

'વહાણને એલ્બા ટાપુ તરફ વાળી જવાની શી જરૂર પડી, એ મારે પૂછવું હતું, ડાન્ટે!'

'મને પણ ખબર નથી, સાહેબ! કપ્તાન લૅકલૅરે મરણપથારી-એથી હુકમ કર્યો હતો કે, વહાણને એલ્બા ટાપુ તરફ વાળી લેવું. ત્યાં માર્શલ બર્ટ્રાન્ડને આપવા માટે એક પાકીટ તેમણે મરતા પહેલાં મને આપ્યું હતું.'

શ્રી. મૉરેલ આજુબાજુ નજર કરી લઈ, ડાન્ટેને એક તરફ લઈ ગયા; પછી અચાનક તેમણે પૂછયું:

'એલ્બામાં બાદશાહ નેપોલિયનના શા સમાચાર છે?'

'કુશળ છે સાહેબ; હું માર્શલના ઓરડામાં ઊભો હતો તે વખતે જ તે અચાનક ત્યાં પધાર્યા હતા.'

'કંઈ વાતચીત થઈ હતી?'

"તેઓ નામદારે જ મને પૂછયું કે, વહાણ કોનું છે, કયાં જઈ આવ્યું, અને અંદર શો માલ ભરેલો છે. મારું તો ધારવું છે કે, વહાણ જો ખાલી હોત, અને હું તેનો માલિક હોત, તો તેમણે કદાચ વહાણ માગી જ લીધું હોત! પણ મેં જણાવ્યું કે, 'વહાણ મૉરેલ કંપનીની માલિકીનું છે.' એટલું સાંભળતાં જ તેઓ સાહેબ બોલી ઊઠયા, 'હા,

હા, હું તે લોકોને ઓળખું છું. બે પેઢીથી તેઓ વહાણો ફેરવવાનો ધંધો કરે છે; અને તેમનો જ કુટુંબી એક મૉરેલ મારી ટુકડીમાં પણ હતો.'

'તદ્દન ખરી વાત!' મૉરેલ બોલી ઊઠ્યા, 'મારા કાકા પોલિકર મૉરેલની જ એ વાત છે. કાકાને જો તું કહે કે, બાદશાહ-સલામત તેમને યાદ કરતા હતા, તો તેમની આંખોમાં આંસુ જ ટપકવા લાગે. પણ જો, તું મારી વાત સાંભળ. કપ્તાન લૉકલૅરની અંતિમ મરજી સાચવવા તું એલ્બા ટાપુ તરફ વળ્યો એ તેં ઠીક જ કર્યું; પરંતુ ત્યાં તું માર્શલને એક પાકીટ આપવા ગયો હતો, અને બાદશાહે તારી સાથે વાતો કરી હતી, એવી ખબર જો જાહેર થઈ, તો તું આફતમાં જ આવી પડીશ, એ નક્કી જાણજે.'

'મને શી રીતે આફત આવે, સાહેબ? હું પાકીટમાં શું લઈ જતો હતો તેની પણ મને ખબર નથી; તથા બાદશાહે તો જે કોઈ સામું મળે અને પૂછે તેવી જ વાતચીત મારી સાથે કરી હતી.'

એટલામાં જકાત ખાતાના તથા આરોગ્ય ખાતાના અમલદારો આવી પહોંચતાં જ ડાન્ટે કપ્તાન તરીકે તેમના સવાલજવાબ પતવવા દોડી ગયો. એટલે ડૅન્ગલર્સે નજીક આવી શેઠને પૂછ્યું:

'એલ્બા તરફ જવા માટે તેણે સંતોષકારક ખુલાસો આપ્યો હશે, વારુ?'

'હા, હા; કપ્તાન લૉકલૅરે જ તેમ કરવાનો તેને હુકમ આપ્યો હતો.'

'પણ કપ્તાન લૉકલૅરે ડાન્ટેને પાકીટ ઉપરાંત એક કાગળ પણ આપ્યો હતો. એ કાગળ તેણે તમને આપ્યો?'

'મને? ના ભાઈ. તને શી ખબર કે કપ્તાને ડાન્ટેને શું શું આપ્યું હતું?'

ડૅન્ગલર્સ કંઈક છોભીલો પડ્યો અને બોલ્યો, 'હું અચાનક કપ્તાનની ઓરડી આગળથી પસાર થતો હતો, ત્યારે મેં તેમને પાકીટ

તથા કાગળ આપતાં જોયા હતા. પાકીટ તો ડાન્ટેએ એલ્બા પહોંચાડયું છે, પરંતુ એક કાગળ હજુ રહ્યો. તે કદાચ તમારે માટે હોય, એમ માની મેં પૂછયું હતું, સાહેબ.'

એટલામાં ડાન્ટે કામકાજ પતાવીને પાછો આવ્યો, એટલે ડેન્ગ્લર્સ પહેલાંની જેમ દૂર ખસી ગયો. વહાણનું બધું કામ રાબેતા મુજબ પત્યું જાણીને મૉરેલે સંતોષ વ્યક્ત કર્યો તથા ડાન્ટેને પોતાને ત્યાં જમવા આવવા કહ્યું. ડાન્ટેએ નમ્રતાથી જવાબ આપ્યો, 'મારા વૃદ્ધ પિતા મારી ચિંતા કરતા હશે, તેમની પાસે તરત જ જવા મને પરવાનગી આપશો; જો કે જમવાનું નિમંત્રણ આપીને મને જે બહુમાન આપે આપ્યું છે, તેની કિંમત હું સમજું છું.'

'તમો બાપ-દીકરાને એકબીજા માટે કેટલું વહાલ છે, તે હું જાણું છું. પરંતુ તેમને મળી આવ્યા બાદ તું આવે તોપણ ચાલશે.'

'સાહેબ, મારે બીજી વાર પણ માફી માગવી પડશે; મારા પિતાને મળ્યા બાદ મારે બીજી એક જગાએ તરત જવું પડશે; ત્યાં પણ એટલી જ ઉત્કંઠાથી કદાચ મારી રાહ જોવાતી હશે.'

'હા હા; ખરું, ખરું.' શ્રી. મૉરેલ મીઠું હસીને બોલ્યા, 'મર્સિડીસની બે સુંદર આંખો પણ તારી રાહ જોઈને દુખવા જ આવી હશે! જોકે, દિવસમાં ત્રણ વખત મારી ઑફિસે વહાણ આવ્યાના સમાચાર પૂછવા આવનારના પગ પણ દુખવા આવ્યા હશે કે નહિ, તે કહેવાય નહિ!'

ડાન્ટે મર્સિડીસની પ્રેમભરી ઉત્કંઠાની વાત પોતાના પિતાતુલ્ય માલિકને મોંએ સાંભળીને જરા શરમાયો.

શ્રી. મૉરેલે જતાં જતાં પૂછયું, 'કપ્તાન લૅકલૅરે મરતા પહેલાં મારે માટે કાંઈ કાગળ-બાગળ તો આપ્યો નથી ને?'

'ના સાહેબ; તેમનાથી લખી શકાય તેમ હતું પણ નહિ. પરંતુ આ વાત ઉપરથી મને યાદ આવ્યું કે, મારે થોડાક દિવસની રજા જોઈશે.'

''પરણવા માટે ને?'

'હાજી; પહેલાં તો તે માટે, અને પછી પૅરિસ જઈ આવવા માટે.'

'ઠીક, ઠીક, તારે જરૂર હોય તેટલા દિવસ જજે; फराओनનો માલસામાન ઉતારતાં જ છ અઠવાડિયાં થશે અને ત્યાર પછી ત્રણ મહિના પહેલાં વહાણ ફરી ઊપડવા તૈયાર થઈ શકશે નહિ. પણ ત્રણ મહિનામાં તો તું પાછો આવી જઈશ ને? કારણ કે, फराओन તેના કપ્તાન વિના નહિ જ ઊપડી શકે!'

'તેના કપ્તાન વિના?' ડાન્ટેની આંખો આનંદ અને ઉમંગથી નાચી ઊઠી. 'સાચે જ સાહેબ, આપ મને फराकोननो કપ્તાન બનાવવા ઇચ્છો છો?'

જવાબમાં શ્રી. મૉરેલે મીઠું સ્મિત કર્યું. તે જોતાં જ તેમના તરફ નજર કરી રહેલા ડાન્ટેની આંખો છલોછલ ઊભરાઈ આવી.

૨

કૅડરો અને ડૅન્ગ્લર્સ

દોડતો દોડતો ડાન્ટે જ્યારે પોતાના પિતાની ઓરડીએ જઈ પહોંચ્યો, ત્યારે તેમના સુકાઈ ગયેલા મોં ઉપર નજર પડતાં જ તેના પેટમાં ફાળ પડી.

કળે કળે પૂછતાં માલૂમ પડયું કે, ત્રણ મહિનાની ખરચીના ગણીને જે ૨૦૦ ફ્રાંક ડાન્ટે તેમને આપતો ગયો હતો, તેમાંથી બીજે જ દિવસે તેમનો પડોશી કૅડરો ૧૪૦ ફ્રાંક માગતા પેટે પડાવી ગયો હતો. એટલે ખરી રીતે તેના પિતા ૬૦ ફ્રાંક ઉપર જ ત્રણ મહિના જીવ્યા હતા; કહો કે ભૂખે મર્યા હતા.

ડાન્ટે ગુસ્સાથી સળગી ઊઠયો. કૅડરો દરજી તેમનો પડોશી હતો. તેની ઉંમર પચીસ-છવ્વીસ વર્ષની હતી. તે આમ તો જરૂર પડયે મદદ કરવાની ના નહોતો પાડતો; પરંતુ તેના સ્વભાવમાં એવું એક વિચિત્ર હલકટપણું હતું કે, સામો માણસ કોઈ પણ રીતે પોતાની મુશ્કેલી પાર

કરી જાય, તેના કરતાં તે પાયમાલ થઈ જાય, એ જોવાનું જ તેને વિશેષ ગમતું.

એટલે, ડાન્ટે ત્રણ મહિના સુધી લાંબી મુસાફરીએથી હવે પાછો ફરવાનો નથી, એવું તેણે જાણ્યું કે તરત તે ડાન્ટેના બાપ પાસે ગયો; અને પોતે ડાન્ટેને ધીરેલી મોટી રકમનો તગાદો કરવા લાગ્યો. પૈસા તરત ચૂકતે કરવામાં નહીં આવે, તો ડાન્ટેના શેઠ મૉરેલ પાસે જઈ પોતે ફરિયાદ કરશે એવી ધમકી પણ તેણે આપી. ડાન્ટેની તેના શેઠ આગળ નાલેશી થાય, તે કરતાં પેટે પાટા બાંધીને પોતે તંગી વેઠવાનું ડાન્ટેના બાપે હરખભેર સ્વીકાર્યું, અને કૅડરૅાને તેના માગતા પૈસા આપી દીધા.

આ વાતચીત ચાલતી હતી એટલામાં બારણા પાસે કોઈનાં પગલાં સંભળાયાં. થોડી વારમાં તો કૅડરૅાએ બારણું ઉઘાડી ડોકિયું કર્યું; અને અંદર ડાન્ટેને બેઠેલો જોઈ હસવાનો દેખાવ કરીને તે બોલ્યો, 'લે, ઍડમંડ તો પાછોય આવી ગયો ને!' જાણે, તે દરિયામાં ડૂબી ગયો હોત તો વધુ સારું થાત!

'હા ભાઈ, કૅડરૅા, હવે હું પાછો આવ્યો છું, અને મારી પાસે મારા ત્રણ મહિનાના પગારના પૈસા પણ છે. એટલે મારા લાયક કાંઈ કામસેવા હોય તો તું ફરમાવી શકે છે!'

'ભલે ભાઈ, ભલે! પણ સદ્‌ભાગ્યે મારે કોઈની કશી કામસેવાની જરૂર નથી; જોકે, કેટલાકને કોક વાર મારી કામસેવા લેવાની જરૂર પડે છે ખરી! પણ એ વાત પડતી મૂક ને. હું તો તને એ પૂછું છું કે, શ્રી. મૉરેલે તને જમવાનું આમંત્રણ આપ્યું તે તેં પાછું શાથી ઠેલ્યું?'

'કોણે, શ્રી. મૉરેલે તને જમવા તેડયો, ખરી વાત!' ડાન્ટેનો બાપ રાજી થઈને બોલી ઊઠયો. 'પણ તો પછી, બેટા, તેં ના શા માટે પાડી?'

'તમને જલદી મળવા માટે જ તો! મને તમારી બહુ ચિંતા થતી હતી; અને તે ચિંતા જરાકે ખોટી નથી પડી.'

વાતને પાછી એ જ બાજુ વળતી જોઈને કેડરો વચ્ચે બોલી ઊઠયો, 'હું તો શું જાણું, પણ ડેન્ગ્લર્સ મને બંદર ઉપર મળ્યો તેણે વાત કરી કે, फ्लाओननो કપ્તાન મધદરિયે ગુજરી જવાથી શ્રી. મૉરેલ તેની જગાએ તને કપ્તાન બનાવવા તૈયાર થયા છે. તો પછી તારે તેમની આગળ એવી અકડાઈ કરવી ન જોઈએ.'

'મેં તેમને આમંત્રણ ન સ્વીકારવાનાં કારણ આપ્યાં હતાં; અને મને લાગે છે કે, તેમને તે યોગ્ય લાગ્યાં હતાં.' ડાન્ટેએ જવાબ આપ્યો.

फराओन નો કપ્તાન!' બુઢ્ઢો પાછો વચ્ચે બોલી ઊઠયો, 'ખરી વાત? બેટા, ભગવાન તારું ભલું કરે!' ડોસાની આંખમાંથી આનંદનાં આંસુ ટપકી પડયાં. 'તો પછી, મારી ચિંતા છોડીને ત્યારે ત્યાં જમવા જવું હતું ને!'

'ખરી વાત છે, ડોસા!' કેડરોએ જણાવ્યું, 'આપણે કપ્તાન થવું હોય, તો પછી માલિકની મરજી કરતાં આપણી મરજીને મોટી થવા દેવી ન જોઈએ.'

'મારે એવી ખોટી ખુશામત કર્યા વિના જ કપ્તાન થવાય તો થવું છે.' ડાન્ટેએ જવાબ આપ્યો.

'વાહ, એથી વળી રૂડું શું! પણ ખરેખર તારા બધા જૂના મિત્રોને તો તને કપ્તાનનું પદ મળ્યાની વાત જાણી આનંદ જ થશે; અને એક જગાએ તો એ સમાચાર તને લાભદાયી પણ નીવડશે, એવી મને ખાતરી છે.' કેડરોએ કહ્યું.

'મર્સિડીસની વાત, ખરું ને?' બુઢ્ઢો આનંદથી બોલી ઊઠયો.

'હા બાપુજી, હવે જો તમારી રજા હોય તો હું ત્યાં જ જઈ આવવા ઇચ્છું છું.' ડાન્ટેએ વચ્ચે જ કહ્યું.

'જા, બેટા જા, અને મને જેમ ઈશ્વરે સારો પુત્ર આપીને ધન્ય કર્યો છે, તેમ તું મર્સિડીસ જેવી સલૂણી પત્ની મેળવીને ધન્ય થા.'

'પત્ની! પત્ની!' કેડરો એકદમ બોલી ઊઠયો, 'ડોસા, તમે તો બહુ આગળ નીકળી ગયા ને કંઈ! હજુ મર્સિડીસ ડાન્ટે સાથે પરણશે એનું નક્કી ક્યાં છે?'

'મર્સિડીસની મરજીની વાત પૂછો, તો હું હા પાડું તે જ ઘડીએ જ તે પરણવા તૈયાર છે!' ડાન્ટેએ જવાબ આપ્યો.

'હા, હા; પણ તું જલદી પાછો ફર્યો તે ઠીક જ કર્યું. કારણ, મર્સિડીસ બહુ સુંદર છોકરી છે. અને સુંદર છોકરીને પરણવા પડાપડી જ ચાલ્યા કરતી હોય. કોણ ક્યારે ફાવી જાય એનું શું ઠેકાણું?' કેડરોએ મર્મમાં કહ્યું.

'ખરી વાત?' ડાન્ટેના પ્રશ્નમાં કંઈક મૂંઝવણ જેવું ભળેલુ હતું.

'ખરી જ વાત વળી; તેને કેટલાંક સારાં માગાં પણ પહોંચ્યાં છે. પરંતુ હવે તું કપ્તાન થવાનો હોય, તો પછી મર્સિડીસ તને નપાસ નહીં જ કરે!'

'જાણે કે, હું કપ્તાન થવાનો ન હોત તો...'

'હા, હા. કપ્તાન ન થવાનો હોત, તો તને ખડખડિયું જ મળત વળી; એમાં મને શંકા નથી.'

'ભલે તને શંકા ન હોય; પણ મને સ્ત્રીઓ વિષે તારા કરતાં વધુ સારો અભિપ્રાય છે, અને મર્સિડીસ વિષે તો ખાસ.' આટલું કહી ડાન્ટે બાપને ભેટી તથા કેડરોને સલામ કરી, સીધો કેટલન લોકોના વાસ તરફ મર્સિડીસને મળવા દોડી ગયો.

કેડરોની રાહ જોતો ડેન્ગલર્સ રસ્તાને ખૂણે જ લપાઈને ઊભો હતો. કેડરો આવતાં તેણે તરત જ પૂછયું: 'શું લાગે છે?'

'તેને તો ખાતરી જ છે કે, પોતાને કપ્તાન બનાવી જ દીધો છે. માળો દેડકો! મને પૈસા ધીરવા પણ તૈયાર થઈ ગયો. એ જો ખરેખર કપ્તાન થયો, તો પછી અમે બધા તો એની સાથે વાત કરવા જેટલા

પણ નહીં રહીએ! અત્યારથી જ બેટાનું માથું પવનથી ફાટું ફાટું થઈ ગયું છે! જાણે તે કહે તે છોકરી તેને પરણવા પણ તૈયાર થઈ જાય!'

'પણ હેં અલ્યા! ડાન્ટે હજુ પેલી કેટલન છોકરીના પ્રેમમાં જ છે શું?' ડેન્ગલર્સે પૂછ્યું.

'વાહ, એને તો બાપ-દીકરો બંને અત્યારથી જ પોતાના ઘરની વહુ માની બેઠા છે ને! પણ એ વાતમાં તો બંને જણ ફીફાં ખાંડે છે, ફીફાં! મર્સિડીસનો એક જાતભાઈ ફર્નાન્ડ ખાસો એકવીસ વર્ષનો જુવાનિયો છે; તે એને એટલી ચાહે છે કે, મર્સિડીસ તેના હાથમાંથી જાય તે પહેલાં તો તે મર્સિડીસ તથા ડાન્ટે બંનેનું કાટલું જ કાઢી નાંખે. અત્યારે ડાન્ટેભાઈ મર્સિડીસ પાસે જ ગયા છે, પણ ત્યાં આજે કશીક નવાજૂની ન થઈ જાય, તો મને ગધેડો કહેજે, ગધેડો!'

'તો ચાલ ને, આપણે તે તરફ જ જઈએ. કેટલન લોકોના વાસ આગળ જ મજાનું 'લા-રિઝર્વ' પીઠું છે. ત્યાંનો લા-માલગ્યુ દારૂ બહુ જાણીતો છે. પીઠા બહાર માંડવા હેઠળ બેસી મજાની એક-બે પ્યાલી ચડાવીશું અને આપણા ભાઈબંધ ડાન્ટેની સંભાળ પણ રાખીશું!'

'હા ચાલ, આજે ત્યાં મજાનું તોફાન જામવાનું, એની મને તો ખાતરી છે; પણ બાટલીના પૈસા તારે આપવાના!'

'હા, હા. એમાં વળી કહેવાનું હોય?' ડેન્ગલર્સે કેડરોનો ખભો થાબડીને કહ્યું.

૩
મર્સિડીસ અને ફર્નાન્ડ

કેટલન લોકો સ્પેનમાંથી ત્રણ-ચાર સૈકા પહેલાં આવીને ફ્રાંસમાં માર્સેલ્સ આગળ દરિયાકિનારે વસ્યા હતા. સ્પેનમાં પણ ક્યારે ક્યાંથી ફરતા ફરતા તેઓ આવેલા તેની કોઈને કશી ખબર નથી; પણ જિપ્સી જેવી એ જાત પોતાની અલગ ભાષા અને રૂઢિઓ સૈકાંઓથી જાળવતી આવી હતી. તે કોમનાં માણસો સુંદર, કસાયેલા શરીરવાળાં તેમ જ તલવારની ધાર જેવાં તીખાં પણ હોતાં.

ડાન્ટે જ્યારે મર્સિડીસને ઘેર ગયો, ત્યારે ત્યાં મર્સિડીસનો કાકાનો દીકરો ફર્નાન્ડ પોતાની સાથે લગ્ન કરી નાંખવા તેને દબાણ કરી રહ્યો હતો. મર્સિડીસનાં માબાપ ગુજરી ગયાં હોવાથી તે એકલી રહેતી હતી અને મુખ્યત્વે સગાંવહાલાંની મદદ વડે જ નભતી હતી.

મર્સિડીસ ફર્નાન્ડના ઝનૂની સ્વભાવથી વાકેફ હતી; પરંતુ પોતે ડાન્ટેને મનથી વરી ચૂકેલી હોઈ, એ બાબતમાં જરાય નમતું આપવા તૈયાર ન હતી. ફર્નાન્ડે ડાન્ટેને જાનથી મારી નાખવાની ધમકી આપી, ત્યારેય મર્સિડીસે મક્કમતાથી એટલું જ જણાવ્યું કે, 'ડાન્ટે જીવતો નથી એમ જે ઘડીએ મારા જાણવામાં આવશે, તેની બીજી જ ક્ષણે હું ઊંચામાં ઊંચી કરાડ ઉપરથી દરિયામાં કૂદી પડીને આપઘાત કરીશ.'

એ બાબતની ફર્નાન્ડને પણ અત્યંત ખાતરી હોવાથી જ તે લાચાર બની રહ્યો હતો. બરાબર એ જ ક્ષણે ડાન્ટે ત્યાં આવી પહોંચ્યો. ફર્નાન્ડ તેને આવેલો જોઈ, ધૂંધવાતો અને ફૂંફાડા મારતો ઘરમાંથી બહાર નીકળી ગયો.

લા-રિઝર્વ 'ના માંડવામાં બેઠેલા કેડરોએ, ફર્નાન્ડને બહાર નીકળતો જોતાં જ, બૂમ પાડીને પોતાની પાસે બોલાવ્યો. ડેન્ગલર્સને હિસાબે ને

જોખમે જલદ દારૂના પ્યાલા ઉપર પ્યાલા ગટગટાવીને કેડરો લગભગ સાતમે આસમાન પહોંચી ગયો હતો.

ફર્નાન્ડને પાસે બેસાડયા પછી કેડરોએ મજાક કરતાં તેને પૂછયું, 'કેમ ભાઈ, મર્સિડીસે તને પાણીચું પકડાવી દીધું કે શું? તું જાણે દરિયામાં જ કૂદી પડવા જતો હોય, એમ જ ભાગતો હતો ને! અરે, ભલા'દમી, પણ માણસને સારા ભાઈબંધો હોય તો શા કામના? તેઓ તેને સારા દારૂનો પ્યાલો તો પિવડાવે જ; પરંતુ સાથે સાથે તેને નાહકનું મણ બે મણ ખારું પાણી પેટમાં ભરતો પણ રોકે જ. પણ અલ્યા, કેટલન બચ્ચો વળી પ્રેમમાં કે યુદ્ધમાં હારીને પગ વચ્ચે પૂંછડી દબાવીને આમ ભાગી છૂટે, અને હરીફને છૂટો દોર આપે ખરો?'

ફર્નાન્ડ ગુસ્સાથી હોઠ કરડવા લાગ્યો; પણ ડાન્ટે જીવતો નહિ હોય તો તે જ ઘડીએ પોતે પણ મરણ પામશે, એવા મર્સિડીસના બોલ તેને યાદ આવ્યા. ડેન્ગલર્સે તેને એક-બે પ્યાલીઓ પિવડાવી તથા તેને શાંત તેમ જ ગરમ કરવાના પ્રયત્નો એકી સાથે આદર્યા.

થોડી વાર બાદ ડાન્ટે અને મર્સિડીસ બંને એકમેકના હાથ પકડી ત્યાં થઈને નીકળ્યાં. તરત કેડરોએ પોતાના 'પરમ મિત્ર' ડાન્ટેને બૂમ પાડીને પાસે બોલાવ્યો.

ડાન્ટેએ ત્યાં આવી તેમને સૌને ખુશખબર સંભળાવ્યા કે, 'મારે ફરી સફરે જવાનું થાય તે પહેલાં જ મર્સિડીસ મારી સાથે લગ્નનું પતાવી લેવા કબૂલ થઈ છે; એટલે આજે મારા પિતાને ઘેર બધો પ્રાથમિક વિધિ પૂરો થશે અને આવતી કાલે કે મોડામાં મોડું પરમ દિવસે આ લા-રિઝર્વમાં જ મિજબાની પછી લગ્નવિધિ થશે. તમને સૌને તેમાં પધારવાનું હાર્દિક આમંત્રણ!'

ડેન્ગલર્સે ધીમેથી પૂછયું, 'પણ ભાઈ, લગ્નની આટલી બધી ઉતાવળ કેમ માંડી છે! फराओन ફરીથી ઊપડતાં હજુ ત્રણ મહિના તો થશે જ.'

ડાન્ટેએ જવાબ આપ્યો, 'તે પહેલાં મારે પૅરિસ જવું પડે તેમ છે. ત્યાં જઈને પાછા આવવામાં વખત તો જાય ને?'

'પણ પૅરિસ જેટલે દૂર દોડી મરવાનું તારે તે એવું શું કામ છે?'

'મારે તો કાંઈ કામ નથી; પરંતુ બિચારા કપ્તાન લૉકલૅરે મરણ-પથારીએથી મને એક સંપેતરું સોંપ્યુ છે.'

'હા, હા; તેથી તું પૅરિસ જવા માગે છે કેમ?' ડૅન્ગલર્સે બહારથી તો હાજિયો પૂર્યો, પણ તેના મનમાં થઈને વીજળીના ઝબકારાની પેઠે એક વિચાર પસાર થઈ ગયો: 'એ કાગળમાં જરૂર નેપોલિયનનો જ કોઈ સંદેશો હશે. નેપોલિયનને પાછો ગાદીએ લાવવાના છૂપા પ્રયાસો અહીં ફ્રાંસમાં ચાલી જ રહ્યા છે. એ કાગળ જો પકડાવી દઈએ, તો ડાન્ટેભાઈ જન્મટીપમાં જ પહોંચી જાય! વળી એની ઉપર દાઝે બળતા આ ફર્નાન્ડને હાથે જ તે કામ કરાવીએ, તો આપણે માથે કશી લબદામણ પણ નહીં!'

૪

કાવતરું

ડાન્ટે અને મર્સિડીસ ચાલ્યાં ગયાં ત્યાર બાદ ડૅન્ગલર્સે ફર્નાન્ડને ડાન્ટે ઉપર વેર લેવા ઉશ્કેરવા માંડયો. પરંતુ મર્સિડીસ ડાન્ટે પાછળ પ્રાણત્યાગ કરી બેસે એ નક્કી હોવાથી, ડાન્ટેને જાનથી મારવાની કોઈ યોજના ફર્નાન્ડને મંજૂર ન હતી; કારણ કે, મર્સિડીસ આત્મહત્યા કરે તો પછી પોતે પણ જીવતા ન રહેવું, એવો તેનો પણ નિરધાર હતો.

ડૅન્ગલર્સે ફર્નાન્ડને સમજ પાડવા માંડી, 'જો, ડાન્ટેને માત્ર લાંબી જેલ થાય એવો ઉપાય કરીએ, તો એનું લગ્ન તત્કાળ અટકે તથા ડાન્ટે મર્યો ન હોવાથી મર્સિડીસ પણ મરે નહિ. પછી આગળની વાત આગળ જોઈ લેવાય!'

'બરાબર!' ફર્નાન્ડ રાજી થઈ બોલી ઊઠયો, 'પછી તો ડાન્ટેથી

વિખૂટી પડેલી મર્સિડીસને મનાવી લેવી એ મારું કામ! પણ ડાન્ટે તત્કાળ જેલમાં જાય એવો ઉપાય ક્યાંથી કાઢવો? એ નથી ડાકુ કે નથી ચોર!'

પણ એટલામાં કેડરો સાહેબ અચાનક સાતમે આસમાનથી નીચે ઊતરી આવ્યા. પોતાના 'પરમ મિત્ર' ડાન્ટેને જેલમાં નંખાવવાનું કોણ બોલી રહ્યું છે, તે તેમણે બૂમ પાડીને આકાશને પૂછ્યું. તરત જ ડેન્ગલર્સે ડાન્ટેના શુભ લગ્નની વધામણીમાં વધુ બે પ્યાલા તેમની આગળ ધર્યા જે તેઓ સાહેબ ડાન્ટે પ્રત્યેની પોતાની 'શુભેચ્છા' વ્યકત કરવા પેટમાં પધરાવી ગયા; અને પછી દશમા આસમાનની સહેલગાહે સંચરી ગયા.

કેડરોનું પત્યું એટલે તરત ડેન્ગલર્સે કાગળ, શાહી અને કલમ મંગાવ્યાં તથા ફર્નાન્ડને પોતાની યોજના સમજાવવા માંડી: 'ડાન્ટે હમણાં જ મુસાફરીએથી પાછો ફર્યો છે. રસ્તામાં એ એલ્બા ટાપુ ઉપર ઊતર્યો હતો; ત્યાંથી તે નેપોલિયનના મળતિયાઓ માટે સંદેશાનો કાગળ લાવ્યો છે. એ ખબર કોટવાળ સાહેબને જો કોઈ પહોંચાડે, તો ડાન્ટે તરત જેલ ભેગો થઈ જાય.'

ફર્નાન્ડ એ સાંભળી રાજી રાજી થઈ ગયો અને ડેન્ગલર્સ કહે તેમ કરવા તૈયાર થયો. ડેન્ગલર્સે સમજાવ્યું, 'તારે કશું રૂબરૂ હાથોહાથ પહોંચાડવાનું નથી; કારણ, તો તો ડાન્ટે ઉપર કામ ચાલે ત્યારે જુબાની આપવા તારે હાજર રહેવું પડે. અને પછી કોક દિવસ તો ડાન્ટે જેલમાંથી છૂટે જ ને, તે વખતે તારું શું થાય, તે ખબર છે?'

'અરે, એ મારી સામે આવી જાય, એ તો હું ઈચ્છું છું.' ફર્નાન્ડે જુસ્સામાં આવી જઈ કહ્યું.

'પણ મૂરખ, તું તેને મારી નાખે તો મર્સિડીસ પણ મરે જ ને?'

'મા'ળી એ વાત ખરી!'

'તો એમ જ કર ને; હું ડાબા હાથે એ બધું આ કાગળમાં લખી આપું. પછી તે કાગળ તું છાનોમાનો કોટવાળ સાહેબને ત્યાં પહોંચાડી આવ, એટલે બધું પત્યું!'

ડૅન્ગલર્સે ડાબે હાથે લખવા માંડ્યું :

'મહાશય, આપને એક રાજભક્ત જણાવવા માગે છે કે, ફરાઓન જહાજ આજે સવારે સ્મર્નાથી પાછું ફર્યું છે. તેનો કપ્તાન ઍડમંડ ડાન્ટે રસ્તામાં તે જહાજને એલ્બા લઈ ગયો હતો, અને નેપોલિયનને મળ્યો હતો. નેપોલિયન પાસેથી પૅરિસના કાવતરાખોર મંડળ માટે સંદેશાનો એક કાગળ પણ તે લાવ્યો છે. તે કાગળ તેના ખિસ્સામાં, તેના બાપને ત્યાં કે ફરાઓન જહાજ ઉપરની તેની ઓરડીમાં ક્યાંક હોવો જોઈએ. તેને તરત કેદ પકડી એ કાગળ હાથમાં લેવામાં આવશે, તો બધી વાતની સાબિતી મળી જશે.'

લખી રહ્યા પછી ડૅન્ગલર્સે કાગળ ફર્નાન્ડને વાંચી સંભળાવ્યો. પણ કૅડરો સાહેબ તરસ્યા થઈ વધુ દારૂની શોધમાં ક્યારે દશમા આસમાનથી નીચે પધાર્યા હતા તેની કોઈને ખબર રહી નહિ. તેઓશ્રીએ એ આખો કાગળ સાંભળી તરત તેના ઉપર તરાપ મારી અને કહ્યું : 'વાહ, આ કાગળ કોટવાળ સાહેબ ઉપર પહોંચે, તો ડાન્ટે બિચારો ખતમ થઈ જાય. પણ હું ડાન્ટેનો પરમ મિત્ર કૅડરો – બાદશાહી લેબાર સીવનારો, કસબી મેરાઈ અહીં બેઠો છું. હું મારા પરમ મિત્ર ડાન્ટેને ઊની કે ઠંડી આંચ નહીં આવવા દઉં. ચાલો, કાગળ મને સુપરત કરી દો.'

ડૅન્ગલર્સ ચોંકી ઊઠ્યો. તેણે કાગળનો ડૂચો કરી એક બાજુ ખૂણામાં ફેંકી દીધો તથા કૅડરોને સમજાવ્યું કે, 'આ તો તારો પરમ મિત્ર ફર્નાન્ડ મર્સિડીસ સાથે લગ્ન કરવાનું ન મળ્યું તેથી આપઘાત કરી ન બેસે, તે માટે હું ટાઢા પહોરના તડાકા હાંકું છું. બાકી, ડાન્ટે તો મારો પણ મિત્ર જ છે ને?'

કૅડરો સાહેબને આ ખુલાસાથી સંતોષ થયો; કારણ તેઓ સાહેબ ઝટ બીજી અર્ધી શીશી ખાલી કરીને પાછા આસમાની સહેલગાહે પહોંચી ગયા. ડૅન્ગલર્સે જોઈ લીધું કે, ફર્નાન્ડની નજર પેલા કાગળના ડૂચા

ઉપર જ ચોંટેલી છે. એટલે થોડી વાર પછી કેડરોને મહામુસીબતે ઉઠાડીને તે માર્સેલ્સ તરફ પાછો વળ્યો.

કેડરોએ ફર્નાન્ડને પણ પોતાની સાથે માર્સેલ્સ આવવા ફરમાન કર્યું. પણ ફર્નાન્ડે તો પોતાના વાસ તરફ પાછા ફરવાનો જ ઈરાદો જાહેર કર્યો. કેડરો સાહેબે તેના ઈરાદાને હાર્દિક અનુમોદન આપ્યું. પછી પોતે લથડિયાં ખાતા ખાતા ડેન્ગલર્સનો ટેકો લઈ વિદાય થયા.

ડેન્ગલર્સે પાછા વળીને જોઈ લીધું કે, ફર્નાન્ડે પેલો કાગળ ઉપાડી લીધો હતો.

૫

લગ્નની મિજબાની

મિજબાની માટેનો 'લા-રિઝર્વ'નો ઓરડો બપોરના બાર વાગ્યા પહેલાં એક કલાક અગાઉથી જ फराओनના આમંત્રિત ખલાસી મિત્રોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો. બધાની અંદર ગુસપુસ વાત પણ ચાલતી હતી કે ડાન્ટેની આ મિજબાનીમાં फराओनના માલિક હાજર રહેવાના છે. પરંતુ આટલું બધું માન શેઠિયાઓ પોતાના એક નોકર માટે દાખવે, એ વાત હજુ સૌના માન્યામાં આવતી નહોતી.

પણ એટલામાં તો શ્રી. મૉરેલ પોતે ઓરડામાં દાખલ થતાં જ સૌ ખલાસીઓ આનંદના પોકારો કરી ઊઠ્યા. આ મિજબાનીમાં તે હાજર રહે તેનો અર્થ એ પણ થાય કે ડાન્ટેને फराओनનો કપ્તાન પણ બનાવવામાં આવશે જ ! અને એ વાતમાં સૌ ખલાસી-મંડળ રાજી હતું.

શ્રી. મૉરેલ આવી ગયા એટલે ડેન્ગલર્સ અને કેડરોને તરત વર-કન્યાને જલદી તેડી લાવવા દોડાવવામાં આવ્યા. પરંતુ આખું સાજન તેમને રસ્તામાં જ મળ્યું.

શ્રી. મૉરેલે સામે જઈ વર-કન્યાને બારણા આગળ વધાવ્યાં. ડાન્ટેએ

મર્સિડીસનો હાથ શ્રી. મૉરેલના હાથમાં મૂક્યો. તે તેને મિજબાનીના ઓરડા તરફ દોરી ચાલ્યા.

આટલું મોટું શુભેચ્છા અને પ્રેમ ધરાવતું ટોળું ભેગું મળ્યું હોય અને ખાવાપીવાની વસ્તુઓ પણ સૌને મનભાવતી મબલક તૈયાર હોય, પછી આનંદપ્રમોદમાં મણા રહે ખરી? વર-કન્યા પ્રત્યે સૌ અંતઃકરણ-પૂર્વક શુભેચ્છા પ્રગટ કરવા લાગ્યા. ડાન્ટેનો બાપ તો એ આખા ટોળામાં જાણે સૌથી વધુ સુખી માણસ હતો!

આજુબાજુ હર્ષના લહેરાતા આ સાગરમાં ફર્નાન્ડ ઘુવડ જેવું મોં કરીને બેઠેલો હતો. ડેન્ગ્લર્સ તેની સામે અવારનવાર નજર કરતો, ત્યારે તે એકદમ ફિક્કો પડી જતો અને ધ્રૂજી ઊઠતો. તે જોઈ ડેન્ગ્લર્સની પણ સામેથી એ જ દશા થતી.

અને થયું પણ તેમજ. થોડી વાર બાદ દાદરા ઉપર અચાનક તાલબદ્ધ પગલાંનો અવાજ સંભળાયો, અને પછી તો મૅજિસ્ટ્રેટે કાયદાના નામે મિજબાનીના ઓરડામાં પ્રવેશ કરવાની માગણી કરી.

ઓરડામાં એકદમ સન્નાટો છવાઈ ગયો. શ્રી. મૉરેલ મૅજિસ્ટ્રેટની સામે ધસી ગયા અને લગ્નની મિજબાની અંગે નિર્દોષ આનંદપ્રમોદમાં ડૂબેલા આ ઓરડામાં સૈનિકો સાથે પ્રવેશ કરવાની બાબતમાં કંઈક ગંભીર ભૂલ તો નથી થતી, એમ તેને પૂછવા લાગ્યા.

મૅજિસ્ટ્રેટે જણાવ્યું: 'હું ઍડમંડ ડાન્ટે નામના શખ્સની ધરપકડ માટે આવ્યો છું. તે જો આ ઓરડામાં ન હોય, તો હું મારી ભૂલ બદલ માફી માગવા તૈયાર છું.'

ડાન્ટે પોતાનું નામ સાંભળી એકદમ આગળ આવ્યો. તે બોલી ઊઠ્યો, 'ધરપકડ! શા કારણે તે જરા કહેશો?'

'હું એ કારણો અહીં કહી શકતો નથી; પરંતુ તમારી પ્રાથમિક તપાસ વખતે તમને તે કારણોથી જરૂર માહિતગાર કરવામાં આવશે.'

શ્રી. મૉરેલે જોયું કે આ ઘડીએ કશો વિરોધ કરવો એ નકામું

છે. એટલે તેમણે ડાન્ટેને તાબે થઈ જવા વિનંતી કરી. અને આ કમનસીબ ભૂલને સુધારી લેવા સત્તાવાળાઓ પાસે તરત જ દોડી જઈ, પોતે પોતાનાથી બનતું બધું કરશે, એવી તેને ખાતરી આપી.

કેડરો કંઈક વાત મનમાં સૂઝી આવતાં ફર્નાન્ડને શોધવા માંડયો. પણ તે અદૃશ્ય થઈ ગયો હતો. ત્યાર પછી ડેન્ગ્લર્સ પાસે જઈને રૂંધાયેલે અવાજે તેણે કહ્યું: 'ઠીક, ઠીક, ત્યારે તમે લોકો ગઈ કાલે જે સેતાની યોજના ઘડી રહ્યા હતા, તે પ્રમાણે જ આખરે કર્યું, એમ ને?'

'જા, જા, મૂરખ! તને વળી શી ખબર! તું તો તે વખતે દારૂ પીને ભાન ભૂલી ફાવે તેવા લવારા કરતો હતો!'

'તો પછી ફર્નાન્ડ કયાં છે?'

'એ હું શું જાણું? કદાચ સૌ ડાહ્યા માણસોની જેમ પોતાનું કામ સંભાળતો હશે.'

ડાન્ટેને પોલીસ-વાહનમાં પૂરીને લઈ ગયા કે તરત શ્રી. મૉરેલે મિજબાનીમાં આવેલા સૌને કહ્યું કે, 'તમે સૌ અહીં જ થોભો. જે પહેલું વાહન હાથ આવે તેમાં હું માર્સેલ્સ જાઉં છું અને આ બધું શું થયું તેની માહિતી લઈ આવું છું.'

મર્સિડીસ અને ડાન્ટેનો બાપ, એ બે જણ ઉપર જ આ ફટકો સીધો પડયો હોવાથી, તે બંનેની દશા લગભગ બેબાકળા જેવી થઈ ગઈ હતી. થોડી વાર બાદ ફર્નાન્ડ પાછો આવ્યો અને ખાલી પડેલી ખુરસીમાં બેસી પડયો. તેના ધ્રૂજતા હાથે તેણે પાણીનો એક પ્યાલો ઉપાડીને મોંએ માંડયો.

કેડરોએ તેને જોતાં જ ડૅન્ગ્લર્સને કહ્યું, 'આ ફર્નાન્ડ જ આ બધાનું મૂળ છે, એ હું છાપરે ચડીને કહેવા તૈયાર છું. એનું મોં અને હાથ તો જો!'

'જા, જા, એનામાં વળી એવું કશું કરવાની અક્કલ જ કયાં છે? ડાન્ટે જ વધારે પડતો ચાલાક છે, એટલે તેણે જ કંઈક ગરબડ કરી લાગે છે.'

પણ એટલામાં શ્રી. મૉરેલ મારતે ઘોડે પાછા આવી પહોંચ્યા. સૌ તેમને વીંટળાઈ વળ્યાં. શ્રી. મૉરેલનું મોં પડી ગયું હતું. તેમણે એટલું જ કહ્યું કે, 'વાત ધાર્યા કરતાં વધુ ઊંડી નીકળી છે; અને નેપોલિયન બોનાપાર્ટના મળતિયાઓના કાવતરામાં મદદનીશ હોવાનો ડાન્ટે ઉપર આરોપ મૂકવામાં આવ્યો છે.'

મર્સિડીસ આ સાંભળતાં જ ચીસ પાડીને નજીકની ખુરશીમાં ફસડાઈ પડી.

કેડરોએ તરત ડૅન્ગલર્સના કાનમાં કહ્યું, 'તું મને છેતરે છે; ગઈ કાલ રાતના તારા કાવતરાનું જ આ બધું પરિણામ છે, એ હવે મને ચોખ્ખું દેખાય છે. પણ હું એક બિચારા બુઢ્ઢાને કે એક નિર્દોષ છોકરીને તારા વાંકે રિબાઈને મરવા દેવાનો નથી; હું હમણાં જ જઈને બધું કહી દઉં છું.'

'ગધેડા, તારામાં એટલી બધી અક્કલ હોય તો જા; ડાન્ટે સીધો રસ્તો છોડી, એલ્બા ટાપુએ વહાણ લઈ ગયો હતો, એ તો ઉઘાડી વાત છે. અને તેની પાસેથી જો કંઈક ગુનો સાબિત થાય તેવું કાગળિયું મળ્યું હશે, તો તે તો મરશે જ, પણ સાથે તેની વહારે ચડનાર તારા જેવા હૈયાફૂટા પણ મરશે. તું જોતો નથી કે, શ્રી. મૉરેલ પણ કેવા ઠંડા થઈ ગયા છે! વહાણ પણ તેમનું અને ડાન્ટે પણ તેમનો નોકર; એટલે તેમને જ કાંઈ છાંટા ન ઊડે તો બસ!'

કેડરોની અક્કલ મૂંઝાઈ ગઈ. તે માત્ર એટલું બોલ્યો, 'આવા દગા-ફટકાની સજા તમને બેને પણ છેવટે બમણી-તમણી ભોગવવી ન પડે, તો મને યાદ કરજો.'

સૌ કોઈ હવે દુ:ખી ચિત્તે વેરાવા લાગ્યાં. ગભરાઈ ગયેલી મર્સિડીસનો ફર્નાન્ડ એકમાત્ર મિત્ર તથા વાલી બની રહ્યો. તે તેને સમજાવીને સંભાળપૂર્વક ઘેર પાછી લઈ ચાલ્યો. મર્સિડીસ હૈયાફાટ રુદન કરતી તથા લથડિયાં ખાતી પરાણે ચાલતી હતી.

શ્રી. મૉરેલ હવે ડૅન્ગ્લર્સની પાસે આવીને ધીમે અવાજે પૂછવા લાગ્યા : 'આપણા વહાણને ડાન્ટે એલ્બા ટાપુ તરફ લઈ ગયો હતો એ વાત તેં મારા સિવાય બીજા કોઈને કરી હતી ?'

'હરગિજ નહીં; હું સમજું છું કે આપના કાકા શ્રી. પોલિકર મૉરેલ નેપોલિયન બાદશાહના વિશ્વાસુ અને વફાદાર સેવક હતા, અને તેથી આપનું નામ પણ રાજદરબારમાં શંકાસ્પદ માણસ તરીકે ગવાયેલું છે. વહાણના માલિક તરીકે આપને તો બધી વાત મારે કરવી જોઈએ, એટલે મેં કરી હતી. પણ તે સિવાય બીજા કોઈને તે વાત કહેવા જઈને મારા માલિકને કંઈ પણ નુકસાન થાય, તેવું હું કદી કરું ખરો ?'

'ઠીક, ડૅન્ગ્લર્સ, ઠીક; તું બહુ સમજણો માણસ છે. પણ હવે આ ખટલો લંબાય ત્યાં સુધી આપણે વહાણ માટે બીજી કંઈક વ્યવસ્થા વિચારવી પડશે ને ?'

'હું આપની સેવામાં હાજર છું, સાહેબ; મને વહાણવટાનો ઠીક ઠીક અનુભવ છે; એટલે એક અનુભવી કપ્તાન જેટલું કામ હું જરૂર આપી શકીશ, ઉપરાંત, ડાન્ટેને કંઈ સજા થશે એવું હું હજુ માનતો જ નથી; તેથી હાલ તુરત કપ્તાનની જગાએ મારી નિમણૂક કરશો, તો પછી ડાન્ટે જ્યારે પાછો આવશે ત્યારે તેનું કપ્તાનનું કામ સંભાળી લેશે, અને હું મારા જૂના કામે પાછો ચડી જઈશ; એટલે વારેઘડીએ કશા ફેરફાર નહીં કરવા પડે.'

'શાબાશ, શાબાશ; તેં ડહાપણભરેલી સલાહ આપી છે. એ જ પ્રમાણે હું અત્યારથી જ ગોઠવણ કરી દઉં છું. તું હવે સીધો વહાણ ઉપર ચાલ્યો જા. હું થોડી વારમાં નાયબ કોટવાળ શ્રીમાન દ' વિલેફૉર્ટને મળીને ડાન્ટેની બાબતમાં જે કંઈ થઈ શકે તે કરવા જાઉં છું. વિલેફૉર્ટ આમ તો રાજભક્ત માણસ છે, પણ માણસ તરીકે ખરાબ નથી; અને મારે તેની સાથે કંઈક ઓળખાણ જેવું પણ છે.'

૬
વિલેફોર્ટ

નાયબ કોટવાળ દ' વિલેફોર્ટને ત્યાં આ વખતે તેના વિવાહની જ મિજબાની ચાલી રહી હતી. તેનો વિવાહ માર્કિવસ સેન્ટ-મેરાનની દીકરી રેની સાથે થયો હતો. માર્કિવસ તેમ જ તેમનાં પત્ની પ્રખર રાજભક્ત હતાં, અને માર્કિવસના સસરાને તો ક્રાંતિવાદીઓએ ફાંસીને માંચડે ચડાવી દીધા હતા. તેથી ઊલટું, દ' વિલેફોર્ટના પિતા કાઉન્ટ નોઈરટિયર ક્રાંતિવાદી પક્ષના માણસ હતા; અને તેમની સાથેનો પોતાનો સંબંધ છેક ભૂંસી નાખવા તેણે પોતાનું નામ પણ દ' વિલેફોર્ટ એટલું જ રહેવા દીધું હતું.

વિવાહની મિજબાનીને દિવસે પણ માર્કિવસની પત્નીએ બધાની વચ્ચે દ' વિલેફોર્ટના બળવાખોર પિતાનો ઉલ્લેખ કરીને ભાવી જમાઈને તાકીદ આપી કે, 'તમારે માટે અમે રાજાજી પાસે લગભગ જામીન થયાં છીએ કે, તમે રાજા પ્રત્યેની ફરજો એકનિષ્ઠા અને વફાદારીથી બજાવશો; તથા કોઈ રાજદ્રોહી ગુનેગાર હાથમાં આવે, તો તમારા પિતાના સંબંધને કારણે તેને આકરામાં આકરી સજા કરતાં અચકાશો નહીં.'

વિલેફોર્ટે જણાવ્યું, 'એ બાબતમાં તમે છેક જ નિશ્ચિત રહેજો, ભલભલા કટ્ટર રાજદ્રોહીઓ પણ મારા હાથમાં તેમનો મુકદ્દમો આવે છે, ત્યારે અદાલત વચ્ચે જ ભાંગી પડે છે. અદાલતની મારી કામગીરી જોવા કેટલાંય અમીર-ઉમરાવોનાં કુટુંબો ખાસ હાજર રહે છે!'

તે જ ઘડીએ વિલેફોર્ટની ભાવી પત્ની રેનીની એક લાડકી સહિયર બોલી ઊઠી, 'અરે ભાઈસાહેબ, તમને ભલા કહું! મહેરબાની

કરી, અમે અહીં તમારા લગ્નપ્રસંગે હાજર છીએ તે દરમ્યાન જ એવો કોઈ મુકદ્દમો ઊભો કરો ને! મેં કદી અદાલત જોઈ નથી!'

રેની આ વખતે વચ્ચે જ પતિ સામું જોઈને બોલી ઊઠી, 'જુઓ, તમે મને વચન આપ્યું છે કે, આપણા લગ્નપ્રસંગે હું જે કોઈને માટે વિનંતી કરું તેને મોતની સજામાંથી પણ તમારે માફી આપવી! મારા લગ્નપ્રસંગની ઉજવણી હું કોઈની કતલથી કરવા ઈચ્છતી નથી. મારે નસીબે તમે આવા જલ્લાદનો ધંધો કરનાર કયાંથી આવી મળ્યા!'

રેનીની માએ પુત્રીને આવા કાયર વિચારો ધરાવવા બદલ ધુતકારી કાઢી. 'રાજાના દુશ્મનો હજુ ધમપછાડા અને કાવતરાં કર્યા જ કરતા હોય, તેવે વખતે રાજાના અધિકારીને એવી કુમળી લાગણીઓ ધારણ કરવાની ન હોય! સાચા રાજભક્તે તો પોતાના લગ્નની ઉજવણી એવા રાજદ્રોહીના શિરચ્છેદથી જ કરવી જોઈએ!'

તે જ ઘડીએ પોલીસનો માણસ બહાર એક રાજદ્રોહીની ધરપકડના કાગળો લઈને આવી પહોંચ્યો. કોટવાળ સાહેબ બહારગામ ગયા હોવાથી તેમના સેક્રેટરીએ ડાન્ટેને તેના કેસનાં કાગળિયાં સાથે વિલેફૉર્ટને ત્યાં મોકલી આપ્યો હતો; પરંતુ વિલેફૉર્ટને સસરાને ત્યાં ગયેલો જાણી, એક પોલીસવાળો ત્યાં તેમને તેડવા આવ્યો હતો.

વિલેફૉર્ટ એ કાગળિયાં વાંચી રાજી થતો ઊછળીને બોલી ઊઠયો, 'શાબાશ! ખરો ભયંકર ગુનેગાર મારા હાથમાં આવી પડયો છે. એના કાગળો જોતાં જ તે સીધો જલ્લાદના કુહાડા નીચે જ જશે એમ લાગે છે. લો, તમારામાંથી જેને હવે મારી અદાલતનું કામકાજ જોવું હોય, તેને પધારવા મારું હાર્દિક આમંત્રણ છે!'

રેની બિચારી ડૂસકાં ભરતી બોલી ઊઠી :

'ના, વિલેફૉર્ટ, ના; આપણા લગ્નની ઉજવણીને નિમિત્તે અને મને આપેલા વચનને ખાતર પણ એ માણસને તમે જીવતો જવા દેજો, એટલું હું અત્યારથી જ માગી લઉં છું!'

પણ તેની મા તાકીદ કરતી બોલી ઊઠી, 'બેસ, બેસ, હવે! જાઓ વિલેફોર્ટ, તમારી ફરજ પહેલી! મારી આ બેવફા છોકરીના બોલ સામું ન જોશો.'

વિલેફોર્ટે રેની સામું આંખ મિચકારીને તેને ખાતરી આપી કે, તારી ઈચ્છા પ્રમાણે જ હું વર્તીશ; પરંતુ સાસુજીને તો તેણે એમ જ કહ્યું, 'માતુશ્રી, તમારી દીકરી ઉપર ગુસ્સો ન કરશો; તેની રાજભક્તિની ઊણપ હું મારી વધારે પડતી કટ્ટરતાથી ભરપાઈ કરી આપીશ!'

૭

તપાસ

વિલેફોર્ટ ઘર તરફ જવા નીકળ્યો, ત્યાં રસ્તામાં જ શ્રી. મૉરેલ તેને મળ્યા. તેમણે ડાન્ટે તદ્દન નિર્દોષ હોવાની તથા ભૂલથી જ તેના ઉપર આક્ષેપ આવ્યાની વાત કરી,

વિલેફોર્ટે જવાબમાં કટાક્ષ કરીને કહ્યું, 'અંગત જીવનમાં સીધા હોય એવા માણસો રાજકીય જીવનમાં કાવતરાખોર નથી બનતા શું? છતાં હું ખાતરી આપું છું કે, તમારા માણસનો કિસ્સો હું ન્યાયીપણે તપાસીશ અને જો તે નિર્દોષ માલૂમ પડશે તો તેને એક મિનિટ પણ વધુ નહીં રોકી રાખું.'

મૉરેલ ખિન્ન થઈ પાછા ફર્યા.

પરંતુ ૧૯-૨૦ વર્ષના જુવાન ડાન્ટેનો ખુલ્લો તથા નિખાલસ ચહેરો જોયા પછી વિલેફોર્ટના મન ઉપર તેના વિષે એકદમ તો સારી છાપ જ પડી. તેમાંય જ્યારે વિલેફોર્ટે જાણ્યું કે, તેની ધરપકડ થઈ તે વખતે તે પણ પોતાની પેઠે પોતાના વિવાહની મિજબાનીમાં હતો, ત્યારે તો તેનું મન એકદમ કુમળું બની ગયું.

વધુ પૂછપરછથી વિલેફોર્ટને ખાતરી થઈ કે, નેપોલિયનના રાજ્યકાળમાં તો ડાન્ટે પોતાની નોકરી ઉપર પણ દાખલ થયો ન હતો

તથા હમણાં જ ૧૯ વર્ષનો થયો હોઈ, તેને કોઈ રાજકીય પક્ષનો સંપર્ક પણ ન હતો.

વિલેફૉર્ટે તેને પૂછયું, 'વહાણ ઉપર કે બીજા વ્યવહારમાં તારે કોઈ દુશ્મન કે તારી ઈર્ષ્યા કરે એવું કોઈ છે, જેણે તારા ઉપર આવો ભયંકર આક્ષેપ મૂકયો હોય?'

ડાન્ટેએ ખુલ્લા દિલે જવાબ આપ્યો, 'વહાણમાં મારી નોકરી એવી અગત્યની ન હતી જેથી મારે માણસો સાથે અણબનાવ થાય; તેમ જ મેં કદી કોઈનું બૂરું ઈચ્છયું નથી, એટલે કોઈ કશી બાબતમાં મારી ઈર્ષ્યા કરે છે કે નહિ તે જાણવાની દરકાર પણ મેં રાખી નથી.'

વિલેફૉર્ટના દિલમાં હવે આ નિખાલસ જુવાનિયા પ્રત્યે મમતા જેવું જ જાગ્યા વિના ન રહ્યું. તેણે પોતાની સામાન્ય રીતની ઉપરવટ જઈને ડાન્ટેને પેલી ચિઠ્ઠી વાંચવા આપી અને પૂછયું 'આ અક્ષર કોના હોય એમ તું માને છે?'

ડાન્ટે ચિઠ્ઠીમાં લખેલી વિગતો વાંચી આભો બની ગયો. તેણે કહ્યું, 'સાહેબ, આ અક્ષરો કોના હોઈ શકે તે તો હું કહી શકતો નથી; પરંતુ એટલું તો કહી શકું છું કે, આ લખનાર માણસ મારો ભયંકરમાં ભયંકર દુશ્મન હોવો જોઈએ. આ આક્ષેપ મારા ઉપર પુરવાર થાય, તો તેની સજા દેહાંતદંડ જ હોઈ શકે. એટલે આપ જેવા સજ્જનના હાથમાં જ મારો કેસ પ્રથમથી આવ્યો, તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું.'

'તો પછી તું પણ મને એક ન્યાયાધીશ તરીકે નહિ પણ એક હિતૈષી તરીકે સાચેસાચું કહી દે કે, આ ચિઠ્ઠીમાં લખેલી વાતોમાંથી કેટલી સાચી છે અને કેટલી જૂઠી છે.'

"ઘણી ખુશીથી, સાહેબ! હું મારા ભલા પિતાની જિંદગીના સોગંદ ખાઈને કહું છું કે, અમે નેપલ્સ છોડયું ત્યાર પછી થોડા જ વખતમાં અમારા જહાજમાં કપ્તાન લૅકલૅરને મગજનો તાવ ચડી આવ્યો.

અમારા વહાણ ઉપર કોઈ દાક્તર ન હોવાથી, એલ્બા પહોંચવાની તેમની તીવ્ર ઉત્કંઠાને લીધે તે બીજા કોઈ બંદરે વળ્યા જ નહિ. પણ ત્રીજે દિવસે તેમને જ્યારે લાગ્યું કે હવે તેમની આખરઘડી નજીક છે, ત્યારે તેમણે મને પાસે બોલાવીને કહ્યું, 'ભાઈ ડાન્ટે, હું જે કરવાનું તને અત્યારે કહું, તે અવશ્ય પૂરું કરવાના તું સોગંદ ખા; કારણ કે તે બહુ અગત્યની વાત છે.'

"મેં સોગંદ ખાધા. પછી તરત જ તેમણે કહ્યું, 'મારા મૃત્યુ પછી તું એકદમ આ વહાણના કપ્તાનનું પદ સંભાળી લેજે અને વહાણને સીધું એલ્બા પહોંચાડીને થોભજે. ત્યાં ગ્રાન્ડ માર્શલ પાસે જઈને તેમને આ પાકીટ આપજે. કદાચ તે ત્યાંથી તને બીજો કાગળ આપશે તથા તે કાગળને અમુક ઠેકાણે પહોંચાડવાનું કામ સોંપશે. તે કામ મારે કરવાનું હતું, પણ હવે તું તે કરજે.'

"ત્યાર બાદ તેમણે માર્શલ મને ઓળખે તે માટે એક વીંટી આપી. બીજે દિવસે તો તે ગુજરી ગયા. એલ્બા પહોંચી માર્શલને હું મળ્યો અને કપ્તાને સોંપેલું પાકીટ મેં તેમને આપ્યું. તેમણે મને એક કાગળ પૅરિસ પહોંચાડવા આપ્યો. મારા કપ્તાને મરતી વખતે કરેલી આજ્ઞાની રૂએ મેં એ કામ કરવાનું માથે લીધું હતું, અને અત્યારે એકાદ કલાક બાદ લગ્નવિધિ પતી જતાં, હું આવતી કાલે વહેલી સવારે જ પૅરિસ જવા ઊપડવાનો હતો."

'ઠીક, ઠીક, તારી વાત સાચી લાગે છે; તેં જે કાંઈ કર્યું તે તો કપ્તાનની મૃત્યુ વખતની ઇચ્છાને માન આપવાની લાગણીથી જ કર્યું છે, એટલે તારો આમાં કશો જ વાંક નથી. તું એલ્બાથી આણેલો કાગળ મને આપી દે અને પછી જ્યારે તને અદાલતમાં બોલાવવામાં આવે ત્યારે હાજર થવાનું વચન આપ, એટલે તું છૂટો છે.'

'એ કાગળ તો મારી પાસેથી ક્યારનો લઈ લેવામાં આવ્યો છે; આપની પાસે પડેલા પેલા પરબીડિયામાં દેખાય છે તે જ કાગળ એ છે.' ડાન્ટેએ રાજી થતાં થતાં જવાબ આપ્યો.

'એ કાગળ પૅરિસમાં કયા સરનામે તારે પહોંચાડવાનો હતો વારુ?'

'શ્રી. નૉઇરટિયરને, નં. ૧૩, કૉક-હેરોન, પૅરિસ.'

આકાશમાંથી તે જ ઘડીએ વીજળી પડી હોત તોપણ વિલેફૉર્ટનું મોં, એ નામ સાંભળી જેવું ફીકું પેડી ગયું, તેવું ન પડયું હોત. કારણકે તે નામ તેના સગા બાપનું હતું!

'શું આપ એ નામવાળાને ઓળખો છો?' ડાન્ટેએ નવાઈ પામી પૂછયું.

'ના રે, ના; રાજાનો વફાદાર સેવક એવા કાવતરાખોર રાજ-દ્રોહીને કદી ન ઓળખે. પણ, તું શ્રી. નોઈરટિયર માટે કાગળ લાવ્યો છે, એ વાત તેં બીજા કોઈને કહી છે ખરી?'

'ના, સાહેબ.'

વિલેફૉર્ટે જલદી જલદી એ કાગળ વાંચી લીધો. નેપોલિયનને પાછો ફ્રાંસમાં લાવવાની ખટપટ અંગેનો જ એ સંદેશો હતો; અને પૅરિસમાં તે ખટપટના કેન્દ્ર વિલેફૉર્ટના પિતા જ હતા! આ વાત જો બહાર કોઈના જાણવામાં આવે, તો વિલેફૉર્ટના પિતા તો ફાંસીને માંચડે જાય જ, પણ તેમના જેવા તરકટીના પુત્ર તરીકે વિલેફૉર્ટની બધી મહત્ત્વાકાંક્ષાઓ ઉપર પણ પાણી જ ફરી વળે! સદ્‌ભાગ્યે કોટવાળ સાહેબ જ આજે બહારગામ ગયા હોવાથી આ કાગળ તથા આખો ખટલો સીધો તેના હાથમાં આવ્યો હતો; નહીં તો શું થઈને ઊભું રહેત, તે કોણ કહી શકે!

વિલેફૉર્ટનું મગજ જોરથી વિચાર કરવા લાગી ગયું. આ કફોડી પરિસ્થિતિમાંથી જ પોતાને માટે પરમ લાભ ખાટી જવાની યુક્તિ તેને સૂઝી. આ કાગળ અને પોતાના પિતાનું નામ દબાવી રાખી, બાકીનું આખું કાવતરું પોતે પકડી પાડયાની વાત રાજા પાસે દોડી જઈને તેમને કરવી, અને તેમના વહાલા થવું!

પણ આ જુવાનિયો નોઈરટિયરનું નામ જાણે છે તેનું શું? નોઇરટિયર વિલેફ઼ૉર્ટના પિતા જ છે, એ અત્યારે તે જાણતો હોય એમ લાગતું નથી; પરંતુ ભવિષ્યમાં કોઈ વાર તે નહીં જ જાણે, તેની શી ખાતરી? એટલે આ જુવાનિયાને છોડી મૂકવાનું તો હવે બને જ નહિ. ભલે તેને ફાંસીને લાકડે ન જવા દેવો; પરંતુ દૂર એકાંતમાં એવી અંધારી જનમકેદમાં ધકેલી દેવો જોઈએ કે જ્યાં તેને મોંએથી કોઈ કદી નોઈરટિયરનું નામ સાંભળવા જ ન પામે! અને સાંભળે તોપણ કશી પંચાત ન કરે!

વિલેફ઼ૉર્ટે હવે ચાલાકીથી કામ લેવા માંડયું. ડાન્ટેના પોતાના જ હિતને ખાતર આવશ્યક છે એમ કહી, તેણે તે કાગળ ત્યાં ને ત્યાં બાળી નાખ્યો; તથા તે કાગળ નોઈરટિયરને પહોંચાડવાનો હતો તે વાત કદી મોંએ ન લાવવાની ડાન્ટેને તાકીદ આપી. પછી થોડી વારમાં તેને છોડી દેવાની ગોઠવણ પૂરી થાય ત્યાં સુધી તેણે ગુપચુપ પોલીસ સાથે ચાલ્યા જવું, એવી સલાહ આપી.

૮

શેટો દ' ઈફ઼

વિલેફ઼ૉર્ટના શબ્દો ઉપર વિશ્વાસ રાખતા અને હરઘડીએ બંધનમાંથી મુક્ત થવાની આશા રાખતા ડાન્ટેને પાછલે પહોરે ચાર વાગ્યે અંધારી કોટડીમાં પૂરવામાં આવ્યો. ત્યાર પછી રાતના દશ વાગ્યે જ્યારે તે નિરાશ થવાની અણી ઉપર હતો, ત્યારે અચાનક તેની કોટડીનું બારણું ઊઘડયું અને કડક ચોકી-પહેરા હેઠળ એક બંધ ગાડીમાં બેસાડી તેને દરિયાકિનારે લઈ જવામાં આવ્યો. ત્યાં એક હોડીમાં, ઉઘાડી બેયો-નેટોવાળા સૈનિકો વચ્ચે તેને બેસાડી, હોડી હંકારી મૂકવામાં આવી.

ડાન્ટેને આ હિલચાલનું કશું પ્રયોજન સમજાયું નહિ. તેણે એકબે વખત પૂછવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેને કડક જવાબ મળ્યો કે, તારી સાથે કશી વાતચીત કરવાની અમને મનાઈ છે.

ખૂબ દૂર ગયા પછી, અચાનક, અંધારામાં પોતાની નજર સામે એક ઘેરો અંધારાનો ઢગલો ઊભો થતો જતો હોય એમ ડાન્ટેને લાગ્યું. થોડી વારમાં જ તેને સમજણ પડી અને તેના અંગેઅંગમાં ભયંકર કંપારી વછૂટી ગઈ. તે શેટો દ' ઈફનો વિકરાળ ખડક હતો. દરિયા વચ્ચે આવેલા ખડકની ઊભી કરાડોની ટોચ ઉપર કેદખાનાની તોતિંગ દીવાલો આવેલી હતી. જેઓને જીવતા દાટી મૂકવા જેવી કારમી જનમટીપની સજા કરવાની હોય, તેવા લોકોને જ એ કેદખાનામાં લઈ જવામાં આવતા. ત્યાંથી કોઈ કેદી જીવતો પાછો આવ્યો હોય, એમ કોઈએ સાંભળ્યું નહોતું.

ડાન્ટેએ જીવ ઉપર આવીને ચોકિયાતોને પૂછયું, 'આ કેદખાનામાં મને કોના હુકમથી લઈ જાઓ છો? મેં કશો ગુનો કર્યો નથી.'

ચોકિયાતોમાંના એકે 'હવે કહેવામાં વાંધો નથી' એમ માની તેને જણાવી દીધું કે, રાજદ્રોહના ગંભીર ગુનાસર તેને પેલા કિલ્લામાં જનમભર કેદની સજા કરવામાં આવી છે.

ડાન્ટે એ સાંભળતાં જ મડદાની પેઠે ફીકો પડી ગયો. અત્યાર સુધી તે એમ માનતો હતો કે, માત્ર દેખાવ પૂરતો તેને કોટડીમાં પૂરવામાં આવ્યો છે. પણ ભૂલથી કે ખરેખર એક વાર આ કિલ્લામાં પુરાયા, પછી ત્યાંથી જીવતા પાછા નીકળવાનો કશો સંભવ જ નહિ; એટલે કંઈક વિચાર કરી તે ઓચિંતો ઊછળ્યો અને હોડીમાંથી દરિયામાં કૂદી પડવા ગયો. પરંતુ ચોકિયાતો બહુ અનુભવી હતા. ચાર મજબૂત હાથે તેને પકડી લીધો અને તરત એક બંદૂક તેના લમણા ઉપર તકાઈ રહી.

ડાન્ટેને લગભગ ઘસડાતો જ કિલ્લા ઉપર લઈ જવામાં આવ્યો. દરવાજા ઊઘડયા, કાગળો તપાસાયા અને પછી તેને ભોંયતળ ઉપરના એક ઓરડામાં ધકેલી દીધો.

બીજે દિવસે સવારે જ્યારે જેલર તે ઓરડાની મુલાકાતે આવ્યો, ત્યારે તેણે જોયું કે, ડાન્ટેને જે હાલતમાં આગલી રાતે પૂરવામાં આવ્યો

હતો તે હાલતમાં જ – બેઠા બેઠા – તેણે આખી રાત વિતાવી હતી. તેણે કશું ખાધુંપીધું ન હતું.

જેલરે તેને સમજાવ્યો, ત્યારે તે માત્ર એટલું જ બોલ્યો, 'મારે જેલના ગવર્નરને મળવું છે. નાયબ કોટવાળ શ્રી. વિલેફૉર્ટને પૂછીને ખાતરી કરી જુઓ; મને અહીં ભૂલથી ખોટી રીતે લાવવામાં આવ્યો છે.'

જેલરે જવાબ આપ્યો, 'તારી સજાના કાગળો બરાબર છે; કશી ભૂલ થઈ જ નથી. અને આ જેલમાં કેદીઓ કદી ગવર્નરને મળી શકતા નથી.'

'તો પછી મારે ખાવુંપીવું પણ નથી.'

'મૂરખ, અશકય વસ્તુઓ માટે તું આવા વિચાર કે જીદ કર્યા કરીશ, તો આ અંધારિયા ઓરડામાં તું પંદર દિવસમાં જ ગાંડો થઈ જઈશ.'

'એવું પહેલાં બન્યું છે ખરું?'

'હા, આ જ ઓરડામાં એક પાદરી રહેતો હતો; તે પોતાની મુક્તિ માટે ગવર્નરને લાખો ફ્રાંક આપવાની વાત કર્યા કરતો. છેવટે તે ગાંડો થઈ ગયો.'

'અહીંથી ગયે તેને કેટલા દિવસ થયા?'

'બે વરસ.'

'તેને છોડી મૂકવામાં આવ્યો?'

'ના; ગાંડા ઝનૂની કેદી તરીકે ભોંયતળથી પણ નીચેની કાળી કોટડીમાં તેને કાયમ માટે ઉતારી દેવામાં આવ્યો છે!'

'જુઓ, હજુ તો હું ગાંડો થઈ ગયો નથી. તમે માર્સેલ્સમાં કેટલન લોકોના વાસમાં મર્સિડીસ નામની છોકરીને મારો સંદેશો પહોંચાડશો? તમને હું કરોડો તો નહીં, પણ ત્રણસો ફ્રાંક મળે તેવી વ્યવસ્થા જરૂર કરી આપીશ.'

'પણ સંદેશો લઈ જવા બદલ વર્ષે બે હજાર ફ્રાંકની મારી નોકરી ખોઉં, એટલો ગાંડો હું થયો નથી, તેનું શું?'

'પૈસા ખાતર નહીં, તો એ બાઈ જનમભર દુ:ખી ન થાય તે માટે તેને ખબર આપશો? માણસાઈને દાવે એટલું કરવાની પણ ના પાડશો, તો હું તમને મારા ભયંકર દુશ્મન ગણીશ, અને કોક દિવસ બારણા પાછળ છુપાઈ રહીને, આ ટેબલ વડે તમારું માથું ફોડી નાખીશ!'

જેલરે તરત કોટડીનું બારણું બંધ કરી દીધું. થોડી વારમાં તે ચાર સૈનિકો સાથે પાછો આવ્યો અને ગવર્નરના હુકમથી ડાન્ટેને ગાંડા કેદીઓ માટેની ભોંયતળથી નીચે આવેલી અંધારી કોટડીઓમાંની એકમાં ઉતારી મૂકયો.

બધું પતી ગયા પછી જેલરે ઉપર આવી નિસાસો નાખ્યો, 'બિચારો બહુ જલદી ગાંડો થઈ ગયો!'

૯

સો દિવસનું પુનરાગમન

પોતાના મળતિયા કે પોતાના દુશ્મનો ધારે કે જાણે તે પહેલાં જ ઈ. સ. ૧૮૧૫ ના ફેબ્રુઆરીની ૨૬ મી તારીખે નેપોલિયન એકલ-દોકલ જ ફ્રાંસના કેનિસ બંદરે ઊતર્યો. ખેડૂતોએ તેને ઉત્સાહપૂર્વક વધાવી લીધો; અને તેની સામે મોકલવામાં આવેલું સૈન્ય, 'સમ્રાટ ઘણું જીવો' એવા પોકારો કરતું તેની સાથે ભળી ગયું. પછી તો વિજયકૂચ કરતો નેપોલિયન છેક પૅરિસ પહોંચી ગયો. રાજા જીવ લઈને નાસી છૂટયો.

વિલેફૉર્ટના પિતા નોઈરટિયરની હવે રાજદરખારમાં બોલબાલા થઈ. વિલેફૉર્ટે ડહાપણપૂર્વક રાજાના પક્ષના માર્કિવસ સેન્ટ-મેરાનની પુત્રી રેની સાથેનું પોતાનું લગ્ન મોકૂફ રાખ્યું. નેપોલિયને વિલેફૉર્ટને તેના પિતા નોઈરટિયરને કારણે તેની નોકરીમાં ચાલુ રાખ્યો.

શ્રી. મૉરેલે આ અવસર જોઈ, ડાન્ટેના છુટકારા માટે વિલેફૉર્ટ ઉપર તગાદો કરવા માંડયો. વિલેફૉર્ટે પણ હવે તાકીદ કરવા તેમને પ્રધાન ઉપર સીધી અરજી કરવા કહ્યું. તેમાં તેણે એવું લખાવડાવ્યું કે, નેપોલિયન બાદશાહની ફ્રાંસ પાછા ફરવાની બાબતમાં ડાન્ટેએ અગત્યની સેવા બજાવી હતી. ડાન્ટેના ઝડપી છુટકારાની આશાએ શ્રી. મૉરેલે એ બધું અતિશયોક્તિભર્યું વર્ણન લખી આપ્યું.

વિલેફૉર્ટે તે અરજી આગળ મોકલી જ નહિ. ડાન્ટેને કેવળ પોતાના સ્વાર્થ ખાતર તેણે જ ભારે સજા કરાવેલી હોઈ, તેને ફરી કેદ-ખાનાની બહાર લાવી, એ આખી સજાની ફરી તપાસનું જોખમ ખેડવાની તેની મરજી ન હતી.

ઉપરાંત હજુ નેપોલિયન ગાદી ઉપર સ્થિર થયો લાગતો ન હતો. યુરોપના બધા રાજાઓ તેની સામે થવા તૈયારી કરી રહ્યા હતા. એટલે, એ લડાઈનો શો ફેંસલો આવે છે તે જોવા થોભી જવામાં જ ડહાપણ હતું.

અને થયું પણ તેમ જ. નેપોલિયનને એલ્બામાંથી ફ્રાંસ પાછા આવ્યે પૂરા સો દિવસ થયા ને વૉટર્લૂની યાદગાર લડાઈ થઈ. તેમાં નેપોલિયન હાર્યો. આ વખતે તેને દૂર હેલેના ટાપુમાં હંમેશને માટે ધકેલી મૂકવામાં આવ્યો. ત્યાંથી તે ફરી જીવતો પાછો ફરવાનો ન હતો.

રાજા લૂઈ ફરી ગાદીએ આવ્યો. જૂના રાજભક્તોને ફરી પાછી બઢતી મળી. વિલેફૉર્ટને પણ કોટવાળની જગા મળી. નેપોલિયનના પક્ષકાર ગણાતા મૉરેલથી હવે તેની પાસે મોં બતાવવા જેવું પણ ન રહ્યું!

નેપોલિયન સો દિવસ ગાદીએ આવ્યો તે અરસામાં ડાન્ટે ભલે ન છૂટયો; પણ તે છૂટશે જ અને પોતાનું વેર લેશે એ બીકનો માર્યો ડેન્ગલર્સ શ્રી. મૉરેલની નોકરી છોડી દૂર સ્પેનમાં ચાલ્યો ગયો; અને શ્રી. મૉરેલની જ ભલામણચિઠ્ઠીથી કોઈ વેપારીની નોકરીમાં દાખલ થઈ ગયો.

ફર્નાન્ડ અને કેડરોને પણ નેપોલિયનના લશ્કરભરતીના હુકમોની રૂએ લશ્કરમાં ભરતી થઈને લડાઈના મોરચાઓ ઉપર ચાલ્યા જવું પડયું હતું.

માત્ર ડાન્ટેનો વૃદ્ધ પિતા ડાન્ટેના છુટકારાની આશાએ જીવતો બાકી રહ્યો. પરંતુ નેપોલિયનનું પતન થતાં તેની એ આશા પણ તૂટી પડી; અને ડાન્ટેના જેલ ગયા બાદ બરાબર પાંચ મહિને તેણે મર્સિડીસના ખોળામાં પ્રાણ છોડયા.

૧૦
બે કેદીઓ

રાજા લૂઈ ફરીથી ગાદીએ બેઠા પછી એક વર્ષ બાદ કેદખાનાંઓ માટેના ઇન્સ્પેકટર જનરલ શેટો દ' ઈફનું જેલખાનું તપાસવા આવ્યા. ભોંયતળ ઉપરની કોટડીઓ તપાસી રહ્યા બાદ, જે કેદીઓ જોખમકારક અને ગાંડા હોવાથી ભોંયતળ નીચેની કોટડીઓમાં પૂરેલા હતા, તેમની મુલાકાતે એ ચાલ્યા.

તેવા બે કેદીઓ તે વખતે ત્યાં હતા. તેમાંના એક ડાન્ટેને, ખાસ ઝનૂની અને જોખમકારક માની, જેલરે પ્રથમથી બે સિપાઈઓ તેની ખોલીમાં સાવચેતી માટે મોકલ્યા.

ઇન્સ્પેકટર સાહેબ ડાન્ટેની ખોલીમાં આવતાં, તેણે, પોતાના કિસ્સામાં ગંભીર ભૂલ થઈ હોવાથી પોતાની સજાના કાગળોની ફરી તપાસ કરવાની માગણી કરી. શ્રી. વિલેફૉર્ટ સાહેબે તો પોતાને નિર્દોષ ગણી છોડી મૂકવાનો હુકમ જ આપ્યો હતો, એ વાત પણ ડાન્ટેએ કરી.

ઇન્સ્પેકટર ઉપર ડાન્ટેની વાતચીતથી સારી છાપ પડી. તેમણે તો એક ઝનૂની જંગલી પશુ જ જોવાની આશા રાખી હતી. એટલે જવાબમાં તેમણે જણાવ્યું કે, 'શ્રી. વિલેફૉર્ટ હવે માર્સેલ્સમાં નથી, પણ ટુલોંમાં

મોટે હોદ્દે ગયા છે. તેમ છતાં તેઓ સાહેબે આ બાબતમાં જે કંઈ નોંધ કરી હશે તે બરાબર તપાસવાની હું તને ખાતરી આપું છું.'

ડાન્ટે રાજીરાજી થઈ ગયો. વિલેફૉર્ટની નોંધ તો સારી જ હતી, એવો તેને ભરોંસો હતો.

ઈન્સ્પેક્ટર સાહેબ હવે બીજા કેદીની મુલાકાતે ચાલ્યા. તેની ખોલી ડાન્ટેની ખોલીથી જરા દૂર હતી. એબ ફેરિયા નામના પાદરીને ૧૮૧૧માં તે ખોલીમાં પૂરવામાં આવ્યો હતો. ૧૮૧૩ થી તે ગાંડો બની ગયો હતો. તે પાદરી પોતાની મુક્તિના બદલામાં ફ્રેન્ચ સરકારને દશ લાખ ફ્રાંક આપવા તૈયાર હતો. તેની જાણમાં એક મોટો ગુપ્ત ધનભંડાર છે, એમ તે કહેતો. બીજે વર્ષે તેણે તે રકમ વધારીને ૨૦ લાખ ફ્રાંક કરી હતી. ત્રીજે વર્ષે ૩૦ લાખ અને ચોથે વર્ષે ૪૦ લાખ. એમ દર વર્ષે પોતાની રકમ તે વધારતો જતો હતો. તેની કેદનું આ પાંચમું વર્ષ હોઈ, તે જરૂર આ વખતે ૫૦ લાખ ફ્રાંક આપવાનું કહેશે, એમ પણ ગવર્નરે ઈન્સ્પેક્ટર સાહેબને જરા હસતાં હસતાં જણાવી દીધું.

તેની ખોલીનું બારણું ઉઘાડયું ત્યારે તે ભીંતના ઊખડેલા પ્લાસ્ટર-ના ઢેફા વડે ગોળ કૂંડાળું દોરી, ભૂમિતિની રેખાકૃતિઓ દોરતો હતો. ઈન્સ્પેક્ટરે તેને કંઈ ફરિયાદ કરવાની હોય તો જણાવવા કહ્યું. પેલાએ કહ્યું: 'ઈટાલીની રાજખટપટ અંગે મને પકડવામાં આવ્યો હતો. હું પણ સમ્રાટ નેપોલિયનની પેઠે એમ માનતો હતો કે ઈટાલીને એક છત્ર હેઠળ એકત્રિત કરવામાં આવે, તો જ તે સુખી થઈ શકે તેમ છે.'

ઈન્સ્પેક્ટર જલદીથી વચ્ચે બોલી ઊઠયો : 'એ બધું તો કયારનું પતી ગયું. નેપોલિયન પોતે જ કેદખાનાની હવા ખાય છે; અને ફ્રાન્સની સરકારને પહેલાંની જેમ ઈટાલીની બાબતો વિષે હવે કશી લેવાદેવા રહી નથી. પણ અહીં મારે તમારી સાથે રાજનીતિની વાતો ચર્ચવી નથી; તમારે કંઈ અંગત મુશ્કેલી હોય, તો તેની વાત કરો.'

'પણ સાહેબ, તમે જણાવો છો તેમ હવે ફ્રાન્સની સરકારને

ઈટાલી વિષે કશી નિસબત ન રહી હોય, તો મને છોડી મૂકવામાં તેને શો વાંધો હોઈ શકે? ઊલટું તે મને છોડવા તૈયાર થાય, તો પચાસ લાખની રકમનો લાભ ફ્રેન્ચ સરકારને થાય તેમ છે.'

ઇન્સ્પેકટર અને ગવર્નર બંને એ સાંભળી હસી પડયા. એબ ફેરિયા સમજી ગયો કે ગવર્નરે ઇન્સ્પેકટરને બધી વાત કરી દીધી છે. ઇન્સ્પેકટરે જવાબ આપ્યો, 'સરકારને તમારો ખજાનો જોઈતો નથી; જેલમાંથી છૂટો ત્યારે તમે જ વાપરજો.'

પાદરીએ ઇન્સ્પેકટરનો હાથ પકડી, પોતાની વાણીમાં લવાય તેટલો આગ્રહ તથા વિશ્વાસનો ભાવ લાવીને કહ્યું: 'પણ મને મરતા લગી છોડવાનું કોઈને સૂઝે નહિ એવું જ બનવાનો સંભવ અહીં વધારે છે. તો મારી સાથે આટલા મોટા ખજાનાનો ભેદ પણ લુપ્ત થાય તેના કરતાં હું ફ્રેન્ચ સરકારને ૬૦ લાખ ફ્રાંક આપી દેવા તૈયાર છું; બાકી વધે તેટલું જ મારું!'

'ખરી વાત; મને પહેલેથી કોઈએ ચેતવ્યો ન હોત કે આ માણસ ગાંડો છે, તો હું પોતે તેની વાતોમાં જરૂર લોભાઈ જાત!' ઇન્સ્પેકટર ધીમેથી બોલ્યા.

ઇન્સ્પેકટરે તપાસનું કાર્ય પૂરું કરી, શેટો દ' ઈફમાંથી વિદાય લીધી.

તે વખતની જુલમી સરકારોની નીતિ જ એવી હતી કે એક વાર પોતાના જુલમના ભોગ બનેલા અને તેથી કરીને જ અપંગ કરવામાં આવેલા કે બની ગયેલાઓને ફરી લોકોની નજરે ચડવા ન દેવા. એબ ફેરિયા પણ કેદખાનામાં ગાંડો બની ગયો ન હોત, તો તેના છુટકારાની કંઈક આશા રહેત ખરી.

ઇન્સ્પેકટરે ડાન્ટેને આપેલ વચન પાળ્યું. તેણે રજિસ્ટર તપાસ્યું, તો તેમાં નીચેની નોંધ હતી —

'ઍડમંડ ડાન્ટે': — ભયંકર બોનાપાર્ટી કાવતરાખોર; એલ્બાથી

થયેલા નેપોલિયનના પુનરાગમનમાં સક્રિય ભાગ લેનાર. પૂરેપૂરી સાવધાની અને જાપતો રાખવાં.'

એ નોંધ જુદા અક્ષરોમાં હોઈ, તેના કેદ પકડાયા બાદ ઉમેરેલી હતી. કદાચ વિલેફોર્ટે જ ઉમેરેલી હોવાનો સંભવ વિશેષ હતો. તે સિવાય બીજી કશી નોંધ રજિસ્ટરમાં કરેલી નહોતી. ઈન્સ્પેકટરે તરત તેની નીચે શેરો કર્યો – 'કશું કરવાનું રહેતું નથી.'

૧૧

નંબર ૩૪ અને નંબર ૨૭

એક વરસ તીવ્ર ઉત્કંઠાથી રાહ જોવામાં વીતી ગયું. ડાન્ટેના હૃદયમાં ઈન્સ્પેકટરની તપાસ બાદ જે આશા પ્રગટી હતી, તે અસહ્ય બળતરા કરતી કરતી છેવટે બુઝાઈ ગઈ.

પછી તો લાંબાં કંટાળાભર્યાં વરસો એક પછી એક પસાર થવા લાગ્યાં. પોતાના હાથવેંતમાં આવેલ સુખને વિનાકારણ ભૂંસી નાખનાર પોતાના અજ્ઞાત દુશ્મન ઉપર વેર અને કિન્નો ગોખ્યા કરવા સિવાય બીજું કામ ડાન્ટેને ન રહ્યું. પોતાના દુશ્મનને એકદમ પ્રાણરહિત કરવાને બદલે તેને લાંબો વખત રિબાવવાના અસંખ્ય પ્રકારો પણ તે કલ્પ્યા કરતો. કારણ કે મૃત્યુ તો બધી વેદનાઓ કે સજાઓમાંથી સહેલો છુટકારો આપી દે!

પરંતુ એ વિચારમાંથી જ તેને પોતાના મૃત્યુનો વિચાર આવવા લાગ્યો. આ કેદમાંથી છૂટવાની જો જરાય આશા ન હોય, તો પોતે જ મૃત્યુનો આશરો લઈ, આ વેદનાની લાંબી જાળમાંથી ઝટ છટકી જવું એ વધુ સારું નહિ?

તેણે મરવાનો નિશ્ચય કરી, ખાવાપીવાનું બંધ કરી દીધું. ખોરાક આવે ત્યારે તેને તે ઊંચા જાળિયામાંથી બહાર ફેંકી દેતો, જેથી બળજબરીથી તેને ખવડાવવાનો પ્રયત્ન કરવામાં ન આવે.

ધીમે ધીમે તેની જોવાની અને સાંભળવાની શક્તિ લુપ્ત થવા લાગી. જેલરને લાગ્યું કે, આ માણસ ભયંકર બીમારીમાં સપડાયો છે; ડાન્ટેને લાગ્યું કે પોતાનું મરણ જલદી નજીક આવી રહ્યું છે. તે શાંતિથી મરવાની રાહ જોવા લાગ્યો.

અચાનક એક રાતના નવેક વાગ્યાને આશરે, તે સૂતો હતો તે બાજુની દીવાલ તરફ કંઈક અવાજ તેને સંભળાયો. ત્રણ કલાક સુધી એ અવાજ ચાલુ રહ્યો. પછી કંઈક જાણે ખસી પડયું હોય એવો ધબાકો થયો. પછી પાછું બધું શાંત થઈ ગયું. ડાન્ટે એ બધી હિલચાલ ઉપર રસપૂર્વક લક્ષ આપી રહ્યો હતો.

વિચાર કરતાં ડાન્ટેને ખાતરી થઈ કે, દૂરની ખોલીનો કોઈ કેદી પોતાની મુક્તિ માટે ભૂગર્ભમાં કઠોર પરિશ્રમપૂર્વક ખોદકામ કરી રહ્યો હતો. તેના એ ધીરજભર્યા કઠોર પરિશ્રમ ઉપર વિચાર કરતાં કરતાં ડાન્ટેને પોતાની આપઘાત માટેની કાયરતાની શરમ આવવા લાગી. એ ખોદકામ કરનાર કોણ છે, તથા તેના એ ખોદકામનું છેવટ શું નીપજે છે એ જાણવા મળે, ત્યાં સુધી તો જીવવું જ, એમ માની તેણે ઉત્સાહ-પૂર્વક ફરીથી ખાવાનું શરૂ કર્યું.

પરંતુ પછી તો પોતાની તરફથી પણ કંઈક ખોદકામ આદરીને તે ખોદકામ કરનારની પાસે બને તેટલું નજીક પહોંચવાનો વિચાર ડાન્ટેને આવવા લાગ્યો. પરંતુ તેની પાસે ઘસરકો કરાય તેવું પણ કશું સાધન ન હતું. ઘણા વિચાર બાદ તેણે પોતાના પાણીના કૂજાને ઊંચેથી પછાડયો. તેનાં કઠણ કોચલાંમાંથી અણીદાર બેએક ટુકડા તેણે સંતાડી રાખ્યા, જેથી જેલરને કશો વહેમ ન જાય.

પછી જેલરના આવી ગયા બાદ પોતાનો ખાટલો ખસેડીને, ખાટલા પાછળની ભીંત ઉપરના પ્લાસ્ટરના ભાગને તેણે ખોતરવા માંડયો. લૂણો ખાઈને તથા કાયમ ભેજને લીધે એ પ્લાસ્ટર ઢીલું જ પડી ગયેલું હતું. અર્ધા કલાકને અંતે તેણે એક મુઠ્ઠી જેટલું પ્લાસ્ટર ખોતરી કાઢયું.

કોઈ ગણિતી હોય તો હિસાબ ગણી કાઢી શકે કે, આ રીતે બે વર્ષમાં વીસ ફૂટ લાંબો અને બે ફૂટ પહોળો રસ્તો ખોતરી શકાય!

પરંતુ કોટડીની મૂળ ભીંત પથ્થરના ઘડેલા અને ન ઘડેલા ટુકડાઓને ચણીને તૈયાર કરેલી હતી તથા ઉપર સળંગ પ્લાસ્ટર હતું. ત્રણ દિવસમાં ડાન્ટેએ ખૂબ સાવધાનીથી પ્લાસ્ટર ખોતરી કાઢીને એક આખો પથ્થર ખુલ્લો કરી નાખ્યો; પરંતુ હવે તેને ચણતરમાંથી ખસેડવો શી રીતે? તેને સરકાવવા તો સળિયા જેવું કઠણ અને ચપટું સાધન જોઈએ. અહીં એ કયાંથી લાવવું? ડાન્ટે પાછો હતાશ થઈ ગયો.

પણ થોડા વખત બાદ અચાનક તેને એક વિચાર સ્ફુર્યો. જેલર ડાન્ટેને બીમાર ગણી તેને માટે થોડા દિવસથી લાંબા લોખંડના હાથાવાળા ઓઘરાળામાં રાબડી લાવતો હતો. ડાન્ટેની માટીની તાંસળીમાં રાબ રેડી દઈને ઓઘરાળો તે પાછો લઈ જતો. ડાન્ટેએ એક યુક્તિ વિચારી કાઢી. જેલર બારણું ઉઘાડે ત્યારે બરાબર તેનો પગ પડે એવી જગાએ ડાન્ટેએ પોતાની તાંસળી ઊંધી મૂકી રાખી. સાંજે જેલર આવ્યો ત્યારે તેનો પગ પડતાં જ તે તાંસળી ફૂટી ગઈ. પોતાનો પગ પડવાથી તે ફૂટી હોવાથી જેલરે વિશેષ કંઈ કરવાને બદલે ડાન્ટેને માત્ર ઠપકો આપ્યો; અને બીજું કાંઈ વાસણ પાસે ન હોવાથી રાબવાળો ઓઘરાળો જ ત્યાં મૂકીને તે ચાલ્યો ગયો.

ડાન્ટેએ જેલર જતાં તરત ઓઘરાળામાંની રાબ ખાઈ લઈ, તેના હાથા વડે પથ્થર હલાવવા માંડયા. એક કલાકને અંતે પથ્થર ભીંતમાંથી ખસીને બહાર આવ્યો અને દોઢેક ફૂટની બખોલ ભીંતમાં પડી. તેની પાછળ તો બધું પૂરણ જ હતું. ડાન્ટેએ આખી રાત એ હાથાનો ઉપયોગ પૂરણ ખોતર્યા કરવામાં જ કર્યો. સવાર થતાં તેણે પથ્થરને તેની જગ્યાએ પાછો ગોઠવી દીધો; અને પોતાનો ખાટલો એની આગળ આડો મૂકી દીધો. ખોતરેલી માટીને તેણે એકદમ નજરે ન પડે તેમ આઘી પાછી કરી દીધી.

બીજે દિવસે જેલર નવી તાંસળી ન લાવ્યો. તેણે માત્ર એટલું જ

કહ્યું કે, હવે તેને તાંસળી નહિ મળે. કારણ કે તેની પેઠે બધા કેદીઓને જો નવાં નવાં ઠોબરાં આપવાં પડે, તો સરકારને દેવાળું જ કાઢવું પડે. હવે તો એ ભૂંડા ઓઘરાળાથી જ ડાન્ટેએ પોતાનું તાસક-તાંસળીનું કામ પણ લેવું પડશે!

ડાન્ટેએ હાથ જોડી ઈશ્વરનો અંત:કરણપૂર્વક આભાર માન્યો.

ડાન્ટેએ બીજી આખી રાત પણ ખોતરવાનું ચાલુ રાખવાનો વિચાર કર્યો. પરંતુ ત્રણેક કલાક કામ કર્યા પછી તેને માલૂમ પડયું કે, વચ્ચે પથ્થરનો પાટડો આડો આવ્યો હતો. તેની ઉપર લોખંડની કશી અસર થતી ન હતી. તે પાટડાને પાર કરવા તેણે હવે કાં તો તે પાટડાની ઉપર કે નીચે નવું ખોદકામ કરવું જોઈએ.

ડાન્ટે હતાશ થઈ બોલી ઊઠયો: 'હે ભલા ભગવાન! તેં શું ધાર્યું છે? મારી આઝાદી તેં લઈ લીધી; મારું મૃત્યુ તેં પાછું ઠેલાવ્યું; મને નવી કંઈ આશા આપી. પણ એ બધું શું મને આમ હતાશ કરીને ફરી મારવા માટે જ? આવું જ તારું દીનદયાળપણું?'

'ઈશ્વરને દોષિત ઠરાવવા માટે કોણ તેને યાદ કરી રહ્યું છે?' એક અવાજ જાણે ઊંડાણમાંથી આવતો હોય તેમ સંભળાયો.

'તમે જે હો તે ભગવાનને ખાતર ફરી બોલો!' ડાન્ટે કરગરી પડયો.

'તું કોણ છે?'

'એક દુ:ખિયારો કેદી; જેલમાં મારો નંબર ૩૪ છે.'

'તું કયા દેશનો છે?'

'ફ્રાન્સ.'

'તારું નામ?'

'ઍડમંડ ડાન્ટે.'

'તારો ધંધો?'

'વહાણવટાનો.'

'અહીં ક્યારનો આવ્યો છે?'

'૨૮ મી ફેબ્રુઆરી ૧૮૧૫ થી.'

'કયા ગુનાને લીધે?'

'હું નિર્દોષ છું.'

'પણ તારા ઉપર આરોપ શો છે?'

'સમ્રાટ નેપોલિયનને ફ્રાંસમાં પાછા લાવવાના કાવતરામાં મદદ કરવાનો.'

'તો શું બાદશાહ ગાદી ઉપર નથી?'

'તેમણે ૧૮૧૪માં ગાદીત્યાગ કર્યો ત્યાર પછી તેમને એલ્બા ટાપુ ઉપર મોકલી દેવામાં આવ્યા છે. પણ આ બધું તમે નથી જાણતા, તો તમે ક્યારના અહીં જેલમાં છો?'

'૧૮૧૧માં હું અહીં આવ્યો. હવે તું વધુ ખોદીશ નહિ. માત્ર મને એટલું કહે કે તારું ખોદકામ કેટલી ઊંચાઈએ છે?'

'ભોંયતળની સમાંતર.'

'તેને શી રીતે છુપાવ્યું છે?'

'મારા ખાટલાની આડે.'

'તારી ખોલી ક્યાં ખૂલે છે?'

'એક ગલીમાં.'

'અને ગલી?'

'એક ચોકમાં.'

'અરેરે!' નિરાશાનો ભાંગી પડેલો અવાજ આવ્યો.

'કેમ, શું થયું?'

'હું છેતરાયો. મારા નકશામાં એક રેખાની સહેજ ભૂલથી ખરેખર પંદરેક ફૂટની ભૂલ આવી ગઈ લાગે છે. તું જે ભીંત ખોતરી રહ્યો છે, તેને હું કિલ્લાની દીવાલ માનતો હતો.'

'પણ તે દીવાલ તો સમુદ્રની સીધી કરાડ ઉપર છે!'

'મારે ત્યાં જ નીકળવું હતું.'

'અને ધારો કે તમે ત્યાં નીકળ્યા હોત તો?'

'તો મેં સમુદ્રમાં ભૂસકો માર્યો હોત અને તરીને પાસેના ડૌમ કે ટિબુલેંના ટાપુ ઉપર પહોંચી જાત.'

'એટલે દૂર તમારાથી તરીને જવાત?'

'ભગવાને એટલું બળ આપ્યું હોત. પણ હવે તો ખેલ ખલાસ! તું પણ તારું ખોદકામ બંધ કરી દે.'

ડાન્ટે એ શબ્દોનો અર્થ સમજ્યો. તેણે તરત પોતાના અવાજમાં ભરાય તેટલી લાગણી અને આજીજી ભરીને કહ્યું, 'તમે જેટલું ખોદવાનું બાકી હોય તેટલું ખોદીને કાં તો મારી પાસે આવો અથવા મને તમારી પાસે આવવા દો. આપણે ભેગા મળીને નાસી જવાનો નવો પ્રયત્ન કરીશું. અને નહિ નાસી શકીએ, તો માત્ર વાતચીત કરીશું. એટલો આધાર પણ નહિ હોય, તો હું જીવતો રહી શકું તેમ નથી. મેં ખાવાપીવાનું છોડી જ દીધું હતું. માત્ર તમારા ખોદકામના અવાજથી જ મેં ફરી જીવવાનું સ્વીકાર્યું છે. હું મારા વૃદ્ધ પિતાના સોગંદ ખાઈને કહું છું કે, હું તમને કશો દગો નહિ દઉં.'

'ઠીક, ઠીક; તું આટલું બોલ્યો તે તેં ઠીક કર્યું; કારણ કે હું બીજી યોજના જ વિચારતો હતો અને તને મળવાની વાત તો હું પડતી જ મૂકત. ભલે, હું તને મળીશ. મારી રાહ જોજે.'

'ક્યારે?'

'આવતી કાલે.'

૧૨
એબ ફેરિયા

ડાન્ટેનો આખો દિવસ ખૂબ આનંદમાં ગયો. રાત પણ આવી અને ગઈ. તે પછીની સવારે તેણે જેલર આવી ગયા બાદ પોતાની પથારી ભીંત આગળથી દૂર ખસેડી. તરત જ તેને ત્રણ ટકોરા સંભળાયા. તે ઘૂંટણિયે પડયો અને બોલ્યો :

'તમે જ છો? હું અહીં છું.'

'જેલર આવી ગયો?'

'હા; હવે સાંજ સુધી તે નહીં આવે. આપણી પાસે પૂરા બાર કલાક છે!'

'તો હું કામ શરૂ કરું છું.'

થોડી વારમાં ભીંત પાસે ભોંયતળનો એક પથરો હાલવા માંડયો અને તરત અંદર ઊતરી ગયો. ત્યાર બાદ બખોલમાંથી એક માથું બહાર નીકળ્યું, પછી ખભા અને છેવટે એક માણસનું આખું શરીર. એક ઠેકડો મારી તે ઓરડામાં આવ્યો. નંબર ૨૭ તરીકે ઓળખાતો, ખજાનાના ગાંડપણવાળો કહેવાતો, તે પાદરી એબ ફેરિયા હતો.

ડાન્ટે તરત બાવાજીને જરા ખેંચીને જાળિયા ભણી લઈ ગયો, જેથી ત્યાંના ઝાંખા પ્રકાશમાં પણ તેમનાં બરાબર દર્શન થઈ શકે. બાવાજીના મુખ ઉપર એક ઋષિના જ્ઞાન અને પુરુષાર્થની ભવ્યતા હતી. તેમની ઉંમર ૬૦-૬૫ વર્ષની હશે, પણ તેમની હિલચાલ ચપળતાભરી હતી.

ડાન્ટે ગળગળો થઈ, 'પિતાજી!' કહી તેમને વળગી પડયો. બાવાજીએ પણ વાત્સલ્યથી તેનું માથું સૂંઘ્યું.

બંને કેદીઓ વચ્ચે અરસપરસનાં સુખદુ:ખની વાતો ચાલી. માણસને માણસની સોબતની કેટલી જરૂર હોય છે, તે ડાન્ટેને જાણે પહેલી વાર સમજાયું.

વાતવાતમાં ડાન્ટેએ તેમને નવી દિશામાં પ્રયત્ન ચાલુ રાખવા આગ્રહ કર્યો; ત્યારે બાવાજીએ કહ્યું, 'બેટા, પુરુષાર્થ કરવામાં આપણે મણા ન રાખીએ અને છતાં સફળ ન થવાય, ત્યારે જાણવું કે, આપણો પ્રયત્ન ઈશ્વરને માન્ય નથી.'

'પરંતુ એક પ્રયત્ન નિષ્ફળ જાય તેથી બીજો વધુ સબળ, વધુ વિચારી કાઢેલો પ્રયત્ન ન કરવો શું?'

'ભાઈ, તને ખબર નથી કે મારો આ પ્રયત્ન કેવો સબળ હતો તથા કેવો શાંતિથી અને સમજપૂર્વક વિચારી કાઢેલો હતો. રસ્તો ખોતરવાનાં સાધનો ખાટલાના લોખંડના ખૂણિયા અને ચીપોમાંથી બનાવતાં મને ચાર વર્ષ લાગ્યાં હતાં. ત્યાર પછી બે વર્ષ સુધી રસ્તો ખોતરવા મેં જે સતત પ્રયત્ન કર્યો છે, તેની કલ્પના તને આવે તેમ નથી. આખી રાત ઘસ્યા-ખોતર્યા કરું ત્યારે સવાર સુધીમાં કોઈક વાર એકાદ ઇંચ જેટલો જ ભૂકો ખર્યો હોય. પછી ચણતરના મોટા મોટા પથરા ખસેડવામાં શું નહિ વીત્યું હોય? વળી આ બધું એ રીતે કરવાનું કે જેથી કોઈને વહેમ ન જાય. આ પચાસ ફૂટ ખોદકામનો નીકળેલો ગેરો ગમે ત્યાં નંખાય નહીં કે ભેગો કરાય નહીં. સદ્ભાગ્યે મારા ઓરડાની બાજુમાં દાદર હતો. તેનાં પગથિયાં નીચેની પોલી બખોલની ભીંત કોચીને આ બધો ભૂકો તેમાં હું ભર્યા કરતો. તે પણ હવે બધી જ ભરાઈ ચૂકી છે. એક મૂઠી ભૂકો પણ તેમાં હવે વધુ સમાય તેમ નથી.'

ડાન્ટે આશ્ચર્યમુગ્ધ થઈને આ ભગીરથ પુરુષાર્થની અદ્ભુત કથા સાંભળી રહ્યો. આ નાનકડા દેખાતા બાવાએ જે ખોદકામ કરવા ધાર્યું હતું, તે બરાબર પૂરું થયું હોત તોપણ કિલ્લાની દીવાલમાં પાડેલા

એ બાકામાંથી ઊંચી કરાડ પસાર કરીને નીચે દરિયામાં પડવું,—માનો કે વચ્ચે જ કોઈ ઊપસેલી કે ધસેલી ખડકની ધાર ઉપર શરીર ફાટી-ફૂટી ન ગયું, તોપણ કિલ્લાની રાંગે ભરી બંદૂકે ખડા રહેતા ચોકીદારોની ગોળીઓ તેમ જ તેઓ હોડીઓમાં બેસી પીછો પકડે તેમાંથી બચીને ત્રણ માઈલ દૂર આવેલા કોઈ ટાપુમાં પહોંચવું,—એ બધું છોકરાના કોઈ ખેલ જેવું નહોતું જ.

થોડા વિચાર પછી ડાન્ટેને એકદમ એક યોજના સૂઝી આવી. તેણે કહ્યું, 'આપણે એવી રીતે આ વખતે ખોદકામ ચલાવીએ, જેથી મારી ઓરડી બહારની ગલીની વચમાં જઈ પહોંચીએ. પછી ઉપરની બાજુનો એક પથરો સરકાવી બહાર નીકળીએ અને ગલીને છેડે આવેલી પગથિયાં ઉપરની ઓસરીમાં પહેરો ભરતા ચોકીદારને ખતમ કરી નાખી, સીધા બહાર નીકળીને દરિયા તરફ ભાગવા માંડીએ!'

બાવાજીએ કહ્યું, 'બેટા, બધાં કામો ઈશ્વરની મરજી હોય તો જ સફળ થાય છે; તો પછી ઈશ્વરના ગુનેગાર બની, એક નિર્દોષ માણસની હત્યા કરીને ભાગી છૂટવા જઈએ, તેમાં ઈશ્વર આપણને બરકત શી રીતે આપે? નહિ બેટા, નહિ; ઈશ્વર આપણા ઉપર નારાજ થાય એવું કાંઈ કરવાનો આપણે વિચાર સરખો ન કરવો જોઈએ.'

ડાન્ટે કંઈક મૂંઝવણમાં પડી, પ્રશંસાના ભાવથી ફેરિયા બાવા સામે જોઈ રહ્યો. બાવાજી એક બાળક જેવું નિર્મળ હાસ્ય હસીને બોલ્યા, 'હું એટલું તો માનું છું કે, આપણે કદી વિચારી પણ ન હોય તેવી તકો કોઈ વાર નસીબજોગે આવી મળે છે. તું ખાતરી રાખજે કે એવી તક આવશે ત્યારે તેને ઝડપી લેવામાં હું તારા કરતાં પાછળ નહિ જ હોઉં.'

ડાન્ટે ખોદાણને રસ્તે થઈ બાવાજીની કોટડીમાં ગયો. ત્યાં એકદમ કશું જ જાદું દેખાતું ન હતું. પણ પછી ધીરે ધીરે બાવાજીએ જુદા જુદા પથ્થરો ઉપાડીને નીચે કરેલા ખાડાઓમાં છુપાવેલી જુદી

જુદી ચીજો તેને બતાવી. એક ખાડામાં ચકમકના પથ્થર, કપડાના ડૂચા, ચામડીની ખસ ઉપર ઘસવા માગી રાખેલો ગંધક અને ખોરાકમાંથી બચાવી રાખેલી ચરબી વગેરે દીવો સળગાવવાની સામગ્રી હતી! બીજા ખાડામાં કપડાં, ચાદર વગેરેના ધાગામાંથી વણીવણીને બનાવેલી દોરડાની નાની સરખી નિસરણી હતી! પણ ત્રીજા ખાડામાં તો કપડા ઉપર માછલીના પાતળા હાડકાની સળી વડે, ધુમાડિયામાંથી ખોતરીને પાડેલી મેશને રવિવારે મળતા દારૂમાં ઓગાળીને બનાવેલી શાહીથી લખેલો ઇટાલીનો ઇતિહાસ અને તેના એકીકરણની યોજનાનો ગ્રંથ તેમણે બતાવ્યો!

ડાન્ટેએ તેમને પૂછ્યું, 'બીજા ગ્રંથોની મદદ વિના આવો ગ્રંથ એકલા બેસી તમે શી રીતે લખી શકયા?'

બાવાજીએ કહ્યું, 'મારા કાર્ડિનલના પુસ્તકાલયમાં પાંચ હજાર ગ્રંથ હતા. તે બધાનો અભ્યાસ કરી તેમાંથી મેં દોઢસો ગ્રંથ અભ્યાસના મૂળ જ્ઞાન માટે આવશ્યક ગણી જુદા તારવ્યા હતા. તે દોઢસો ગ્રંથ વારંવાર વાંચી મેં લગભગ મોઢે કરી નાખ્યા હતા. તે યાદ કરેલા ગ્રંથો મારી સાથે જેલમાં આવ્યા છે!'

ફેરિયા બાવાને જર્મન, ફ્રેંચ, ઈટાલિયન, ઇંગ્લિશ અને સ્પેનિશ એટલી ભાષાઓ આવડતી હતી; અને પ્રાચીન ગ્રીક ભાષાની મદદથી અર્વાચીન ગ્રીક ભાષાના હજાર શબ્દો તારવી કાઢી, તેમની મદદથી પોતાને કહેવાનો ભાવ આધુનિક ગ્રીક ભાષામાં કેવી રીતે કહી શકાય તેની કસરત તેમણે કર્યા કરી હતી!

૧૩

જેમાં ડાન્ટે પોતાની વાત કહે છે

રોજની વિવિધ વાતચીત દરમ્યાન બાવાજીની અક્કલ અને ડહાપણથી મુગ્ધ થઈ ડાન્ટે એક વાર બોલી ઊઠયો, 'જો તમે જેલમાં રહ્યા રહ્યા આટલી સિદ્ધિ પ્રાપ્ત કરી શકયા છો, તો પછી બહાર હોત તો તો તમારી સિદ્ધિઓનો પાર જ ન રહ્યો હોત!'

બાવાજીએ હસીને કહ્યું, 'બહાર રહ્યો હોત તો કદાચ કશું થયું ન હોત. રોજની હજારો મૂર્ખાઈઓમાં જ મારી શક્તિ અને જીવન કદાચ પૂરાં થયાં હોત. દુઃખ જ માણસની ચાલુ શક્તિઓને કસે છે તથા અંદર ઊંડે ગુપ્ત પડી રહેલી શક્તિઓને પણ બહાર લાવે છે.'

એ સાંભળી ડાન્ટેએ ઝટ બાવાજીનો હાથ પકડીને કહ્યું, 'પિતાજી, તો તમારી એ બધી કસાયેલી અને બહાર આવેલી શક્તિઓની મદદથી તમે મારો કિસ્સો તપાસી આપો. અત્યારે અણસમજમાં હું કેવળ ઈશ્વરને જ મારા દુઃખનું કારણ માની દોષ દીધા કરું છું; પરંતુ તમે જો મને મારી અવદશાનું ખરું કારણ કહી આપો, તો હું ઘણા દોષ અને શોકમાંથી બચી જાઉં.'

'તો શું, તારા ઉપર જે ગુનો કર્યાનો આરોપ છે, તે ગુનો તેં નથી જ કર્યો એવું તું કહેવા માગે છે?'

'હા જી, એ બાબતમાં તો હું ગમે તેના પવિત્ર સોગંદ ખાવા તૈયાર છું.'

'ઠીક ત્યારે, તું તારી આખી કહાણી, જરા પણ ભાગ પડતો મૂકયા વિના, મને કહી બતાવ.'

ડાન્ટેએ પોતાની આખી કહાણી લંબાણથી કહી સંભળાવી.

બાવાજી તે સાંભળી ઊંડા વિચારમાં પડી ગયા. થોડા વખત બાદ તેમણે કહ્યું, 'બેટા, તું ફરાઓન જહાજનો કપ્તાન બનવાની તૈયારીમાં હતો; હવે પહેલો વિચાર એ કર કે, વહાણ ઉપરના બધા ખલાસીઓ કે કર્મચારીઓમાં એવો કોઈ હતો, કે જેને તું કપ્તાન ન થાય, તેમાં કંઈ સ્વાર્થ હોઈ શકે ?'

'એવું તો કોઈ ન હતું; ઊલટું ખલાસીઓને પૂછે, તો તેઓ સૌ એકી અવાજે મને જ કપ્તાન તરીકે પસંદ કરે. પણ હા, વહાણના ભંડારી તરીકે કામ કરતો ડૅન્ગ્લર્સ એવો હતો ખરો કે જેને મારી સાથે અણબનાવ ચાલ્યા કરતો.'

'ઠીક, હવે આપણે કંઈક રસ્તે આવ્યા. જો તું કપ્તાન બન્યો હોત, તો તેં તેને નોકરીએ ચાલુ રાખ્યો હોત ?'

'એ વસ્તુ મારા હાથમાં હોત, તો મેં તેને કાઢી જ મૂક્યો હોત. કારણ કે, કેટલીય વાર મને તેના હિસાબોમાં ગોટાળા માલૂમ પડ્યા હતા.'

'વાહ; હવે તું મને કહે કે કપ્તાન લૉકલૅર સાથેની તારી વાતચીત દરમ્યાન કોઈ હાજર હતું ?'

'ના ! પણ કૅબિનનું બારણું ઉઘાડું હતું; અને હવે મને યાદ આવે છે કે, ગ્રાન્ડ માર્શલને આપવાનું પાકીટ કપ્તાને મને આપ્યું, તે વખતે ડૅન્ગ્લર્સ એ બારણા આગળથી પસાર થયો હતો ખરો.'

'તો બસ; આપણે સાચી દિશામાં છીએ. ઠીક, હવે ગ્રાન્ડ માર્શલે તારી પાસેનું પાકીટ લીધું અને તને પૅરિસ પહોંચાડવાનો કાગળ આપ્યો, ત્યારે તે કાગળ લઈને તેં ક્યાં મૂક્યો ?'

'તે કાગળ મેં મારી ડાયરી-બુકમાં મૂક્યો અને પછી હું ફરાઓન જહાજ ઉપર પાછો ફર્યો.'

'પણ મોટો સરકારી ખરીતો સમાઈ શકે એવી ડાયરી-બુક રહી શકે એવાં ખિસ્સાં ખલાસીનાં કપડાંને હોય છે ખરાં ?'

'ખરી વાત; મારી ડાયરી-બુક તો હું વહાણે ઉપર મૂકીને જ નીચે ઊતર્યો હતો!'

'અર્થાત્ પેલો કાગળ હાથમાં લઈને જ તું વહાણ ઉપર પાછો ફરેલો; અને ડેન્ગલર્સ તેમજ સૌ કોઈએ તારા હાથમાં તે જોયેલો!'

'હા જી!'

'હવે તું તારી ધરપકડ વખતની બધી વિગતો પૂરેપૂરી યાદ કરવા પ્રયત્ન કર. તારી સામેનો આરોપ કયા શબ્દોમાં મૂકવામાં આવ્યો હતો?'

'તેનો તો એકેએક શબ્દ મને યાદ છે, એમ કહી, ડાન્ટે આખો કાગળ તરત બોલી ગયો. જવાબમાં બાવાજીએ માત્ર આટલું જ કહ્યું કે, તારા જેવો ભલો માણસ જ આ કાવતરું કોનું છે તે કલ્પી ન શકે! એ આખું કાવતરું ડેન્ગલર્સનું છે.'

'હેં! તમે ખરેખર એમ માનો છો?'

'ડેન્ગલર્સના હસ્તાક્ષર તને યાદ હોય, તો એ કાગળના હસ્તાક્ષર સાથે મનમાં સરખાવી જો.'

'કાગળના હસ્તાક્ષર તદ્દન જુદી જાતના ઊભા ઊભા જેવા હતા.'

એબ ફેરિયાએ થોડોક વિચાર કરી લઈ પોતાનાં કલમ-ખડિયો હાથમાં લીધાં અને ડાબે હાથે પેલા કાગળનું પ્રથમ વાકચ લખવા માંડયું. ડાન્ટે એ જોતાં તરત જ બોલી ઊઠયો, 'બરાબર એવા જ અક્ષરનો તે કાગળ હતો!'

એબ ફેરિયાએ હસીને કહ્યું, 'ડેન્ગલર્સે ડાબા હાથે એ કાગળ લખ્યો હતો. જમણા હાથે લખેલા અક્ષરો માણસે માણસે જુદા હોય છે; પણ ડાબા હાથનું લખાણ બધા માણસોનું લગભગ સરખું હોય છે. ઠીક, હવે બીજા પ્રશ્ન ઉપર આવીએ. તારું મર્સિડીસ સાથેનું લગ્ન

અટકાવવામાં જેનો સ્વાર્થ હોઈ શકે, એવો કોઈ માણસ તું કલ્પી શકે છે?'

'હા; મર્સિડીસનો જાતભાઈ ફર્નાન્ડ નામે એક જુવાનિયો તેને ગાંડાની પેઠે ચાહતો હતો.'

'તેણે આ કાગળ લખ્યો હોય એમ તું માની શકે છે?'

'એ તો કેટલન જાતિનો માણસ છે; કલમને બદલે કટારથી કામ લેવાનું જ વધુ પસંદ કરે. ઉપરાંત મારી ઉપરના આરોપમાં લખેલી વિગતોમાંથી કશાની જાણ ફર્નાન્ડને કોઈ રીતે હોવાનો સંભવ નથી.'

'તો પછી આ કાવતરું ડેન્ગલર્સનું છે, એમાં મને શંકા નથી. પણ જરા થોભ; ડેન્ગલર્સ અને ફર્નાન્ડ વચ્ચે કશી ઓળખાણ હતી?'

'ના, જરા પણ નહિ; પરંતુ, ખરે જ જુઓ, જુઓ, મારા લગ્નના આગલા દિવસે સાંજે મેં તેમને લા-રિઝર્વ હોટેલના બહારના બાંકડા ઉપર ભેગા બેઠેલા જોયા હતા. તે બંને ગંભીરતાથી વાત કરતા હતા અને ફર્નાન્ડ બહુ ઉશ્કેરાયેલો તથા ફીકો પડી ગયેલો દેખાતો હતો.'

'તે બે એકલા જ હતા?'

'ના, કેડરો નામનો અમારો પાડોશી પણ તેમની સાથે હતો; પણ તે દારૂ પીને છેક જ ટેં થઈ ગયેલો હતો. તેણે જ એ બેને ભેગા કરાવી આપ્યા હોય, એવું બનવાનો ઘણો સંભવ છે; કારણ કે, એ બંનેનો પરિચિત હતો. અને જુઓ, જુઓ, મને બરાબર યાદ આવે છે; તે બધા બેઠા હતા ત્યાં સામે ટેબલ ઉપર કલમ, શાહી અને કાગળ પણ પડેલાં હતાં. બદમાશ, કુત્તાઓ! હવે મને બધું બરાબર સમજાય છે! પોતાની જાતને સહીસલામત રાખવા ડેન્ગલર્સે ડાબા હાથે કાગળ લખેલો અને મર્સિડીસને કારણે મારા ઉપર દાઝે બળતા ફર્નાન્ડને સમજાવી, તેની મારફતે એ કાગળ કોટવાળને પહોંચાડેલો.'

'બરાબર, હું પણ એમ જ માનું છું. તારા એ મિત્રોની

બદમાશી ઉપરાંત હવે વધુ કાંઈ શોધી આપવામાં હું તને મદદ કરી શકું તેમ છું ?'

'હા, હા; તમારી નજર ગૂઢમાં ગૂઢ રહસ્યને પણ પ્રત્યક્ષ જોઈ શકે છે. મને એટલું જરૂર કહો કે, મારી બીજી વાર તપાસ કેમ ન થઈ? તથા મારા ઉપર *કામ ચલાવ્યા વિના તથા* કોઈ પણ સજા ફરમાવ્યા વિના અહીં શા માટે કોણે ધકેલી દીધો ? એ વસ્તુએ જ મને સૌથી વધુ નુકસાન કર્યું છે.'

'એ જરા જુદી અને ગંભીર બાબત છે. તારે મને દરેક મુદ્દા ઉપર ઝીણામાં ઝીણી માહિતી આપીને મદદ કરવી પડશે. પ્રથમ તો મને એ કહે કે, તારી પ્રાથમિક તપાસ કોણે કરી હતી, અને તેની ઉંમર કેટલી હતી!'

'નાયબ-કોટવાળે મારી તપાસ કરી હતી અને તેમની ઉંમર ૨૬-૨૭ વર્ષની હશે.'

'અર્થાત્ મહત્ત્વાકાંક્ષી હોવા માટે પૂરતી ઉંમરનો; પણ હૃદય છેક જ કઠણ થઈ જવા માટે નાની ઉંમરનો. ઠીક, તેનો તારા પ્રત્યેનો વર્તાવ કેવો હતો ?'

'કઠોર નહિ પણ માયાળુ. મેં તેને બધી વાત પહેલેથી છેવટ સુધી સાચેસાચ કહી સંભળાવી હતી.'

'તારી તપાસ દરમ્યાન કોઈ જગાએ તેના વર્તાવમાં ઓચિંતો ફેર પડી ગયો હોય એમ બનેલું ?'

'હા, હા; મારી પાસેથી પકડેલો ગ્રાન્ડ માર્શલવાળો કાગળ તેણે વાંચ્યો ત્યારે તે એકદમ ગાભરો બની ગયો હોય એમ મને લાગ્યું હતું. જોકે મને તેણે એવો ખુલાસો કર્યો હતો કે, એ કાગળને કારણે મારે માથે જે ભયંકર જોખમ તોળાઈ રહ્યું છે, તેના ખ્યાલથી તેને તે ગભરામણ થઈ છે.'

'તારા ઉપરના જોખમથી ?'

'હાસ્તો વળી; તેને ખરેખર મારા દુર્ભાગ્યની બહુ દયા આવી હતી. અને તેણે પોતે એ કાગળ મારા દેખતાં જ પોતાને હાથે બાળી નાખ્યો હતો.'

'તારી સામેના આક્ષેપ પુરવાર કરે એવી એકમાત્ર સાબિતી કોટવાળ થઈને તે પોતે જ બાળી નાખે? તો તો એ માણસ જ સૌથી મોટો બદમાશ હોવો જોઈએ! ઠીક, પણ એ કાગળ ઉપર સરનામું શું હતું?'

'શ્રી. નોઈરટિયર, નં. ૧૩, રુ કૉક-હેરોન, પૅરિસ.'

'ઠીક; તારા એ નામીચા નાયબ-કોટવાળને એ કાગળ બાળી નાખવામાં કોઈ અંગત લેવાદેવા હોય એવું તું કલ્પી શકે છે?'

'કંઈક હશે જ, એવું અત્યારે મને સમજાય છે, કારણ કે, તેણે વારંવાર મારી પાસે વચન લેવરાવ્યું હતું કે, હું એ કાગળની વાત કોઈને કદી નહિ કરું; અને એવું વચન લેવું એ મારા હિતમાં છે, એવી પણ તેણે મને વારંવાર ખાતરી આપી હતી. વધારામાં તો તેણે એ કાગળ ઉપર લખેલું નામ કોઈની આગળ ન બોલવાના મારી પાસે ભારે સોગંદ લેવરાવ્યા હતા. એટલું હું કરું કે તરત જ મને છોડી મૂકવાનું પણ તેણે કહ્યું હતું.'

'નોઈરટિયર!' બાવાજી એકદમ એ નામ વારંવાર બોલવા લાગ્યા. 'નોઈરટિયર! અરે હા, ક્રાંતિ દરમ્યાન પ્રજાપક્ષમાં એ નામનો માણસ હતો ખરો. તારો નાયબ-કોટવાળ શા નામથી ઓળખાતો?'

'દ' વિલેફૉર્ટ!'

બાવાજી એ સાંભળી એકદમ જોરથી હસી પડયા.

'અલ્યા, એ નોઈરટિયર તારા નાયબ-કોટવાળનો બાપ થાય! એ નાયબ-કોટવાળનું આખું નામ નોઈરટિયર દ' વિલેફૉર્ટ; પરંતુ બાપ

બળવાખોર પક્ષનો, એટલે તેની સાથેનો નામનો પણ સંબંધ દૂર કરવા તેણે પોતાનું નામ 'દ' વિલેફૉર્ટ' એટલું જ રાખ્યું હોવું જોઈએ.'

ડાન્ટેના ઉપર આકાશમાંથી વીજળી તૂટી પડી હોય, તેમ તે એ શબ્દો સાંભળતાંવેંત ઊભો થઈ ગયો. તેને એકદમ બધું સ્પષ્ટ સમજાઈ ગયું. વિલેફૉર્ટની બધી બદમાશીના અંકોડા તેના મનમાં હવે જોડાઈ ગયા. પોતાના પિતાને બચાવી લેવા જ વિલેફૉર્ટે ડાન્ટેનો તેના વૃદ્ધ પિતાથી આવો કારમો વિયોગ કરાવેલો! ગુસ્સાથી ડાન્ટેનું માથું ભમી જવા લાગ્યું. તે સીધો પેલા ખોદેલા રસ્તામાં થઈ પોતાની ખોલીમાં દોડયો. જતાં જતાં તે એટલું જ બોલ્યો, 'મારે એકાંતની જરૂર છે; મારાથી આ સહન નથી થતું!'

રાતે જેલર ખાવાનું આપવા આવ્યો ત્યારે પણ ડાન્ટે શૂન્યમાં ફાટેલી આંખે તાકી રહ્યો હોય એમ હાલ્યાચાલ્યા વિના પોતાની પથારીમાં બેઠેલો હતો. એ કલાકો કે જે એને મિનિટો જેટલા જ લાગ્યા હતા, તે દરમ્યાન તેણે એક ભયંકર નિશ્ચય કરી લીધો હતો, અને તે પાર પાડવા આકરામાં આકરા સોગંદ લીધા હતા.

૧૪

માણસ ધારે શું, ઈશ્વર કરે શું!

જેલર આવી ગયા બાદ ફેરિયા બાવા ડાન્ટેની ખોલીએ આવ્યા. તેની વિચિત્ર સ્થિતિ જોઈને બાવાએ કહ્યું, મેં તને તારા દુશ્મનને શોધી આપવામાં મદદ કરી એ ખોટું કર્યું, એમ હવે મને લાગે છે. તારું આખું મન ભયંકર વેરના વિચારોથી જ ભરાઈ ગયું છે.'

ડાન્ટેએ આજીજી કરીને કહ્યું, 'પિતાજી, મને મારા આ ભયંકર વિચારોની ભૂતાવળમાંથી છોડાવો. નહિ તો હું ગાંડો થઈ જઈશ, એમ મને લાગે છે.'

'બેટા, જગતમાં કિન્નો લેવા માટેના દુશ્મનો જ નથી; પ્રેમ કરવા માટેના બાંધવો પણ છે, એટલું યાદ રાખજે.'

'પિતાજી, જ્ઞાનબળવાળો તમારા જેવો પુરુષ ગમે તે પરિસ્થિતિમાં જે આશા અને ધીરજ દાખવી શકે છે, તે મારા જેવા માટે શક્ય ક્યાંથી હોય? માટે મને તમે એ જ્ઞાનબળ જ આપો; અને કશુંક ને કશુંક મને ભણાવવાનું શરૂ કરો.'

બાવાજીએ કહ્યું, 'તારો વિચાર સારો છે. જ્ઞાન એ એવો દીવો છે કે જે ગમે તેવી અંધારી કોટડીમાં બુઝાતો નથી કે પથ્થરની દીવાલોથી કેદ પુરાતો નથી. જેને માનવજ્ઞાન કહેવામાં આવે છે, તે બધું તો, તારી મરજી હોય તો હું તને બેએક વર્ષમાં જરૂર શીખવી શકીશ; પણ ફિલસૂફી જુદી વસ્તુ છે. તે શીખવી શિખાતી નથી. બધું જ્ઞાન-વિજ્ઞાન હોવા છતાં માણસમાં તે ન પણ પ્રગટે; અને કશું જ્ઞાન ન

હોય તો પણ તે પ્રગટી હોય એમ બને. ફિલસૂફી જ જીવાત્માને પરમાત્મા પ્રત્યે લઈ જનાર સાચું જ્ઞાન છે!'

બીજા જ દિવસથી ડાન્ટેનું ભણતર શરૂ થઈ ગયું. તેની સમજશક્તિ સારી હતી તથા યાદશક્તિ અસાધારણ હતી; તેથી જ્ઞાન-વિજ્ઞાનના સિદ્ધાંતો ઉપર પ્રભુત્વ મેળવતાં તેને વાર ન લાગી. તેને ઈટાલિયન ભાષા તો વહાણવટાના સંપર્કને કારણે આવડતી હતી; તથા બીજી તે તરફની બોલીઓથી પણ તે પરિચિત હતો. છ મહિનામાં તો તે સ્પેનિશ, ઇંગ્લિશ અને જર્મન ભાષાઓ પણ શીખી ગયો.

એક વર્ષ વીતી ગયું.

ડાન્ટે પોતાની આ જ્ઞાનપ્રાપ્તિ તથા ફેરિયા બાવાની સોબતથી પોતાનું બધું દુ:ખ ધીમે ધીમે ભૂલવા લાગ્યો. પરંતુ ફેરિયા બાવાનું તેમ ન હતું. તે વચ્ચે વચ્ચે બહુ વિચારમાં પડી જતા તથા નીચું જોઈ કેટલાય વખત સુધી આંટા માર્યા કરતા. એક દિવસ તે ઊંડા વિચાર-માંથી અચાનક જાગી ઊઠયા હોય તેમ બોલ્યા, 'અરે, ગલીવાળી ઓસરીમાં પહેરેગીર ન હોય તો કેવું સારું!'

'તમે હુકમ કરો તો તે પહેરેગીર એક મિનિટથી વધુ ત્યાં મોજૂદ નહીં રહે!' ડાન્ટેએ ઉત્સુકપણે જવાબ આપ્યો.

'મેં તને કેટલીય વાર કહ્યું છે કે, મારે લોહી રેડવું નથી. ગલીવાળી ઓસરીમાં બહેરો અને આંધળો પહેરેગીર હોય તો બસ!'

'હું તેને આંધળો તથા બહેરો કરી આપું તો?'

'ના, એ વાત તું ફરી મોંએ લાવીશ નહિ.'

ડાન્ટેમાં ફરી એ ચર્ચા ઉપાડવાની હિંમત ન રહી. વધુ ત્રણ માસ વીતી ગયા.

એક દિવસ અચાનક ફેરિયા બાવાએ પૂછ્યું, 'તારામાં હજુ પૂરતું જોર બાકી રહ્યું છે ખરું?'

ડાન્ટેએ જવાબમાં બાવાજીની કોશ લઈને તેને વાળી દઈ ગોળ કૂંડાળું બનાવી દીધું; અને પછી તેને સીધી પણ કરી આપી.

'અને તું પહેરેગીરને કશી પણ ઈજા જાણીજોઈને ન કરવાનું મને વચન આપે છે?'

'હા; માત્ર મારો જીવ બચાવવા જ હાથ ઉપાડવો પડે તે સિવાય તેના વાળને પણ હું વાંકો નહિ થવા દઉં.'

'તો પછી ચાલ, આપણે નવી યોજના હાથ ઉપર ધરીએ.' એમ કહી બાવાજીએ બંનેના ઓરડાને જોડતી ગલીનો નકશો દોર્યો. તે ગલીની નીચેથી ભોંયરું ખોદતાં ખોદતાં, ઉપરની જે ઓસરી સાથે પગથિયાં વડે તે ગલી જોડાતી હતી અને જ્યાં પહેરેગીર સતત આંટા માર્યા કરતો હતો, ત્યાં સુધી જઈ પહોચવું; પછી ચોકીદારનો પગ અવારનવાર પડતો હોય એ જગામાં એક પથ્થર યોગ્ય વખતે નીચેથી અંદર સરકાવી દેવાય તેવી ગોઠવણ કરી રાખવી; પછી એ પથ્થર સાથે જ પહેરેગીરને અંદર ખેંચી લઈ, તેના હાથપગ બાંધી દઈ, તેના મોંમાં ડૂચો મારી દેવો. પછી ઓસરીની એકાદ બારીમાંથી નીકળી, દોરડાની નિસરણી વડે બહારની દીવાલ ઉપરથી નીચે ઊતરી પડવું.

ડાન્ટેની આંખો આનંદથી ચમકવા લાગી.

તે જ દિવસથી બંનેએ પોતાનું કામ ભારે ઉત્સાહથી અને પરિશ્રમથી શરૂ કર્યું. નવા ખોદકામનાં ઢેફાંની ખૂબ મહેનતે ઝીણી ભૂકી કરી, બંનેની ખોલીઓનાં જાળિયાંમાંથી પવન ઊપડે ત્યારે થોડી થોડી બહાર ઉરાડી દેવામાં આવતી.

પંદર મહિને સુરંગ તૈયાર થઈ. ઉપર ફરતા પહેરેગીરનાં પગલાંના ધબકારા નીચે બરાબર સંભળાતા હતા. હવે નાસી છૂટવા માટે ગાઢ અંધારી રાતની જ રાહ જોવાતી હતી. દરમ્યાન એ પથરો એમ ને એમ નીચે સરકી ન આવે અથવા પહેરેગીરને એ જગાએ

પોલો અવાજ ન આવે, તે માટે સાવચેતી લેવાની જરૂર હતી. તેથી ડાન્ટે એક વખત પથ્થરની નીચે કંઈક ટેકા જેવું ગોઠવતો હતો, અને ફેરિયા બાવા ડાન્ટેની ઓરડીમાં પોતાની દોરડીની નિસરણીને આગળને છેડે આંકડા જેવું કંઈક લગાડાય તેવું સાધન કાપીને તૈયાર કરવાની વેતરણમાં હતા; – તેવામાં અચાનક તેમણે વેદનાની ભયંકર ચીસ પાડીને ડાન્ટેને જલદી જલદી પોતાની પાસે બોલાવ્યો.

ડાન્ટે તરત હાંફળોફાંફળો દોડી આવ્યો. બાવાજી ઓરડા વચ્ચે કોકડું વળીને અમળાતા હતા. તેમના હાથની મૂઠીઓ જોરથી ભિડાયેલી હતી અને તેમના ફીકા મોં ઉપર પરસેવાનાં મોટાં ટીપાં બાઝી ગયાં હતાં.

'ભલા ભગવાન! શું થયું, શું થયું?' ડાન્ટે બૂમ પાડી ઊઠયો.

'હું કહું છું તે જલદી સાંભળી લે. મારા ઉપર મારી એક જૂની બીમારીનો હુમલો આવ્યો છે. હું જેલમાં પુરાયો તેને આગલે વર્ષે મને પહેલો હુમલો આવ્યો હતો. એ રોગ ભયંકર તથા જીવલેણ છે. એ રોગનો એક જ ઉપાય છે: તું જલદી જલદી મારી ખોલીમાં દોડી જા. ત્યાં મારી પથારીના ખાટલાનો પાયો ખેંચી કાઢજે. એ પાયો કોતરીને પોલો કરેલો છે. તેમાં એક શીશી હશે, તે તું જલદી લઈ આવ. ના, ના. પણ હું તારી ઓરડીમાં હોઉં એ ઠીક નથી. તું મને ગમે તેમ કરીને મારી ઓરડીમાં ઘસડી જા. આ હુમલો કેટલો વખત પહોંચશે તેનું ઠેકાણું નથી.'

ડાન્ટે આ અચાનક આવેલી અડચણથી ડઘાઈ ગયો. પરંતુ ગભરાઈને મૂઢ બની ગયા વિના બાવાજીને તેમની ખોલીમાં ખેંચી ગયો. ત્યાં પહોંચતાં જ બાવાજીએ વધુ સમજણ પાડવા માંડી: 'આ રોગનો હુમલો ટોચે પહોંચશે, ત્યારે હું મરેલાની જેમ નિશ્ચેષ્ટ થઈ જઈશ. પણ તે પહેલાં મને ખૂબ તાણો આવશે, મોંએ ફીણ વળશે, તથા મારાથી મોટી મોટી ચીસો પડાઈ જશે. તે વખતે તારે સાવચેતી રાખવી પડશે. એ ચીસો કોઈ પણ રીતે બહાર સંભળાવી ન જોઈએ. નહીં તો મારી

આખરી ઘડી આવેલી ગણી તેઓ મને ઇસ્પિતાલમાં કે ઉપરના ઓરડામાં ખસેડી જશે. હું ગૂંગળાઈ ન મરું એટલું તું મારું મોં દબાવી રાખજે. પછી જ્યારે હું મડદા જેવો જડ થઈ જાઉં, ત્યાર પછી જ મારા ભિડાયેલા જડબાને કશાક વડે ઉઘાડી, દશ ટીપાં ગણીને શીશીમાંથી ગળામાં રેડી દેજે. કદાચ હું આ હુમલામાંથી પાછો બેઠો થઈશ.'

'કદાચ!' ડાન્ટેનો એ શબ્દ તેના ગળામાં જ ગૂંગળાઈ ગયો.

બે કલાકની ધાસ્તીભરી તથા ત્રાસદાયક મથામણથી ડાન્ટે પણ લોથ થઈ ગયો. ત્યાર બાદ અચાનક બાવાજી લગભગ મડદું થઈને ચત્તાપાટ પડી ગયા. ડાન્ટેએ તરત તેમનું મોં ફાડી દવાનાં ટીપાં ગણીને રેડી દીધાં.

કલાક બાદ બાવાજીના મોં ઉપર કંઈક જીવતા હોવાનાં લક્ષણ દેખાવા લાગ્યાં. પણ જેલર આવવાનો વખત થયો હોવાથી બાવાજીએ ઈશારાથી ડાન્ટેને તેની ખોલીમાં ચાલ્યા જવાનું કહ્યું.

જેલર પોતાની ઓરડીમાં પણ આવી ગયો એટલે તરત ડાન્ટે પાછો બાવાજીની પથારીને પડખે આવી ઊભો રહ્યો.

બાવાજી પૂરેપૂરા ભાનમાં આવી ગયા હતા; પણ બહુ જ અસ્વસ્થ તથા અશક્ત હાલતમાં પડેલા હતા.

'તને પાછો જોવાની આશા મને ન હતી.' બાવાજીએ ખૂબ ધીમેથી કહ્યું.

'કેમ? મરી જ જવાશે એવી કલ્પના તમને હતી શું?'

'ના એવી કલ્પના તો ન હતી; પરંતુ નાસી છૂટવાની આપણી બધી તૈયારીઓ થઈ ગઈ હોવાથી મેં માન્યું કે તું તેનો લાભ લઈ ભાગી ગયો હોઈશ.'

ડાન્ટેના માથા ઉપર જાણે વીજળી તૂટી પડી. તે ડૂસકાં ભરતો

ભરતો બોલ્યો, 'પિતાજી, મારે માટે તમે આવું જ ધાર્યું ? તમને લીધા વિના હું એકલો નાસી જાઉં એવો આપ-મતલબી છું !'

બાવાજીએ ધીરેથી કહ્યું, 'બેટા, મારી એ માન્યતા ખોટી પડી તેથી મને આનંદ જ થયો છે. પરંતુ મને સાથે લઈને આ કેદખાનામાંથી છૂટવાની તારી આશા પણ હવે વ્યર્થ છે. પહેલી વાર જ્યારે મને આ રોગનો હુમલો આવ્યો, ત્યારે અર્ધા કલાકમાં જ હું પાછો મારી મેળે ઊભો થયો હતો અને મને તીવ્ર ભૂખની લાગણી થઈ આવી હતી. પરંતુ આ વખતે તો મારો જમણો હાથ તેમ જ પગ બંને નકામા થઈ ગયા લાગે છે. મારા મગજમાંની થોડીક શિરાઓ પણ ફૂટી ગઈ છે. હવે પછીને હુમલે તો કદાચ હું મરણ જ પામીશ અથવા મને હંમેશને માટે પક્ષાઘાત થઈ જશે.'

'એવું ન બોલશો પિતાજી ! ત્રીજા હુમલા પહેલાં તો આપણે બહાર નીકળી ગયા હોઈશું અને મળી શકે તેવી ઉત્તમ ઔષધિઓથી તમારી સારવાર થવા લાગી હશે.'

'બેટા, તને હું છેતરીને અંધારામાં રાખવા માગતો નથી. આ હુમલા પછી હું કદી કેદખાનામાંથી છૂટવાની આશા રાખી શકું તેમ નથી. કારણ કે, પગે જે દોડી શકે, તે જ જેલમાંથી ભાગી શકે; અને બંને હાથ વાપરી શકે, તે જ લાંબો દરિયો તરી શકે. આ રોગ અમારા કુટુંબનો વંશપરંપરાનો રોગ છે. અને જે વૈદ્યે મને આ નુસખો તૈયાર કરી આપ્યો હતો, તેણે મારે માટે આવો જ અંત ભાખ્યો છે. એટલે હું જ તને રાજીખુશીથી કહું છું કે, મારી ચિંતા મૂકી તું એકલો ભાગી જા. તું જુવાન છે, અને તારે આ કેદખાનામાં સબડયા કરવાની જરૂર નથી.'

'તો પિતાજી, હવે તમે પણ મારી પ્રતિજ્ઞા સાંભળો. તમારા ચરણ ઉપર હાથ મૂકીને હું કહું છું કે, જ્યાં સુધી તમે જીવતા હશો, ત્યાં સુધી

હું અહીં તમારે પડખે જ રહેવાનો છું. માત્ર મૃત્યુ જ આપણુંને બેને છૂટા પાડી શકશે.'

'બેટા, તારા આવા ભલા હૃદય ઉપર ઈશ્વરના આશીર્વાદ ઊતરો! પણ જો તારો એવો જ નિરધાર હોય, તો પહેરેગીરના ફરવાની જગા નીચેની પોલી જગા તું પાછી પૂરી દે. કારણ કે, તું મને પાછળ મૂકીને એકલો જવાનો ન જ હોય, તો તેનો ઉપયોગ કરવાની તરતમાં જરૂર નહીં પડે. પછી કાલે જેલર આવી જાય ત્યાર બાદ તું મારી પાસે જલદી આવજે. મારે તને એક અગત્યની વાત કહેવાની છે.'

૧૫

ગુપ્ત ધનભંડાર

બીજે દિવસે ડાન્ટે જ્યારે બાવાજીની ખોલીએ પાછો આવ્યો, ત્યારે તે પોતાની પથારીમાં બેઠેલા હતા અને તેમના ડાબા હાથમાં (કારણ કે જમણો હાથ હાલતોચાલતો બંધ થઈ ગયો હતો) એક ભૂંગળી જેવો ગોળ કાગળ હતો.

ડાન્ટેને એ કાગળ બતાવી બાવાજીએ કહ્યું, 'આ જો.' પરંતુ વારંવાર જોવા છતાં ડાન્ટેને કશી સમજ ન પડી. કાગળ એક બાજુએથી અર્ધોઅર્ધ બળી ગયેલો હતો અને તે જ પ્રમાણે અંદરના લખાણની લીટીઓ પણ.

બાવાજીએ કહ્યું, 'જો ભાઈ, આ કાગળમાં ગુપ્ત ધનભંડારનો પત્તો છે. આજથી માંડીને હું તને મારા એ ભંડારના અર્ધોઅર્ધ ભાગનો હકદાર બનાવું છું.'

ડાન્ટે ચોંકી ઊઠયો. તેણે એબ ફેરિયાના આ ધનભંડાર બાબતના ગાંડપણની વાત સાંભળી હતી. અત્યાર સુધી એની કશી વાત બાવાજીએ ઉપાડી ન હોવાથી ડાન્ટેને ખાતરી થતી જતી હતી કે બાવાજીનું એ ગાંડપણ કદાચ દૂર થયું છે પણ રોગના હુમલા પછી લકવાની અસર સાથે એ ગાંડપણને પણ પાછું આવેલું જોઈ, ડાન્ટે જરા ગભરાયા જેવો થઈ ગયો.

બાવાજીએ હસતાં હસતાં કહ્યું, 'બેટા, હું કદી ગાંડો હતો નહિ અને છું પણ નહિ. આ કાગળમાં મેં બળેલા કાગળની લીટીઓનો અધૂરો ભાગ રાતદિવસ વિચાર કરી કરીને પૂરો કર્યો છે. તેને પેલા બળેલા કાગળની લીટીઓની સીધમાં મૂકીને વાંચ.'

ડાન્ટેએ બંને ટુકડા સીધમાં મૂકીને વાંચવા માંડયું: "આજે ૧૪૯૮ના એપ્રિલની ૨૫મી તારીખે પોપ સાહેબ અલેકઝાન્ડર છઠ્ઠાએ મને જમવા બોલાવ્યો છે. મારા પદની કિંમત પેટે મારી પાસેથી પડાવેલી મોટી રકમથી સંતુષ્ટ થવાને બદલે તેમને મારી બાકીની મિલકતના વારસદાર થવું છે. તેથી તેમણે મને કાર્ડિનલ કેપ્રેરા અને બેન્ટીવોગ્લિયોની જેમ ઝેર આપીને મારી નાખવાની યોજના ઘડીને નિમંત્રણ આપ્યું છે. તેથી હું મારા ભત્રીજા ગીડો સ્પાડાને મારો કુલ વારસદાર ઠરાવું છું. મેં મારો તમામ ખજાનો – સોનાની પાટો, રોકડ, જરઝવેરાત – જેની કિંમત ૨૦ લાખ રોમન ક્રાઉન સિક્કા જેટલી થાય, તે મોન્ટેક્રિસ્ટો નામના નાના ટાપુની ગુફાઓમાં સંતાડયો છે. નાની ખાડીથી પૂર્વમાં વીસમા ખડકને ઊંચો કરતાં જ એ ખજાનો મળશે. આ ગુફાઓમાં બે બાકાં કરવામાં આવ્યાં છે. બીજી ગુફાના દૂરના ખૂણામાં એ ખજાનો છે.

૨૫ મી, એપ્રિલ ૧૪૯૮ **સીઝર સ્પાડા"**

પણ એટલામાં જેલરનાં પગલાંનો અવાજ સંભળાતાં કાગળો બાવાજીને સોંપી ડાન્ટે પાછો પોતાની ખોલીમાં ચાલ્યો ગયો. ત્યાં

આવ્યા પછી ડાન્ટેને બાવાજીને ફરીથી ખજાનાની વાતનું ગાંડપણ ઊપડેલું જોતાં ઘણું દુ:ખ થવા લાગ્યું. બાવાજી એ વાત ભૂલી જાય તો સારું, એમ માનીને આખો દિવસ તે તેમની ખોલીમાં ગયો જ નહિ.

છતાં સાંજ પડતાં જ બાવાજી પોતે માહપરાણે ઘસડાતા ઘસડાતા ડાન્ટેની ખોલીએ આવ્યા. ડાન્ટેએ ગળગળા થઈ તેમને બાકોરામાંથી ઉપર ખેંચી લીધા. બાવાજીએ ડાન્ટેને તેના અવિશ્વાસ બદલ મીઠો ઠપકો આપ્યો અને પ્રથમ પોતાની વાત શાંતિથી સાંભળી લેવા કહ્યું:

"હું કાર્ડિનલ સ્પાડાનો સેક્રેટરી હતો; અને જે કાંઈ સુખશાંતિ મે મારા જીવનમાં અનુભવ્યાં છે, તે બધાં તેમને જ આભારી છે. કાર્ડિનલ સ્પાડા બહુ શ્રીમંત ન હતા; જોકે તેમના જૂના કુટુંબની શ્રીમંતાઈ તો આખા ઈટાલીમાં કહાણીરૂપ હતી. 'સ્પાડા જેટલો શ્રીમંત' એમ કહે, એટલે કલ્પનાતીત ધનવાળો એવો જ અર્થ થતો.

"હું તેમના ભત્રીજાઓને ભણાવતો અને તેમના મહેલમાં જ રહેતો. તે બધા ભત્રીજાઓ ગુજરી ગયા પછી પણ હું કાર્ડિનલ સ્પાડાના ઉપકારો યાદ કરી, તેમને સોબત આપવા તેમની પાસે જ રહેવા લાગ્યો

"કાર્ડિનલ સ્પાડા બધી રીતે શાણા તથા વિચારવાન પુરુષ હતા; પરંતુ અવારનવાર પોતાના મોટા ગ્રંથાલયમાં જૂની હસ્તલિખિત પોથીઓમાં તે કાંઈ ને કાંઈ શોધ્યા કરતા. એક વખત મેં તેમને તે અંગે નમ્ર ઠપકાની ભાષામાં કંઈક કહ્યું, ત્યારે તેમણે મને રોમના ઈતિહાસનું એક પુસ્તક કાઢીને તેમાંથી પોપ અલેકઝાન્ડર છઠ્ઠાના જીવનચરિત્રવાળો ભાગ વાંચવા આપ્યો. એક પ્રકરણમાં તે પોપે તથા સીઝર બોર્જિયાએ મળીને પૈસા મેળવવા જે કાવતરું કર્યું હતું, તેની વાત આ પ્રમાણે આપેલી હતી:– 'તેમણે કાર્ડિનલોની બે ગાદીઓ ઊભી કરી અને મોટામાં મોટી કિંમત આપનારને તે વેચવા કાઢી. રોમના

બે અતિશય તવંગર માણસો તે પદ ખરીદવા તૈયાર થયા: એક તો જીન રોસ્પીગ્લીઓસી, જે ધર્મપીઠોની ચાર ઊંચામાં ઊંચી ગાદીઓનો ધણી હતો; અને બીજો સીઝર સ્પાડા, જે રોમના ઊંચા ખાનદાનનો તથા સૌથી વધુ તવંગર ઉમરાવ હતો.

"'તે બે જણાએ ખૂબ પૈસા આપીને કાર્ડિનલની ગાદીઓ ખરીદી. તેઓ કાર્ડિનલ બનતા પહેલાં જે આઠ ગાદીઓ ધારણ કરતા હતા, તે ગાદીઓ બીજા આઠ જણને વેચીને પોપે પાછા વધુ પૈસા ઉપજાવ્યા.

"'પરંતુ હજુ પોપના કાવતરાની શરૂઆત જ થઈ હતી! તેણે પ્રથમ તો એ બંને કાર્ડિનલોને ખૂબ માનપાન આપીને, પોતાની બહારની બધી મિલકતો વેચી કાઢી રોમમાં જ આવીને સ્થિર થવા લલચાવ્યા. ત્યાર બાદ પોપે તે બંનેને એક દિવસ જમવા નિમંત્રણ આપ્યું.

"'રોસ્પીગ્લીઓસી તો પોતાને મળેલા નિમંત્રણથી ખુશખુશ થઈ ગયો; પણ સ્પાડા વધુ ડહાપણવાળો હતો. તે સમજી ગયો કે એ નિમંત્રણમાંથી પાછા જીવતા ઘેર આવવાનું નથી. તેણે તરત પોતાની મિલકતનું વીલ પોતાના ભત્રીજાને નામે બનાવી દીધું અને પોતે પોપના નિવાસસ્થાને પહોંચે તે પહેલાં રસ્તામાં પોતાને ભેગા થવા માટે તાકીદનો સંદેશો ભત્રીજાને મોકલ્યો.

"'પરંતુ ભત્રીજો નોકરને ભેગો થઈ શકયો નહીં. પોપને ત્યાં પહોંચીને સ્પાડાએ જોયું તો પોતાનો ભત્રીજો પોપના ટેબલે જ બેઠો હતો. સ્પાડા સમજી ગયો કે પોપે બધી પેરવી પહેલેથી જ કરી લીધેલી છે.

"'સ્પાડા પોતાના ભત્રીજાને માત્ર એટલું જ પૂછી શકયો કે, તને મારો સંદેશો મળ્યો હતો કે નહિ? ભત્રીજાએ ના પાડી. પણ સાથે સાથે તે પોતાના કાકાના પ્રશ્નનું રહસ્ય સમજી ગયો. પરંતુ તે વખતે બાજી હાથથી ચાલી ગઈ હતી; કારણ કે, તેણે પોપે આપેલો કીમતી

દારૂનો પ્યાલો ક્યારનો પી લીધો હતો. બીજો પ્યાલો સ્પાડા માટે પણ આવ્યો; અને એ સત્કાર બદલ આભાર માની તેને તે પી જવો પડ્યો.

"'એક કલાક પછી બંને મરી ગયા: સ્પાડા પોતાના મહેલના દરવાજાની આગળ, અને ભત્રીજો પોતાના ઘરના બારણા આગળ. તેની જીભ ચોંટી ગઈ હતી અને પોતાની પત્નીને કશુંક સમજાવવા તે ઘણા ઈશારા કરતો હતો.

"'પોપે સ્પાડાની નાવારસી મિલકત કાયદા પ્રમાણે પોતાને કબજે કરી; પરંતુ સ્પાડાના વીલનો કોઈ કાગળ પોપને હાથ આવ્યો નહિ. એક નાની ચબરકી ઉપર માત્ર આટલા શબ્દો લખેલા મળી આવ્યા –'મારા વહાલા ભત્રીજાને મારી બધી થેલીઓ, ચોપડીઓ અને ખાસ તો સોનેરી ખૂણાઓવાળી મારી નોંધપોથી વારસામાં આપું છું. એ નોંધપોથીને તે તેના વહાલા કાકાની યાદગીરીમાં હંમેશ સાચવી રાખશે એવી મારી વિનંતી છે.'

"'પોપે અને સીઝર બોર્જિયાએ ઘણી ખોળાખોળ કરી, પણ સ્પાડાની અઢળક કહેવાતી દોલતને હિસાબે તેમના હાથમાં ખાસ કાંઈ ન આવ્યું. ભત્રીજો મરતા પહેલાં પોતાની પત્નીને માત્ર એટલું સમજાવી શક્યો હતો કે, 'મારા કાકાના કાગળો બરાબર તપાસજો; તેમાં તેમનું વીલ જરૂર છે.'

"'પોપે અને બોર્જિયાએ પણ ખૂબ તપાસ કરી, પણ એ વીલ હાથ ન જ આવ્યું. બે મહેલો અને વાડી એટલી સ્થાવર મિલકત હતી. તેની કશી ખાસ કિંમત તે દિવસોમાં ગણાતી નહિ, એટલે તેટલું સ્પાડાના કુટુંબીઓ માટે જ રહેવા દેવામાં આવ્યું.'"

ફેરિયા બાવાએ વાત આગળ ચલાવી: "ઈતિહાસના પ્રકરણનો આ ભાગ વંચાવી કાર્ડિનલ સ્પાડા મને એમ સૂચવવા માગતા હતા કે, એ વીલની તપાસ કરતા રહેવાનો હુકમ પેઢીઓ પૂર્વેથી તેમને મળેલો છે, અને તે મુજબ પેઢી-દરપેઢી એ તપાસ ચાલ્યા જ કરે છે.

"મેં પોતે એ સોનેરી ખૂણાઓવાળી જૂની નોંધપોથી જોઈ હતી. ઘરમાં તેને સાચવીને રાખવામાં આવતી હતી અને તેનું લગભગ પૂજન જ કરવામાં આવતું હતું. હું કુટુંબનો વિશ્વાસુ ભક્ત જેવો હોવાથી એ ઐતિહાસિક નોંધપોથી મને પણ વાંચવા દેવામાં આવી હતી. મને લગભગ ખાતરી થઈ હતી કે જો વીલ ખરેખર હશે, તો એ નોંધપોથીમાં જ હોવું જોઈએ; કારણ કે સીઝર સ્પાડાની છેલ્લી ચબરકીમાં એ નોંધપોથીને જ સાચવી રાખવાનો આદેશ હતો.

"પણ અમારા સૌના પ્રયત્ન અફળ ગયા. છેવટે મારા આશ્રયદાતા કાર્ડિનલ સ્પાડા નિર્વંશ ગુજરી ગયા. તેમણે પોતાના કુટુંબના જૂના બધા કાગળો, ૫૦૦૦ ગ્રંથોનું તેમનું આખું ગ્રંથાલય, તથા પેલી સુપ્રસિદ્ધ નોંધપોથી મને વારસામાં આપ્યાં. ઉપરાંત ૭૦૦૦ ફ્રાંકની કિંમતનું રોકડ રોમન નાણું આપ્યું. તે નાણામાંથી મારે તેમના આત્માની શાંતિ માટે દર વર્ષે પ્રાર્થના કરાવવાની હતી તથા તેમના કુળનો આખો સળંગ ઈતિહાસ લખવાનો હતો.

"ઈ. સ. ૧૮૦૭માં હું પકડાયો તેની એક મહિનો અગાઉ, અને કાર્ડિનલ સ્પાડાના મરણ બાદ પંદર દિવસે, તા. ૨૫મી ડિસેમ્બરને રોજ હું બધા જૂના કાગળો ફરી વાંચી જતો હતો અને ગોઠવતો જતો હતો; કારણ કે એ મહેલ વેચી નાખવામાં આવ્યો હતો અને હું બધા કાગળો અને રોકડ મારી સાથે લઈ, રોમ છોડીને ફ્લોરન્સમાં રહેવા ચાલ્યો જવાનો હતો.

"તે દિવસે હું ભારે જમણ જમેલો અને સતત પરિશ્રમથી થાકી ગયેલો; એટલે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં એ કાગળોની વચ્ચે ખુરશી ઉપર જ બેઠો બેઠો હું ઊંઘી ગયો. ઘડિયાળમાં છ વાગતાં જ્યારે હું જાગી ઊઠ્યો, ત્યારે બધે અંધારું થઈ ગયું હતું. એટલે દીવો સળગાવવા મેં નોકરને બૂમ પાડી. પણ કોઈ આવ્યું નહિ એટલે

પાસે પડેલી મીણબત્તીને સગડીમાં સળગતા અંગારાઓની મદદથી સળગાવવા હું કાગળનો એકાદ ટુકડો શોધવા લાગ્યો.

"અંધારામાં કોઈ જરૂરી કે ઉપયોગી કાગળ ભૂલથી હાથમાં આવી જાય એવો ડર લાગતો હોવાથી, ગમે તે કાગળ ઉપાડતાં હું આનાકાની કરતો હતો. એવામાં મને યાદ આવ્યું કે, પેલી સોનેરી ખૂણાઓવાળી નોંધપોથીમાં નિશાની તરીકે મૂકવા એક જૂનો કોરો કાગળ પહેલેથી રાખવામાં આવેલો હતો. પાસે જ પડેલી એ નોંધપોથીમાંથી થોડો બહાર નીકળેલો તે કાગળ મેં ખેંચી કાઢ્યો; અને તેની ભૂંગળી વાળીને એનો છેડો અંગારાઓ વચ્ચે મેં ધર્યો.

"પરંતુ કાગળ જેમ જેમ સળગતો ગયો, તેમ તેમ બળવાની જગાએ જાણે જાદુથી ફૂટી નીકળતા હોય તેમ પીળા રંગના અક્ષરો દેખાવા લાગ્યા. તરત મેં તે કાગળ જલદી જલદી બુઝાવી નાખ્યો અને મીણબત્તીને સીધી અંગારા ઉપર ધરીને સળગાવી લીધી. પછી મેં એ કાગળની ભૂંગળી ઉકેલવા માંડી. મને તરત જ ખાતરી થઈ કે, એ કાગળ ઉપર ગુપ્ત શાહીનું લખાણ હતું; કાગળને અંગારા ઉપર ધરવામાં આવે તો જ એ લખાણ નજરે પડે. એ કાગળમાં સીઝર સ્પાડાનું અત્યાર સુધી કોઈને હાથ ન આવેલું વીલ લખેલું હતું! કાગળનો એક તૃતીયાંશ ભાગ તો બળી ગયો હતો, પણ એ કાગળની લીટીઓનું માપ તથા બાકી રહેલા શબ્દો ઉપરથી મેં બળી ગયેલો ભાગ કલ્પી કાઢ્યો છે; અને મારી ખાતરી છે કે, એમાં એક શબ્દ પણ ખોટો નથી!

"એટલે બેટા, હવે જો આપણે આ કેદખાનામાંથી જીવતા છૂટીએ, તો એ ભંડારમાંથી અર્ધો ભાગ તારો છે; અને જો હું અહીં જ મરણ પામું અને તું એકલો જ બચે, તો આખો ભંડાર તારા એકલાનો છે!"

'પણ બાપુજી, એ ભંડાર તમારો જ છે અને તમે જ એના

એકમાત્ર હકદાર છો. મને તેના ઉપર કશો હક નથી; કારણ કે તમારો હું કોઈ સગોસંબંધી નથી.'

"બેટા, તું જ મારો પુત્ર છે. પાદરી તરીકે મારે લગ્ન કરવાનું હોય નહીં; એટલે સંસારી રીતે મારે બીજો કોઈ વારસદાર નથી. મારી વૃદ્ધ તથા આખરી અવસ્થામાં તું જ મને ટેકારૂપ થઈ પડ્યો છે; તથા અજ્ઞાન અને બંધનની ઘેરી ભીંતો તોડવામાં મદદ કરીને હું જ વસ્તુતાએ તારો પિતા બન્યો છું."

ડાન્ટે એ સાંભળી, હૃદય ભરાઈ આવતાં, બાવાજીને કંઠે હાથ ભેરવી ડૂસકે ડૂસકે રડી પડ્યો.

૧૬
ત્રીજો હુમલો

બાવાજીએ કદી મોન્ટે-ક્રિસ્ટો ટાપુ જોયો ન હતો, પરંતુ ડાન્ટે પોતાના વહાણવટા દરમ્યાન તેની પાસે થઈને ઘણી વાર આવ્યો ગયો હતો; અને એક વાર તેનું વહાણ ત્યાં લાંગર્યું પણ હતું. તે ટાપુ કોર્સિકા અને એલ્બા ટાપુઓની વચ્ચે આવેલો હતો, અને માત્ર જ્વાળામુખી પર્વત જેવો શંકુ આકારનો એક ઊંચો ડુંગર જ તેમાં પથરાયેલો હતો.

ડાન્ટેને એ ખજાનાની સચ્ચાઈ વિષે હવે કશી શંકા રહી નહિ; પરંતુ ત્રણસો વરસ દરમિયાન કોઈ ને કોઈ તે ટાપુ ઉપર ગયું જ ન હોય, અને તે ખજાનો હજુ ત્યાં જ પડી રહ્યો હોય, એ વિષે તેને થોડી શંકા હતી ખરી.

એબ ફેરિયાએ ડાન્ટેને આખો પત્ર મોઢે કરાવ્યા બાદ, પોતે

ઉપજાવેલો અર્ધો ભાગ બાળી નાખ્યો, જેથી બાકીનો મૂળ ભાગ કોઈના હાથમાં જાય તો પણ તેને એ ખજાનાની પૂરી વાત ન સમજાય. બાવાજી હવે ડાન્ટેને એ ભંડારની તથા ગમે તેવી હતાશભરી પરિસ્થિતિમાં પણ અણધાર્યો આશાનો પ્રકાશ કેવી રીતે છુપાયો હોય છે, અને એ તકનો લાભ લેવા ડાહ્યા માણસે કેવી રીતે હંમેશાં તત્પર રહેવું જોઈએ, એની વાતો વારંવાર કહેવા લાગ્યા.

એક રાતે ડાન્ટે અચાનક પોતાની ખોલીમાં ઊંઘમાંથી જાગી ઊઠયો. તેને એવો ભાસ થયો કે દૂરથી કોઈ જાણે તેને બોલાવે છે. અચાનક બાવાજીનો ખ્યાલ આવતાં, તે એક છાની ચીસ પાડી તરત ભોંયરામાં ઊતરી તેમની ખોલી તરફ દોડયો. એબ ફેરિયા ખાટલાને પકડીને ખૂબ કરાંઝતા હતા તથા જોરથી ધ્રૂજતા હતા.

ફેરિયા બાવાએ માત્ર એટલું જ કહ્યું, 'બેટા, શું થયું છે તે તું કલ્પી શકશે. હવે મારી આખરઘડી છે. તું ગભરાતો નહિ. ઈશ્વર જે કરે છે તે સારા માટે જ જાણવું. મારા જવાથી તને કેટલી ભારે ખોટ લાગશે તે હું સમજું છું; પણ કદાચ એમાં જ તારી મુક્તિની પણ કંઈક શકયતા છુપાઈ હોય.'

ડાન્ટે એકદમ બાવાજીને આગળ બોલતા અટકાવી બોલી ઊઠયો. 'મારે એ વાત સાંભળવી નથી. મને પેલી શીશીની દવા આ વખતે કેમ વાપરવી તે વિષે જ જે કહેવાનું હોય તે કહો.'

'બેટા, ત્રીજો હુમલો આ રોગમાં છેવટનો હોય છે. છતાં તારે પ્રયત્ન કરવો જ હોય, તો આ વખતે દશને બદલે બાર ટીપાં મને પાઈ દેજે. અને છતાં હું ફરી ભાનમાં ન આવું, તો આખી શીશી જ ગળામાં રેડી દેજે.'

ડાન્ટેએ બાવાજીને જાળવીને પથારીમાં સુવાડયા. બાવાજી સૂતા સૂતા વચ્ચે વચ્ચે બોલવા લાગ્યા, 'બેટા, ભગવાને તને મોકલીને મોડે મોડે મારા જીવનને કેવું ધન્ય બનાવ્યું છે, અને મારા અંતિમ દિવસોમાં તું મને કેવો શાંતિદાયક તથા દુનિયા પ્રત્યેનું વેરઝેર ભૂલવામાં કેવો મદદગાર

બન્યો છે, તે હું જ જાણું છું. મારી છેવટની ઘડીએ હું તને મારા અંતરથી આશીર્વાદ આપતો જાઉં છું કે તું સુખી થજે; ઈશ્વર તારું ભલું કરો!'

ડાન્ટેએ ઘૂંટણિયે પડી પોતાનું માથું બાવાજીના હાથ આગળ ટેકવી દીધું. બાવાજીએ તેના ઉપર હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું: 'બેટા, આ આખરી ઘડીએ મારી આંખ આગળનાં પડળ ખૂલી ગયાં છે. મને સ્પાડાનો ભંડાર પ્રત્યક્ષ દેખાય છે. તું જ્યારે છૂટે ત્યારે મારા આ શબ્દો ઉપર વિશ્વાસ રાખી જરૂર મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ઉપર જજે. તું એ ભંડારનો નિ:સંકોચ ઉપયોગ કરજે. તેં ઘણું દુ:ખ વેઠયું છે; હવે તારા સુખના દિવસો જ નજીક આવો!'

બાવાજીના એ છેલ્લા શબ્દો હતા. ડાન્ટેએ તેમના મોંમાં દવાનાં બાર ટીપાં રેડી દીધાં; પણ કંઈ અસર થયેલી ન જણાતાં આખી શીશી જ ઠાલવી દીધી. પણ બાવાજીના આખા શરીરે ભયંકર તાણો શરૂ થઈ, અને તેને અંતે ચીસો. ત્યાર બાદ તે નિશ્ચેષ્ટ થયા. પછી બાવાજીના શરીરમાં એક ભયંકર આંચકો આવ્યો, અને તેમની આંખો બીક લાગે તેવી ફાટી ગઈ. ત્યાર બાદ ફરી એકદમ આખું શરીર જડ-નિશ્ચેષ્ટ થઈ ગયું.

ડાન્ટે શૂનમૂન થઈ, બાવાજીની એ ફાટેલી આંખો સામું જોતો બેસી રહ્યો. છેક સવારે છ વાગ્યા અને પ્રકાશનાં થોડાં કિરણ જાળિયામાંથી અંદર આવ્યાં ત્યારે જ પહેલી વાર ડાન્ટેને ખબર પડી કે, તે ક્યારનો એક મડદા પાસે જ બેસી રહ્યો હતો.

જેલરના આવવાનો વખત થયો હોવાથી ડાન્ટે તરત બધું ઠીકઠાક કરી, પોતાની ખોલી તરફ નાઠો. જેલર ડાન્ટેને નાસ્તો આપી, એબ ફેરિયાને નાસ્તો આપવા ચાલ્યો. ત્યાં શું થાય છે તે જોવા તરત ડાન્ટે સુરંગમાં થઈને એબ ફેરિયાની ઓરડી તરફ દોડયો.

બાવાજીની ખોલીમાંથી જેલર બૂમો પાડીને બહારથી માણસોને બોલાવતો હતો. બીજા માણસો આવ્યા પછી થોડી વારે ખબર મળતાં ગવર્નર પણ આવ્યો. તેના હુકમથી ડાકટરને મરણ-સર્ટિફિકેટ આપવા માટે બોલાવવામાં આવ્યો.

ડાકટરે જાહેર કર્યું કે, કેદી પૂરેપૂરો મરી ગયો છે. છતાં ગવર્નરે કાયદા પ્રમાણે છેવટની ખાતરી કરી જોવા માટે લોખંડનો લાલચોળ તપાવેલો તાવેથો મંગાવ્યો. ડાકટરે એ તાવેથો મડદાના પગના તળિયામાં જોરથી દબાવી દીધો. ચરરર માંસ બળ્યાનો અવાજ તથા ગંધ ડાન્ટે ઊભો હતો ત્યાં પણ આવ્યા વિના ન રહ્યાં.

ત્યાર બાદ એક કોથળો લાવી મડદું તેમાં સીવી લેવામાં આવ્યું. પછી રાતે અગિયાર વાગ્યે અંતિમક્રિયા પૂરી કરવાનો હુકમ બે માણસોને આપીને, ગવર્નરે બારણાને બહાર તાળું મારી દીધું; અને સૌને વીખરાઈ જવા કહ્યું.

સૌનાં પગલાં સંભળાતાં બંધ થયાં એટલે ડાન્ટેએ ધીમે રહીને પથરો ઉપાડ્યો અને અંદર ડોકિયું કર્યું.

૧૭
શૅટો દ' ઇફનું કબ્રસ્તાન

લાંબા કોથળામાં સીવી લીધેલું મડદું પથારી ઉપર ચત્તાપાટ પડ્યું હતું. ડાન્ટે ત્યાં બે હાથ જોડી, માથું નીચું કરી ઊભો રહ્યો.

એકદમ તો એકલવાયાપણાના આ નવા ભાર હેઠળ ડાન્ટેનું હૃદય બેસી જવા લાગ્યું. એટલે બાવાજી જ્યાં ગયા હોય ત્યાં જલદી પહોંચી જવા, તેણે તરત આપઘાત કરવાનો વિચાર કર્યો.

પણ દુ:ખનું એ તીવ્ર મોજું આવી ગયા બાદ પાછું ધીમે ધીમે બીજું વિરોધી મોજું પણ આવ્યું. પોતે એમ આપઘાત કરે, તો જે દુશ્મનોએ તેની આ વલે કરી છે, તેમનો હિસાબ શી રીતે ચૂકતે કરાશે?

એટલે ગમે તેમ કરીને કેદમાંથી નાસી છૂટવાનો પ્રયત્ન જ કરવો, એ નિર્ણય ઉપર તે આવ્યો. પછી એમ કરવા જતાં મોત આવે, તો તેનો વાંધો નહીં.

આવા વિચારોની ગડભાંજમાં તે ચૂપકીથી મડદા તરફ નજર સ્થિર કરીને ઊભો હતો, તેવામાં કોણ જાણે એક વિચિત્ર વિચાર તેને અચાનક સ્ફુર્યો. તેણે તરત જ કોથળાને બાવાજીની છરી વડે ખોલી નાખ્યો; તેમાંથી મડદું કાઢી, તેને ખભે ઊંચકી લઈ, સુરંગમાં ઊતરી તે પોતાની ખોલીમાં આવ્યો. ત્યાં પોતાના ખાટલા ઉપર મડદાને મૂકી, પોતે રાતે જે કાપલો માથે વીંટતો તે તેના માથા ઉપર બાંધ્યો તથા પોતાની ચાદર તેના ઉપર ઢાંકી દીધી. જેલર ખાવાનું આપવા આવતો ત્યારે ઘણી વાર તેને એમ ઊંઘતો જોઈ, ચુપચાપ ખાવાનું મૂકી ચાલ્યો જતો.

પછી બાવાજીની ખોલીમાં આવીને છુપાવેલી જગાએથી તેણે બાવાજીનાં સોય-દોરો શોધી કાઢયાં અને પછી પોતે કોથળામાં પેસી અંદરથી તેનું મોં પહેલાંની જેમ સીવી કાઢયું. પેલી છરી તેણે પોતાની સાથે અંદર જ રાખી. કબર ખોદનારા અંધારી રાતે બહુ ઊંડું ખોદે નહિ, અને ખડક ઉપર ઊંડી માટી પણ હોય નહિ; એટલે તેઓ પોતાને દાટીને પાછા ફરે કે તરત કોથળો છરીથી કાપીને પોચી માટી દૂર કરી બહાર નીકળી જવું અને દરિયામાં કૂદી પડવું, એવો તેનો ઈરાદો હતો.

ધીમે ધીમે મડદાને ઉપાડી જવાનો નક્કી થયેલો વખત પાસે આવતો ગયો. ડાન્ટેની નસો જોરથી ધબકવા લાગી. બારણું ઊઘડયું. બે જણ અંદર આવ્યા અને ત્રીજો એક જણ મશાલ લઈને બારણા પાસે ઊભો રહ્યો.

બંને જણાએ કોથળાને સામસામે છેડેથી ઊંચકયો અને બહાર લાવી, ગલીનાં પગથિયાં ચડી, પાસે તૈયાર રાખેલી ઠેલણગાડીમાં મૂકયો.

તેમાંનો એક જણ બોલ્યા વિના ન રહ્યો કે, 'ડોસો ઘરડો અને પાતળો દેખાતો હતો, છતાં વજનદાર તો ખાસો છે!'

બહાર થોડે દૂર ગયા પછી તેઓએ મડદું ઠેલણગાડીમાંથી ઉતારીને જમીન ઉપર મૂક્યું. પછી એક ભારે વજનનો લોખંડનો ગોળો દોરડાથી મડદાને પગે તાણી બાંધ્યો. ડાન્ટેને એ બધાનો કશો અર્થ સમજાયો નહિ. પછી કોથળો ફરી ઠેલણગાડી ઉપર ચડાવીને તેઓએ આગળ ચાલવા માંડયું. થોડી વારમાં ખડક સાથે અફળાતાં મોજાંનો નીચેથી આવતો ઘેરો અવાજ ડાન્ટેને સંભળાયો.

ઘોરખોદુમાંથી એક જણ બોલ્યો, 'આજે દરિયામાં તોફાન છે, એટલે બાવાજીને હીંચકા ખાવાની સારી મજા આવશે.'

'અધમણિયો પગે બાંધ્યો છે, પછી હીંચકા શાના ખાવાનો છે? જશે સીધો તળિયે!' બીજાએ જવાબ આપ્યો.

ડાન્ટેને આ વાતનો અર્થ પણ ન સમજાયો. પેલા બે જણાએ પછી કોથળો બે છેડેથી ઊંચક્યો અને ખરેખર હીંચકાની પેઠે હીંચોળવા માંડયો. તરત જ ડાન્ટેનું હૃદય બેસી જવા લાગ્યું: તેઓ તેને પગે વજન *બાંધી ઊંચેથી દરિયામાં જ સીધો પધરાવવાના હતા! શેટો દ' ઈફનું કબ્ર-*સ્તાન જમીન ઉપર નહિ, પણ સમુદ્રને તળિયે હતું!

થોડી વારમાં એક જણ બોલ્યો, 'એક, બે, ત્રણ!' તરત કોથળો હવામાં અધ્ધર ફેંકાયો. પગે બાંધેલા વજનથી કોથળો જલદી નીચે ઊતરવા લાગ્યો, અને પછી એક ભારે ધબાકા સાથે ડાન્ટેના શરીર ઉપર બરફ જેવું ઠંડું પાણી ફરી વળ્યું. પણ તે વખતે તેના મોંમાંથી એક તીણી ચીસ નીકળી ગયા વિના ન રહી.

ડાન્ટેને ફેર ચડયા હતા તથા તેનો શ્વાસ લગભગ રૂંધાઈ ગયો હતો. છતાં તેણે સ્વસ્થતા ગુમાવી નહીં. તેણે છરી પોતાના જમણા હાથમાં પકડી તરત કોથળો ચીરી નાખ્યો, અને પોતાના શરીરને છૂટું

કર્યું. પરંતુ પેલા લોખંડના ગોળાનું વજન તેને ઊંડે ને ઊંડે ખેંચતું ગયું. તેણે નીચા વળી પગ ઉપરનું દોરડું જલદી કાપવા માંડયું અને છેવટે જ્યારે તેનો શ્વાસ છેક રૂંધાઈ જવાનો થયો, ત્યારે તે છૂટો થયો અને જોરથી એક કૂદકો લગાવી સપાટી ઉપર આવ્યો. થોડી વાર શ્વાસ લેવા થોભીને તેણે તરત પાછી ડૂબકી મારી. કારણ કે, ખડક ઉપર પેલા ઘોર-ખોદુઓ હજી કદાચ તપાસ કરતા ઊભા હોય.

બીજી વાર જ્યારે તે બહાર નીકળ્યો, ત્યારે પચાસેક કદમ દૂર જ નીકળ્યો. ઉપર ઘનઘોર આકાશ છવાઈ રહ્યું હતું અને થોડે દૂર શેટો દ' ઈફનો કાળ-અંધાર ખડક ઘૂઘવતો ઊભો હતો. ડાન્ટેએ ફરી લાંબી ડૂબકી મારી.

નજીક જે બે ટાપુઓ હતા, તે વસ્તીવાળા હતા; તેથી તેણે ટિબુલેંના ટાપુ તરફ જ જવાનો વિચાર કર્યો. તે ત્રણ માઈલ દૂર હતો.

ડાન્ટેને માત્ર થાક જ સતાવતો ન હતો. શેટો દ' ઈફ તરફથી પીછો પકડવામાં આવે તેનો ભય પણ એટલો જ તીવ્ર હતો. તેનાથી છેવટના સમયે પડાઈ ગયેલી ચીસ કોણ જાણે કોણે કોણે સાંભળી હશે! દરેક મોજા પાછળ તેને ધસી આવતી હોડીની જ કલ્પના આવતી હતી; અને પવનના દરેક સુસવાટામાં હલેસાંના કે માણસોના અવાજ તેને કાને સંભળાયા જ કરતા.

એક કલાકમાં તો તે છેક જ થાકી ગયો. આજુબાજુ કાળાં વાદળ જાણે વધુ કાળાં બની તેની સામે ઊતરવા લાગ્યાં. અચાનક તેના પગે કશું વાગ્યું. તેણે માની લીધું કે, પીછો પકડનારાઓએ મારેલી ગોળી તેને વાગી છે અને હવે થોડા જ વખતમાં બંદૂકનો અવાજ સંભળાશે. પણ તેવો કોઈ અવાજ આવ્યો નહિ; એટલે તેણે આગળ વધવા હાથ લંબાવ્યા. ત્યારે તેને કશું સામું અથડાયું. તેણે પગ નીચો કર્યો તો તે જમીનને અડયો. તેણે અંધારામાં સામું ઊતરેલું વાદળ માન્યું હતું, તે ખરી રીતે ટિબુલેંનો ખડક હતો.

ભગવાનનો પાડ માની, ખડક ઉપર જરા ઊંચે ચડી તે ચત્તાપાટ સૂઈ ગયો. અને સૂતો તેવો જ ઊંઘી ગયો. કલાક પછી ગર્જનાઓના અવાજથી તે જાગ્યો ત્યારે તેને ખબર પડી કે, ચારે તરફ ભયંકર તોફાન ફાટી નીકળ્યું છે અને આખો ખડક જાણે મોજાંના જોરથી હમણાં ઊખડયો, હમણાં ઊખડયો, એમ ધણધણવા લાગ્યો છે.

થોડી વારમાં વીજળીનો મોટો કડાકો થયો. તેના પ્રકાશમાં તેણે જોયું કે દૂર દૂર માછીમારોનું એક જહાજ એ તોફાનમાં સપડાઈને ઊછળવા તથા તણાવા લાગ્યું છે. બીજા ચમકારા વખતે તેણે જોયું તો તે તૂટી ગયું હતું અને ખલાસીઓ લાકડાના પાટડા ઉપર આમતેમ ઘસડાતા હતા. મદદ માટેની તેમની વેદનાભરી બૂમો પણ તેને કાને સંભળાઈ. થોડી વારમાં તે સંભળાતી બંધ થઈ ગઈ: બધા જ ડૂબી ગયા હતા.

પરોઢ થતાં સુધીમાં વાદળો ઘસડાઈ ગયાં અને આકાશમાં ક્યાંક ક્યાંક તારા ચમકવા લાગ્યા. પછી તો સવાર થયું અને કેટલાંય વર્ષે સૂર્યોદયનો ભવ્ય દેખાવ ડાન્ટેએ ફરી વાર નજરે નિહાળ્યો.

તેણે કૃતજ્ઞ હૃદયે ભગવાનને અંજલિ અર્પણ કરી.

૧૮

મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ઉપર

સવારના પાંચ વાગ્યા હતા. ડાન્ટે કલ્પના કરવા લાગ્યો કે બે યા ત્રણ કલાકમાં જેલર મારી ખોલીમાં જશે અને દિવસના અજવાળામાં મડદાની ફાટેલી આંખો જોઈ તરત ભયનો પોકાર કરશે. પેલી સુરંગનો રસ્તો પણ પકડાઈ જશે અને પેલા ઘોરખોદુઓને સવાલ-જવાબ માટે ઝટ બોલાવવામાં આવશે. પછી તરત જ સશસ્ત્ર સૈનિકોવાળી હોડીઓને ચોતરફ પીછો કરવા દોડાવવામાં આવશે અને દૂર દૂર ચેતવણી પહોંચાડવા તોપોના ધડાકા કરવામાં આવશે.

ડાન્ટે ઈશ્વરને યાદ કરી, આતુર હૃદયે પ્રાર્થના કરવા લાગ્યો. તેણે શેટો દ' ઈફ તરફ નજર કરી, તો એક જહાજને માર્સેલ્સ બંદરેથી નીકળી દરિયા તરફ વેગથી આવતું જોયું. અનુભવી ખલાસી તરીકે વહાણનો દેખાવ જોઈને જ એ જાણી ગયો કે, તે વહાણ ખાનગી માલિકીનું છે તથા ઘણુંખરું દાણચોરી કરનારાઓનું છે.

ચારે બાજુ જેલમાંથી કેદી નાસી છૂટવાની વાત જાહેર થાય તે પહેલાં આ જહાજની સામા જઈ પહોંચવાનો વિચાર કરીને તે નીચે ઊતર્યો. કિનારા ઉપર ગઈ રાતે ડૂબેલી હોડીના ખલાસીમાંના એકની લાલ ટોપી ઘસડાઈને તણાઈ આવી હતી. હોડીનો એક પાટડો પણ પાસે જ પડ્યો હતો. બંને ચીજો મળવા બદલ ઈશ્વરનો આભાર માની, તેણે કંઈક હળવા મને સમુદ્રમાં ઝંપલાવ્યું.

જહાજવાળાઓના ધ્યાન ઉપર તેની બૂમો અને નિશાનીઓ આવતાં જ તેને બચાવવા બે ખલાસીઓ સાથે એક હોડી નીચે ઉતાર-

વામાં આવી. તેમાંના એક ખલાસીએ ડાન્ટેને માથાના વાળ પકડી બહાર કાઢયો, ત્યારે થાકથી તે ડૂબવા જ લાગ્યો હતો અને બેભાન થઈ ગયો હતો.

તે ભાનમાં આવ્યો ત્યારે જહાજ ઉપર પડેલો હતો. તેને બચાવનાર જેકોપો નામના ખલાસીએ તરત તેના મોં સામે પોતાની દારૂ ભરેલી મશક ધરી.

જહાજના કપ્તાને પછી તેની બારીક પૂછપરછ શરૂ કરી. આગલી રાતે ડૂબેલી હોડીનો હું ખલાસી છું એવી વાત ડાન્ટેએ કહી; તથા પોતાના લાંબા વાળ તથા દાઢી બાબત એવો ખુલાસો કર્યો કે, મારે માથે દશ વર્ષમાં જળની ઘાત આવવાની હતી તેથી મેં બાધા રાખી હતી. આજે તે ઘાતમાંથી હું પાર ઊતર્યો, એટલે હવે મારી વાળ વધારવાની બાધા પૂરી થાય છે.

આ જહાજ દાણચોરોનું જ હતું, અને અજાણ્યા માણસને એ જહાજ ઉપર વધુ રાખવો એ જોખમભરેલું ગણાય. ઘણાં બંદરી રાજ્યોના જકાતી અમલદારો અધવચ ડૂબતા ખલાસીઓને વેશે આવાં વહાણોની તપાસ કરવા પ્રયત્ન કરતા હોય છે.

વધુ પૂછપરછથી કપ્તાનને એટલી ખાતરી તો થઈ કે, માણસ સારો ખલાસી છે અને ભૂમધ્ય સમુદ્રનાં ઘણાંખરાં બંદરોની તેને પૂરી માહિતી છે. જેકોપોએ તો કપ્તાનને આગ્રહ પણ કર્યો કે, આવા માણસને આપણા વહાણ ઉપર જ રાખી લેવો જોઈએ.

ડાન્ટેએ હવે કપ્તાનને પૂછયું: 'તમારે કયે બંદરે જવું છે?'

'લૅઘોર્ન બંદરે'

'તો પછી તમે આ લાંબો રસ્તો શા માટે લો છો?'

'બીજો ટૂંકો રસ્તો વળી કયો છે? વચ્ચે રિયોં ટાપુનો ખડક પડે છે.'

'મારા કહેવા પ્રમાણે વહાણ ચલાવી જુઓ; તમે એ ખડકથી ખાસા દૂર રહીને જઈ શકશો.'

કપ્તાને ડાન્ટેને સુકાન સોંપ્યું. તેણે અનુભવી ખલાસીની રીતે હુકમો છોડવા માંડયા. થોડી વારમાં રિયોં ટાપુથી સહીસલામત દૂર રહીને જહાજ આગળ વધવા માંડયું.

સૌ ખલાસીઓએ આનંદનો પોકાર કર્યો. કપ્તાન પોતે પણ ડાન્ટેને શાબાશી આપવા લાગી ગયો.

લૅઘોર્ન બંદરે જઈ ડાન્ટેએ પોતાની દાઢીના વાળ સમૂળગા સાફ કરાવ્યા અને માથાના વાળ ટૂંકા કરાવ્યા. ત્યાર બાદ, પહેલી વાર તેણે ચાટલામાં પોતાનું મોં જોવા પ્રયત્ન કર્યો, તો પોતે પોતાને જ ન ઓળખી શક્યો! તે જેલમાં પુરાયો ત્યારે તેની ઉંમર ૧૯ વર્ષની હતી; હવે તેની ઉંમર ૩૩ વર્ષની થઈ હતી. જે દિવસે જેકોપોએ તેને દરિયામાંથી ડૂબતો બચાવ્યો હતો, તે દિવસે પણ બરાબર ફેબ્રુઆરીની ૨૮ મી તારીખ જ હતી; અર્થાત્ જેલમાં તેણે પૂરાં ૧૪ વર્ષ ગાળ્યાં હતાં.

જહાજના કપ્તાને ડાન્ટેને પોતાના વહાણમાં જ જોડાઈ જવા આગ્રહ કર્યો. ડાન્ટેએ પણ વિચાર્યું કે, હમણાં બધાં બંદરોએ તેની તપાસ ચાલતી હોય તેવે વખતે વસ્તીના સંપર્કથી દૂર રહેનારું આવું દાણચોરોનું વહાણ જ વધુ સહીસલામત ગણાય. ઉપરાંત મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ઉપર તેને જવું હોય તોપણ વગર પૈસે તો એકદમ જવાનું બને જ નહિ. એટલે તેણે ત્રણ મહિના તેઓની સાથે વધુ રહેવાનો કરાર કર્યો. કપ્તાન બધા ખલાસીઓને જહાજના ફેરા દીઠ નફામાંથી અમુક ભાગ આપતો.

એક બંદર ઉપર જકાતખાતાની ચોકિયાત ટુકડી જોડે આ જહાજ-વાળાઓને અથડામણમાં આવવું પડયું. તેમાં ડાન્ટે ઘાયલ થયો. જેકો-પોએ તે વખતે પણ ડાન્ટેની સારવાર ખૂબ દિલ દઈને કરી. જેકોપોએ જ્યારથી ડાન્ટેને બચાવ્યો હતો, ત્યારથી તેને ડાન્ટે તરફ ખેંચાણ રહ્યા કરતું હતું; અને તેમાંય ડાન્ટેની કુશળતા અને બહાદુરીનો પ્રત્યક્ષ અનુભવ થયા બાદ તે એમ જ માનતો થયો હતો કે, ડાન્ટે જ બધાનો નાયક થવાને લાયક છે.

ઘાની પીડામાંથી સાજા થઈને ઊઠયા બાદ ડાન્ટેએ જેકોપોને ખલાસી-વિદ્યા મન દઈને શીખવવા માંડી. આકાશના તારાઓ, હવાની દિશાઓ, જુદા જુદા કિનારાઓ, પાણીનાં વહેણ વગેરેથી જેકોપોને માહિતગાર કરવામાં તેણે ખૂબ રસ લેવા માંડયો. જેકોપો કોઈ કોઈ વાર હસતાં હસતાં કહેતો : 'ભાઈ, આ બધું મારા જેવા સામાન્ય ખલાસીને શીખવવાની શી જરૂર?'

'કોણ જાણે, તું પણ કોઈ વખત એક વહાણનો કપ્તાન થાય! કોર્સિકાનો તારો દેશભાઈ નેપોલિયન, જો ને, મોટો બાદશાહ થયો હતો ને?'

બીજા અઢી મહિના પસાર થઈ ગયા. તે દરમ્યાન મોન્ટે-ક્રિસ્ટો ટાપુ આગળ થઈને ડાન્ટે વીસેક વખત પસાર થયો હશે, પણ એકે વખત ત્યાં ઊતરવાનો જોગ બન્યો નહિ.

આ દરમ્યાન જહાજના કપ્તાને દાણચોરીનો વેપાર કરનારી બે-ચાર જુદી જુદી મંડળીઓ સાથે મોટા પ્રમાણમાં માલ લાવી આપવાનો સોદો ગોઠવ્યો. તે કામ અંગે ભૂમધ્ય સમુદ્રમાં વચ્ચે જ ક્યાંક નિર્જન અને સહીસલામત જગાએ માલ આપવા-લેવાનું ગોઠવવું પડે તેમ હતું. બધાએ મોન્ટે-ક્રિસ્ટો ટાપુ જ પસંદ કર્યો. એટલે માલ ભરી લીધા બાદ વહાણ તરત મોન્ટે-ક્રિસ્ટો તરફ જવા ઊપડયું.

રાતના દશ વાગ્યે વહાણ ટાપુ ઉપર લાંગર્યું. સૌથી પહેલો ડાન્ટે જ કિનારા ઉપર કૂદી પડયો. પાછલી રાતે આ જહાજનો માલ લેવા જે હોડી આવવાની હતી, તે આવી. માલ ઉતારવા-ચડાવવાનું શરૂ થયું.

કામ પૂરું થયુંએટ લે બીજે દિવસે સાંજના પાછા ઊપડવાનું નક્કી કરવામાં આવ્યું. બપોરે ખાલી વખત મળ્યો એટલે ડાન્ટે શિકાર શોધવાને બહાને બંદૂક લઈને એકલો ટાપુ ઉપર ફરવા નીકળી પડયો.

વીલના કાગળમાં લખેલી નાની ખાડી તેણે શોધી કાઢી. ત્યાંથી માંડીને આગળ આગળ કંઈક નિશાનીઓ જેવું કોતરેલું પણ તેને જણાયું.

તે પ્રમાણે આગળ ચાલતાં તેણે જોયું કે, બધી નિશાનીઓ એક ગોળ-મટોળ ખડક આગળ પૂરી થતી હતી. તેની પછી ઊંચી કરાડ જ શરૂ થતી હતી.

એ ખડકની નીચે કે પાછળ કંઈક અંદર પેસવાની ગોઠવણ હશે એવું તેને લાગ્યું. પણ તેને માટે વધુ નિરાંતે તપાસ કરવી જોઈએ. વધુ મોડું થાય તો તેને ભૂલો પડેલો માની તેના સાથીદારો કે જેકોપો જ તેને શોધવા ત્યાં આવી પહોંચે. તેથી તે તરત પાછો ફર્યો. જરા ઊંચી કરાડ ઉપરથી જોયું તો તેના સાથીદારો તાપણાં કરી ખાવાની તૈયારીઓ કરતા હતા. ડાન્ટેએ આનંદનો અવાજ કરી જરા જોરથી નીચે ઊતરવા માંડયું. તેના સાથીદારો અને ખાસ કરીને જેકોપોએ તેને સંભાળીને ઊતરવા કહ્યું. પણ એટલામાં તો તેમને બીક હતી તે જ થયું: ડાન્ટેનો પગ લપસ્યો, અને એક ભારે ચીસ પાડી, ઢગલો થઈને તે નીચે પડયો. બધા તેની પાસે દોડી ગયા. તેને ઉપાડવા જતાં જ ભયંકર વેદનાથી તે બૂમાબૂમ પાડવા લાગ્યો. બધાને ખાતરી થઈ કે તેની પાંસળીઓ ભાંગી ગઈ છે.

કપ્તાને લાચારીથી ડાન્ટેના કહ્યા મુજબ તેને માટે થોડું ખાવાપીવાનું તથા દારૂ સાથે બંદૂક વગેરે સાધન પાછળ મૂકયાં અને છ દિવસ બાદ પાછા ફરતાં તેને વહાણ ઉપર લેતા જવાનું ગોઠવ્યું.

જેકોપોએ પોતાના ભાગનો નફો ગુમાવીને પણ ડાન્ટેની સારવાર માટે તેની સાથે જ રહેવા આગ્રહ કર્યો; પણ ડાન્ટેએ તેને સમજાવ્યો કે, એક વધુ ખલાસી ઓછો કરવો એ કપ્તાનને આવા ભારે કામકાજના વખતમાં મુશ્કેલીમાં મૂકવા જેવું થાય. જેકોપો ખિન્ન મને વિદાય થયો; પણ ડાન્ટેની આંખમાંથી એ ભલા માણસનો સદ્‌ભાવ જોઈને બે આંસુ નીકળી પડયાં.

વહાણ દૃષ્ટિમર્યાદામાંથી દૂર થયું, એટલે તરત ડાન્ટે હસતો હસતો કપડાં ખંખેરીને ઊભો થયો તથા પોતે રખાવેલાં બંદૂક-દારૂ વગેરે સાધનો લઈને પેલા ગોળ ખડક આગળ જઈ પહોંચ્યો.

ડાન્ટેએ બંદૂકનો દારૂ એક જગાએ ખાડો ખોદીને ભર્યો અને પલીતો મૂકી તેને સળગાવ્યો. તરત ધડાકા સાથે આખી શિલા ધણધણી ઊઠી અને ડાન્ટેએ તેને એક બાજુથી સહેજ ધક્કો આપ્યો કે ગબડતી ગબડતી તે દરિયાના પાણીમાં જઈને પડી. એ શિલાની જગાએ એક ચોરસ પથ્થર લોખંડના કડા સાથે દેખાયો.

કડામાં લાકડું ભરવીને ઉચ્ચાલન કરતાં જ પથ્થર ઊંચો થયો અને અંદર એક બખોલ તથા પગથિયાં જેવું દેખાયું. આસપાસ કે દૂર દરિયામાં પણ વહાણ જેવું કંઈ છે કે નહિ એની ખાતરી કરી આવ્યા બાદ ડાન્ટે તેમાં ઊતર્યો.

ગુફા ખાલી હતી અને તેમાંથી આગળ જવાનું કોઈ બારણું ન હતું. પરંતુ ડાન્ટેને યાદ આવ્યું કે, કાગળમાં જણાવ્યા પ્રમાણે ગુફાઓમાં બે બાકોરાં કરેલાં છે. તેમાંના એક મારફતે તો તે અંદર પેઠો, એટલે બીજું બાકું કયાંક હોવું જોઈએ. તેણે પોતાની કોશ ચારે બાજુ ઠોકવા માંડી. અચાનક એક જગાએ કોશ પડતાં જ એક પોપડો ઊખડી પડયો. ત્યાં જ થોડા ઘા કરતાં અંદર પેસાય તેવી ખુલ્લી જગા થઈ ગઈ. એટલો ભાગ પોચા ચૂનાથી જ સીડી લીધેલો હતો. અંદરની બીજી ગુફા પણ તદ્દન ખાલી હતી! પણ ડાન્ટેને કાગળના શબ્દો યાદ આવ્યા : ‘બીજી ગુફાના દૂરના ખૂણામાં.’

ત્યાં ખોદતાં જ અંદરથી લોખંડના પટ્ટાઓવાળી લાકડાની મોટી મજૂસ તેને મળી.

૧૯
માર્સેલ્સમાં

ખજાનામાંથી થોડા હીરા ભરી લઈ, ડાન્ટેએ પાછું બધું બરાબર બંધ કરવા માંડયું. પોતાની પાછળ બીજો માણસ અંદર પેસે તો તેને કશી જ નિશાની ન મળે એવું કરતો કરતો તે છેક બહાર આવ્યો. કડાવાળા પથ્થરને બરાબર ગોઠવી લઈ, તેણે તેના ઉપર માટી વાળી દીધી તથા જલદી ઊગતા વેલા લાવી તેના ઉપર વાવી દીધા.

છઠ્ઠે દિવસે જહાજ તેને લઈ જવા ત્યાં આવ્યું. ડાન્ટે તેમાં બેસી લૅઘોર્ન બંદરે ઊતરી ગયો. તેનો ત્રણ મહિનાનો કરાર હવે પૂરો થતો હતો. બંદરે ઊતરીને તે હીરામોતીનો વેપાર કરતા એક યહૂદી ઝવેરીને ત્યાં ગયો. ત્યાં તેણે ચાર નાના હીરા પાંચ પાંચ હજાર ફ્રાંકે વેચી દીધા. લુચ્ચા યહૂદીએ કશા અણગમતા સવાલ-જવાબ ન કર્યા; કારણ કે તેને દરેક હીરે એક હજાર ફ્રાંકનો નફો મળતો હતો.

ડાન્ટેએ હવે એક નવું જહાજ ખરીદ્યું અને તેને જોઈતી સાધન-સામગ્રીથી સુસજ્જ કર્યું. ત્યાર બાદ, જોઈતા ખલાસી-નોકર વગેરે રાખવા માટે પૂરતી રકમ સાથે, તેણે તે આખું જહાજ જૅકોપોને ભેટ આપી દીધું. ડાન્ટેએ એવી વાત ઉપજાવી કાઢી કે, પોતે સુખી ઘરનું સંતાન હતો, પણ ઘરવાળાઓ સાથે લડી-ઝઘડીને નાસી છૂટયો હતો. હમણાં લૅઘોર્ન બંદરે આવતાં તેને ખબર મળી કે તેના અહીં રહેતા એક પૈસાદાર પરંતુ નાવારસ કાકા ગુજરી ગયા હતા અને તેને એકમાત્ર વારસદાર બનાવતા ગયા હતા!

જેકોપો રાજી રાજી થઈ ગયો; પોતાને આખું જહાજ બક્ષિસ મળ્યું તે માટે નહિ; પરંતુ પોતાના પ્રિય મિત્રને તેને લાયક મોટો વારસો અને પ્રતિષ્ઠા મળ્યાં તે માટે!

ડાન્ટેએ જેકોપોને એક કામ કરી આવવાનું સોંપ્યું; અને તે એ કે, માર્સેલ્સ જઈ તેણે અમુક ઠેકાણે રહેતા લૂઈ ડાન્ટે નામના ડોસાની અને કેટલન લોકોના વાસમાં રહેતી મર્સિડીસ નામની જુવાન સ્ત્રીની ભાળ કાઢી આવવી. એ ભાળ કાઢીને તેણે ડાન્ટેને અમુક દિવસ બાદ મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ઉપર ભેગા થવાનું હતું.

જેકોપોને વિદાય કર્યા બાદ, ડાન્ટેએ તપાસ કરીને લૅગોર્નના એક ઉત્તમ જહાજ બાંધનારા પાસેથી, કોઈ અંગ્રેજ વહાણવટી માટે તેણે ખાસ ઑર્ડરથી બનાવેલી ઝડપી વેગવાળી યાટ-નૌકા ખરીદી લીધી. અંગ્રેજે તેના ૪૦ હજાર ફ્રાંક ઠરાવેલા હતા; ડાન્ટેએ તેના સાઠ હજાર ફ્રાંક રોકડા આપી દીધા. ડાન્ટેએ એ બાંધનાર પાસે પોતાની કૅબિનની નીચે અમુક માપનો એક છૂપો સંચ કરાવડાવ્યો. તેવો સંચ ત્યાં હોવાની બીજા કોઈને ઝટ કલ્પના પણ ન જાય. એ યાટ-નૌકા બીજા ખલાસીઓ વિના ડાન્ટે એકલો જ હંકારવાનો હતો.

બીજા દિવસને અંતે ડાન્ટે મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ઉપર આવી ગયો અને પોતાની યાટ-નૌકાને સીધો નાની ખાડીમાં લઈ ગયો. ટાપુ ઉપર કોઈ ન હતું.

પછીને દિવસે સવારના તેણે ગુફામાંનો આખો ખજાનો પોતાની નૌકાના ગુપ્ત સંચમાં લાવવાનું શરૂ કર્યું અને સાંજ પડતા પહેલાં તો તે કામ પૂરું કર્યું.

એક અઠવાડિયું તેણે એ યાટ-નૌકાને હંકારવાની અને ખેલાવવાની તરકીબો હાંસલ કરવામાં ગાળ્યું. આઠમે દિવસે જેકોપોનું વહાણ મોન્ટે-ક્રિસ્ટો ટાપુ તરફ આવતું દેખાયું.

જેકોપો બહુ નિરાશાજનક સમાચાર લાવ્યો હતો. લૂઈ ડાન્ટે ડોસો ભૂખમરામાં અને કોઈ ભારે આઘાતમાં મરણ પામ્યો હતો; તથા મર્સિડીસ અલોપ થઈ ગઈ હતી.

આ બાબતો અંગે વધુ તપાસ કરવા ડાન્ટેએ જાતે જ જવું પડે. તેને પોતાનો ચહેરો તથા અવાજ બદલાઈ ગયાની ખાતરી થઈ ગઈ હતી. એટલે પોતાની યાટ-નૌકા લઈ, જેકોપોના જહાજ સાથે તે સીધો માર્સેલ્સ બંદરે આવ્યો. લૅઘોર્ન બંદરેથી તેણે પોતાને માટે લૉર્ડ વિલ્મોરના નામનો પાસપોર્ટ કઢાવી રાખ્યો હતો. ફ્રાન્સનાં બંદરોમાં તે વખતે અંગ્રેજ પાસપોર્ટ-વાળાઓ તરફ બહુ આદરભાવથી વર્તાવામાં આવતું; એટલે ડાન્ટેને માર્સેલ્સ બંદરે દાખલ થવામાં કશી મુશ્કેલી નડી નહિ.

પોતાના પિતા જે મકાનમાં રહેતા હતા, તે આખું મકાન તેણે ૨૫,૦૦૦ ફ્રાંકમાં (એટલે કે ખરી કિંમત કરતાં ૧૦,૦૦૦ ફ્રાંક વધુ આપીને) ખરીદી લીધું. પછી કેટલન લોકોના વાસમાં જઈ, એક ગરીબ બુઢ્ઢા માછીમાર સાથે એક કલાક ઉપરાંત પૂછપરછ કરી અને પોતાને જોઈતી બધી માહિતી મેળવી લીધી. બુઢ્ઢા માછીમારને બીજે દિવસે માછલાં પકડવા માટેની એક નવી હોડી, તદ્દન નવી જાળો સાથે ભેટમાં મળી!

તે જ દિવસે ડાન્ટે એક ઘોડા ઉપર બેસી માર્સેલ્સ છોડી ગયો,

૨૦
કેડરો ભૂતકાળ ઉખેળે છે

ફ્રાંસના દક્ષિણ ભાગમાં બ્યુકેર શહેર અને બેલિગાર્દ ગામડાની વચ્ચે રસ્તા ઉપર એક વીશી આવેલી હતી. છેલ્લાં આઠેક વર્ષથી એક પતિપત્ની આ વીશી ચલાવતાં હતાં. વીશી સારી ચાલતી હતી અને વીશીવાળો તથા તેની પત્ની સુખે દહાડા ગુજારતાં હતાં.

પરંતુ બ્યુકેર શહેરને જોડતી નહેર બંધાયા બાદ, માલ તથા મુસાફરોનો અવરજવર એ જળમાર્ગે જ વળી ગયો; અને આ વીશી પડતી દશામાં આવી ગઈ.

વીશીનો માલિક ૪૦-૪૫ વર્ષની ઉંમરનો હતો. તે બીજો કોઈ નહિ, પણ આપણો જાણીતો કેડરો દરજી જ હતો. તેની પરણેતર સુંદર ઘાટની અને મજબૂત બાંધાની હતી; પણ આ તરફનું પાણી તેને લાગવાથી તથા વીશીની જાહોજહાલી ઓસરી જવાથી તે કાયમની બીમાર બની ગઈ હતી. જ્યારે ને ત્યારે તે તાવની ટાઢથી દાંત કકડાવ્યા કરતી અને ઓરડામાં હંમેશ સઘડી પાસે તાપતી જ બેસી રહેતી.

ઈ. સ. ૧૮૨૯ની ત્રીજી જૂનના દિવસે, કેડરો પોતાની રોજની રીત પ્રમાણે, ઘરાકની નિષ્ફળ રાહ જોતો દરવાજામાં ઊભો હતો. તેવામાં તેણે એક ઘોડેસવારને બળતા તાપમાં પોતાની વીશી તરફ આવતો જોયો.

કેડરોએ લળીલળીને મહેમાનને આવકાર આપ્યો : 'પધારો, પધારો સાહેબ !' પરંતુ પછી આવનાર ઘોડેસવારનો ધર્મગુરુ–પાદરીનો જભ્ભો જોઈ, કેડરોએ પોતાની ભૂલ સુધારી અને યથાયોગ્ય નમસ્કાર વગેરે અભિવાદન કર્યાં.

બાવાજીએ કેડરોની સામે લાંબી તીક્ષ્ણ નજર નાખીને પૂછયું: 'તારું નામ જ કેડરો, નહિ?'

'હા જી, આપનું ધારવું તદ્દન સાચું છે.'

'તું માર્સેલ્સમાં.........મહોલ્લામાં રહેતો હતો, નહિ?'

'હા જી, તદ્દન સાચું; પરંતુ આપ પહેલાં અંદર તો પધારો. એક ગરીબ પ્રમાણિક માણસ સાચા દિલથી આપની જે કાંઈ ખાતર-બરદાસ કરી શકે તેટલી જરૂર કરશે. બાકી, આજકાલ તો આપ જાણો જ છો ને, કે પ્રમાણિક માણસને ધંધામાં સાંસા રહે છે, અને અપ્રમાણિક માણસો લીલાલહેર કરે છે.'

'જો તું કહે છે તેમ જ હશે, તો મોડુંવહેલું તને સાચ અને પ્રમાણિકતાનું ફળ મળ્યા વિના નહિ રહે; જેમ દગો-ફટકો અને બદમાશીની સજા પણ મળ્યા વિના નહિ રહે.' બાવાજીએ કંઈક મર્મમાં જવાબ આપ્યો.

"ઠીક છે, બાપજી; આપ તો ધર્મગુરુ રહ્યા એટલે આપને મોંએ તો એ જ શબ્દો આવે; પણ અમારા જેવાઓને તો વ્યવહારમાં એથી ઊલટી જ વાત નજરે જોવા મળે છે: 'ધર્મીને ઘેર ધાડ, અને અધર્મીને લીલાલહેર!'"

'તારી વાત ખોટી છે, એની સાબિતી હું પોતે જ છું.'

'એટલે?' કેડરો નવાઈ પામી બાવાજી સામે જોઈ રહ્યો.

'પરંતુ સૌથી પ્રથમ તો મને ખાતરી થવી જોઈએ કે, હું જે કેડરોને શોધી રહ્યો છું, તે માણસ તું પોતે જ છે.'

'આપને કેવી સાબિતી જોઈએ?'

'૧૮૧૪ કે ૧૮૧૫ના અરસામાં ઍડમંડ ડાન્ટે નામના કોઈ જુવાન ખલાસીને તું ઓળખતો હતો?'

'લો, હું એડમંડ ડાન્ટેને ઓળખતો હતો? અરે પ્રભુ, હું અને તે તો દિલોજાન દોસ્તો હતા, દોસ્તો! પરંતુ બાપજી, આપને ખબર હોય તો કહો તો ખરા કે તે બિચારાની શી ખબર છે?'

'તે તો ક્યારનોય ખરાબમાં ખરાબ કમોતે મરી ગયો!'

કેડરોના મોં ઉપર મોત જેવી પીળી છાયા ફરી વળી, અને તે આડું જોઈ ગયો. પછી બાવાજી તરફ ફરીને તેણે કહ્યું, 'જુઓ બાપજી, હું કહું છું તેનો જ આ પુરાવો! દુનિયામાં કોઈ ભલો માણસ મેં જોયો હોય, તો એ ડાન્ટે જ હતો. તે તો આપ કહો છો તેમ કમોતે મર્યો; પરંતુ જે બદમાશો તેના મોત માટે જવાબદાર હતા, તે બધા અત્યારે લીલાલહેર કરે છે. પણ બાપજી, આપ ડાન્ટેને ક્યાં ભેગા થયા હતા?'

"તે જ્યારે કેદખાનાના અંધારા ભોંયરામાં મરણપથારીએ પડયો હતો, ત્યારે નિયમ મુજબ તેનો છેવટનો પ્રાર્થના-વિધિ કરાવવા મને જેલવાળાઓએ બોલાવ્યો હતો. પોતાને વિના કારણ મળેલી કેદથી તે બહુ હતાશ થઈ ગયો હતો; અને તપાસ કરીને એ ખોટું કલંક બને તો ધોઈ કાઢવાનો પ્રયત્ન કરવાની તેણે મને વિનંતી કરી હતી. પણ તે તો જ્યારે થાય ત્યારે થાય; અત્યારે તો હું તેણે સોંપેલું એક સંપેતરું પહોંચાડવા આ તરફ આવ્યો છું. વાત એમ છે કે, તેની સાથે જેલમાં એક તવંગર અંગ્રેજ કેદી હતો. બીજી વખત લૂઈ રાજા ગાદીએ આવ્યો, ત્યારે તેને છોડી મૂકવામાં આવ્યો. તે અંગ્રેજ પાસે ભારે કિંમતનો એક હીરો છુપાવેલો હતો. જેલમાં તે અંગ્રેજ એક વખત જીવલેણ બીમારીના પંજામાં સપડાયો હતો, ત્યારે ડાન્ટેએ દિલ દઈને તેની સારવાર કરી હતી. પેલો અંગ્રેજ જ્યારે છૂટયો, ત્યારે તે હીરો ડાન્ટેને આપતો ગયો. ડાન્ટેએ તે હીરો મને આપ્યો અને કહ્યું કે, 'મારે માટે ખરેખર આ જગતમાં દુઃખી થાય તેવાં ચાર માણસો છે, તથા તે ઉપરાંત જેની જોડે મારો વિવાહ થયો હતો તે યુવતી. આ હીરો પચાસ હજાર ફ્રાંકથી પણ વધુ કિંમતનો છે; તેને વેચીને તમે એ પાંચેને દશ દશ હજાર ફ્રાંક વહેંચી આપજો."

'પચાસ હજાર ફ્રાંકનો હીરો!' કેડરોની આંખો ચમકી ઊઠી.

બાવાજીએ તરત પોતાના જભ્ભામાંથી એક વાટવો કાઢી તેમાંથી એ હીરો પોતાની હથેળીમાં મૂકીને બતાવ્યો. તેનો ઝગમગાટ જોઈ, ચાલાક કેડરો સમજી ગયો કે એ હીરાની કિંમત તેથી વધુ હશે પણ ઓછી નહિ.

બાવાજીએ હવે આગળ ચલાવ્યું: 'એ પાંચમાંથી એકનું નામ કેડરો છે. કદાચ તું પોતે જ તે હોય. જોકે, તારે હજુ મને એ વાતની ખાતરી કરાવી આપવાની છે. બીજાનું નામ છે ડૅન્ગ્લર્સ; ત્રીજો છે ફર્નાન્ડ; ચોથી મર્સિડીસ પોતે; અને પાંચમો હતો ડાન્ટેનો પિતા. પરંતુ માર્સેલ્સમાં જ મને ખબર મળ્યા કે તેનો પિતા તો ગુજરી ગયો છે. જોકે તે શી રીતે ગુજરી ગયો તેની કશી વિગત મને મળી નથી. તું જાણતો હોય તો મને કહે; કારણ કે એ ડોસો ખરેખર મરી ગયો હોય, તો તેના ભાગના દશ હજાર ફ્રાંક મારે બાકીના ચારને જ વહેંચી દેવા પડશે.'

'હા, હા. તે ડોસો શી રીતે મરી ગયો તે હું બરાબર જાણું છું. હું પોતે તેની આખરઘડી સુધી તે જ મકાનમાં તેની બરોબર નીચેના ઓરડામાં રહેતો હતો. તે ભૂખે ટાંટિયા ઘસતો મરી ગયો છે.'

'ભૂખે? અરે લોકો કૂતરાને પણ ભૂખે મરી જવા નથી દેતા.' બાવાજી વચમાં જ તડૂકી ઊઠયા.

"અલબત્ત, મર્સિડીઝ અને શ્રી. મૉરેલ ડોસાની બરાબર સંભાળ રાખવા પ્રયત્ન કરતાં હતાં. તે બંનેએ ડોસાને પોતાને ત્યાં લઈ જવા પણ બહુ સમજાવ્યો હતો. પરંતુ ડોસો એમ જ કહ્યા કરતો કે, 'મારો ડાન્ટે કોઈ વખત જેલમાંથી છૂટે કે નાસી છૂટે, તો મને મળવા તે પહેલવહેલો અહીં જ આવે તે વખતે હું અહીં ન હોઉં તો તેને કેવું લાગે!'"

બાવાજી એ સાંભળી સહેજ કંપી ઊઠયા. કેડરોએ આગળ ચલાવ્યું, "ડોસો કાયમ ડાન્ટેના શોકમાં મગ્ન રહેતો હતો. પછી મેં જોયું કે, ડોસાએ ધીમે ધીમે પોતાની નાની મોટી ચીજો વેચી નાખવાં માંડી.

છેવટે વેચી ખાવા જેવી કશી વસ્તુ તેની પાસે બાકી ન રહી; અને ત્રણ હપતાનું ભાડું ચડી જવાથી મકાનમાલિકે તેને ઘર ખાલી કરવાની ધમકી આપી. ડોસાએ સાત દિવસની મહેતલ માગી. ત્યાર પછી ચાર દિવસ તો તેનાં પગલાં મને માથા ઉપર સંભળાતાં રહ્યાં. પરંતુ પછી અચાનક તેનો કશો સંચાર મને ન જણાતાં, મેં ઉપર જઈ બારણાના કાણામાંથી જોયું, તો ડોસો ઢગલો થઈને એક બાજુએ પડયો હતો. હું તરત દોડીને શ્રી. મૉરેલને તથા મર્સિડીસને ખબર આપી આવ્યો. શ્રી. મૉરેલ ડાકટરને લઈને તરત દોડી આવ્યા. ડાકટરે ડોસાને કહ્યું કે, પેટમાં ચાંદાં પડી ગયાં છે; માટે દવા લો અને ખાવાનું બહુ ઓછું કરી નાખો ! તે સાંભળીને ડોસો જે ફીકું હાસ્ય હસ્યો હતો, તે મને હજી યાદ છે. ડોસાની સ્થિતિ છેક બગડી ગયેલી જોઈને મર્સિડીસે તેને પોતાને ઘેર લઈ જવાની ભારે જક પકડી. પરંતુ ડોસાએ એવી કરુણ ચીસો નાખીને રડવા માંડયું કે, શ્રી. મૉરેલ અને મર્સિડીસ બંને ગભરાઈ ગયાં. છેવટે મર્સિડીસ ડોસા પાસે જ રહી; અને શ્રી. મૉરેલ પોતાની રાતા રંગની પૈસાની થેલી છાનામાના ચૂલા ઉપરના તાકામાં મૂકી, મર્સિડીસને ઈશારાથી બતાવીને ચાલ્યા ગયા. નવ દિવસે ડોસાએ પ્રાણ મૂકયા. મરતી વખતે તેણે પોતાના પુત્ર ઉપર વિના કારણ આફત લાવનારાઓને શાપ આપ્યા અને મર્સિડીસને કહ્યું, 'બેટા, જો તું ફરી કદી ઍડમંડને મળે, તો તેને કહેજે કે, હું તેને નિર્દોષ જ માનું છું; અને અંતરના આશીર્વાદ આપતો આપતો મરું છું.'"

અચાનક બાવાજી ખુરશી ઉપરથી ઊભા થઈ ગયા અને ભીંત ભણી આડું જોતા જોતા ફરવા લાગ્યા. પછી કૅડરો તરફ જોઈ તેમણે ઘોઘરે અવાજે કહ્યું : 'આ તો બહુ કારમો કિસ્સો છે.'

'અને તે આખો બનાવ માણસે જ બદમાશીથી ઊભો કરેલો હોવાથી વધુ કારમો છે. અને તે માણસો પણ પાછા એવા કે જેમને બિચારો ડાન્ટે પોતાના હિતૈષી માનીને દશ દશ હજાર ફ્રાંકની ભેટ મરતી વખતે આપતો ગયો છે.' કૅડરો કંઈક ડંખ સાથે બોલ્યો.

'એમ? તો પછી તું મને બધી વાત સીધી જ કહી દે. જેમ ડાન્ટેના મૃત્યુ પામેલા બાપની રકમ મારે બાકી રહેલા ચારને જ વહેંચી દેવાની છે, તેમ બાકીના ચારમાંથી જેઓ ડાન્ટે અને તેના પિતાના કારમા મૃત્યુ માટે જવાબદાર હશે, તેમની રકમ પણ તેમને આપવા હું બંધાયેલો નથી. પણ મને તારે ખાતરી કરાવી આપવી જોઈશે.'

કૅડરોએ પછી લા-રિઝર્વ હોટેલમાં બેઠાં બેઠાં ડૅન્ગ્લર્સે અને ફર્નાન્ડે કેવું કાવતરું રચ્યું હતું, તથા પોતે તે વખતે દારૂ પીને ટેં થઈ ગયો હોવા છતાં અમુક અમુક વખતે કેવો જાગી ગયો હતો, તે આખી વાત વિગત-વાર કહી સંભળાવી.

થોડી વાર વિચારમાં પડી ગયા હોય તેમ ચૂપ રહ્યા પછી બાવાજીએ અચાનક તેને પૂછયું, 'તેં આખી વાતમાં શ્રી. મૉરેલનું નામ બેત્રણ વખત દીધું; તો તે કોણ છે વારુ?'

"'फराओन' જહાજનો માલિક અને ડાન્ટેનો શેઠ."

'અને આ આખા નાટકમાં તેમણે શો ભાગ ભજવ્યો છે?'

'એક પ્રમાણિક, હિંમતવાન અને સાચા સજ્જનનો. રાજદરબારમાં પોતાને માથે ડાન્ટેના મળતિયા હોવાનો વહેમ આવે તેટલી હદ સુધી જઈને તેમણે ડાન્ટેના છુટકારા માટે દોડાદોડ કરી હતી. અને નેપોલિયન બાદશાહ સો દિવસ પાછા ફર્યા ત્યારે તો તેમણે જોર કરીને દ' વિલેફૉર્ટ ઉપર દબાણ કર્યું હતું. તેથી રાજા લૂઈ ફરી ગાદીએ આવ્યો ત્યારે શ્રી. મૉરેલને નેપોલિયનપક્ષી ગણીને તેમની સારી પેઠે પજવણી થઈ હતી. ડાન્ટેના બાપને પોતાને ત્યાં લઈ જવા પણ તે અનેક વાર આગ્રહ કરી ગયા હતા; અને ડોસાના મૃત્યુ પહેલાં પોતાની પૈસાની ભરેલી રાતા રંગની થેલી તેની સારવાર માટે ચૂલા ઉપરના તાકામાં મૂકી ગયા હતા. એ પૈસામાંથી જ ડાન્ટેના બાપનું બધું દેવું ચૂકવાયું અને તેની દફનક્રિયા પણ સારી રીતે કરવામાં આવી. એ ખાલી થેલી હજુ મેં મારી પાસે સંઘરી રાખી છે!'

‘હજુ શ્રી. મૉરેલ જીવે છે?’

‘હા.’

‘અને પહેલાંની જેમ સુખી-સમૃદ્ધ છે?’

‘ના રે ના; છેક જ પાયમાલ થઈ ગયા છે; અને કદાચ દેવાળું કાઢવું પડે એવી સ્થિતિમાં છે.’

‘એમ કેમ?’

“હમણાંનું કોણ જાણે કમનસીબ જ તેમને ઘેરી વળ્યું છે. તેમનાં પાંચ પાંચ વહાણ ડૂબી ગયાં; ત્રણ મોટી પેઢીઓ કે જેમાં તેમનાં નાણાં રોકાયેલાં હતાં, તે કાચી પડી ગઈ; અને હવે તેમનું જૂનું જહાજ ‘फराओन’ હિંદમાંથી ગળી અને રંગ ભરીને આવવાનું છે, તેના ઉપર જ તેમની છેલ્લી આશા લટકી રહેલી છે. તે વહાણને જો કંઈ થયું, તો શ્રી. મૉરેલની પાયમાલી નક્કી જ સમજવી”

‘તેમને બૈરી-છોકરાં છે?’

‘હા; દેવતા જેવી સ્ત્રી છે, જેણે તેમને અત્યાર સુધી ટકાવી રાખ્યા છે. એક દીકરી છે, જેનું લગ્ન તેના પ્રેમપાત્ર સાથે થવાનું હતું, પણ શ્રી. મૉરેલની અત્યારની અવદશાને કારણે રોકાઈ ગયું છે. ઉપરાંત તેમને એક છોકરો છે, જે લશ્કરમાં લેફ્ટેનંટના હોદ્દા ઉપર છે. એ બધાં ઉપરની મમતાને કારણે જ શ્રી. મૉરેલ જીવતા રહ્યા છે; નહિ તો ક્યારનુંય પિસ્તોલથી પોતાનું માથું તેમણે ઉડાવી દીધું હોત. તેમના જેવો માણસ આ સ્થિતિમાં જીવતા રહેવાનું પસંદ જ ન કરે.’

‘ખરેખર, ભયંકર!’

‘હા બાપજી; ભગવાન સદ્‌ગુણીને આવો જ બદલો આપે છે. જુઓને, હું લગભગ ભૂખે મરતો થવાની તૈયારીમાં છું, ત્યારે ડેન્ગલર્સ અને ફર્નાન્ડ તો ધનમાં આળોટે છે!’

‘એટલે?’

'ડૅન્ગલર્સની વાત જ લો; શ્રી. મૉરેલની ભલામણથી સ્પેનની એક બૅંકમાં તે કૅશિયર તરીકે જોડાયો હતો. ત્યાર પછી સ્પેન સાથે ફ્રાંસને લડાઈ થઈ, ત્યારે ફ્રેંચ લશ્કરના ભંડારી તરાકે લાખો ફ્રાંક તેણે બનાવ્યા. ત્યાર બાદ સટ્ટામાં તે ફ્રાંકને તેણે ત્રણગણા અને ચારગણા બનાવી દીધા. પછી તે પોતાના બૅંકરની દીકરીને જ પરણ્યો; અને તે મરી ગઈ એટલે રાજાના હજૂર-મંત્રીની પુત્રીને પરણ્યો છે. અત્યારે તો તે બૅરન બન્યો છે અને પૅરિસમાં મોટા મહેલમાં રહે છે. તેના તબેલામાં દશ ઘોડા છે અને તેના દીવાનખાનામાં છ હજૂરિયા તહેનાત ભરે છે.'

'અને ફર્નાન્ડનું શું છે?'

'એની વાત કંઈક ભેદવાળી છે. નેપોલિયન પાછા ફર્યા ત્યારે લશ્કરમાં તેને ફરજિયાત ભરતી થવું પડયું હતું. હું પણ ભરતી થયો હતો, પણ હું તેના કરતાં ઉંમરે મોટો એટલે મને કિનારા ઉપર મોકલવામાં આવ્યો હતો, ત્યારે ફર્નાન્ડને સીધો મોરચા ઉપર. વૉટર્લૂના યુદ્ધની આગલી રાતે તે એક સેનાપતિના તંબૂને દરવાજે પહેરા ઉપર હતો. એ સેનાપતિ દુશ્મન સાથે છૂપો પત્રવ્યવહાર ચલાવી રહ્યો હતો. તે જ રાતે સેનાપતિ અંગ્રેજોના પક્ષમાં ચાલ્યો ગયો અને તેની સાથે ફર્નાન્ડ પણ. નેપોલિયન ગાદીએ કાયમ રહ્યા હોત, તો તે બંને દગાબાજોને મોતની સજા થાત; પરંતુ રાજા લૂઈ પાછો ગાદીએ આવ્યો એટલે તે બંને રાજભક્તો ગણાયા અને સારે હોદ્દે ફ્રેંચ લશ્કરમાં પાછા આવ્યા. પછી સ્પેન સાથેના યુદ્ધમાં ફર્નાન્ડને નાયક બનાવવામાં આવ્યો. તે પોતે મૂળે સ્પેનનો વતની; એટલે તેણે તથા ડૅન્ગલર્સે મળી સ્પેનની રાજધાનીમાં રહેલા રાજભક્તો સાથે કાવતરું રચી દગાબાજીથી ફ્રેંચ લશ્કરને વિજય અપાવ્યો. પરિણામે ફર્નાન્ડને કાઉંટનું પદ અને કર્નલનો હોદ્દો બક્ષવામાં આવ્યાં. પછી ગ્રીસે જ્યારે સ્વતંત્ર થવા તુર્કીની સામે યુદ્ધ આદર્યું, ત્યારે કાઉંટ મૉર્સર્ફ (ફર્નાન્ડનું હવેનું નામ) અલી પાશાની નોકરીમાં લશ્કરના તાલીમબાજ તરીકે જોડાયો. અલી પાશા તો માર્યો ગયો, પણ મરતા પહેલાં તેણે ફર્નાન્ડની સેવાઓ બદલ

તેને ખૂબ પૈસો બક્ષિસ આપ્યો હતો એમ કહેવાય છે. અને હવે તો તે પણ પૅરિસના એક આલીશાન મહેલમાં રહે છે અને મજા કરે છે.'

'અને મર્સિડીસ, – એનું શું થયું? મેં તો સાંભળ્યું છે કે તે ક્યાંક અલોપ થઈ ગઈ છે.'

'અલોપ શાની થવાની હતી? પહેલાં તો ડાન્ટેના પકડાવાથી અને ફર્નાન્ડના લશ્કરમાં ચાલ્યા જવાથી તે એકલી પડી ગઈ. પરંતુ બાર માસ બાદ ફર્નાન્ડ સારી જગાએ નિમાઈને પાછો ફર્યો, ત્યારે તેણે મર્સિડીસ પાસે લગ્નની માગણી ફરી રજૂ કરી. મર્સિડીસે છ મહિના વધુ ડાન્ટેની રાહ જોવા કહ્યું ત્યાર બાદ તે ફર્નાન્ડ સાથે પરણી ગઈ. અત્યારે તેને આલ્બર્ટ નામનો છોકરો પણ છે. મર્સિડીસે કેટલીય લલિત-કળાઓનો અભ્યાસ કર્યો છે, અને તેના માથા ઉપર રાજમુગટ મૂકે, તો ફ્રાંસનો કોઈ બચ્ચો તેને રાણી તરીકે સલામ ભર્યા વિના ન રહે, એટલું તેનું રૂપ અને ગૌરવ ખીલી નીકળ્યાં છે.'

બાવાજીએ હવે ધીમે પણ મક્કમ સ્વરે કહ્યું, 'ભાઈ, ઈશ્વર કોઈ વખત, કોઈ કારણે, ન્યાય ચૂકવવામાં મોડું કરે છે; પરંતુ તે કદી ભૂલી જતો તો નથી જ. તેની સાબિતી તરીકે લે, આ હીરો હવે તને એકલાને જ હું આપી દઉં છું. કારણ કે, ડાન્ટેએ ગણાવેલા પાંચ-માંથી એક તો મરી ગયો છે અને બાકીનાઓએ તેને દગો દીધો છે. તું એકલો જ એ બધાંમાં આ હીરા માટે સૌથી વધુ હકદાર છે.'

કેડરોના આનંદનો પાર ન રહ્યો. તે હજાર હજાર ધન્યવાદ બાવાજીને આપવા લાગ્યો; પરંતુ બાવાજીએ તેને વચમાં જ રોકીને કહ્યું, 'પણ ભાઈ, બદલામાં તારે મને શ્રી. મૉરેલની તારી પાસે રહેલી રાતા રંગની થેલી આપી દેવી પડશે!'

૨૧
જેલનું રજિસ્ટર

ગયા પ્રકરણમાં વર્ણવેલી વાતને બીજે દિવસે ૩૦-૩૨ વર્ષનો એક અંગ્રેજ જુવાનિયો, પોતાના દેશના લોકોની ખાસિયત પ્રમાણે, અક્કડતાથી ધીમે પગલે ચાલતો માર્સેલ્સના મેયરને ત્યાં આવ્યો.

તેણે રોમની થૉમસન ઍન્ડ ફ્રેન્ચ કંપનીના મુનીમ તરીકે પોતાની ઓળખ આપીને જણાવ્યું કે, 'અમારી કંપની પાસે માર્સેલ્સની મૉરેલ ઍન્ડ સન કંપનીની એક લાખ ફ્રાંકની હૂંડીઓ છે. તાજેતરમાં અમારી જાણમાં એમ આવ્યું છે કે, એ કંપની દેવાળું કાઢવાની અણી ઉપર છે. હું રોમથી ખાસ એ બાબતમાં સાચી માહિતી આપની મારફતે મેળવવા આવ્યો છું '

મેયરે જવાબ આપ્યો કે, 'છેલ્લાં ચાર પાંચ વર્ષથી કમનસીબ શ્રી. મૉરેલનો પીછો કરી રહ્યું છે, એ હું પણ જાણું છું. મારા પોતાના દશેક હજાર ફ્રાંક તેમની પાસે લેણા છે. પરંતુ તેમની નાણાંકીય સધ્ધરતા વિષે હું વિશેષ કાંઈ કહી શકું તેમ નથી. તે માણસને પોતાને વિષે પૂછો, તો હું જરૂર કહું કે, તે પ્રમાણિક તથા ભરોસાપાત્ર માણસ છે. પરંતુ તમારે તેમની નાણાંકીય સ્થિતિ વિષે વધુ જાણવું હોય, તો તમે જેલોના ઈન્સ્પેક્ટર શ્રી. દ' બોવિલે પાસે જાઓ. શ્રી. મૉરેલ પાસે તેમના બેએક લાખ ફ્રાંક લેણા છે.'

પેલો અંગ્રેજ મેયર સાહેબનો આભાર માની, તેમણે બતાવેલે સરનામે દ' બોવિલે પાસે જઈ પહોંચ્યો.

દ'બોવિલે પાસે જઈ પેલા અંગ્રેજ મુનીમે મેયરના જેવો જ પ્રશ્ન પૂછયો. દ'બોવિલે પોતે તે વખતે એ જ ચિંતામાં પડેલા હતા. પોતાની પુત્રીનું લગ્ન થાય તે વખતે તેને દાયજામાં આપવા માટે બે લાખ ફ્રાંક તેમણે મૉરેલની કંપનીમાં વ્યાજે મૂકી રાખ્યા હતા. દીકરીનું લગ્ન હવે એકાદ પખવાડિયામાં જ લેવાનું હતું. અર્ધી રકમ આ મહિનાની પંદરમી તારીખે અને બાકીની અર્ધી બીજા મહિનાની પંદરમીએ પાકતી હતી. પરંતુ શ્રી મૉરેલ અર્ધા કલાક અગાઉ જ આવીને કહી ગયા હતા કે, તેમનું फराओन જહાજ જો પંદરમી તારીખે આવી નહિ પહોંચે, તો તે પહેલી અર્ધી રકમ ચૂકવવાની સ્થિતિમાં પણ નહીં હોય!

પેલા અંગ્રેજે બધી વાત સાંભળીને કહ્યું, 'સાહેબ, આપ ઇચ્છો તો આપની એ બંને ચિઠ્ઠીઓ, અમારી કંપની આપની પાસેથી ખરીદી લેવા તૈયાર છે!'

'અર્થાત્ બહુ ઓછા ભાવે...'

'ના જી; પૂરી રકમ રોકડી આપીને!'

'પણ સાહેબ, મેં આપને ખરી પરિસ્થિતિ જણાવી દીધી છે. એ રકમમાંથી સોળમો ભાગ પણ વસૂલ થવાની આશા નથી.'

'હા જી; આપની વાત બરાબર છે; પરંતુ હું તો મારી કંપનીનો ચાકર છું કદાચ મારી કંપનીવાળા આવી બધી ચિઠ્ઠીઓ ખરીદી લઈ, શ્રી. મૉરેલ જેવા પોતાના હરીફને જલદી ખતમ કરી દેવા પણ માગતા હોય! પરંતુ મને એ બાબતની કશી ચોક્કસ ખબર નથી. હું તો આપ આપની ચિઠ્ઠીઓ ભરપાઈ કરી આપો, એટલે આપની રકમ આપને ચૂકવી દેવા તૈયાર છું. માત્ર મને થોડી દલાલી મળવી જોઈએ!'

'ચોક્કસ, ચોક્કસ; સામાન્ય રીતે દોઢ ટકો દલાલી ગણાય છે; પરંતુ હું તો આપ કહો તેટલી – બે – ત્રણ – પાંચ અને તેથી પણ વધુ ટકા દલાલી આપવા તૈયાર છું.'

પેલા અંગ્રેજે હસતાં હસતાં કહ્યું, 'નહિ, નહિ, સાહેબ; હું પણ મારી કંપનીની પેઠે એવા કશામાં હાથ નથી ઘાલતો. મારે તો આપની

પાસે જેલોનું રજિસ્ટર હોય, તો તેમાં રોમના એક પાદરી બાવા, કે જેમની પાસે હું રોમમાં હતો ત્યારે તાલીમ લેતો હતો, તેમની કેટલીક ખબર જાણવી છે. તે અચાનક અલોપ થઈ ગયા હતા; ત્યાર પછી મને ખબર મળી છે કે, તેમને શેટો દ' ઈફમાં કેદ પૂરવામાં આવ્યા હતા. મારે તેમના મૃત્યુને લગતી વિગતો જાણવી છે.'

'મારી પાસે છેલ્લાં ચૌદ વર્ષનું રજિસ્ટર મોજૂદ છે. એ બાવાજીનું નામ શું હતું?'

'એબ ફેરિયા.'

'ઓહો, એ વ્યક્તિને હું બરાબર ઓળખું છું. પોતે એક મોટા ગુપ્ત ખજાનાનો ભેદ જાણતો હોવાની ઘેલછા તેને હતી. ગયા ફેબ્રુઆરીમાં—પાંચ છ મહિના પહેલાં જ તે ગુજરી ગયો.'

'વાહ સાહેબ, આપને તારીખ વાર બહુ સારી રીતે યાદ રહેતાં લાગે છે.'

'મને એ માણસ અંગેની માહિતી ખાસ યાદ હોવાનું કારણ એ છે કે, તેના મૃત્યુ સાથે એક વિચિત્ર હકીકત સંકળાયેલી છે. એ બાવાજીના ભોંયરાથી ૪૦-૫૦ ફૂટ દૂર નેપોલિયનના એક પક્ષકારને પણ પૂરવામાં આવ્યો હતો. તે બહુ જલદ અને ભયંકર કેદી ગણાતો હતો. તેણે બાવાજીની ખોલી સુધી અને તેથી પણ આગળ સુધી ભૂગર્ભમાં એક રસ્તો ખોતરી કાઢયો હતો. તે બન્ને નાસી પણ છૂટયા હોત; પરંતુ બાવાજીને અચાનક લકવાનો હુમલો આવ્યો અને તે મરી ગયા.'

'એટલે પછી એ કેદીઓની નાસી છૂટવાની યોજના પડતી જ મુકાઈ હશે?'

'પેલા મરી ગયેલા બાવાજીની બાબતમાં તો હા; પણ પેલા ડાન્ટેએ તો બાવાજીના મૃત્યુનો જ લાભ લઈ નાસી છૂટવાનો એક વિચિત્ર બેત રચ્યો. તે એમ માનતો હશે કે શેટો દ' ઈફમાં મડદાંને દાટવામાં આવતાં હશે; એટલે તે બાવાજીના શબને તેમના કફનના

કોથળામાંથી કાઢી પોતાની ઓરડીએ લઈ આવ્યો અને પોતે એ કફનમાં પેસી ગયો!'

'બહુ ભારે હિંમત કરી કહેવાય!'

'હાસ્તો; એ બહુ ભયંકર માણસ હતો એ મેં પહેલેથી જ કહ્યું છે! પણ પછી જ્યારે તેને પગે ૩૬ રતલનો ગોળો બાંધીને દરિયામાં ફેંકવામાં આવ્યો, ત્યારે તેનું મોં ખરેખર જોવા જેવું થયું હશે! કારણ કે શેટો દ' ઈફમાં મડદાંને દાટવામાં નથી આવતાં પણ તેમને જળશય્યા જ કરાવવામાં આવે છે.' આટલું કહી ઈન્સ્પેકટર સાહેબ ખરેખર જોરથી હસી પડયા.

'અર્થાત્ એ કેદી ડૂબી મૂઓ, એમ જ ને?' પેલા અંગ્રેજે પૂછ્યું.

'ચોક્કસ; અને પૂરતી ખાતરી કર્યા પછી એના મૃત્યુને લગતાં કાગળિયાં પણ પાકાં થઈ ગયાં છે. તો ઠીક, આપને એબ ફેરિયાને લગતી વિગતો જેલના રજિસ્ટરમાંથી જોવી છે, એમ ને? તો આપ જરા મારા પુસ્તકાલયના ઓરડામાં આવો. ત્યાં ટેબલ ઉપર બેસી આપ નિરાંતે તે વર્ષનું રજિસ્ટર જોઈ શકશો.'

પેલો અંગ્રેજ એબ ફેરિયાનું પાનું શોધવાને બદલે કોણ જાણે શાથી એડમંડ ડાન્ટેનું નામ કાઢીને તે ભાગ જ વાંચવા લાગ્યો. તેમાં સૌથી ઉપર ડેન્ગલર્સે ડાબે હાથે લખેલો કાગળ જુદો વળગાડેલો હતો, તે તેણે શાંતિથી કાઢી લીધો અને ખીસામાં મૂકયો. પછી ડાન્ટે ઉપરના આક્ષેપોની તપાસનો ભાગ વાંચતાં તેને માલુમ પડ્યું કે તેમાં નોઈરટિયરનું નામ સરખું આવતું નહોતું.

૨૨
પાંચમી સપ્ટેંબર

મૉરેલ કંપનીમાં જ્યાં પહેલાં જાહોજલાલીનો અને કામકાજની ધમાલનો ઘોંઘાટ ગાજતો રહેતો, ત્યાં હવે કાગડા ઊડતા હતા. માત્ર ઈમેન્યુએલ નામનો ચોવીસેક વર્ષનો જુવાનિયો અને કોકલ્સ નામનો એક આંખવાળો બુઢ્ઢો કૅશિયર, એ બે જણા જ વફાદારીથી શ્રી. મૉરેલને હજુ વળગી રહ્યા હતા. ઈમેન્યુએલ શ્રી મૉરેલની પુત્રીના પ્રેમમાં હતો, અને ઘણાઓના સમજાવ્યા છતાં પોતાની પ્રિયતમાના કુટુંબને દુઃખના દિવસોમાં પડતું મૂકવા રાજી ન હતો.

फराओन જહાજ સફરેથી પાછું આવે, તેના ઉપર જ આ મહિનામાં ચૂકવવાની રકમોની જોગવાઈનો આધાર હતો. પરંતુ તે આશા હવે આશંકામાં બદલાતી જતી હતી; કારણ કે फराओन સાથે જ ઊપડેલું બીજી કંપનીનું જહાજ એક પખવાડિયું થયાં આવી ગયું હતું, ત્યારે फराओनના કશા જ સમાચાર ન હતા!

એ પરિસ્થિતિમાં જ રોમની થૉમસન ઍન્ડ ફ્રેન્ચ કંપનીનો અંગ્રેજ મુનીમ શ્રી. મૉરેલને મકાને આવીને હાજર થયો. ઑફિસનાં તથા ઘરનાં સૌનો જીવ એકી સાથે ઊંચો થઈ ગયો.

પેલા અંગ્રેજે શ્રી. મૉરેલને જણાવ્યું, 'થૉમસન ઍન્ડ ફ્રેન્ચ કંપનીને ફ્રાન્સમાં ત્રણથી ચારેક લાખ ફ્રાંકની રકમ આ મહિને ચૂકવવાની છે. આપનું નામ અને પ્રતિષ્ઠા સાંભળીને તેમણે આપની સહીવાળી બને તેટલી ચિઠ્ઠીઓ ખરીદી લીધી છે. તે ચિઠ્ઠીઓ જેમ જેમ પાકતી જાય, તેમ તેમ આપની સમક્ષ રજૂ કરી, મળેલા પૈસાનું બીજી

રીતે રોકાણ કરવાની સૂચના અને સત્તા સાથે મને અહીં મોકલવામાં આવ્યો છે.'

'આપની પાસે કેટલી રકમની મારી ચિઠ્ઠીઓ ભેગી થઈ છે?'

'એક તો દ' બૉવિલેની બેએક લાખ ફ્રાંકની ચિઠ્ઠીઓ છે. તે ચિઠ્ઠીઓ તો આ મહિનાની પંદરમી અને આવતા મહિનાની પંદરમી તારીખે પાકે છે; ઉપરાંત ૩૨,૫૦૦ ફ્રાંકની તરતમાં ચૂકવવાની ચિઠ્ઠી પણ છે. વળી આ મહિનાના અંતે પાકતી માર્સેલ્સની પાસ્કલની અને વાઈલ્ડ ઍન્ડ ટર્નર કંપનીની ૫૫,૦૦૦ ફ્રાંકની ચિઠ્ઠીઓ છે. આમ બધી મળી ૨,૮૭,૫૦૦ ફ્રાંકની ચિઠ્ઠીઓ છે.'

આ આખી ગણતરી દરમ્યાન શ્રી. મૉરેલ જે ઊંડી વેદના અનુભવી રહ્યા હતા, તેનું વર્ણન કરવું અશકય છે. થોડી વાર ચૂપ રહ્યા બાદ પેલો અંગ્રેજ કંઈક અચકાતા અવાજે બોલ્યો, 'પણ અહીં આવ્યા પછી મને સાંભળવા મળ્યું છે કે, આપનો હાથ હાલમાં કંઈક ભીડમાં છે. તો આપ મને સ્પષ્ટતાથી જણાવો કે અમારા પૈસા વાયદા પ્રમાણે ચૂકવાશે કે કેમ?'

આ પ્રશ્ન સાંભળી શ્રી. મૉરેલનું મોં મડદા જેવું ફીકું પડી ગયું. તે ધીમેથી બોલ્યા, '૨૫ વર્ષથી આ ધંધો મારા હાથમાં છે, અને પહેલાં મારા બાપુ દશ વર્ષથી એ ધંધો ચલાવતા આવ્યા હતા; પરંતુ એકે વાર અમારી ચિઠ્ઠી જૂઠી પડી નથી. પરંતુ તમે જે સીધો પ્રશ્ન પૂછયો છે, તેનો સીધો જવાબ મારે પણ આપવો જોઈએ. જો મારું વહાણ ફરાઓન સહીસલામત પાછું આવશે, તો તો મારી શાખ પાછી ફરી ચાલુ થશે; છેલ્લા થોડા વખતથી એક પછી એક એવા કમનસીબ અકસ્માતો બનતા આવ્યા છે કે, મને બજારમાં અત્યારે કોઈ નાણાં ધીરે તેમ નથી. એટલે મારો બધો આધાર ફરાઓન પાછું આવે તે ઉપર છે; તે જો પાછું ન આવ્યું, તો પછી –'

આટલું બોલવા જતાં તે ભલા માણસની આંખો આંસુથી ભરાઈ ગઈ.

આ વાત ચાલતી જ હતી તેવામાં દાદર ઉપર એકસામટાં ઘણાં માણસો ચડતાં હોય એવો ઘોંઘાટ સંભળાયો. અને થોડી વારમાં તો શ્રી. મૉરેલની પુત્રી જુલી બારણું ઉઘાડી આંખમાં આંસુ સાથે અંદર ધસી આવી. શ્રી. મૉરેલની આ ખાનગી ઓરડીનું બારણું અંદરથી બંધ કર્યું હોત તો પણ બહારથી ઉઘાડવાની ચાવી જુલી અને કોકલ્સ પાસે રહેતી.

'બાપુજી, બાપુજી, બહુ માઠા સમાચાર લાવવા બદલ તમારી આ દુષ્ટ પુત્રીને ક્ષમા આપશો. फराओन ડૂબી ગયું છે અને તેના ખલાસીઓને બીજા વહાણે બચાવી લીધા છે; તેઓ છેક કંગાળ હાલતમાં આપને મળવા અહીં આવી પહોંચ્યા છે.'

શ્રી. મૉરેલ રૂંધાયેલે અવાજે માત્ર એટલું જ બોલી શકયા કે, 'फराओन ડૂબી ગયું છે!'

તરત જ શ્રીમતી મૉરેલ અંદર દાખલ થયાં અને પતિને ખભે હાથ મૂકી. તેમને ટેકો આપતાં ઊભાં રહ્યાં. સાત કે આઠ ખલાસીઓ પણ એક પછી એક નીચે મોંએ અંદર દાખલ થયા. તેમાંનો એક પેને-લોન નામનો ખલાસી આગળ આવી શ્રી. મૉરેલ સમક્ષ અદબ વાળી ઊભો રહ્યો.

શ્રી. મૉરેલે તેને શું બન્યું તેના સમાચાર પૂછયા. દરિયા વચ્ચે નડેલા તોફાનના અને ખલાસીઓએ કપ્તાન ગૉમાર્ડની દોરવણી હેઠળ વહાણને બચાવવા કરેલા હાડતૂટ પ્રયત્નની કહાણી પેનેલોને કહી સંભળાવી. કપ્તાન ગૉમાર્ડ ડૂબતા વહાણ ઉપરથી છેવટ સુધી નીચે ઊતરવા માગતા ન હતા; તેમને પોતે ધક્કો મારીને હોડીમાં કેવી રીતે નાખ્યા, તેની વાત પણ તેણે કહી. કપ્તાન બીમાર પડી ગયા હોવાથી અત્યારે સૌની સાથે અહીં આવી શકયા નહોતા.

શ્રી. મૉરેલ ઊભા થઈને માત્ર આટલું જ બોલ્યા, 'ચાલો, ભગવાને એટલું સારું કર્યું કે મારા સિવાય બીજા કોઈને કશી આંચ આવવા ન દીધી.'

શ્રી. મૉરેલે કોકલ્સને હુકમ કર્યો કે, આ બધા ખલાસીઓને તેમના ત્રણ મહિનાના ચડેલા પગારના બસો-બસો ફ્રાંક ચૂકવી દો.

પેનેલોન ઝટ દઈને બોલી ઊઠયો, સાહેબ, 'પૈસાની વાત હમણાં નથી કરવાની !'

'નહિ, નહિ; સારા દિવસો હોત તો તમને તમારા પગાર ઉપરાંત તેટલી જ રકમ તમારી બહાદુરી બદલ બક્ષિસની મળવી જોઈતી હતી.'

'પરંતુ, પરંતુ, સાહેબ, હમણાં જણ દીઠ પચાસ જ ફ્રાંક અમને આપો. બાકીના પૈસા જ્યારે ઠીક લાગે ત્યારે–'

'નહિ, નહિ, અત્યારે જ બધો હિસાબ ચૂકતે કરી લો. મૉરેલ કંપનીનો વહાણવટાનો ધંધો હવે બંધ થાય છે; કારણ કે, એક પણ વહાણ હવે મારી પાસે બાકી રહેતું નથી. તમે સૌ ખુશીથી બીજે કયાંક સારી નોકરીએ લાગી જજો.'

'પરંતુ સાહેબ, અમારે બીજી નોકરીની ઉતાવળ નથી; અમે તો જ્યારે ત્યારે આપના વહાણમાં જ કામ કરવાના.'

'ના, ભાઈ ના; એવી ખોટી આશામાં તમારા જેવા ભલા લોકોને હું ભરમાવવા માગતો નથી. જોકે મારા પ્રત્યેના તમારા સદ્-ભાવ બદલ તમો સૌનો હું આભારી છું.'

આટલું કહી, શ્રી. મૉરેલે કોકલ્સને નિશાની કરી સૌને બહાર લઈ જવા સૂચવ્યું. તે બધા જતાં તેમણે પોતાની પત્ની અને પુત્રીને પણ કહ્યું, 'તમે પણ જાઓ; મારે એકલા આ ભાઈ સાથે કંઈક અગત્યની વાતો કરવાની છે.'

જુલીએ જતાં જતાં આ અજાણ્યા ગૃહસ્થ સામે આજીજીભરી નજરે જોયું; જાણે તે કહેતી હોય, 'સાહેબ, મારા ભલા પિતાની ઈજ્જત અને જીવન હવે આપના હાથમાં છે.'

એ અંગ્રેજ ગૃહસ્થે પણ તેના જવાબમાં તેને જ દેખાય એવું આશ્વાસન અને મમતાભર્યું હાસ્ય કર્યું; જેનો અર્થ કદાચ એવો થાય કે, 'બાનુ એમની ઈજ્જત અને જિંદગી એ મારે માટે પણ એટલી જ મમતાની અમૂલ્ય વસ્તુઓ છે.'

બધાં વિદાય થતાં શ્રી. મૉરેલે પેલા અંગ્રેજ તરફ ફરીને કહ્યું, 'તમે બધું જાતે સાંભળ્યું છે; હવે મારે તમને વિશેષ કાંઈ કહેવાનું રહેતું નથી.'

'હું જોઉં છું કે એક વધુ કમનસીબ આપને અત્યારે નડયું છે; પરંતુ સાહેબ, એ સાંભળીને તો આપને કાંઈ મદદરૂપ થવાની મારી ઈચ્છા વધુ તીવ્ર બની છે.'

'હેં? એટલે?'

'જુઓ સાહેબ; આપનો સૌથી મોટો લેણદાર હું જ છું. આપને હું વધુ મુદત આપું તો?'

'તો તો કદાચ મારી ઈજ્જત, અને પરિણામે મારું જીવન પણ બચી જાય!'

'આપને કેટલી મુદત જોઈએ?'

શ્રી. મૉરેલે વિચાર કરીને કહ્યું, 'બે મહિના.'

'હું ત્રણ મહિના આપું છું.'

'પરંતુ તમારી કંપની એ વાત કબૂલ રાખશે?'

'એ બધું મારે માથે. જુઓ, આજે જૂન મહિનાની ૫ મી તારીખ થઈ છે અને અગિયાર વાગ્યા છે. હું પાંચમી સપ્ટેંબર સુધીની મુદત વધારી આપું છું. પાંચમી સપ્ટેંબરે બરાબર બપોરના અગિયાર વાગ્યે હું આવીશ અને પૈસા લઈ જઈશ.'

'હું પણ બરાબર તે જ સમયે તમારી રાહ જોઈશ અને પૈસા તૈયાર રાખીશ. સિવાય કે, હું જીવતો ન હોઉં.'

શ્રી. મૉરેલે અંતઃકરણપૂર્વક અંગ્રેજ મુનીમનો આભાર માન્યો અને તેને દાદર સુધી જઈને વિદાય આપી.

દાદરની અધવચ જુલી તેને ભેગી થઈ. શું થયું તે જાણવા ચિંતાતુર વદને તે સંકોચ સાથે ધીરે ધીરે દાદર ઊતરી રહી હતી. તેની આંખોમાં આજીજીભર્યો પ્રશ્નાર્થ જોઈને અંગ્રેજ મુનીમ જવાબમાં બોલ્યો, "બાનુ, એક દિવસ તમને એક કાગળ મળશે. તેની નીચે 'સિંદબાદ, ખલાસી' એવી સહી હશે. તે કાગળમાં જે લખ્યું હોય તે પ્રમાણે બરાબર અમલ કરવાનું મને વચન આપો!"

'વારુ સાહેબ; હું વચન આપું છું.' જુલીએ આ અજાણ્યાના મોં ઉપર છવાઈ રહેલા મમતા અને કરુણાના ભાવથી પ્રભાવિત થઈ જઈને કહ્યું.

'ઠીક બાનુ; હું રજા લઉં છું. અત્યારે જેવાં છો તેવાં નિર્દોષ અને સદ્‌ગુણી હમેશ રહેજો. મને ખાતરી છે કે, ભગવાન તમારી બધી ઈચ્છાઓ પાર પાડીને તમને સારો બદલો આપશે.'

એ સાંભળી જુલી ગબડી પડતાં પડતાં કઠેરો પકડીને માંડ માંડ બચી ગઈ.

ઘરની બહાર આંગણામાં ભલો પેનેલોન પોતાના બે હાથમાં પકડેલા પગારના પૈસા પાછા ઘરમાં નાખવા કે લઈ જવા, તેની દુવિધામાં પડેલો ઊભો હતો. પેલા અંગ્રેજ મુનીમે તેને કહ્યું, 'દોસ્ત. જરા મારી સાથે ચાલ; મારે તને કંઈક વાત કરવી છે.'

૨૩
‘ સિંદબાદ, ખલાસી ’

શ્રી. મૉરેલે પોતાને મળેલી મુદત દરમ્યાન પૈસા ઊભા કરવા આકાશ-પાતાળ એક કરી નાખ્યાં, પરંતુ કોઈ તેમને પૈસા ધીરવા તૈયાર ન થયું. છેવટે શ્રી. મૉરેલે જીવ ઉપર આવી છેલ્લો પાસો ફેંકી જોયો: પૅરિસ જઈ તેમણે ડેન્ગ્લર્સ પાસે પૈસા માગ્યા.

ડેન્ગ્લર્સ મૂળે તેમનો જ નોકર હતો, તથા તેમની ભલામણ-ચિઠ્ઠીથી જ સ્પેનના બૅન્કરની નોકરીએ જોડાઈ શક્યો હતો. ત્યાંથી જ તેની સમૃદ્ધિની શરૂઆત થઈ હતી. ડેન્ગ્લર્સ તે વખતે ૫૦ લાખથી ૭૫ લાખ ફ્રાંકનો આસામી ગણાતો હતો, અને તેને ગમે તેટલી રકમ ઉધાર મળી શકે એવી તેની શાખ હતી. એટલે તે જો ધારે તો પોતાના ખીસામાંથી એક ફ્રાંક પણ કાઢયા વિના જ શ્રી. મૉરેલને જોઈતી રકમ ઉધાર અપાવી તેમને બચાવી લઈ શકે તેમ હતું.

પરંતુ ડેન્ગ્લર્સે કશી પણ મદદ કરવાની ઘસીને ના પાડી દીધી.

શ્રી. મૉરેલ પૅરિસથી નિરાશ થઈ પહેલી સપ્ટેંબરને રોજ પાછા આવ્યા. ત્યાર પછી ઘરનું સૌ કોઈ સમજી ગયું કે હવે તે જીવ ઉપર આવશે. જુલીએ તરત પોતાના ભાઈ મૅક્સિમિલિયનને પત્ર લખી દીધો કે, કાગળ મળતાં તરત જ દોડી આવ. તેની ઉંમર બાવીસેક વર્ષની જ હતી; પરંતુ તેના મરદાનગીભર્યા સદ્‌ગુણો અને તેના નિર્મળ હૃદયને કારણે તેના લશ્કરી સાથીઓમાં પણ તેનો સારો પ્રભાવ પડતો હતો. શ્રી. મૉરેલ પણ તેની કોઈ વાત કદી ઉથામતા નહિ.

સાંજે શ્રી. મૉરેલ રોજના નિયમ મુજબ કુટુંબ સાથે બેસવા આવવાને બદલે ગુપચુપ પોતાની ઓરડીમાં પેસી ગયા. મોડી રાતે મા-દીકરીએ કૂંચીના કાણામાંથી જોયું, તો તે કંઈક લખતા હતા. અચાનક શ્રીમતી મૉરેલને દેખાયું કે એ કાગળ સ્ટૅંપવાળો હતો – અર્થાત્ શ્રી. મૉરેલ પોતાનું વીલ લખતા હતા!

બીજે દિવસે શ્રી. મૉરેલે જમ્યા બાદ પોતાની પુત્રીને પાસે બેસાડી; અને તેનું માથું પોતાના હાથમાં લઈ, પોતાની છાતીએ લાંબો વખત દબાવી રાખ્યું.

બીજા બે વધુ દિવસ ચાલ્યા ગયા. ૪ થી સપ્ટેંબરની રાતે શ્રી. મૉરેલે પોતાની પુત્રી પાસેથી પોતાની ઓરડીની કૂંચી પાછી માગી. એ છેક અણધાર્યો બનાવ હતો; કારણ કે તેમની ઓરડી અંદરથી બંધ કરી હોય તો પણ તેને બહારથી ખોલવાની સત્તા અને ચાવી શ્રી. મૉરેલે પોતાની સમજણી પુત્રી અને વફાદાર ખજાનચી કોકલ્સને આપી રાખ્યાં હતાં.

જુલી કશો જવાબ આપ્યા વિના રડી પડી. તેણે ખીસામાં શોધવાનો ઢોંગ કર્યો; અને પછી પોતાની ઓરડીમાં રહી ગઈ હશે એવું બહાનું કાઢી, તે સીધી ઈમેન્યુએલ પાસે દોડી ગઈ. ઈમેન્યુએલે કહ્યું, 'એ ચાવી કોઈ પણ સંજોગોમાં શ્રી. મૉરેલને આપી ન દેવી; તથા કાલ સવારથી એક પણ મિનિટ તેમને એકલા ન મૂકવા.'

તે રાતે ત્રણ વાગ્યા સુધી શ્રી. મૉરેલ પોતાની ઓરડીમાં ટહેલતા જ રહ્યા. ત્રણ વાગ્યે જ્યારે તે પોતાની પથારીમાં પડ્યા, ત્યારે જ મા-દીકરી પણ બહારથી ખસ્યાં અને પોતાની ઓરડીમાં જઈ સૂઈ ગયાં.

સવારમાં શ્રી. મૉરેલ આવીને પોતાની પુત્રી તથા પત્ની સાથે રોજ કરતાં વધુ મમતાથી અને વધુ ધીમાશથી વાત કરી ગયા. પછી

તે પોતાની ઓરડીએ જવા લાગ્યા ત્યારે જુલી તેમની સાથે થઈ. શ્રી. મૉરેલે કંઈક કડક શબ્દોમાં તેને પોતાની પાછળ પાછળ ન આવવા કહ્યું.

જુલી ત્યાં ને ત્યાં જ લાકડું થઈને ઊભી રહી. અચાનક પાછળથી કોઈ આવ્યું અને જુલીની આસપાસ બે વહાલભર્યા હાથ વીંટાયા. તે મૅક્સિમિલિયન હતો. જુલી રાજી થઈને બોલી ઊઠી, 'ભાઈ! તમે આવ્યા ખરા!'

શ્રીમતી મૉરેલે, જુલીને, મૅક્સિમિલિયન આવ્યાની ખબર તેના પિતાને આપવા મોકલી. જુલી જવા લાગી ત્યારે દાદર પાસે એક માણસ હાથમાં કાગળ લઈ ઊભો હતો.

'આપનું નામ કુમારી જુલી મૉરેલ?'

'હા સાહેબ; આપને શું કામ છે? હું આપને ઓળખતી હોઉં એમ મને લાગતું નથી.'

'આ કાગળ વાંચો.'

જુલીએ જલદીથી કાગળ ઉઘાડયો અને વાંચ્યો–

'આ ક્ષણે જ –મહોલ્લામાં નં. ૧૫ વાળા મકાનમાં જાઓ; ત્યાંના પહેરેગીર પાસે પાંચમા માળ ઉપરની ઓરડીની ચાવી માંગો; તેમાં ખૂણા આગળ ભઠ્ઠી ઉપરના તાકામાં લાલ રંગની થેલી હશે. તે તરત લઈને તમારા બાપુને આપો. અગિયાર વાગ્યા પહેલાં તે થેલી તમારા બાપુના હાથમાં પહોંચવી જોઈએ; નહિ તો કોઈ કારમો બનાવ બની જશે. તમે આપેલું વચન યાદ કરી, આ હુકમનું અક્ષરશઃ પાલન કરો.'

–સિંદબાદ, ખલાસી'

જુલીએ આનંદની ચીસ પાડી આંખ ઊંચી કરીને જોયું, તો ચિઠ્ઠી લાવનારો કયારનો વિદાય થઈ ગયો હતો. તેણે ચિઠ્ઠી ફરી વાર વાંચવા માંડી. નીચે તા. ક. કરીને ઉમેરેલું હતું–

'આ કામ તમારે, જાતે જ જઈને કરવાનું છે. તમારે બદલે

બીજું કોઈ જશે અથવા તમારી સાથે બીજું કોઈ આવ્યું હશે, તો પહેરેગીર તમને ચાવી નહિ આપે.'

જુલી એ તા.ક. વાંચી કંઈક શંકામાં પડી ગઈ. તેણે ઈમેન્યુએલની સલાહ લીધી. તેણે તરત જ કહ્યું, 'તમારે જવું જ જોઈએ. હું બહાર નાકા આગળ ઊભો રહીશ.' બંને જણ તાબડતોબ ચાલી નીકળ્યાં.

દરમ્યાન શ્રીમતી મૉરેલે મૅક્સિમિલિયનને બધી વાત કહી સંભળાવી તથા શ્રી. મૉરેલ કોઈ પણ કારણે આત્મહત્યા ન કરી બેસે, એવું તેમને સમજાવવા વિનંતી કરી.

મૅક્સિમિલિયન તરત જ પિતા પાસે દોડયો. શ્રી. મૉરેલ પોતાની સૂવાની ઓરડીમાંથી નીકળી પોતાની ઓરડીમાં પેસવા જતા હતા. મૅક્સિમિલિયનને જોઈ તે એકદમ અચંબાની ઝીણી ચીસ પાડી ચૂપ ઊભા રહ્યા, તથા પોતાના કોટના અંદરના ખીસામાંની કોઈ ચીજ સંતાડવા લાગ્યા.

મૅક્સિમિલિયન એકદમ ઊછળીને પિતાને કંઠે વળગી પડયો; પરંતુ તેમની છાતી આગળની કઠણ વસ્તુને હાથ વડે દબાવતો એકદમ છળીને પાછો ખસી ગયો –

'બાપુજી, પિસ્તોલની જોડીને કોટની અંદર રાખીને તમે શું કરવા માગો છો?'

'મને આ જ બીક હતી.' મૉરેલ ગણગણ્યા.

'બાપુજી, બાપુજી, ભગવાનને ખાતર મને કહો, આ ભયંકર હથિયારો શા માટે છે?'

'મૅક્સિમિલિયન!' શ્રી મૉરેલ જરા સ્થિર નજરે પુત્ર સામે જોઈને કડક સ્વરે બોલ્યા, 'તું માણસ છે, તથા માણસ માટે ઈજ્જત શી ચીજ છે, તે સમજે છે. ચાલ, હું તને બધી વાત કરું.'

એમ કહી શ્રી. મૉરેલ સ્થિર પગલે પુત્રને પોતાની ઓરડીમાં

લઈ ગયા, અને પછી અંદરથી તેમણે બારણું બંધ કર્યું. ત્યાર બાદ પોતાની પિસ્તોલો ટેબલ ઉપર ગોઠવીને તેમણે પોતાનો ચોપડો ઉઘાડ્યો અને આંગળી મૂકીને અમુક ભાગ મૅક્સિમિલિયનને બતાવ્યો.

શ્રી. મૉરેલને અડધા કલાકમાં જ ૨,૮૭,૫૦૦ ફ્રાંકની રકમ ચૂકવવાની હતી; તેમની પાસે માત્ર ૧૫,૨૫૭ ફ્રાંકની જોગવાઈ હતી.

મૅક્સિમિલિયન એ વાંચીને માત્ર એટલું જ બોલ્યો, 'અર્ધા કલાકમાં આપણા નામની હંમેશ માટે બદનામી થશે, એમ જ ને?'

'લોહીથી બદનામી ધોઈ નાખી શકાય છે.'

'ખરી વાત, બાપુજી; હું તમારી વાત સમજ્યો.'

પછી પિસ્તોલો તરફ ફરીને મૅક્સિમિલિયન બોલ્યો, 'એક તમારે માટે, અને બીજી મારે માટે. તમે બેની જોગવાઈ કરી રાખી તે માટે આભાર.'

'તારી વહાલી માતા અને તેથી પણ વહાલી તારી બહેન, તેમનું ભરણપોષણ કોણ કરશે?'

'બાપુજી, તમે મને જીવતા રહેવાની સજા કરવા માગો છો?'

'હા, મારી તને આજ્ઞા છે; એ તારી ફરજ છે. બેટા, તું સામાન્ય જુવાનિયો નથી; હું તારા ઉપર કશી બળજબરી કરવા નથી માગતો; પણ તારી જાતને મારી સ્થિતિમાં મૂકી જો, અને પછી તું જ કહે.'

મૉકિસમિલિયને થોડી વાર વિચાર કર્યો; પછી તેના ચહેરા ઉપર સ્વાર્પણનો દિવ્ય ભાવ ફેલાઈ રહ્યો. તે ધીમેથી પણ મક્કમતાથી બોલ્યો, 'ભલે બાપુજી; તમારી ઈચ્છા. તમે શાંતિથી મૃત્યુ પામો, હું જીવતો રહીશ.'

શ્રી. મૉરેલ પુત્રના આ ભવ્ય સ્વાર્પણ તરફ પ્રશંસા અને ભક્તિના ભાવથી ગદ્ગદિત થઈ જોઈ રહ્યા. થોડી વાર બાદ તે બોલ્યા,

'બેટા, આ બધામાં મારી કશી ગફલત કે દોષ કારણભૂત નથી, એટલું તો તું માને છે ને?'

'હું જાણું છું, બાપુજી! મારી જાણમાં આવેલાઓમાં તમે સૌથી વધુ ઇજ્જતદાર માણસ છો.'

શ્રી. મૉરેલે તેનું માથું બે હાથમાં લીધું, તેને પોતાની તરફ ખેંચ્યો, અને પછી તેના કપાળે બે-ત્રણ વાર ચુંબન કરીને કહ્યું, 'બેટા, હું મારા પોતાના નામથી, અને ત્રણ ત્રણ પેઢીથી દોષરહિત રહેલા પૂર્વજોના નામથી તને આશિષ આપું છું. હું જીવતો રહું તો કાળું મોં લઈને જ જીવતો રહી શકું; પણ હું મરીશ, તો તું જિંદગીભર તારું માથું ઊંચું રાખી શકીશ, અને કહી શકીશ કે, જેણે પોતાનો બોલ પાછો ન પડે તે માટે પ્રાણ આપ્યા એવા માણસનો હું પુત્ર છું.'

મૅકિસમિલિયનની છાતી ડૂસકાંથી ફાટી જતી હતી, પણ તે ચૂપ નિશ્ચેષ્ટ રહ્યો.

'હવે તું જા અને તારી માતા તથા બહેનને દૂર રાખવા કોશિશ કર.'

'બાપુજી, મને છેવટની કાંઈ આજ્ઞા છે?'

'હા, એક પવિત્ર આદેશ આપતો જાઉં છું. એકલી થૉમસન ઍન્ડ ફ્રેન્ચ કંપનીએ મારા પ્રત્યે દયા અને માનવતા દાખવી છે. તેમનો મુનીમ દશ મિનિટમાં અહીં ૨,૮૭,૫૦૦ ફ્રાંકની રકમ લેવા આવશે. તેણે મને ત્રણ માસની મુદત વગર માગ્યે સામેથી આપી હતી. એ કંપનીની રકમ સૌથી પહેલી ચૂકવવા પ્રયત્ન કરજે અને તેમના મુનીમનો જીવનભર આદર કરજે.'

મૅકિસમિલિયન ફરીથી ઝટઝટ પોતાના પરમ પ્રિય પિતાને ભેટી લઈ, આંખો લૂછતો લૂછતો ઓરડીની બહાર નીકળી ગયો.

શ્રી. મૉરેલે ત્યાર બાદ ઘંટ વગાડીને કોકલ્સને બોલાવ્યો. તેને ધીમે અવાજે તેમણે કહ્યું, 'ભલા કોકલ્સ, તું આ ઓરડીના બારણા

આગળની ઓસરીમાં જ ઊભો રહે. થૉમસન ઍન્ડ ફ્રેન્ચ કંપનીનો જે મુનીમ ત્રણ માસ અગાઉ અહીં આવ્યો હતો, તે અહીં આવે કે તરત અંદર દોડી આવી મને ખબર આપજે.'

કોકલ્સ માથું નીચું કરી, બહાર જઈ બેઠો. તેના વહાલા શેઠની એ છેવટની ઘડીઓ હતી, તે એ બરાબર સમજતો હતો.

શ્રી. મૉરેલ હવે ખુરસી ઉપર બેઠા અને ઘડિયાળના કાંટા તરફ જોઈ રહ્યા. પોતાનાં સૌ વહાલાંને તજીને જેને ઘડી-બે-ઘડીમાં વિદાય થવાનું છે, તેની આખરી ક્ષણો એ હતી; અને તે એકેએક ક્ષણ તેમને મન અતિ કીમતી હતી.

કાંટો ખસતો ચાલ્યો. શ્રી મૉરેલે ધીમેથી પિસ્તોલો ઉપાડી અને ઘોડા ચડાવ્યા. તે જ ઘડીએ તેમને અચાનક યાદ આવ્યું કે, પોતાની પ્રિય પુત્રીને તેમણે છેવટની વિદાય આપી નથી. તરત તેમણે પિસ્તોલ નીચે મૂકીને કલમ ઉપાડી અને પુત્રીને સંબોધી બે લીટીઓ ઉતાવળે લખવા માંડી.

લખવાનું પૂરું થયું ત્યાં તો ઘડિયાળમાં અગિયારના ટકોરા પડવાની કળ ખરરર કરતી સરકવા માંડી. શ્રી. મૉરેલે પિસ્તોલની અણી પોતાના દાંત વચ્ચે ગોઠવી અને પ્રત્યેક પળે કોકલ્સનો અવાજ સાંભળવાની તે રાહ જોઈ રહ્યા.

અચાનક બારણું જોરથી ઊઘડયું અને તેમની પ્રિય પુત્રીની ચીસ સંભળાઈ. તેમણે તરત પોતાનું મોં જુલી તરફ ફેરવ્યું, પણ તે ઘડીએ પિસ્તોલ તેમના હાથમાંથી પડી ગઈ.

'બાપુ, બાપુ!' જુલી હાંફતાં હાંફતાં માંડ બોલી શકી, 'બાપુ, તમે બચી ગયા, બચી ગયા!' તરત જ તેણે પિતાની છાતી ઉપર પડતું નાખ્યું અને એક હાથમાં લાલ રંગની થેલી ધરી.

'શું કહે છે બેટા? હું બચી ગયો એટલે?'

'હા, બાપુ, ખરેખર બચી ગયા; જુઓ આ થેલી!'

શ્રી. મૉરેલે થેલી હાથમાં લીધી. તેને જોતાં જ તે ચોંક્યા. તેમને એ થેલીની કંઈક ઝાંખી યાદ આવી હોય એમ લાગ્યું. તે થેલીમાં નાડાને છેડે બે લાખ સત્યાશી હજાર અને પાંચસો ફ્રાંક ચૂકતે થયાની પહોંચ લખેલી હતી અને નાડાને બીજે છેડે એક મોટો પાણીદાર હીરો બાંધેલો હતો. તેની સાથેની ચબરકી ઉપર લખ્યું હતું :

'જુલીનો દાયજો.'

શ્રી. મૉરેલ જાણે સ્વપ્ન જોતા હોય તેમ અવાક થઈ ગયા. થોડી વાર પછી તે બોલ્યા, 'બેટા, આ થેલી તને ક્યાંથી મળી ?'

'—મહોલ્લામાં ૧૫ નંબરના મકાનમાં પાંચમે માળે એક નાની ઓરડીના ખૂણામાં ભઠ્ઠી ઉપરના તાકામાં.'

ડાન્ટેનો બાપ ગુજરી ગયો હતો તે ઓરડી !

જુલીએ હવે પોતાને સવારે મળેલો કાગળ શ્રી. મૉરેલને બતાવ્યો. તે વાંચી તેમણે જુલીને પૂછ્યું, 'તું ત્યાં એકલી ગઈ હતી ?'

'ના, ઈમેન્યુએલ મારી સાથે આવ્યા હતા; પણ નવાઈની વાત એ છે કે, હું પાછી ફરી ત્યારે તે નાકા આગળ ઊભા ન હતા !'

એટલામાં તો કોઈ દોડતું બબ્બે ત્રણ ત્રણ પગથિયાં ચડતું હોય તેવો અવાજ સંભળાયો અને પછી તો ઈમેન્યુએલ ગાંડાની પેઠે અંદર દાખલ થઈ બોલ્યો, 'फराओन, फराओन ! મૉરેલ મહાશય, फराओन બંદરમાં દાખલ થયું છે !'

'ગાંડા, फराओन તો ક્યારનું ડૂબી ગયું. તેના પેનેલોન વગેરે ખલાસીઓ અહીં આવી ગયા તે પણ ભૂલી ગયો ?'

'અરે સાહેબ, અત્યારે બંદર ઉપર હજારો માણસ ભેગું થયું છે અને સૌ કોઈ फराओनને બંદરમાં ધીમેથી પ્રવેશતું જોઈ હર્ષના પોકાર કરી રહ્યું છે. હું પણ તેને મારી નજરે જોઈ, ઉતાવળે દોડી આવ્યો છું.'

શ્રી. મૉરેલ એકદમ તો ખુરશી ઉપર ફસડાઈ પડયા. પણ પછી આખું કુટુંબ એ ચમત્કારને નજરે જોવા વેગથી બંદર તરફ દોડી ગયું.

અને લો! નજીક આવી પહોંચેલા જહાજ ઉપર 'फराओन, મૉરેલ ઍન્ડ સન, માર્સેલ્સ' એ શબ્દો ચોખ્ખા દેખાતા હતા. તેનો આકાર બરાબર फराओन જેવો જ હતો અને તે રંગ અને ગળીથી લદાયેલું હતું. પણ સૌથી વધુ નવાઈની વાત તો એ હતી કે, કપ્તાન ગૉમાર્ડ તૂતક ઉપર ઊભો રહી લાંગરવાના હુકમો આપી રહ્યો હતો, અને પેનેલોનની નજર શ્રી. મૉરેલ ઉપર પડતાં જ તે તેમને હાથ હલાવી નિશાનીઓ કરવા લાગ્યો !

આ પ્રત્યક્ષ વસ્તુને નકારવી એ અશકય હતું. એટલે फराओन ડૂબ્યાની જે વાત હતી તેને જ સ્વપ્ન કે ભ્રમ ગણી કાઢવી જોઈએ ! બંદર ઉપર દશ હજાર માણસો આ પ્રત્યક્ષ વાતની શાખ પૂરતાં હતાં.

જે વખતે બંદર ઉપર શ્રી. મૉરેલ અને તેમનો પુત્ર આનંદમાં આવી એકબીજાને ભેટતા હતા અને પરમાત્માનો ઊંડા અંતરથી આભાર માનતા હતા, તથા વીસ હજાર હાથ એ દૃશ્ય ઉપર આનંદની તાળી બજાવી રહ્યા હતા, ત્યારે એક માણસ ત્યાં પહેરેગીરની કૅબિન પાછળ છુપાઈને એ બધું હર્ષથી ઊભરાતા હૃદયે નિહાળી રહ્યો હતો. થોડી વાર પછી તે ત્યાંથી ધીમે રહીને સરકયો અને બોલ્યો –

'સુખી થા, ભલા પુરુષ ! અત્યાર સુધી તેં જે ભલમનસાઈનાં કામ કર્યાં છે અને હજુ પણ તું જે બધાં સારાં કૃત્યો કરશે, તે બધાંના આશીર્વાદ તારા નિર્મળ હૃદય ઉપર ઊતરો !'

આટલું કહી, તે થોડે દૂર ઓવારાનાં પગથિયાં ઊતરી પાણી નજીક ગયો અને ત્યાં તેણે અમુક દિશામાં ત્રણ વાર બૂમ પાડી :

'જેકોપો, જેકોપો, જેકોપો !'

તરત જ એક તીર જેવી હોડી ઓવારે આવી. પેલો માણસ તેમાં બેસી ગયો. થોડે દૂર એક યાટ-નૌકા સુસજ્જ થઈને ઊભી હતી. તેમાં

ચડયા પછી પેલો માણસ શ્રી. મૉરેલ તરફ જોઈ રહ્યો. શ્રી. મૉરેલ તે વખતે અભિનંદન માટે આસપાસ ફરી વળેલા હજારો હાથ સાથે હાથ મિલાવી અંતરનો આનંદ તથા આભાર વ્યક્ત કરતા હતા.

યાટ-નૌકામાંથી પેલો માણસ તે જોઈ બોલી ઊઠયો : ‘વિદાય! દયા, માનવતા અને કૃતજ્ઞતાને! હૃદયને વિકસાવતી બધી ભલી લાગણીઓને વિદાય! હવે હું પાપીઓને તેમના પાપની સજા કરવા માટેનો કઠોર ઈશ્વરી દંડ બનવા જાઉં છું – તેટલો જ અચૂક, તેટલો જ કારમો!’

૨૪
કેડરો હીરો વેચે છે

બાવાજી હીરો આપીને વિદાય થયા કે તરત દાદર ઉપરથી કેડરોની માંદી સ્ત્રી નીચે ઊતરી. ડેન્ગ્લર્સ અને કાઉંટ મોર્સર્ફ જેવા વગદાર મોટા લોકો વિષે ગમે તેવા અજાણ્યાને મોઢે આવી વાતો કરવા બદલ તેણે કેડરોને ફિટકાર આપ્યો.

કેડરોએ કહ્યું, ‘મૂરખ, એ બધી વાતો તેને ન કરી હોત, તો પછી હીરાના પૈસા એ સૌને પણ વહેંચાઈ જાત તેનું શું? હવે આખો હીરો આપણને મળ્યો!’

કેડરોની સ્ત્રીએ હોઠ મચકોડીને કહ્યું, ‘બબૂચક ભાઈ, એ હીરો છે કે બે કોડીનો કાચ છે, તેની તમને પરખ ખરીને!’

કેડરો એ છેલ્લી વાત સાંભળીને જરા ચમકયો તેણે તરત ટોપો પહેરી લીધો અને કહ્યું, ‘આજે પાસે જ બ્યુકેરમાં મેળો છે; ત્યાં પૅરિસથી કેટલાય ઝવેરીઓ આવે છે. તેમાંના એકને બતાવીને હું હમણાં જ ખાતરી કરી લઉં છું.’

કેડરો બ્યુકેર તરફ જતો હતો, તે જ વખતે દાણચોરીનો ધંધો કરનાર બર્ટુકિયો પાસેની નહેરમાં જકાતખાતાના અમલદારો વડે ઘેરાઈ જતાં, પોતાના વહાણના ભંડકમાંનું ગુપ્ત બાકું ઉઘાડી, પાણીમાં ડૂબકી મારીને તરતો તરતો બહાર નીકળ્યો અને લપાતો-છપાતો કેડરોના ઘર તરફ આવવા લાગ્યો.

કેડરોની મુખ્ય કમાણી આવા દાણચોરો અને ચાંચિયાઓની ખાતર-બરદાસ્તમાંથી જ નીકળતી હતી. બર્ટુક્યિોનો ઈરાદો કેડરોને ત્યાં ખાવા-પીવાનું પરવારી, આકાશમાં ચડી આવેલા ભારે તોફાનનો લાભ લઈ, મોડી રાતે પોતાના વહાણ તરફ પાછા ફરવાનો હતો.

કેડરોની વીશીની પછીતે એકઢાળિયું હતું; તે આવા લોકોને માટે જ હતું. પાછલા વાડાની ભીંત કૂદી બર્ટુકિયો તેમાં પેઠો. મુખ્ય મકાન અને ઢાળિયા વચ્ચે પહેલાં જ્યાં બારણાનું ચોકઠું હતું, ત્યાં હવે પાટિયાંની એક પડદી ભરી દીધેલી હતી.

વીશીમાં બહારનું કોઈ મહેમાન છે કે નહિ તે જોવા બર્ટુકિયોએ પેલી પડદીની ફાટોમાંથી વીશીમાં નજર કરી. તે જ વખતે કેડરો પોતાની સાથે એક ઝવેરીને લઈને વીશીમાં પેઠો.

કેડરોએ નીચેથી બૂમ પાડીને પોતાની પત્નીને ઉપરને માળથી નીચે બોલાવી.

'જો પેલા બાવાજીએ આપણને છેતર્યા નથી; આ હીરો સાચો છે!'

'શું કહો છો?' કહેતી આનંદથી અને નવાઈથી ઉશ્કેરાયેલી તે માંદલી સ્ત્રી ધડધડાટ દાદરો ઊતરીને નીચે આવી.

પેલા ઝવેરીએ કેડરો પાસે આ હીરો કેવી રીતે આવ્યો તેની ખાતરી કરવા કેડરોની સ્ત્રીને બધી વાત ફરી પૂછી જોઈ. ઇટાલી તરફનો એબ બુસોની નામનો પાદરી એડમંડ ડાન્ટે નામના કેદી પાસેથી મળેલો

હીરો લઈને આપવા આવ્યો હતો, વગેરે વાત મળતી આવતાં, ઝવેરીએ કિંમતની બાબતમાં વાટાઘાટ કરવા માંડી. કેડરો ૫૦ હજાર ફ્રાંક માગતો હતો, ત્યારે ઝવેરી તેના ૪૦ હજાર આપવા માંગતો હતો.

તેની દલીલ એ હતી કે, બીજા ઝવેરી ૫૫ હજાર ફ્રાંક આપવા તૈયાર થશે, પણ બીજી બાજુથી પોલીસ સાથે મળી જઈ, તને ચોરીનો માલ રાખનાર ઠરાવી જેલમાં બેસાડી દેવરાવશે. પછી એબ બુસોની આવે અને પોતે હીરો આપ્યાની વાત કહીને તને છોડાવે, ત્યાર પહેલાં તો એ હીરાને બદલે તેને મળતો કાચ પોલીસવાળા મૂકી દેશે અને તું છૂટીશ ત્યારે તને આપશે!

કેડરોની સ્ત્રી તરત જ બોલી ઊઠી, 'ભલે આ ઝવેરીને જ હીરો ૪૫ હજારમાં આપી દો. અહીંથી તે હીરો લીધા વિના જશે, તો શહેરમાં જઈને પોલીસને ખબર આપી દેશે!'

ઝવેરીએ તરત થોડી નોટો અને થોડી સોનામહોરોમાં નાણાં ચૂકવી દીધાં. દરમ્યાન, બહાર વંટોળ અને વરસાદનું તોફાન વધતું ચાલ્યું. કેડરોએ ઝવેરીને આવી તોફાની રાતે પાછા જવાને બદલે પોતાની વીશીમાં સવાર સુધી સૂઈ રહેવાની સલાહ આપી. અંધારી રાતે રસ્તા ઉપર લૂંટારાઓનો પણ ડર!

ઝવેરીએ પોતાના ખીસામાં બે ભરેલી પિસ્તોલ બતાવીને કહ્યું, 'આજે રાતે ગમે તેમ કરી મારે પોતાને ઉતારે પહોંચવું પડે તેમ છે.'

ઝવેરી ચાલ્યો ગયો એટલે બારણું અંદરથી બંધ કરીને કેડરોની સ્ત્રીએ તેને મર્મમાં પૂછ્યું, 'તમે સાચે જ તેની દયા ખાઈને રાતે અહીં સૂઈ રહેવાનું કહ્યું હતું?'

'હાસ્તો.'

'મેં તો જાણ્યું કે, કંઈક બીજું કારણ હશે!'

'ફટ ભૂંડી! તને એવો વિચાર શા માટે આવે છે?'

'તમારામાં કશું પાણી નથી; નહિ તો એ માણસ હીરા સાથે આ ઘરમાંથી જીવતો બહાર નીકળી શક્યો ન હોત!'

પરંતુ એટલામાં તો વીજળીનો એક ભયંકર કડાકો થયો અને તે સાથે બારણા ઉપર જોરથી ટકોરા પડયા.

કેડરોએ પૈસા ટેબલ ઉપરથી સમેટતાં સમેટતાં જરા ગભરાઈને બૂમ પાડી, 'કોણ ?'

પેલો ઝવેરી જ બહારના તોફાનમાં જવું અશક્ય માની, પાછો ફર્યો હતો. કેડરોની સ્ત્રીના મોં ઉપર થઈને એક ભયંકર હાસ્ય પસાર થઈ ગયું.

મોડી રાતે જ્યારે બધાં જંપી ગયાં, ત્યારે ઢાળિયામાં જ થાકીને ઘસઘસાટ ઊંઘી ગયેલો બુટ્ટુકિયો ઉપલે માળ એક પિસ્તોલનો અવાજ સાંભળી જાગી ગયો. તરત તેણે બાકામાંથી વીશીની અંદર નજર કરી.

કેડરો ઉતાવળો ઉતાવળો દાદરેથી નીચે ઊતર્યો! તેણે હીરાની દાબડી ગજવામાં સાચવીને મૂકી અને કબાટમાંથી ૪૫ હજાર ફ્રાંકની પોટલી પણ કાઢીને કપડાંમાં છુપાવી દીધી. પછી બારણું ઉઘાડી તે બહાર અંધારામાં અલોપ થઈ ગયો.

બર્ટુકિયોને આખી પરિસ્થિતિ સમજાઈ ગઈ. તેને ઉપર કોઈના ઊંહકારા સંભળાતા હતા. કોઈની કંઈ સારવાર થઈ શકે તેમ હોય તો તે કરવા ઉતાવળથી તે ઘરની અંદર પેઠો. દાદર ચડતાં જ કેડરોની સ્ત્રીનું શબ તેના પગમાં અથડાયું. તેના ગળામાંથી ગોળી પસાર થઈ ગઈ હતી અને તે ક્યારની મરી ગઈ હતી. પછી તે ઝવેરીની પથારી-વાળી ઓરડીમાં દોડયો. ત્યાં ચારે તરફ બધું રમણભમણ પડેલું હતું અને પથારીની બહાર ઝવેરી ઢગલો થઈને પડયો હતો. તેને છાતીમાં ઊંડા ઘા પડેલા હતા અને લોહી ધડધડાટ નીકળતું હતું.

બર્ટુકિયો ઝવેરીમાં જીવ છે કે નહિ તે તપાસતો હતો, તેટલામાં જ નીચે સૈનિકોની દોડધામ સંભળાઈ. થોડી વારમાં જ જકાત-ખાતાના અમલદારો થોડાક સૈનિકો સાથે ઉપર ચડી આવ્યા અને તેમણે બર્ટુકિયોને ગિરફતાર કર્યો.

વાત એમ બની હતી કે, વહાણ આગળથી જ જકાતખાતાના એક જાસૂસે છૂપી રીતે બર્ટુકિયોનો પીછો પકડયો હતો. બર્ટુકિયોને કેડરોના ઢાળિયામાં સંતાતો જોઈ, તે હવે તોફાનની રાતે ત્યાં જ રહેશે એમ માની, તે બીજા સૈનિકો અને અમલદારોને બોલાવી લાવ્યો હતો.

બબ્બે જણનાં ખૂન કરનાર તરીકે બર્ટુકિયોને મોતની સજા થઈ. પરંતુ વીશીનો માલિક કેડરો લા-પત્તા હતો; એટલે તે પકડાય નહિ ત્યાં સુધી, અથવા એબ બુસોની આવી કેડરોને હીરો આપ્યાની વાતની ખાતરી કરાવી ન આપે ત્યાં સુધી, શકનો લાભ આપી પોતાને જીવતો કેદમાં જ પૂરી રાખવા બર્ટુકિયોએ ભારે આજીજી કરી. ન્યાયાધીશ ધાર્યા કરતાં વધુ ભલો માણસ નીકળ્યો અને તેણે તેની આજીજી મંજૂર રાખી.

નસીબજોગે ત્રણ મહિના અને પાંચ દિવસ બાદ, એટલે કે આઠમી સપ્ટેંબરે એબ બુસોની ફરતા ફરતા ત્યાં આવી પહોંચ્યા. હીરાની તથા ખૂનની વાત સાંભળી તેમણે કેદખાનામાં આવી બર્ટુકિયોની મુલાકાત લીધી.

બર્ટુકિયોએ બનેલી બધી વાત તેમને સોગંદપૂર્વક કહી સંભળાવી. તેણે કહેલી વાતની સચ્ચાઈ ઉપર એબ બુસોનીને ભરોંસો બેઠો, અને બની શકે તો તેને છોડાવવાનો પ્રયત્ન કરવાનો પોતાનો નિશ્ચય તેમણે તેને જણાવ્યો.

એબ બુસોનીનું માયાળુ અને પ્રભાવશાળી વર્તન જોઈ, બર્ટુકિયોએ તેમને કહ્યું, 'બાપજી, કેડરો જીવતો ન પકડાય ત્યાં સુધી આ આરોપમાંથી મારો છુટકારો કદાચ ન પણ થાય; અને છેવટે મારે ફાંસીને લાકડે લટકવું જ પડે. એટલે મેં કરેલા એક ખરા ખૂનની કબૂલાત તો આપની આગળ હું મરતા પહેલાં કરી જવા ઈચ્છું છું. પ્રભુ પાસે આપ મારા એ પાપની માફી માટે પ્રાર્થના કરજો.'

એટલું કહી તેણે નીચેની લાંબી કહાણી બાવાજીને કહી સંભળાવી.

૨૫
બર્ટુકિયોની કબૂલાત

બર્ટુકિયો પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારથી જ, માતાપિતા મરી જતાં, તેના ૧૮ વર્ષના મોટા ભાઈએ તેને ઉછેર્યો હતો. નેપોલિયન જ્યારે એલ્બાથી ૧૮૧૫માં ફ્રાંસ પાછો ફર્યો, ત્યારે તેનો મોટો ભાઈ લશ્કરમાં ભરતી થઈ ગયો. વૉટર્લૂના યુદ્ધની આગલી રાતે લડાઈમાં ઘાયલ થતાં, તેને મોરચા ઉપરથી ખસેડી લેવામાં આવ્યો. પછી તો નેપોલિયન હારીને દેશનિકાલ થયો તથા રાજા લૂઈ ફરી ફ્રાંસની ગાદીએ આવ્યો, એટલે નેપોલિયનના લશ્કરની ટુકડીઓને વિખેરી નાખવામાં આવી.

બર્ટુકિયોને એક દિવસ તેના ભાઈનો કાગળ મળ્યો કે, તે હવે પોતાને ગામ પાછો ફરવા માગે છે; પણ હજુ પોતે અશક્ત હોવાથી મુસાફરીના ખર્ચ માટે તેને થોડા પૈસાની જરૂર છે.

બર્ટુકિયો બધું વેચીસાટી પોતાની ભાભી માટે પાંચસો ફ્રાંક રાખી, બીજા પાંચસો ફ્રાંક પોતાની સાથે લઈ, ભાઈને તેડી લાવવા નીકળ્યો.

દરમ્યાન દક્ષિણ તરફ નેપોલિયનના પક્ષકારોની કતલ શરૂ થઈ હતી. રાજસત્તાની આંખમીંચામણી હેઠળ જ બે કે ત્રણ ગુંડા-ટોળીઓએ એ કામ હોંશભેર હાથમાં લીધું હતું. બર્ટુકિયોના ભાઈની પણ એક ગામમાં આગલી રાતે જ કતલ થઈ ગઈ.

બર્ટુકિયોએ ત્યાં આવીને પોતાના ભાઈના ખૂનીઓનો પત્તો મેળવવા ભારે પ્રયત્ન કર્યો; પરંતુ ધાકના માર્યા, કોઈ તેમનું નામ કહેવા પણ તૈયાર ન હતું. છેવટે તેણે દારોગા પાસે જઈ ફરિયાદ દાખલ કરી.

દારોગા વિલેફોર્ટ બહુ કટ્ટર રાજભક્ત હતો. તેણે નેપોલિયન હેઠળ નોકરી કરનારાઓને ફ્રેન્ચ સૈનિક જ ગણવાની ના પાડી; અને એ બદમાશ રાજકેદીઓને યોગ્ય ફળ મળ્યું છે એમ જણાવ્યું! બર્ટુકિયોએ ઘણીય દલીલો કરી કે, તેના ભાઈને કોઈ પક્ષ સાથે કશી લેવાદેવા જ ન હતી, અને તે તો સરકારી નોકરી સમજીને લશ્કરમાં જોડાયો હતો. પરંતુ વિલેફોર્ટે તો તેને લાયક સજા મળી છે એમ જ કહેવાનું ચાલુ રાખ્યું. છેવટે બર્ટુકિયોએ પોતાના ભાઈની નિરાધાર બનેલી વિધવાને સામાન્ય સૈનિકના વિધવાને મળે છે તેવું પેન્શન બાંધી આપવાની માગણી કરી; પરંતુ તે માગણી પણ વધુ હસીને ઉડાવી દેવામાં આવી.

બર્ટુકિયોએ હવે ગુસ્સે થઈને વિલેફોર્ટને કહ્યું, 'તું રાજાના પક્ષનો છે એટલે જ મારા ભાઈની અન્યાયી કતલને યોગ્ય માને છે; તો હું મારા ભાઈના પક્ષની રીતે નેપોલિયનના પક્ષનો ગણાઉં; એટલે હું પણ તને દેશદ્રોહી ગણી મોતની સજાને પાત્ર જાહેર કરું છું. માટે આજથી ચેતતો રહેજે!'

વિલેફોર્ટ બર્ટુકિયોને કશું કરી કે કરાવી શકે, તે પહેલાં તો તે તેની સામેથી છટકી ગયો. પછી બર્ટુકિયોએ વિલેફોર્ટનો પીછો પકડ્યો. વિલેફોર્ટને મારી નાખવો એ તો સહેલી વાત હતી; પણ બર્ટુકિયોને તો પોતાના ભાઈના ખૂનના બદલામાં જ તેનું ખૂન કરવું હતું – પોતે પકડાઈ જાય અને મોતની સજા પામે, તો વિલેફોર્ટ જેવા એક કુત્તાના જીવના બદલામાં બે ભાઈઓના જીવ ગયા કહેવાય!

પરંતુ વિલેફોર્ટ પણ સાવચેત થઈ ગયો હતો. ત્રણ મહિના સખત પીછો પકડ્યા પછી બર્ટુકિયોને અચાનક ખબર પડી કે, વિલેફોર્ટ અવારનવાર પેરિસ પાસેના ઉપનગર ઑટીલમાં જાય છે – આવે છે. ત્યાં તેના સસરા માર્કિવસ સેન્ટ મેરાનનું એક અવાવરુ પડી રહેલું મકાન હતું; તે થોડો વખત થયાં એક જુવાન વિધવાને ભાડે અપાયું હતું.

તે મકાનની આસપાસની બગીચાની ભીંત ઉપરથી જોતાં બર્ટુકિયોને જણાયું કે, તે બાઈ ૧૮ થી ૧૯ વર્ષની હતી અને તે તથા વિલેફૉર્ટ એકબીજાના ગુપ્ત પ્રેમમાં હતાં.

બર્ટુકિયોએ તરત જ એ બગીચાની એક બાજુની ભીંત તરફની શેરીમાં મકાન ભાડે રાખ્યું. વિલેફૉર્ટ ગુપ્ત રીતે એકલો પોતાની પ્રિયતમાને મળવા આવે, ત્યારે તેને મારી નાખવાનું સહેલું તથા સહીસલામત કહેવાય.

ત્રણ દિવસ બાદ સાંજના સાતેક વાગ્યાના અરસામાં અચાનક એક માણસ તે મકાનમાંથી નીકળી, મારતે ઘોડે વર્સેલ્સ તરફ રવાના થયો. બર્ટુકિયો સમજી ગયો કે કંઈક મુશ્કેલી આવી હોવાથી વિલેફૉર્ટને તેડવા જ તેને દોડાવવામાં આવ્યો છે.

ત્રણ કલાક બાદ તે માણસ ધૂળ ભરેલે શરીરે પાછો ફર્યો; અને દશ મિનિટ બાદ એક માણસ મોટો જભ્ભો ઓઢી, પાછલે બારણે અંદર દાખલ થયો. તે વિલેફૉર્ટ હતો.

બર્ટુકિયો તરત વાડામાં દાખલ થયો અને પેલા પાછલા બારણા પાસે ઝાડ-ઝાડવાંની ઓથે છુપાઈ ગયો. થોડી વારમાં મકાનમાંથી એક સ્ત્રીના વેદનાભર્યા ઊંહકારા સંભળાવા લાગ્યા. બે કલાક પસાર થઈ ગયા. મધરાતના ડંકા પડયા. ત્યાર બાદ મકાનની બાજુનું બારણું ઊઘડ્યું. તેમાંથી વિલેફૉર્ટ બહાર નીકળ્યો. તેણે બર્ટુકિયો સંતાયો હતો તે ઝાડીની બાજુમાં જ અંધારામાં એક ખાડો ખોદવા માંડયો. પછી પોતાની સાથે આણેલી એક પેટી તેણે પેલા ખાડામાં દાટી દીધી. પેટી બે ફૂટ લાંબી તથા છથી આઠ ઇંચ ઊંચી હતી.

વિલેફૉર્ટ જમીન સરખી કરીને ઊંચો થવા જાય, તેવામાં જ બર્ટુકિયોએ પોતાની છરી તેના પડખામાં આરપાર ખોસી દીધી. વિલેફૉર્ટ એક પણ ચીસ પાડયા વિના ઢગલો થઈને જમીન ઉપર તૂટી પડયો.

પછી વિલેફૉર્ટે દાટેલી પેટી ખોતરી કાઢીને બર્ટુકિયો ત્યાંથી નાઠો. તેનાં કપડાં વિલેફૉર્ટના લોહીથી છંટાઈ ગયાં હતાં. નદી ઉપર

જઈ તેણે પ્રથમ પેલી પેટીનું ઢાંકણું છરી વતી ઉઘાડી નાખ્યું. તેમાં તાજું જન્મેલું બાળક હતું!

બટ્ટુર્કિયો તેને નદીમાં પધરાવી દેવા જ જતો હતો, તેવામાં તેને લાગ્યું કે બાળકનું શરીર કંઈક ઊનું હતું. થોડી માથાકૂટ પછી બટ્ટુર્કિયોએ તેને શ્વાસ લેતું કરી દીધું. એક જીવ લીધો તેના બદલામાં એક જીવ બચાવવા મળ્યો, એ કારણે તે પરમાત્માનો આભાર માનવા લાગ્યો.

આવાં તજી દેવાયેલાં અનાથ બાળકોને ઉછેરનારી ઇસ્પિતાલની જાણ બટ્ટુર્કિયોને હતી. રાતોરાત બટ્ટુર્કિયો છાનોમાનો તે બાળકને ત્યાં મૂકી આવ્યો. તે બાળકને જે કપડું વીંટેલું હતું તેના ઉપર અમીર-ઉમરાવો રાખે છે તેવી મુદ્રા તથા H અને N એ બે અક્ષરો ભરેલા હતા. ભવિષ્યમાં તે બાળકને ઓળખવા કામ આવે એમ માની, તેણે તે કપડામાંથી એક અક્ષર પોતાની પાસે આવે અને બીજો બાળક પાસે રહે તે રીતે અર્ધો ટુકડો ફાડી લીધો.

એકાદ પખવાડિયા પછી બટ્ટુર્કિયો જ્યારે તેની ભાભીને મળ્યો, ત્યારે તેણે ભાઈનું ખૂન થયાની તથા પોતે તેનું વેર વસૂલ કર્યાની બધી વાત કરી. પેલા બાળકની વાત જ્યારે દુખિયારી ભાભીએ સાંભળી, ત્યારે તે તરત બોલી ઊઠી કે, ‘ તમે તે છોકરાને અહીં લાવ્યા હોત, તો હું તેને ઉછેરત; મને થોડું સુવાણ થાત.’

બટ્ટુર્કિયોએ જવાબમાં પેલો અર્ધો ફાડી લીધેલો ટુકડો ભાભીને સોંપ્યો તથા કહ્યું કે, ‘ આપણે પૈસાવાળાં થઈએ. ત્યારે તે બાળકને ઓળખીને લઈ આવી શકીએ, તે માટે જ આ નિશાની મેં ફાડી લીધી છે.’

વિલેફોર્ટ જેવા સરકારી અમલદારના ખૂનની તપાસ બરાબર ચાલે જ; એટલે જ્યારે ત્યારે પોતાના જાનનું જોખમ છે એમ માની, બટ્ટુર્કિયો દૂર દરિયા તરફ જ વધુ વખત રહેવા લાગ્યો; તેમ જ મરતા પહેલાં ભાભીના ગુજરાન જોગું ઝટ કમાઈ લેવા માટે તેણે દાણચોરીનાં ભારે સાહસો ખેડવા માંડયાં.

ધીમે ધીમે તેણે પોતાની ભાભીને સારી સરખી રકમ ભેગી કરી આપી. એક દિવસ બર્ટુકિયોની ગેરહાજરી દરમ્યાન ભાભી જઈને પેલા નિશાનીવાળા કકડાને આધારે તથા તારીખ વગેરેની માહિતી બરાબર આપીને પેલા બાળકને ઈસ્પિતાલમાંથી લઈ આવી.

તે બાળક બર્ટુકિયો અને તેની ભાભીના લાડમાં ઊછરતો ગયો. નાનપણથી જ તે ઉદ્ધત, મનસ્વી, આરામી પ્રકૃતિનો, અને ખરચાળ હોઈ ચોર બન્યો. બર્ટુકિયો તેને ધમકાવતો, શિખામણ આપતો તથા કંઈક કામ-ધંધે લગાડવા ઇચ્છતો; પરંતુ તે બાળક – બેનેડીટો – કશું ગણકારતો નહિ. બર્ટુકિયોની ભાભી પાસેથી તો તે મારી ધમકાવીને પૈસા પડાવતો; ઉપરાંત કોઈ પણ પ્રકારે જ્યારે તેને ખબર પડી કે, આ બે જણ તેનાં ખરાં માતા-પિતા નથી, ત્યારથી તો તેની વર્તણૂક વધુ બેજવાબદાર બનતી ગઈ.

આ અરસામાં જ બર્ટુકિયો પોતાનું વહાણ લઈ ફ્રાન્સ તરફ આવ્યો હતો; તેવામાં બ્યુકેર પાસે તેનું વહાણ ઘેરાઈ ગયું, અને કેડરોને ત્યાં ખૂનના આરોપસર તે પકડાઈ ગયો. ૧૮૨૯ ના જૂન માસની ત્રીજી તારીખની રાતે બનેલી એ બધી વાત આપણે જોઈ આવ્યા છીએ.

એબ બુસોનીએ બર્ટુકિયોની બધી વાત સાંભળીને તેના છુટકારા માટે ભારે પ્રયત્ન આદર્યો. અને ઈશ્વરનું કરવું તે થોડા વખતમાં જ કેડરો પકડાઈ ગયો. દૂર પરદેશમાંથી તેને પકડીને ફ્રાંસમાં લાવવામાં આવ્યો. તેણે એવો બચાવ રજૂ કર્યો કે, ઝવેરીનું ખૂન કરવાનો વિચાર અને પ્રયત્ન મૂળે તેની સ્ત્રીએ જ કર્યો હતો; પછી તો ઝવેરીના હાથમાંથી પોતાની સ્ત્રીને અને પોતાની જાતને બચાવવા ખાતર જ તેને એમાં ભળવું પડયું હતું. કેડરોને મરણ પર્યંત લશ્કરી વહાણ ઉપર ગુલામ તરીકે કેદની સજા થઈ અને બર્ટુકિયોને નિર્દોષ છોડી મૂકવામાં આવ્યો.

એબ બુસોનીએ બર્ટુકિયો ઉપર દયા લાવી, તેને દાણચોરીના

કામમાંથી છોડાવવા અને સારે ઠેકાણે નોકરીએ રખાવવવા માટે પોતાના તવંગર મિત્ર કાઉંટ મોન્ટે-ક્રસ્ટો ઉપર ભલામણ-ચિઠ્ઠી લખી આપી.

એબ બુસોની પાસેથી ચિઠ્ઠી લઈને બર્ટુકિયો પ્રથમ તો પોતાની ભાભીની ખબર કાઢવા પોતાના વતન તરફ દોડ્યો. ત્યાં બહુ કારમા સમાચાર તેની રાહ જોઈ રહ્યા હતા. બર્ટુકિયોની ગેરહાજરીમાં તેની ભાભી પાસે બેનેડીટોએ હંમેશની જેમ પૈસા માટે તગાદો શરૂ કર્યો હતો. બર્ટુકિયોની સલાહથી આ વખતે તેની ભાભીએ પૈસા બેનેડીટોના હાથમાં આવે તેમ પોતાની પાસે ન રાખતાં, બહાર ક્યાંક સુરક્ષિત રાખ્યા હતા. બેનેડીટોએ ખૂબ ધમપછાડા કરવા છતાં જ્યારે તેને પૈસા ન મળ્યા, ત્યારે તેણે એક ભયંકર ઉપાય અજમાવ્યો. મોડી રાતે પોતાના બે-ત્રાણ લફંગા મિત્રોને લઈને તે ઘરમાં આવ્યો અને બારીબારણાં બંધ કરી, બર્ટુકિયોની ભાભીને પકડી તેના પગનાં તળિયાં નીચે બળતી સગડી મૂકી; તથા પૈસા ક્યાં છુપાવ્યા છે તે બતાવી દેવા જણાવ્યું.

પેલી બિચારી બેનેડીટોની આ નાલાયકી જોઈ ડઘાઈ ગઈ અને વેદનાની મારી બદમાશોના હાથમાંથી છૂટવા તરફડિયાં મારવા લાગી. એટલામાં તેના પગ તરફના કપડાની ફડક એકદમ સળગી ઊઠી. એટલે પોતે સળગી મરવાની બીકથી પેલા બદમાશોએ તેને હાથમાંથી છોડી દીધી. પેલી બિચારી ચીસો પાડતી બહાર ભાગવા ગઈ, પણ બધાં બારીબારણાં બંધ કરી દીધેલાં હતાં એટલે થોડી વારમાં તે બફાઈને ભડથું થઈ ગઈ.

બીજે દિવસે પડોશીઓએ બારણાં તોડીને ઉઘાડ્યાં, ત્યારે બર્ટુકિયોની ભાભીમાં નામમાત્રનો જીવ બાકી રહ્યો હતો. ઘરમાં બધું તોડીફોડીને રફેદફે કરવામાં આવ્યું હતું તથા વેચી ખવાય તેવી બધી ચીજો ઊપડી ગયેલી હતી. તે દિવસથી બેનેડીટોનો ક્યાંય પત્તો ન હતો.

બર્ટુકિયો ખૂબ ખિન્ન થઈને ત્યાંથી પાછો ફર્યો અને એબ બુસોનીવાળી ચિઠ્ઠી લઈને કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો પાસે ગયો. કાઉન્ટે એબ બુસોનીની ચિઠ્ઠી વાંચીને તેને થોડાઘણા પ્રશ્નોત્તર કર્યા. બર્ટુકિયોએ લાગણીવશ થઈને જણાવ્યું: 'નામદાર, હું મૂળે કોર્સિકાનો ક્ષાત્રય છું;

મેં કરેલા એક ખૂનના કારણે મારે છુપાવું પડે તેમ હોવાથી જ હું દાણચોરીના ધંધામાં પડયો હતો. જેલમાંથી છૂટયો હોવાથી મને કોઈ નોકરીએ રાખે નહિ એ હું સમજું છું. પરંતુ બાવાજી આગળ મેં મારી બધી કબૂલાત કરી છે; અને આપ જો મને આપની નોકરીમાં રાખશો, તો હું આપનો ખરીદેલો ગુલામ થઈને રહીશ, અને આપ નામદારનો ઉપકાર કોઈ દિવસ નહિ ભૂલું.'

કાઉન્ટે તરત જ બર્ટુકિયોને પોતાના ભંડારીની જગ્યાએ નીમી દીધો. બર્ટુકિયો પોતાનામાં મુકાયેલા આ વિશ્વાસથી અર્ધો અર્ધો થઈ ગયો. અને જીવજાનથી કાઉન્ટની સેવા કરવાની કોશિશ કરવા લાગ્યો.

એબ બુસોની અને કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો ખરી રીતે એક જ વ્યક્તિનાં બે રૂપ હતાં: એડમંડ ડાન્ટેનાં. ડાન્ટેએ મોન્ટે-ક્રિસ્ટો ટાપુ ટસ્કનીની સરકાર પાસેથી ખરીદી લીધો હતો અને તે સરકારે તેને તે ટાપુના કાઉન્ટનું પદ આપ્યું હતું.

ખંડ ૨ જો

વસૂલાત

૨૬

પૅરિસમાં આગમન

કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટોએ ૨૧મી મે ૧૮૩૮ને રોજ પાછો પૅરિસમાં પગ મૂકયો. ૫.મી સપ્ટેમ્બર ૧૮૨૯ના રોજ મૉરેલની હૂંડી ચૂકવીને તે ફ્રાંસમાંથી વિદાય થયો હતો.

આ મોટો વચગાળો તેણે કયાં ગાળ્યો હતો તથા તે દરમ્યાન તેણે શું કર્યું હતું?

આ વચગાળા દરમ્યાન ખાસ તો તેણે ધીરજપૂર્વક બારીક તપાસ કરીને પોતાના દુશ્મનોની બધી કારવાઈઓનો સંપૂર્ણ પત્તો લગાવ્યો હતો. તેમને હાથે અન્યાય-અત્યાચાર પામેલી વ્યક્તિઓની દૂરદૂરથી પણ તેણે ભાળ મેળવી હતી; અને બને તેટલી મદદ કરી તેમને દુઃખમુક્ત કરવા પ્રયત્ન કર્યો હતો.

તેમાંની એક તો ગ્રીસના અલી પાશાની કુંવરી હૅદી હતી. ફર્નાન્ડ અથવા કાઉન્ટ મૉર્સર્ફ હૅદીના પિતાની નોકરીમાં રહ્યો હતો તે વેળા, પૈસાને લોભે વિશ્વાસઘાત કરી, મૉર્સર્ફે તેની કતલ કરાવી હતી. હૅદીની માતા અને હૅદીને પણ તેણે ગુલામોના વેપારીને વેચી દીધાં હતાં. હૅદીની માતા દુઃખશોકના ભારથી હૃદય ભાંગી જતાં તરત મરણ પામી. પછી હૅદીને પેલા વેપારીએ ખૂબ ખર્ચ કરીને સંગીત-નૃત્ય વગેરેમાં પાવરધી કરી તથા છેવટે સુલતાન મહમુદને વેચી દીધી. મોન્ટે-ક્રિસ્ટોએ પોતાની પાસેનું એક અમૂલ્ય રત્ન સુલતાનને આપી દઈ, તેની પાસેથી હૅદીને ખરીદી લીધી હતી.

છેવટે જ્યારે દુશ્મનોને સજા કરવા માટેની બધી તૈયારીઓ પૂરી થયેલી માનીને કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટોએ પૅરિસમાં પગ મૂકયો, ત્યારે

પણ ફર્નાન્ડ અથવા કાઉન્ટ મૉર્સર્ફ અને મર્સિડીસના એકના એક વહાલા પુત્ર આલ્બર્ટના આગ્રહભર્યા નિમંત્રણથી જ મૂકયો હતો!

આલ્બર્ટનો ભેટો તેને રોમના વિશ્વવિખ્યાત કાર્નિવલ ઉત્સવ દરમ્યાન થયો હતો. આલ્બર્ટ પોતાના મિત્ર ફ્રાન્ઝ દ' એપિને સાથે એ ઉત્સવના આનંદ-પ્રમોદમાં ભાગ લેવા રોમ આવ્યો હતો. તે ઉત્સવ દરમ્યાન કોઈ રોમન સુંદરી સાથે પ્રેમ-પ્રકરણ ઊભું કરવાનો તેને વિચાર હતો. વાન્ગા નામના પ્રખ્યાત રોમન લૂંટારુની પત્ની તે ઉત્સવમાં ભાગ લેવા આવી હતી. આલ્બર્ટ અજાણમાં તેની સાથે પ્રેમ કરવા ગયો. વાન્ગાએ તે વખતે તેને સિફતથી ઉપાડયો અને રોમથી થોડે દૂર સંતોનાં કૉફિન માટેની સેંટ સેબાસ્ટિયનની જૂની ભૂગર્ભ-ગુફાઓમાં આવેલા પોતાના અડ્ડામાં કેદ કર્યો.

પછી આલ્બર્ટના છુટકારા માટે વાન્ગાએ મોટી રકમની માગણી આલ્બર્ટના મિત્ર એપિને ઉપર લખી મોકલી. એપિને પાસે તેટલી રકમ હાજર ન હતી. એટલે પોતાની પેઠે ઉત્સવ જોવા માટે એ જ હોટેલમાં આવીને ઊતરેલા કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો પાસે તેટલી રકમ ઉછીની માગવા તે ગયો. પરંતુ વાન્ગા ઘણી વાર કાઉન્ટના ઉપકાર નીચે આવી ગયેલો હોવાથી, કાઉન્ટે તરત જ જાતે જઈને, આલ્બર્ટને તેની કેદમાંથી છોડાવી દીધો.

આલ્બર્ટે રોમમાંથી પાછા ફરતી વખતે કાઉન્ટને પૅરિસ પોતાને ત્યાં પધારવા આગ્રહપૂર્વક આમંત્રણ આપ્યું. કાઉન્ટ પણ તે નિમંત્રણમાં ઈશ્વરનો આદેશ જોઈ, ત્રણ મહિના બાદ ૧૮૩૮ના મે મહિનાની ૨૧મી તારીખે જ્યારે પૅરિસ આવ્યો, ત્યારે આલ્બર્ટને આપેલું વચન યાદ કરીને, મુસાફરીના વાહનમાં તે સીધો આલ્બર્ટને ઘેર જ પ્રથમ આવ્યો.

જોકે, દરમ્યાન મોન્ટે-ક્રિસ્ટો માટે પૅરિસમાં પહેલેથી જ ઑટીલ તરફ જવાના માર્ગ ઉપર શેંપ્સ એલીસી વિસ્તારમાં એક સુંદર મકાન

ખરીદી લેવામાં આવ્યું હતું. આ કામ તેના વિશ્વાસુ ગુલામ અલીએ પાર પાડયું હતું.

અલી ટ્યૂનિસિયાનો વતની હતો અને ટ્યૂનિસના બેગની નોકરીમાં હતો. એક વખત બેગે તેને પોતાના જનાનખાનાની નજીક ફરતો જોયો, એટલે વહેમાઈને તરત કેદ પકડાવી દીધો. પહેલે દિવસે તેની જીભ કાપી નાખવાની, બીજે દિવસે તેના હાથ કાપી નાખવાની અને ત્રીજે દિવસે તેનું માથું કાપી નાખવાની સજા ફરમાવવામાં આવી.

નસીબજોગે કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો તે દિવસોમાં ત્યાં જ હતો. પહેલે દિવસે અલીની જીભ કપાઈ ગયા પછી, તે તરત બેગને મળ્યો અને ભારે કીમતી ભેટો આપીને અલીની બાકીની સજાઓ તેણે માફ કરાવી. અને ફરી ટ્યૂનિસમાં પગ ન મૂકે એ શરતે અલીને બેગે કાઉન્ટને સોંપી દીધો. ત્યારથી અલી કાઉન્ટનો વફાદાર સેવક બની રહ્યો હતો. કાઉન્ટને હુકમ પણ કરવો ન પડે તે રીતે તેની બધી સેવાઓ બજાવવી, એ જ તેના જીવનનું એકમાત્ર ધ્યેય હતું.

આલ્બર્ટને ત્યાં જઈ, ઘણે વર્ષે તેનાં માત-પિતા—(ફર્નાન્ડ) કાઉન્ટ મૉર્સર્ફ અને મર્સિડીસ—ને મોન્ટે-ક્રિસ્ટોએ જોયાં. કાઉન્ટ મૉર્સર્ફ તો તેને ન ઓળખી શક્યો, પણ મર્સિડીસ પહેલી જ મુલાકાતે કંઈક વહેમાઈ. આ પહેલી મુલાકાત તો પોતાના પુત્રનો જાન ખૂની-લૂંટારાના હાથમાંથી બચાવનાર પ્રત્યે આભાર-અભિનંદન વ્યકત કરવામાં જ પૂરી થઈ. કાઉન્ટ મૉર્સર્ફે હવે લશ્કરી નોકરી છોડી દીધી હતી; અને રાજ-કારણ તથા ઉદ્યોગ-ધંધામાં ઝંપલાવ્યું હતું.

કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો જ્યારે ચાર કલાક બાદ તેમને ત્યાંથી પોતાને ઘેર જવા નીકળ્યો, ત્યારે બર્ટુકિયોએ, તે દરમ્યાન, કાઉન્ટે મુસાફરી માટે ભાડે લીધેલી ગાડીને વિદાય કરી દીધી હતી અને એક રળિયામણી સુંદર ગાડી સારામાં સારા ઘોડા સાથે ભારે કિંમતે ખરીદીને બારણા પાસે તૈયાર રાખી હતી. એના ઘોડા તેમના માલિકે આગલે દિવસે ૭૦૦

ગીનીની કિંમતે પણ વેચવા ના પાડી હતી. આજે બર્ટુકિયોએ એક એક ઘોડાના ૨૦ હજાર ફ્રાંક આપીને કાઉન્ટ માટે તે વેચાતા લઈ લીધા હતા.

શૅંપ્સ એલીસી વિસ્તારમાં આવેલા પોતાના મકાને કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો પહોંચ્યો, ત્યારે જમીન-જાગીર-મકાનો વગેરે વેચાતાં મેળવી આપનાર એક દલાલ ત્યાં તૈયાર ઊભો હતો. ધનવાનોની રીત પ્રમાણે, પૅરિસ બહાર પાસેના ઉપનગરમાં પણ એક મકાન હોવું જોઈએ એટલા માટે કાઉન્ટે, પેપરમાં આવેલી જાહેરખબર જોઈને કદાચ, ઑટીલ ઉપનગરમાં આવેલું એક મકાન ખરીદી લઈ, તેનો દસ્તાવેજ તૈયાર કરી લાવવા તેને સૂચના આપેલી હતી.

દલાલે જ્યારે ઑટીલમાં રુ દ લા ફોન્ટેન, નં. ૨૮ તરીકે ઓળખાતા એ મકાનનું નામ-ઠામ જણાવ્યું, ત્યારે પાસે ઊભેલો બર્ટુકિયો એકદમ પીળો પડી ગયો. એ મકાનમાં જ તેણે વિલેફૉર્ટ ઉપર પ્રાણઘાતક હુમલો કર્યો હતો.

કાઉન્ટે દલાલને ૫૫ હજાર ફ્રાંક તરત ચૂકવી દીધા. દલાલ બોલી ઊઠયો: 'સાહેબ, મારે ૫૦ હજાર ફ્રાંક જ લેવાના છે; મારી દલાલી, દસ્તાવેજ-ખર્ચ વગેરે બધું એમાં આવી જાય છે.'

કાઉન્ટે કહ્યું: 'તમે છેક ઑટીલથી બધું તૈયાર લઈને અહીં મારે ત્યાં આવ્યા, એ તમારી મહેનતનો પણ મારે વિચાર કરવો જોઈએ ને?'

૨૭

જેમાં બનાવો રૂપ પકડે છે

બીજે દિવસે બેએક વાગ્યાના સુમારે બે ભવ્ય અંગ્રેજ ઘોડાઓ જોડેલી એક ગાડીમાં બેસી બૅરન ડૅન્ગ્લર્સ કાઉન્ટના મકાન આગળ આવ્યો.

દરવાજા આગળ જ તેને કહેવામાં આવ્યું કે, 'કાઉન્ટ આજે કોઈને મુલાકાત આપવાના નથી.'

બૅરન ડૅન્ગ્લર્સે પોતાનું નામઠામ જણાવીને દરવાનને અંદર જઈ ખબર આપવા કહ્યું, ત્યારે તેને જવાબ મળ્યો, 'અંદર ખબર આપવા જવાનો અધિકાર હજુર-ખાનસામાનો જ છે.'

ડૅન્ગ્લર્સ આ શાહી રુઆબ જોઈને જરા ભોંઠો પડી ચાલતો થયો; પણ કાઉન્ટની તીક્ષ્ણ આંખો એક બારીના પડદાની ઓથ પાછળથી તેનું બરાબર નિરીક્ષણ કરી રહી હતી.

ડૅન્ગ્લર્સ જતાં જ તરત કાઉન્ટે બર્ટુકિયોને બોલાવ્યો. 'હમણાં જે ગાડી આપણા દરવાજા આગળ ઊભી હતી, તેના ઘોડા તેં જોયા?'

'હા જી; ઘોડા ખરેખર સુંદર હતા.'

'તો પછી મેં તને હુકમ કર્યો હતો કે, તારે પૅરિસમાંથી સુંદરમાં સુંદર ઘોડા મારે માટે ખરીદવા, તેનું શું?'

'પરંતુ નામવર, એ ઘોડા વેચવાના જ નથી, એમ મને કહેવામાં આવ્યું હતું.'

'કિંમત આપનારને કોઈ પણ ચીજ વેચાતી મળી શકે, એ પાઠ હજુ તારે શીખવાનો બાકી રહ્યો લાગે છે.'

'નામદાર, એ ઘોડાઓના ડેન્ગલર્સ સાહેબે ૧૬,૦૦૦ ફ્રાંક આપ્યા હતા.'

'તો પછી તેનાથી બમણી કિંમત આપી દે; કોઈ બૅંકર પોતાની મૂડીને બમણી કરવાની તક જતી ન કરે.'

'આપ નામવરને ખરેખર એ જ ઘોડા જોઈએ છે?'

કાઉન્ટે આ પ્રશ્નના જવાબમાં માત્ર એટલું જ કહ્યું, 'આજે સાંજે પાંચ વાગ્યે મારે એ જ માણસની મુલાકાતે જવું છે. તે વખતે એ જ ઘોડા નવા જીન સાથે મારી ગાડીએ જોડેલા હોવા જોઈએ.'

સાંજના પાંચ વાગ્યે કાઉન્ટ એ ઘોડા જોડેલી ગાડીમાં બેસી બૅરન ડેન્ગલર્સને મકાને આવી હાજર થયો.

બૅરન ડેન્ગલર્સે પોતાના રુઆબથી કાઉન્ટને આંજી નાખવાનો પ્રયત્ન આદર્યો. તેણે જરા ઠપકાની રીતે કહ્યું, 'રોમના શરાફો થૉમસન ઍન્ડ ફ્રેન્ચ તરફથી આપને માટે શાખ ખોલવાની ચિઠ્ઠી મને મળી છે, અને તે માટે જાતે મળવા હું આજે આપને ત્યાં આવ્યો હતો; પણ કમનસીબે આજ આપની મુલાકાતો બંધ હતી.'

કાઉન્ટે સહજભાવે શાંતિથી જવાબ આપ્યો, 'ચાલો, તમને તેમની ચિઠ્ઠી મળી ગઈ એ ઠીક થયું; હવે પૈસા માટે તમારે ત્યાં મારે જાતે ધક્કા ખાવા નહીં પડે. હું ચેક મોકલીશ, તમે પૈસા ચૂકવી દેજો.'

'પણ એ બાબતમાં થોડી મુશ્કેલી છે; એ ચિઠ્ઠીની એક વિગત મને જરા સમજાતી નથી: ચિઠ્ઠીમાં આપને કશી મર્યાદા વિના માગો તેટલા પૈસા માટે શાખ આપવાની સૂચના છે.'

'તો શું એ શબ્દ ફ્રેન્ચ ભાષાના નથી? કદાચ તે લોકો અંગ્રેજ-જર્મન છે, એટલે સમજાય તેવી ફ્રેન્ચ ભાષા નહીં વાપરી શકયા હોય!'

'ના, ના, સાહેબ, ભાષાનો તો કંઈ વાંધો નથી. પણ એ લખાણના ખરાપણા વિષે મને શંકા જરૂર છે.'

'હેં! ખરી વાત? શું થૉમસન ઍન્ડ ફ્રેન્ચની કંપની સધ્ધર

નથી ગણાતી? મને મહેરબાની કરીને સાચેસાચું કહી દો; કારણ કે તેમના હાથમાં મારી સારી સરખી મિલકત છે.'

'ના, સાહેબ, ના; થૉમસન ઍન્ડ ફ્રેન્ચ સધ્ધર લોકો છે. પરંતુ '**મર્યાદા વિના**' એ શબ્દ જરા અસ્પષ્ટ છે; અને જે અસ્પષ્ટ હોય તે શંકાભર્યું કહેવાય; અને જ્યાં શંકા પડે ત્યાં જોખમ હોય જ!'

'અર્થાત્, થૉમસન ઍન્ડ ફ્રેન્ચ ભલે ગમે તેમ અવિચારીપણે લખી નાખે, પણ બૅરન ડેન્ગ્લર્સ તેમને પગલે ચાલવા તૈયાર નથી, એમ ને?'

'આપના કહેવાની મતલબ?'

'મતલબ એટલી જ કે, થૉમસનની પેઢી પોતાના વ્યવહારો ઉપર મર્યાદા ભલે ન મૂકે, પણ બૅરન ડેન્ગ્લર્સની પેઢીને મર્યાદા છે!'

'મારી મૂડી તથા મારા વ્યવહારો બાબત કોઈએ હજી શંકા કરી નથી.'

'અર્થાત્ એમ કરવાની ફરજ મારે માટે જ આજ સુધી અનામત રખાઈ લાગે છે!'

'એમ આપ કયા અધિકારથી કહી શકો છો?'

'તમે જ ઊભા કરેલા પ્રશ્નોના અધિકારથી વળી!'

ડેન્ગ્લર્સે હવે મગરૂબીથી તથા અકડાઈથી પૂછ્યું, 'બોલો, આપને કેટલો ઉપાડ કરવાનો છે?'

'મારે કેટલો ઉપાડ કરવો પડશે તેની ખબર મને હોત, તો આવી મર્યાદા વિનાની રકમની શાખ હું ખોલાવત જ નહીં!'

'પણ આપ નામદારે જરાય સંકોચ કરવાનું કારણ નથી; આપ સાહેબ દશ લાખ ફ્રાંક માંગો, તોપણ —'

'માફ કરો, તમે કઈ રકમ બોલ્યા?' કાઉન્ટે વચમાં જ પૂછ્યું.

'મેં આપ નામદારને એમ કહ્યું કે, આપને અચાનક જરૂર પડે અને એકીસાથે દશ લાખ ફ્રાંક જેવડી રકમ આપ માગી બેસો, તોપણ......'

'દશ લાખ જેટલી તુચ્છ રકમ માટે હું શાખ શોધવા એક ફ્રેન્ચ શરાફને ત્યાં જોઉં ? સાહેબ, આ જુઓ, એટલી રકમ તો હું મારા ખીસામાં જ લઈને ફરું છું અથવા મારા ટેબલના ખાનામાં પડેલી હોય છે !'

આમ કહેતાંકને કાઉન્ટે પોતાના ખીસામાં હાથ નાખીને બે ચિઠ્ઠીઓ કાઢી જેમાં દરેકમાં દેખાડતાં વેંત પાંચ પાંચ લાખ ફ્રાંક ચૂકવવાનો સરકારી ખજાના ઉપર હુકમ હતો.

કાઉન્ટે હવે મનાવતો હોય તેમ ધીમેથી કહ્યું, 'તો પછી, મારા સાહેબ, તમે કબૂલ જ કરી દો કે, તમને થૉમસન એન્ડ ફ્રેન્ચ કંપનીની આવી અમર્યાદ રકમો માટે ચિઠ્ઠી લખી આપવાની સધ્ધરતા વિષે જ શંકા છે. એવો કંઈક ડર મને પણ હોવાથી મેં રૉથ્સચ ઈલ્ડ અને લેફાઈટ એ બે પેઢીઓ ઉપર આવી જ ચિઠ્ઠીઓ લખાવી રાખી છે.' આમ કહી, કાઉન્ટે બીજા ખીસ્સામાંથી બીજી બે ચિઠ્ઠીઓ ખેંચી કાઢી અને ડેન્ગ્લર્સને બતાવી ડેન્ગ્લર્સે શંકાશીલ વૃત્તિથી અને ચિઠ્ઠીઓ ધારીધારીને જોઈ, પરંતુ તે બંને ખરી હોવાની ખાતરી થતા તેનું મોં ફીકું પડી ગયું. પછી તેણે જરા ખચકાતાં ખચકાતાં કહ્યું 'સાહેબ, આપની આ શાખ-ચિઠ્ઠીઓ જોતાં આપની કુલ મિલકત બાબત કશી કલ્પના પણ કરી શકાય તેમ નથી. સાહેબ, મેં બતાવેલી આનાકાની માટે હું આપની માફી માગું છું. આપને હાલ તુરત કેટલી રકમ જોઈશે ?'

'હું હમણાં એકાદ વરસ જ ફ્રાંસમાં રહેવાની ધારણાથી આવ્યો છું. એટલે એક વરસના ખર્ચની રકમ જેટલી રકમ જ હાલ તુરત વિચારીએ તો આવની કાલે મને સાઠેક લાખ ફ્રાંક મોકલી આપશો તો બસ થશે.'

'એક વરસના ખર્ચ માટે જ સાઠ લાખ ફ્રાંક! વાહ સાહેબ, જેવી આપની મરજી પરંતુ એ રકમ ઉપરથી આપને ત્યાં જે ઉજાણીઓ, મહોત્સવો અને મિજબાનીઓનો રંગરાગ થશે, તેની કલ્પના કરતાં જ આપને વિનંતી કર્યા વિના રહેવાતું નથી કે, આપના એ બધા આમોદ-પ્રમોદમાં મને તથા મારી પત્નીને યાદ કરવા મહેરબાની કરશો. અમે

પણ અમારા નાના સરખા સમારંભોમાં આપને યાદ કરીશું. હું અત્યારે જ મારાં મહેરદાર મૅડમ ડેન્ગ્લર્સ સાથે આપની મુલાકાત કરાવવા ઈચ્છું છું.'

'આપની ઘણી જ મહેરબાની! હું ફ્રાંસમાં તદ્દન અજાણ્યો જ માણસ છું; અને મને આ બધી બાબતોમાં કોઈ માયાળુ સલાહકાર કે માર્ગદર્શક મળે, તો તેને હું મારાં ધન્યભાગ્ય માનીશ!'

મૅડમ ડેન્ગ્લર્સને તેના પતિએ કાઉન્ટનું, તેમની મિલકતનું અને એક વર્ષમાં સાઠ લાખ ફ્રાંક ખર્ચવાના તેમના નિરધારનું રસપૂર્વક વર્ણન કરી બતાવ્યું.

મૅડમ ડેન્ગ્લર્સને પોતાના ગણતરીબાજ હિસાબી પતિ પ્રત્યે કશો આદરભાવ હતો જ નહિ; તથા ડેન્ગ્લર્સની પત્ની તરીકે જે માન અને પૈસા મળે તેટલાની જ તે સગી હતી. તેને પોતાના આગવા મિત્રો હતા, અને ડેન્ગ્લેર્સને તો આવી બહારની મુલાકાતોના કારણ સિવાય તેના ઓરડામાં પણ આવવાનો અધિકાર ન હતો.

મૅડમ ડેન્ગ્લર્સ કાઉન્ટ જેવો ધનવાન તથા પૈસા ખર્ચવાની બાબતમાં હિસાબ વિનાનો માણસ મળતાં જ રાજીરાજી થઈ ગઈ, તથા ઘોડ-દોડની શરતો અને તેના આનંદોની વાતોમાં પડી ગઈ. કાઉન્ટે પણ તેને ઊંચી ચગાવવામાં કસર ન રાખી.

એટલામાં મૅડમ ડેન્ગ્લર્સની એક પરિચારિકા આવીને કાનમાં મૅડમને કંઈક કહી ગઈ. તે સાંભળતાં મૅડમ ડેન્ગ્લર્સ એકદમ તો ફીકી પડી ગઈ અને પછી વાઘણની પેઠે ઘૂરકી ઊઠી: 'એમ હોય જ નહિ!'

'શું હોય નહિ?' ડેન્ગ્લર્સને શંકા જતાં તેણે બીતાં બીતાં પૂછ્યું.

'મારા બે ઘોડા, જે આખા પૅરિસમાં જાણીતા છે, તે અત્યારે તબેલામાં નથી! મારી બહેનપણી મૅડમ વિલેફૉર્ટને કાલે બુલોં જવું હતું તેથી તેણે મારી ગાડી માગી હતી. મારો કોચમૅન અત્યારે ઘોડા લેવા ગયો, તો તે ત્યાં ન મળે! જરૂર આ મખ્ખીચૂસ પાજી માણસે

તે વેચી ખાધા હશે. પરંતુ જો મારા ઘોડા સાથે તે કશી તેની મેલી રમત રમ્યો હશે, તો તેની આજે કશી ખેર નથી, એ હું સૌની સમક્ષ કહી રાખું છું.'

ડૅન્ગલર્સ તેને ટાઢી પાડવા ગયો તેમ તેમ તે વધુ ને વધુ છંછેડાતી ગઈ. ડૅન્ગલર્સે છેવટે વીલે મોઢે કાઉન્ટને કહ્યું, 'આ ઘોડા બહુ તોફાની હતા, એટલે મેં મારી પત્નીની સુરક્ષિતતા ખાતર જ આજે નહીં જેવી કિંમતે વેચી દીધા છે; એમ કહો કે કાઢી નાખ્યા છે! આમ તો ઘોડા બહુ સારા હતા; પણ તે આપના જેવા જુવાન મજબૂત માણસને છાજે તેવા હતા. સાચું કહું તો, સહેજ વહેલો મારો ભેટો આપની સાથે થયો હોત, તો હું તે આપને જ ભેટ આપી દેત! પરંતુ મારી પત્ની મારી કોઈ સારી બાબત ઉપર પણ ખોટી શંકા કર્યા વિના રહેતી જ નથી!'

કાઉંટે ડૅન્ગલર્સનો આભાર માનીને કહ્યું, 'આપની ભલી લાગણી માટે આભારી છું; પરંતુ મેં આજે સવારે જ ઘોડાની એક જોડ ખરીદી છે. મેં કંઈ બહુ પૈસા નથી આપી દીધા, પણ જરા તમે સૌ જોઈને કહો તો ખરા કે ઘોડા કેવા છે.'

બારીએથી કાઉંટની ગાડી તરફ નજર કરતાં જ મૅડમ ડૅન્ગલર્સ તડૂકી ઊઠી, 'અરે, એ જ મારા ઘોડા! સાચું કહો, કાઉંટ, આ માણસે તમારી પાસેથી એ ઘોડાના કેટલા પૈસા પડાવ્યા છે?'

'મને પૂરી ખબર નથી; પણ મારો બજાર-કારકુન ત્રીસેક હજાર ફ્રાંકની વાત કરતો હતો ખરો.'

મૅડમ ડૅન્ગલર્સના ગુસ્સાની હવે સીમા ન રહી. પોતાની પત્નીની પ્રિય ચીજ પણ નફો મળતો હોય તો વેચી ખાનાર પતિને જે વેણ તેણે સંભળાવવા માંડયાં, તે જોતાં જ, કાઉંટ પોતે ધારેલો ફટકો બરાબર વાગે તેની જલદી જલદી પેરવી કરવા તરત ત્યાંથી ચાલતો થયો.

બે કલાક બાદ જ મૅડમ ડૅન્ગલર્સને કાઉંટ તરફથી એક આજીજી-ભર્યો પત્ર મળ્યો. તેમાં તેણે મૅડમને તેમના ઘોડા એક 'તરંગી મિત્ર'

તરફથી ભેટ તરી કે પાછા સ્વીકારવા બહુ બહુ વિનંતી કરી હતી. જો મેડમ તે નમ્ર ભેટ નહિ સ્વીકારે, તો ફ્રાંસમાં પોતાના આગમનની શરૂઆત આવી સ્નેહાળ બાનુનું દિલ દુખવવાથી જ થઈ એમ માની, પોતાના દુ:ખનો પાર નહિ રહે, એમ પણ કાઉંટે જણાવ્યું હતું.

તે ઘોડાઓ મૂળ સામાન સાથે જે પાછા મોકલ્યા હતા; ફેર માત્ર એટલો જ હતો કે, બંને ઘોડાના કપાળ વચ્ચે એક એક મોટો હીરો સુંદર સેર વડે લટકાવેલો હતો.

૨૮

અલીનો ગાળિયો

તે જ દિવસે સાંજે કાઉંટ અલીને લઈને ઑટીલવાળા પોતાના બીજા મકાને ચાલ્યો ગયો.

બીજે દિવસે બપોરના ત્રણ વાગતાં કાઉન્ટે અલીને બોલાવીને કહ્યું, 'તને દોરડાનો ગાળિયો નાખતાં બહુ સરસ આવડે છે તે વાત ખરી છે?'

અલીએ ઉપરાછાપરી નિશાનીઓ કરી કાઉંટને સમજાવી દીધું કે, એક વાર હુકમ કરી જુઓ; ગમે તેને ગાળિયા વડે બાંધી કે ગબડાવી શકું છું કે નહિ!

'તું તોફાને ચડેલા આખલાને ગાળિયો નાખી રોકી શકે?'

અલીએ નિશાનીઓ કરીને હા કહી.

'વાઘને?'

અલીએ તે જ પ્રમાણે 'હા'માં જવાબ આપ્યો.

'અને સિંહને?'

અલીએ કૂદકા મારીને તથા હાથ વીંઝીને સમજાવી દીધું કે, તેણે ગાળિયો નાખી કેટલાય સિંહોનો શિકાર કર્યો છે.

'પણ તું વેગથી ગાંડાની પેઠે દોડયે જતા બે ઘોડાઓને ગાળિયો નાખી અટકાવી શકે ખરો ?'

અલીએ સહેજ હસીને જણાવી દીધું, રમતમાત્રમાં !

કાઉંટે હવે તેને ધ્યાન દઈને સાંભળવા કહ્યું, 'થોડી વારમાં અહીં થઈને એક ઘોડાગાડી માર-માર કરતી પસાર થશે. ગઈ કાલે આપણે ખરીદ્યા હતા તે ઘોડા તેને જોડેલા હશે. તારો જાન જાય તોપણ એ ઘોડાઓને આપણા ઘરના બારણા પાસે તારે થોભાવવાના છે.'

અલી તરત જ સલામ કરી શાંતિથી બહાર ચાલ્યો ગયો. થોડે દૂર એક મોટો પથ્થર પડેલો હતો તેના ઉપર બેસી નિરાંતે પોતાની લાંબી ચુંગી પકડી તે ધુમાડાના ગોટેગોટા કાઢવા લાગ્યો.

કાઉંટ બારીના પડદા પાછળ ઊભો રહી, કંઈક અધીરાઈ સાથે શું બને છે તે જોઈ રહ્યો.

પાંચેક વાગ્યાના અરસામાં દૂરથી વેગે દોડતી આવતી ગાડીનાં પૈડાંનો ખડખડાટ સંભળાયો. બે ગાંડાતુર બનેલા ઘોડા, જાણે ભૂત વળગ્યું હોય તેમ, ફાટેલી આંખોએ અને મોંએ બેફામ દોડતા હતા અને પાછળ ઘસડાતી ગાડીમાં એક સ્ત્રીની ચીસો ઉપર ચીસો સંભળાતી હતી. તેના ખોળામાં તેનો આઠેક વર્ષનો પુત્ર છળી મરવાથી લગભગ બેભાન અવસ્થામાં ઊંધે મોંએ પડેલો હતો. કોચમેન લાચાર બની, કશા સાથે અફળાઈ બધાંના ભૂકા ક્યારે ઊડી જાય છે, તેની જ અસહાયપણે રાહ જોતો વલોપાત કરતો હતો.

યોગ્ય ઘડી આવતાં જ અલી પોતાની ચુંગી વેગળી મૂકીને ઊભો થયો. ખિસ્સામાંથી તેણે પોતાનો ગાળિયો કાઢ્યો અને એવી સિફતથી નજીકના ઘોડાના આગલા પગમાં નાખી દીધો કે થોડાં પગલાં ખેંચાયા બાદ તરત તે જમીન ઉપર ફસડાઈ પડ્યો. અલીએ તરત જીવ ઉપર આવી, બીજા ઘોડાનાં નસકોરાં પકડીને એવાં તો જોરથી ખેંચ્યાં કે તે વીફરેલો ઘોડો પણ માત્ર દુ:ખનો માર્યો તેના સાથીની સાથે જ ગબડી પડ્યો. આ બધું આંખ મીંચતાંમાં જ બની ગયું; પણ તેટલી વારમાં તો

કાઉંટ તેના નોકર સાથે તે જગ્યાએ ધસી ગયો અને કોચમેનને બારણું ઉઘાડતાં જ અંદરનાં બંને મુસાફરોને જાળવીને સંભાળપૂર્વક પોતાના દીવાનખાનામાં લઈ આવ્યો.

પેલી મહિલા થોડી શાંત થતાં જ પોતાના બેહોશ પુત્ર માટે વલોપાત કરવા લાગી અને પોતાના સર્વસ્વને ભોગે પણ તેને માટે જોઈતી વૈદકીય સારવાર મેળવી આપવા આજીજી કરવા લાગી.

કાઉંટે શાંતિથી પાસેની સંદૂકમાંથી એક શીશી કાઢી અને અંદરથી લોહીના રંગના પ્રવાહીનું એક ટીપું બાળકના હોઠ ઉપર પાડયું. એ ટીપું તેના હોઠે પહોંચ્યું ના પહોંચ્યું તેટલામાં તો બાળકે તરત પોતાની આંખો ઉઘાડી.

છોકરો હોશમાં આવતાં જ મા થોડીક સ્વસ્થ થઈ; અને પોતે કયાં છે તથા પોતાને આવા પ્રાણઘાતક અકસ્માતમાંથી બચાવનાર મહાનુભાવ કોણ છે, તેની પૂછપરછ કરવા લાગી.

કાઉંટે મૅડમની યત્કિંચિત્ સેવા કરવા ભાગ્યશાળી થનાર તરીકે પોતાની તથા પોતાના ગુલામ અલીની ઓળખ આપી. મૅડમ વિલેફૉર્ટે પોતાના પુત્રને શું થયું હતું અને તેને કઈ જાદુઈ દવાથી કાઉંટે સજીવન કર્યો, તેની વાત પૂછી. કાઉંટે જણાવ્યું કે, તેને ખાસ કાંઈ વાગ્યું ન હતું; માત્ર ગભરાટને લીધે તે હિસ્ટીરિયા જેવી મૂછામાં ખેંચાઈ ગયો હતો. પોતાની પાસેની દવા એવી મૂર્છાઓમાં માત્ર હોઠને અડતાં જ અસર કરે છે; – વધુ દવા મોંમાં જાય તો મોત પણ નિપજાવે ! – એવુંય કાઉન્ટે જણાવ્યું.

આવા બધા ઔષધપ્રયોગનું જ્ઞાન કાઉન્ટે શી રીતે કયાંથી મેળવ્યું તેની વાત મૅડમે રસપૂર્વક પૂછી. કાઉન્ટે, પોતે કરેલા પૂર્વના દેશોના દૂરદૂરના પ્રવાસોની વાતો તેને કહી.

પાછા ફરતાં કાઉન્ટે એ જ ઘોડા પોતાની ગાડીએ જોડાવી, અલીને હાંકવા બેસાડી, મૅડમને તેને ઘેર પાછી મોકલી. અલીના હાથમાં તે ઘોડા બિલાડી જેવા બની ગયા હતા !

૨૯
હૃદયો, આભારનાં ભરેલાં !

કાઉન્ટે પૅરિસ આવ્યા બાદ તરત જ રાજકુમારી હૈદી માટે પણ પરિચારિકાઓ વગેરેની વ્યવસ્થા કરી દીધી. બધી તૈયારીઓ પૂરી થતાં રાજકુમારી હૈદી થોડા સમયમાં જ કાઉન્ટના નિવાસસ્થાને તેને માટેના ઓરડામાં ગોઠવાઈ ગઈ. કાઉન્ટની તે ખરીદેલી ગુલામ હતી; પરંતુ કાઉન્ટ તેને રાજાની કુંવરીની જેમ તથા પિતાના વાત્સલ્યથી સંભાળતો હતો.

કાઉન્ટે હવે હૈદી પાસે જઈને તેને જણાવ્યું કે, ફ્રાંસના કાયદા મુજબ અહીં કોઈ કોઈને ગુલામ તરીકે રાખી શકતું નથી. તેથી ફ્રાંસમાં પગ મૂકતાંની સાથે જ તું સ્વતંત્ર વ્યક્તિ બની ગઈ છે; હવે તું પોતાની મરજી પ્રમાણે જવા તથા વર્તવા છૂટી છે. હું તારા મોભા અનુસાર તારે માટે પૈસાની જોગવાઈ કરી આપવા તૈયાર છું.

જવાબમાં હૈદીએ જણાવી દીધું કે, પોતે કાઉન્ટને પોતાના હંમેશના માલિક માનવાનો જ સ્વતંત્રતા ભોગવવા ઈચ્છે છે; અને કાઉન્ટે તેની તે સ્વતંત્રતાની આડે ન આવવું!

કાઉન્ટે તેના હૃદયનો એકનિષ્ઠ ભાવ જોઈ, તેને ખાતરી આપી કે, સંતાન પોતાની મેળે છૂટું ન પડે ત્યાં સુધી સ્નેહાળ પિતા તેને જેમ છૂટું કરતો નથી, તેમ પોતે પણ હૈદી આપમેળે છૂટી નહિ થાય ત્યાં સુધી તેને વીલી નહિ મૂકે.

હૈદીએ વચ્ચેથી જ કાઉન્ટને બોલતો અટકાવીને કહ્યું, 'માલિક! હું તમને છેતરવા માગતી નથી. મારો તમારા ઉપરનો ભાવ મારા પિતા ઉપરના ભાવથી જુદો છે; પિતાના મૃત્યુ પછી હું જીવતી રહી

શકી; પરંતુ તમારા માથા ઉપર કંઈ અનિષ્ટ આવી પડે, તો જે ક્ષણે મારા સાંભળવામાં તે આવે, તે મારા જીવનની છેલ્લી જ ક્ષણ હશે!'

કાઉન્ટ હૈદીનો કૃતજ્ઞભાવ જોઈ, વિચારમાં પડતો પડતો, મૉરેલ કુટુંબની મુલાકાતે ગયો. ત્યાં તેને માટે માનવહૃદયના પ્રેમ અને કૃતજ્ઞતાના ભાવોનું એવું જ દર્શન તૈયાર હતું.

શ્રી. મૉરેલ તો ક્યારના ગુજરી ગયા હતા પોતાના પાંચ લાખના વારસાને તેમણે મૅક્સિમિલિયન અને જુલી વચ્ચે સરખે ભાગે વહેંચી આપ્યો હતો. જુલીનું લગ્ન તેની ઈચ્છા મુજબ ઈમેન્યુએલ સાથે થયું હતું. પરંતુ ઈમેન્યુએલ પાસે કશો વારસો ન હોવાથી, છ વરસ તેણે ખૂબ મહેનત કરીને જુલીના વારસા જેટલા અઢી લાખ ફ્રાંક એકઠા કર્યા. તેટલા ફ્રાંક એકઠા થતાંની સાથે જ તે જુલી પાસે આવ્યો અને કહેવા લાગ્યો, 'જુલી, આપણે કમાણીની જે હદ આંકી હતી, તે આજે પૂરી થઈ છે; હવે આપણે આપણી બંનેની ભેગી મિલકતથી જ સંતોષ માનીને મૉરેલ કંપનીનું કામકાજ બંધ કરીએ તો કેમ?'

જુલીએ તરત જ જવાબ આપ્યો, 'મૉરેલ કંપનીનો વહીવટ મૉરેલ કુટુંબનો છોકરો જ ચલાવી શકે. બાપુજીનું ઊજળું નામ ભવિષ્યની કોઈ કમનસીબ આપત્તિથી કલંકિત થાય, તે કરતાં આપણે આટલાથી જ સંતોષ માનીને કંપનીનું કામ સમેટી લઈએ તો બહુ સારું.'

તરત જ મૉરેલ કંપનીનું કામકાજ સમેટી લેવામાં આવ્યું, અને તેને પંદર મિનિટ પણ નહિ થઈ હોય અને પંદર હજાર ફ્રાંકનો નફો થાય એવું એક કામ આપવા માટે એક ગ્રાહક આવ્યો. તરત જ ઈમેન્યુએલે જવાબ આપ્યો, 'સાહેબ, અમે અમારો ધંધો ......ને વેચી દીધો છે; આપ તેમની પાસે જાઓ.'

મકાનનો ઉપલો માળ મૅક્સિમિલિયન માટે અનામત રાખવામાં આવ્યો હતો. કાણો કોકલ્સ હજુ આ કુટુંબમાં જ તેનાથી થાય તેવી

ઘર-તથા-બજાર-કારકુનની નોકરી કર્યા કરતો હતો; અને ભલો પેનેલોન આ કુટુંબમાં જ માળી તરીકે જોડાઈ ગયો હતો.

મૅક્સિમિલિયન કાઉન્ટ મૉર્સર્ફના પુત્ર આલ્બર્ટનો મિત્ર બન્યો હતો; એટલે કાઉન્ટ પહેલવહેલો જ્યારે પૅરિસમાં આલ્બર્ટને ઘેર આવ્યો, ત્યારે મૅકિસમિલિયન ત્યાં હાજર હતો. તે પહેલી મુલાકાતથી જ કાઉંટ અને મૅકિસમિલિયન એકબીજા પ્રત્યે આકર્ષાયા હતા. મૅકિસમિલિયનને કાઉંટની આંખોમાં કોણ જાણે શાથી પોતાના વહાલા પિતાના જેવો જ વાત્સલ્યભાવ દેખાતો હતો. મૅકિસમિલિયન તે દિવસે જ કાઉંટને પોતાને ત્યાં આવવાનું આગ્રહભર્યું આમંત્રણ આપી બેઠો હતો; અને કાઉંટે તે સ્વીકાર્યું પણ હતું.

પોતાના એ ઘેલા આમંત્રણને માથે ચડાવી કાઉંટને પોતાને ઘેર આવેલો જોઈ, મૅકિસમિલિયન અર્ધો અર્ધો થઈ ગયો. જલદી જલદી દોડી જઈ તે જુલી અને ઈમેન્યુએલને બોલાવી લાવ્યો.

જુલી, ઈમેન્યુએલ, કોકલ્સ, પેનેલોન વગેરેના પ્રમાણિક નિર્મળ ચહેરા જોઈ જોઈ કાઉંટ એક પ્રકારની કૃતકૃત્યતા અનુભવવા લાગ્યો. તેણે જુલીને કહી પણ બતાવ્યું કે, 'બાનુ, આવું પ્રેમ-સંતોષનું સામ્રાજ્ય પ્રવર્તતું હોય એવું સ્થાન જોવાનું સદ્‌ભાગ્ય મને ઘણે વખતે પ્રાપ્ત થયું હોવાથી, તમો સૌના સુખી સંતોષી ચહેરા જોતાં મારું હૃદય ભરાઈ આવે છે.'

જુલીએ જવાબ આપ્યો, 'સાહેબ અમે અત્યારે સુખી છીએ એની હું ના નહિ પાડું; પરંતુ અમે એક વખત દુ:ખનું કપરું દર્શન કર્યું છે. પરંતુ તે દુ:ખ પણ સદ્‌ભાગ્યે અમને ઈશ્વરના એક મહાન દૂતનું દર્શન કરાવીને કૃતાર્થ કરી ગયું છે. દુ:ખના કારમા ઘા ઉપર એના હાથે થયેલા અમૃતસિંચનને અમે કદી ભૂલી શકતાં નથી.'

કાઉંટ એકદમ કશાક બહાનાથી ઊભો થઈ ગયો તથા ઓરડામાં આડીઅવળી નજર કરતો ફરવા લાગ્યો.

જુલી પણ એકદમ ઊભી થઈ ગઈ; તથા કાઉંટ કાચના એક ઘૂમટ હેઠળ ઢાંકેલી લાલ રંગની થેલી તરફ જોતો હતો ત્યાં પહોંચી ગઈ. તે થેલીને એક છેડે એક હીરો બાંધેલો હતો.

જુલીએ કાઉંટને કહ્યું, 'સાહેબ, મેં જે દેવદૂતનો ઉલ્લેખ હમણાં કર્યો, તેમની જ આ પ્રસાદી છે; અને તે થેલીએ જ મારા પિતાના પ્રાણ, અને પ્રાણ કરતાં પણ વધુ વહાલું તેમનું નામ, બચાવ્યાં હતાં.'

કાઉંટે એ આખી વાત સાંભળવા માગણી કરતાં જુલીએ રસ-પૂર્વક એ આખો પ્રસંગ કહી બતાવ્યો અને જરા ડૂસકું દબાવીને અંતે ઉમેર્યું, 'એ પવિત્ર હાથ હાથમાં પકડી અમારા માથા ઉપર તથા અમારા મોં ઉપર દબાવવાનો લાભ ફરી કદી નથી મળ્યો, એટલું જ દુ:ખ અમને સૌને કાયમ રહી ગયું છે. તેથી જ આ થેલીને વારંવાર હાથમાં લઈ હું મારા કપાળ ઉપર અને આંખો ઉપર દબાવ્યા કરું છું. ઈશ્વર કદીક તો એ હાથ અમને મેળવી આપશે.'

મૅકિસમિલિયને પોતાની બહેનને ખભેથી દબાવીને કહ્યું, 'બહેન, એ ભલા હાથ ફરી આપણા હાથમાં દબાવવાની આશા રાખવી નકામી છે. મરણકાળે કોઈ કોઈ વાર જીવાત્માના અંતરમાં અલૌકિક પ્રકાશ ઊતરી આવે છે; તે વખતે ઘણી ગૂઢ વસ્તુઓ તેને દેખાઈ જાય છે. આપણા પિતાજીની આખરઘડી હતી, ત્યારે તેમને અચાનક એ રહસ્ય દેખાઈ ગયું હતું. તે બોલી ઊઠ્યા હતા, 'બેટા, એ માણસ અલૌકિક હતો અને ઈશ્વરે કબરમાંથી ઉઠાડીને આપણે માટે મોકલ્યો હતો. મને અત્યારે બધું બરાબર દેખાય છે: એ જરૂર ઍડમંડ ડાન્ટે હતો!'

આ શબ્દો સાંભળતાં કાઉંટથી વધુ વખત ત્યાં હાજર રહેવું અશક્ય થઈ ગયું. ફાવે તેમ માફી માગતો માગતો, તે ત્યાંથી વિદાય થઈ ગયો.

સૌ દિગ્મૂઢ થઈ ગયાં. મૅક્સિમિલિયન બોલી ઊઠ્યો, 'કાઉન્ટની આંખોમાં મને કોણ જાણે શાથી, આપણા પિતાજીની મમતાભરી આંખો જ દેખાય છે!'

જુલી વિચારમાં ડૂબી ગઈ હોય તેમ બોલી, 'ભાઈ, મને અત્યારે બે કે ત્રણ વાર એમ થઈ આવ્યું કે, કાઉન્ટનો અવાજ પહેલાં મેં જરૂર આપણા ઘરમાં સાંભળ્યો છે.'

૩૦

હૃદયો, ઝેરનાં ભરેલાં

મૅડમ વિલેફૉર્ટે ઘેર જઈને બે કામ કર્યાં: ઘોડાઓના અકસ્માતનો આખો પ્રસંગ મૅડમ ડેન્ગલર્સને વિગતવાર લખી જણાવ્યો; અને પોતાના પતિને આગ્રહ કરીને કાઉન્ટને ઘેર આભાર વ્યક્ત કરવા મોકલ્યો, જેથી કદાચ કાઉન્ટ સામી મુલાકાતે પોતાને ત્યાં આવે!

કાઉન્ટ તે પ્રમાણે મૅડમની મુલાકાતે આવ્યો. વિલેફૉર્ટને બીજે ક્યાંક જમવાનું આમંત્રણ હોવાથી તે બહાર ગયો હતો; મૅડમે કાઉન્ટનો ભાવભર્યો સત્કાર કર્યો. મૅડમનો સુપુત્ર એડવર્ડ પાસે જ રમતો હતો તથા પાંજરામાંના પંખીનાં પીંછાં તથા ચિત્ર-પોથીમાંથી મોંઘાં ચિત્રો મનની મોજ પ્રમાણે ખેંચી કાઢીને પંખીના તથા માતાના ચિત્કારોને હસી કાઢતો હતો.

મૅડમે શિષ્ટાચાર પ્રમાણે પોતાના પતિની પહેલી વારની પત્ની રેનીની એકમાત્ર પુત્રી વેલેન્ટાઈનને પણ બોલાવી મંગાવી તથા કાઉન્ટને તેનું ઓળખાણ કરાવ્યું. વેલેન્ટાઈન તે વખતે બંગલાના મોટા બગીચાની આસપાસની મોટી દીવાલમાંના એક ઝાંપા બહાર ઊભેલા પોતાન.

પ્રેમી મૅક્સિમિલિયન મૉરેલ સાથે વાત કરતી હતી. મૅક્સિમિલિયન અને વેલેન્ટાઇનનાં યુવાન પ્રેમી હૃદયો ઈશ્વરની કોઈ અજ્ઞાત યોજના હેઠળ આ વિશાળ જગતમાં એકબીજાને શોધી કાઢી દોઢેક વર્ષથી પ્રેમની ગાંઠે બંધાયાં હતાં.

વેલેન્ટાઇનને જોતાં જ કાઉન્ટે મૅડમને યાદ કરાવ્યું કે થોડાં વર્ષ અગાઉ તમે બધાં મને ઈટાલીમાં કયાંક ભેગાં થયાં હતાં! મૅડમને થોડા પ્રયત્ન બાદ યાદ આવ્યું કે, વેલેન્ટાઇનને બે વર્ષ પહેલાં ફેફસાંની બીમારી અંગે હવાફેર કરાવવા નેપલ્સ લઈ જવી પડી હતી, તે વખતે એક જગાએ તેને એક હકીમ જેવા જાણીતા માણસ સાથે મુલાકાત થઈ હતી.

કાઉન્ટે જણાવ્યું કે, ‘એ હકીમ હું જ હતો! ત્યાં હોટેલમાં હું રહેતો હતો તે દરમ્યાન હોટેલના એક-બે જણની બીમારીના ઉપચાર મેં કર્યા હોવાથી, હોટેલવાળાએ મને હકીમ ઠરાવી દીધો હતો! અલબત્ત, પૂર્વના દેશોમાં મારે ઘણો વખત રહેવું પડયું હોવાથી, મને ત્યાંની કેટલીક અદ્‌ભુત ઉપચાર-પદ્ધતિઓનું ઠીક ઠીક જ્ઞાન છે ખરું. તથા કેટલીક રામબાણ દવાઓ પણ હું મારી પાસે રાખું છું. જેમ કે, એક દવા વડે મેં તમારા આ પ્રિય પુત્રને હોશમાં આણ્યો હતો. અલબત્ત, એ દવા એક કારમું ઝેર છે, તેથી તેનો ઉપયોગ બહુ સાચવીને કરવો પડે છે. કેટલાંય ઝેરો એ રીતે યોગ્ય માત્રામાં વાપરવામાં આવે, તો કેટલાક અસાધ્ય રોગો ઉપર રામબાણ ઔષધનું કામ દે છે.’

મૉડમે એ દવાના ઉપયોગની બાબતમાં રસ દેખાડવા જેવું કરી, ખરી રીતે એ ઝેરોની ખાસિયત અને તાકાત વિષે જ કાઉન્ટને પૂછવા માંડયું. દરમ્યાન તેણે પોતાના પુત્રને તથા વેલેન્ટાઇનને જુદે જુદે બહાને ઓરડાની બહાર કાઢયાં.

કાઉન્ટને તેના મનની વાત સમજી જતાં વાર ન લાગી. તેણે પણ વિગતથી વર્ણન કરતાં જણાવ્યું કે, ‘ પૂર્વના દેશોમાં રાજમહેલોમાં તથા ધનિકોનાં ઘરોમાં રાજખટપટ તથા ઘરખટપટ બહુ ચાલતી હોય છે, અને

તેને કારણે ત્યાં આ બધા વિષ-પ્રયોગો વિષે લોકોને વિચિત્ર માહિતી હોય છે.

'સામાન્ય ઝેરને જુદી જુદી વનસ્પતિઓમાં દાખલ કરી, પછી એ વનસ્પતિ જુદાં જુદાં પ્રાણીઓને ખવરાવી, એ પ્રાણીઓનું માંસ બીજાં પ્રાણીઓને ખવરાવી, છેવટે એ ઝેરને એવે સ્વરૂપે તેઓએ તૈયાર કર્યું હોય છે કે, તે ઝેરથી મરેલા માણસના શરીરને આપણા દાકતરો ગમે તેટલું તપાસે, પણ ઝેરનો કોઈ અંશ કે કશું લક્ષણ તેમના જોવામાં ન આવે! એ ઝેર સામે બીજો કશો બચાવ જ નથી; સિવાય કે, એ ઝેર થોડા થોડા પ્રમાણમાં રોજ ખાઈને શરીરને તૈયાર કરી દેવામાં આવે. પછી શરીર ઉપર તે ઝેરની કશી મારક અસર થતી નથી.

'મારા ઉપર ત્યાં કેટલાય વિષપ્રયોગો થયા હતા; એટલે પહેલેથી મારે મારા શરીરને એ રીતે કેટલાંય ઝેરો ખાઈને સુરક્ષિત કરવું પડયું હતું. અત્યારે હું એ ઝેર ભૂલથી પી લઉં, તોપણ મને કશી ખાસ અસર ન થાય; પરંતુ બીજું કોઈ મારો પીધેલો એ ખાલી પ્યાલો ધોયા વિના તેમાં પાણી ભરીને પીએ, તોપણ તરત મરી જાય! અને એ ઝેરોની ખૂબી પાછી એવી છે કે, કોઈ પણ ચાલુ પીણાના પ્યાલામાં તેને ભેળવ્યું હોય, તોપણ સ્વાદમાં કે ગંધમાં કશો ફરક ન પડે.'

મૅડમ અતિ રસપૂર્વક આ બધી વાતો સાંભળી રહી. પછી પોતાના દીકરાને તથા પોતાને વારંવાર બેહોશી, તાણ વગેરેની પીડા થઈ આવતી હોવાથી, પોતાને એ 'દવા' થોડીક આપવા તેણે આગ્રહ કર્યો.

કાઉન્ટે ઘણી ખુશીથી મૅડમનો એ 'હુકમ' માથે ચડાવ્યો. પણ તાકીદ આપી કે, એ ઝેરનું એક ટીપું માણસને ગમે તેવી બેહોશીમાંથી ભાનમાં આણે; પરંતુ પાંચ કે છ ટીપાં તો ગમે તેવા પહાડ જેવા માણસને પણ પાડી નાખે. માટે એ ઝેરને બહુ સાચવીને વાપરવું.

મૅડમની ખુશીનો પાર ન રહ્યો. પરંતુ કાઉન્ટ જ્યારે મુલાકાતને અંતે બહાર નીકળ્યો, ત્યારે તેને લાગ્યું ખરું કે ઝેરી સાપણ જેવી મૅડમના હાથમાં ગયેલી એ ઝેરની શીશી ભારે ઉત્પાતો મચાવવાની છે.

વાત એમ હતી કે, વેલેન્ટાઈનને દર વર્ષે ૫૦,૦૦૦ ફ્રાંકની આવક જેટલો વારસો તેની મૃત માતા રેની તરફથી મળ્યો હતો. વળી રેનીના પિતા માર્કિવસ સેન્ટ-મેરાન અને તેમનાં પત્નીને રેની ઉપરાંત બીજું કાંઈ સંતાન ન હોવાથી, તેટલી બીજી મિલકત વેલેન્ટાઈનને તેમની પાછળ ચોક્કસ મળવાની હતી. વધારામાં વિલેફૉર્ટના પિતા નોઈરટિયર પણ પોતાની બધી મિલકત વેલેન્ટાઈનને જ આપવા ઈચ્છતા હતા; કારણ તેમને પોતાના પુત્ર વિલેફૉર્ટની નવી પત્ની તથા તેના પુત્ર એડવર્ડ તરફ જરા પણ ભાવ ન હતો. લકવાથી તેમનું આખું અંગ નિશ્ચેષ્ટ થઈ ગયું હતું; માત્ર આંખ મીંચી-ઉઘાડીને તે હા અથવા ના એટલું સમજાવી શકતા. વેલેન્ટાઈન અને નોઈરટિયરનો જૂનો નોકર બેરોઈસ, એ બે જણ જ તે અપંગ ડોસાની મન દઈને ચાકરી કરતાં હતાં. ડોસાની આંખમાં પ્રગટ થતા બધા ભાવો તે બે તથા વિલેફૉર્ટ એટલાં જ સમજી શકતાં. વિશેષ કંઈ સમજાવવું હોય, ત્યારે ડોસો ડિક્ષનરી મંગાવતો અને તેમાંના શબ્દો ઉપર કોઈ આંગળી ફેરવે એટલે આંખ વડે હા કે ના કહી, પોતાને કહેવાના શબ્દો બતાવતો. વેલેન્ટાઈન એ રીતે શબ્દો શોધી કાઢવામાં પણ બહુ પાવરધી બની ગઈ હતી.

વેલેન્ટાઈન પોતે મૂળે અનાસક્ત પ્રકૃતિની યુવતી હતી. તેને પૈસાની કે સાંસારિક સુખ-પ્રતિષ્ઠાની કશી પડી ન હતી. એકાદ વર્ષ પહેલાં તો તે પોતાની સાવકી માની પ્રેરણાથી સંન્યાસિનીઓના મઠમાં જ જોડાઈ જવાની હતી. પરંતુ નોઈરટિયર ડોસાની આંખોમાં પ્રગટી આવેલાં અપાર વેદના, દુઃખ અને હતાશા જોઈને તેને પોતાનો વિચાર પડતો મૂકવો પડયો હતો. અલબત્ત, મૅડમ વિલેફૉર્ટને એ વાત ગમતી ન આવી; કારણ કે વેલેન્ટાઈન સાધ્વી થઈ જાય, તો જ કાયદા પ્રમાણે તેની બધી મિલકતનો હકદાર તેનો

પિતા વિલેફોર્ટ થાય, અને તો જ એ બધી મિલકત અંતે પોતાના પુત્ર એડવર્ડને મળે! મૅડમની પોતાની તો કશી મિલકત હતી જ નહિ.

વિલેફોર્ટનો વિચાર, અલબત્ત, વેલેન્ટાઈનને સારે ઠેકાણે પરણાવી ઠેકાણે પાડવાનો હતો. અને તેણે ફ્રાન્ઝ દ' એપિને* નામનો સારી સ્થિતિનો જુવાનિયો વેલેન્ટાઈન માટે પસંદ કર્યો હતો. તેનો પિતા જનરલ દ' કિવસ્નેલ રાજા-પક્ષનો હતો. તેણે નેપોલિયન-પક્ષી ક્રાંતિકારીઓની સાથે બહારથી મળી જવાનો દેખાવ કરી, તેમને પકડાવી દેવાનું કાવતરું રચ્યું હતું. પરંતુ ૧૮૧૫ના ફેબ્રુઆરીની ૫મી તારીખે ક્રાંતિકારીઓની છૂપે મથકે મળેલી સભામાં હાજરી આપ્યા પછી પાછા ફરતાં, ક્રાંતિકારીઓના આગેવાને તેને પકડી પાડીને પડકાર કરતાં, જનરલ કિવસ્નેલ તેના ઉપર તૂટી પડ્યો હતો, અને દ્વંદ્વયુદ્ધમાં માર્યો ગયો હતો.

વિલેફોર્ટને ખબર હતી કે તે વખતે પોતાનો પિતા નોઈરટિયર ક્રાંતિકારીઓના પક્ષમાં હતો. એક રીતે પિતાને દૂભવવા જ, અને રાજા-પક્ષ સાથે પોતાની સહાનુભૂતિ પ્રદર્શિત કરવા જ, તેણે વેલેન્ટાઈનને કિવસ્નેલના પુત્ર એપિને સાથે પરણાવવાનો વિચાર રાખ્યો હતો.

નોઈરટિયરના જાણવામાં આ વાત આવતાં તેણે તે લગ્ન રોકવા પ્રયત્ન કર્યો. પણ વિલેફોર્ટે ન માન્યું, એટલે તેણે વીલ લખાવ્યું અને તેમાં જણાવ્યું કે, મારી કુલ મિલકત નવ લાખ ફ્રાંકની છે અને તેનું મેં એવી રીતે રોકાણ કર્યું છે કે તેનું વ્યાજ જ દર વર્ષે ૪૦,૦૦૦ ફ્રાંક આવે છે. જો વેલેન્ટાઈનનું લગ્ન મારી મરજી વિરુદ્ધ ફ્રાન્ઝ દ' એપિને સાથે કરવામાં આવે, તો તેને હું મારા વારસાના હકમાંથી રદબાતલ ઠરાવું છું; અને મારી મિલકત ગરીબોને ધર્માદા આપી દઉં છું.

પણ વિલેફોર્ટે તો તેમ છતાં ફ્રાન્ઝ દ' એપિને સાથે વેલેન્ટાઈનનું લગ્ન કરવાનું કાયમ જ રાખ્યું.

---

* રોમના કાર્નિવલ-ઉત્સવ દરમ્યાન આલ્બર્ટ મૉર્સર્ફના સાથીદાર તરીકે તેણે જ લૂંટારુ વાન્ગાના હાથમાંથી તેને છોડાવવા માટે કાઉંટ મોન્ટેક્રિસ્ટોની મદદ માગી હતી, એ આપણે અગાઉ (પા. ૧૨૮) જોઈ આવ્યા છીએ.

વૅલેન્ટાઈન મૅકિસમિલિયનને આ બધી હકીકત કહી સંભળાવતી હતી, અને હવે શું કરવું એ પૂછતી હતી, તે વખતે જ મૅડમે કાઉન્ટને મળવા તેને બોલાવી હતી.

૩૧
ઑટીલમાં મિજબાની

૧

બૅરન ડેન્ગ્લર્સની પત્ની મૅડમ ડેન્ગ્લર્સના ખેલ ન્યારા જ હતા. જુવાની દરમ્યાન તેનો પ્રથમ પતિ જીવતો હતો ત્યારે જ વિલેફૉર્ટ સાથે તેનો ગુપ્ત પ્રેમપ્રસંગ ચાલુ હતો. એક વખત તેના પતિને નવ મહિના બહારગામ જવાનું થયું. જ્યારે તે પાછો આવ્યો, ત્યારે મૅડમને છ મહિના ચડયા હતા. પતિને મૅડમનાં છાનાં ચરિતર સમજાઈ ગયાં; પરંતુ વિલેફૉર્ટ જેવા સત્તાધારી માણસ સામે બીજું કંઈ થઈ શકે તેમ ન હોવાથી, તેણે આપઘાત કર્યો.

વિલેફૉર્ટે તરત તો ઑટીલમાંના પોતાના સસરાના મકાનને બીજે નામે ભાડે રાખી, મૅડમને ત્યાં રાખી. યથાકાળે જ્યારે તેને પ્રસવ થયો, ત્યારે પોતાના વ્યભિચારના એ જીવતા પુરાવામાંથી મુક્ત થવા વિલેફૉર્ટે મૅડમને એમ જણાવ્યું કે, 'બાળક મરેલું જ અવતર્યું છે.' પછી તે બાળકને એક પેટીમાં મૂકી તેણે જીવતું જ બગીચામાં દાટી દીધું. પરંતુ ફાવે તેવી ચાલાકીથી ગુપ્ત રાખવા ધારેલાં પાપ, છેવટે પ્રગટ થયા વિના રહેતાં નથી, એ પાઠ વિલેફૉર્ટને હજુ હવે શીખવો પડવાનો હતો.

વિલેફૉર્ટ બાળકને દાટતો હતો, તે દરમ્યાન તેના ઉપર બટ્ટુકિયોએ કરેલા પ્રાણઘાતક હુમલામાંથી તે બચી ગયો; અને થોડી વારે

હોશમાં આવતાં, ઘસડાતો ઘસડાતો પાછલા દાદરાના બારણા પાસે પહોંચ્યો. મૅડમ પોતે તે વખતે તરતના પ્રસવની વેદનામાં હતી; છતાં વિલેફૉર્ટની દશા જોઈ, તે દૃઢતાથી નીચે ઊતરી અને તેને ઉપર લઈ ગઈ. ત્રણ મહિના વિલેફૉર્ટે જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાધાં. પછી થોડોક સાજો થતાં, દાકતરે તેને છ મહિના દક્ષિણ તરફ હવાફેર કરવા મોકલી દીધો.

મૅડમ હવે બધી રીતે છૂટી થઈ. વિલેફૉર્ટ સાથે કંઈ વધુ સંબંધ ચાલુ રહે તેમ તો હતું નહિ; તે જીવતો રહેશે અથવા ફરી તેના ઉપર તેના વેરીનો હુમલો નહિ થાય, તેની શી ખાતરી?

એટલે તેણે ધનવાન ડૅન્ગલર્સ સાથે સંબંધ ઊભો કરવા માંડ્યો. ડૅન્ગલર્સને મૅડમના વિલેફૉર્ટ સાથેના ગુપ્ત સંબંધની કંઈક ખબર હતી જ. પરંતુ આવી યુવાન, સુંદર તથા જાણીતી સ્ત્રી, પોતાના જેવા હલકા કુળના માણસને મળે એવી આશા જ ન હોવાથી, તેણે તેની સાથે લગ્ન કર્યું. લગ્ન બાદ તેને યુજેની નામની પુત્રી થઈ.

પરંતુ ડૅન્ગલર્સના ધન સિવાય તથા શરાફ તરીકેની તેની પ્રતિષ્ઠા સિવાય, મૅડમને તેના તરફ બીજું કંઈ આકર્ષણ હતું જ નહિ; એટલે લગ્ન પછી મૅડમે પાછું પોતાને જૂને રસ્તે ચાલવા માંડ્યું. એક પ્રખ્યાત સંગીતકાર સાથે તેનો પ્રેમ-પ્રસંગ શરૂ થયો.

પછી વળી ગૃહખાતાના પ્રધાનના સેક્રેટરી ડિબ્રેને તેણે અપનાવ્યો. ડૅન્ગલર્સ એ બધું જાણતો હતો, પરંતુ મૅડમના આ નવા સંબંધમાં ડૅન્ગલર્સને એક જુદો જ લાભ દેખાયો. તે વખતે નવા ઊભા કરવામાં આવેલા ટેલિફોનના થાંભલાઓ મારફતે જુદા જુદા દેશોના પલટાતા રાજકારણની ખાનગી ખબરો સરકાર પાસે આવતી. ડિબ્રેને ગૃહખાતા સાથેના તેના સંબંધને કારણે તે વાતો સૌથી વહેલી જાણવા મળતી. પછી મૅડમ તે ખબરોને આધારે જુદા જુદા શૅરો કે બૉન્ડોના ભાવતાલમાં થનારી ઊથલ-પાથલ કલ્પી લઈ, ડૅન્ગલર્સ પાસે સોદા કરાવતી. એમાંથી ધૂમ નફો થતો. એ નફામાંથી ડૅન્ગલર્સ મૅડમને ચોથો ભાગ આપતો અને મૅડમ પોતાના

હિસ્સામાંથી અર્ધોઅર્ધ ભાગ ડિબ્રેને આપતી. છ મહિનામાં તો તે બંનેના સહિયારા નફાની રકમ જ ૨૪ લાખ ફ્રાંક થઈ ગઈ!

વાત એમ હતી કે, તે વખતે વીજળીથી ટેલિફોન-સંદેશા મોકલવાની અત્યારની શોધ થયેલી ન હતી. એટલે જુદી જુદી ટેકરીઓ ઉપર ખુલ્લી નજરે દેખાઈ શકે તેવા થાંભલાઓ ઉપર સિગ્નલ જેવા પાંચ છ હાથા મથાળે કલગીની પેઠે ફેલાયેલા રાખવામાં આવતા. તે જુદા જુદા હાથા નીચેથી દોરી વડે ખેંચીને કે ઊંચા કરીને નિશાનીઓ વડે ત્યાંનો માણસ આગળના થાંભલાવાળાને સંદેશો પહોંચાડતો. તે થાંભલાવાળો આગળના થાંભલાવાળાને એ પ્રમાણે નિશાનીઓ કરતો — એમ એ સંદેશા પૅરિસ પહોંચતા. રાજ્ય-સરકારને પરદેશની અગત્યની રાજકીય માહિતી મળે, એ માટે મોટા ખર્ચે ગુપ્ત નિશાનીઓની આ વ્યવસ્થા ચાલતી.

ડૅન્ગ્લર્સ દંપતીનો ઘરસંસાર આ પ્રમાણે અરસપરસ લાભને હિસાબે બંને પક્ષની સમજૂતીથી ગોઠવાયો હતો. યુજેની જેમ જેમ મોટી થતી ગઈ, તેમ તેમ પોતાની માતાનો આ બધો વ્યભિચાર સમજતી થઈ. તેનો વિવાહ ડૅન્ગ્લર્સે પોતાના મિત્ર કાઉંટ મૉર્સર્ફના પુત્ર આલ્બર્ટ સાથે ગોઠવ્યો હતો; પરંતુ યુજેનીએ પોતે પોતાની આસપાસ જોવા મળતા ભ્રષ્ટ, સંસારી લગ્નસંબંધમાં જોડાવાને બદલે, કુંવારી રહી, સંગીતકળાને જ જીવન અર્પણ કરવાનો નિશ્ચય કર્યો હતો. તેને સંગીત-શિક્ષિકા તરીકે જે જુવાન બાઈ મળી હતી, તે પણ એ જ સિદ્ધાંતની હતી. અને તે બે વચ્ચે નિકટનો સખીસંબંધ જોડાયો હતો.

આલ્બર્ટ અને તેની માતા કાઉન્ટેસ મૉર્સર્ફને ડૅન્ગ્લર્સના કુટુંબ સાથેનો આ લગ્નસંબંધ પસંદ ન હતો. આલ્બર્ટ તો લહેરી તથા નફિકરા સ્વભાવનો જુવાનિયો હોઈ, તેને યુજેની જેવી ગંભીર પ્રકૃતિની કળાકાર પત્ની સાથે આખું જીવન ગાળવાનું થાય, એ વસ્તુ જ કાયમી સજારૂપ લાગતી; ત્યારે કાઉન્ટેસને પહેલેથી જ ડૅન્ગ્લર્સ તરફ તથા તેના કુટુંબ તરફ એક પ્રકારનો તીવ્ર અણગમો જ હતો. તેનું સાચું કારણ બીજું

કોઈ જાણતું ન હતું; પણ ઍડમંડ ડાન્ટેને અકાળે દૂર કરવામાં પોતાના પતિને સાથ તથા શિખામણ આપનાર આ ડૅન્ગ્લર્સ જ હતો, એવી મર્સિડીસને ખાતરી હતી.

મોન્ટે-ક્રિસ્ટોએ ડૅન્ગ્લર્સ ઉપરનો હુમલો બરાબર ગોઠવી લીધો હતો. ડૅન્ગ્લર્સ સાથે બીજા દેશોની કેટલીક સધ્ધર ગણાતી શરાફી પેઢીઓનો આંટ-હૂંડીનો સંબંધ તેણે બંધાવરાવ્યો હતો. ડૅન્ગ્લર્સ પોતાનો વેપાર-સંબંધ વધતો જોઈ તથા તેમાં સારી પેઠે નફો થતો જોઈ રાજી રાજી થઈ ગયો; અને તેણે પેલી પેઢીઓની મોટી રકમોની આંટ સ્વીકારવા માંડી. જેમ જેમ મોટી મોટી રકમોની આંટમાં ડૅન્ગ્લર્સ સંડોવાતો ગયો, તેમ તેમ કોઈ અદ્ભુત રીતે તે પેઢીઓ એક પછી એક ડૂબવા માંડી! ડૅન્ગ્લર્સ આ અણધારી આપત્તિથી હડકાયા કૂતરા જેવો થઈ ગયો.

આ જ અરસામાં એક દિવસ મૅડમ ડૅન્ગ્લર્સને પોતાના પ્રિયતમ ડિબ્રે મારફત ટેલિફોનનો એક વિચિત્ર સંદેશો મળ્યો. એ સંદેશો સ્પેનની રાજ્યક્રાંતિને લગતો હતો. એટલે ઝટપટ તેણે ડૅન્ગ્લર્સ પાસેના સ્પેનના બધા બૉન્ડ વેચી કઢાવ્યા. એ બૉન્ડ થોડા મહિના પહેલાં ડૅન્ગ્લર્સ પાસે તેણે જ ખરીદાવ્યા હતા અને તેમાં છ લાખ ફ્રાંકનો નફો થયો હતો. હવે આ નવી ખબર પ્રમાણે ડૅન્ગ્લર્સે એ બૉન્ડ વેચી કાઢવા માંડ્યા, એટલે તરત તેમનો ભાવ વળી વધુ બેસી ગયો. છેવટના કેટલાક બૉન્ડ તો ડૅન્ગ્લર્સને મફત જેવા ભાવે જ કાઢી નાખવા પડ્યા. પરંતુ બીજે જ દિવસે છાપામાં ખબર આવી કે, 'ટેલિફોનનો સંદેશો સમજવામાં કે મોકલવામાં ભૂલ થઈ હોવાથી, સ્પેનની રાજ્યક્રાંતિ અંગે ખોટા સમાચારો મળ્યા હતા અને તેથી બજારમાં સ્પેનના બૉન્ડના ભાવોમાં ખોટી જ ઊથલપાથલ મચી ગઈ હતી; પરંતુ હવે એ સંદેશો ખોટો હોવાના સમાચાર આવ્યા છે, એટલે એ બૉન્ડનો ભાવ પાછો પહેલાં કરતાં પણ વધી ગયો છે! ટેલિફોનનો સંદેશો જે ઠેકાણેથી ખોટો મોકલાવાયો લાગે છે, તે ઠેકાણાનો ટેલિફોનવાળો માણસ ગઈ કાલથી લાપત્તા છે!'

કહેવાની જરૂર નથી કે, એ ખોટા સંદેશા મોકલવા દેનાર ટેલિફોનના

થાંભલાવાળો કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો પાસેથી ૨૫ હજાર ફ્રાંક રોકડા લઈને પોતાને વતન ચાલ્યો ગયો હતો. ડેન્ગ્લર્સને આ કિસ્સાથી ચોખ્ખા સાત લાખ ફ્રાંકની ખાધ ગઈ. તેનું હડકાયાપણું વળી વધી ગયું.

૨

કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને ત્યાં થોડા દિવસ પહેલાં ઇટાલીનો એક માણસ એબ બુસોની પાસેથી ચિઠ્ઠી લઈને આવ્યો. એબ બુસોનીએ તેને એમ જણાવ્યું હતું કે, 'તારે ઘડપણમાં દુ:ખી થવું ન હોય, તો તું પૅરિસમાં જઈને શેંપ્સ એલીસીમાં આવેલા મકાનમાં કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને તા. ૨૬ મી મેને દિવસે સાંજના સાત વાગ્યે મળ. તું તારી જાતને મેજર કેવલકૅન્ટી તરીકે ઓળખાવજે. કાઉન્ટ તારો મેળાપ નાનપણમાં હરણ કરાઈ ગયેલા તારા પુત્ર એન્ડ્રિયા કેવલકૅન્ટી સાથે કરાવશે. તેને તું તારા ખોવાયેલા પુત્ર તરીકે ઓળખી બતાવજે. થોડા દિવસ ત્યાં રહી તું તારે ઠેકાણે પાછો ફરજે. પણ એટલું કામ કર્યા બદલ તને ચોખ્ખા પચાસ હજાર ફ્રાંક મળશે. તેમાંથી બે હજાર ફ્રાંક રોકડા તથા કાઉન્ટ ઉપરની તારી ઓળખ-ચિઠ્ઠી તને અત્યારે જ મળશે; બાકીના ૪૮ હજાર ફ્રાંક માટે હું કાઉન્ટ પાસે જ આંટ ખોલાવી રાખીશ. તું ત્યાંથી પાછો ફરીશ, ત્યારે તને તે ૪૮ હજાર ફ્રાંક રોકડા આપી દેશે.'

એ જ દિવસે લૉર્ડ વિલ્મોરે સિંદબાદ ખલાસીને નામે પત્ર લખી એક જુવાનિયાને કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને ત્યાં મોકલ્યો. તેને પણ એમ જણાવવામાં આવ્યું હતું કે, 'તારી સ્થિતિ તદ્દન ખરાબ છે તથા ભવિષ્યમાં કોઈ પ્રકારે તે સુધરે તેમ નથી. પરંતુ તારે જો સ્વતંત્ર તથા પૈસાદાર અને સુખી થવું હોય, તો તું કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને પૅરિસમાં તેના શેંપ્સ એલીસીમાં આવેલા મકાને જઈને તા. ૨૬ મેને દિવસે સાંજના સાત વાગ્યે મળ. તે તારા પિતા મેજર બર્ટોલિમિયો કેવલકૅન્ટી સાથે તારો મેળાપ કરાવશે. બહુ નાનપણમાં તેમના પુત્રનું અપહરણ થઈ ગયું હતું. તે પુત્ર તું છે, એવી તારા જન્મ વગેરેની બધી સાબિતીના કાગળો ત્યાં તને તારો પિતા આપશે.

'તારે પછી પૅરિસના સમાજમાં મેજર કેવલકૅન્ટીના પુત્ર એન્ડ્રિયા કેવલકૅન્ટી તરીકે મોજશોખ કરતા રહેવાનું છે. તને તે માટે દર વર્ષે ૫૦ હજાર ફ્રાંક આંપવામાં આવશે. અત્યારે તને પાંચ હજાર ફ્રાંક રોકડા તથા કાઉન્ટ ઉપર ઓળખપત્ર વગેરે આપું છું.'

આ બંને જણા કાઉન્ટને ત્યાં વખતસર આવી પહોંચ્યા. કાઉન્ટે તે બંનેનો 'મેળાપ' કરાવી આપ્યો. આપણે જાણીએ છીએ કે, એબ બુસોની અને લૉર્ડ વિલ્મોર અર્થાત્ 'સિંદબાદ ખલાસી' એ બધાં ઍડ-મંડ ડાન્ટેનાં એટલે કે કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોનાં જ સ્વરૂપ હતાં. અને પોતાની એક ખાસ યોજના મુજબ તેણે આ બે રખડના મુફલિસોને પૈસા આપી મોટા રાજવંશી નબીરાઓ તરીકે પૅરિસમાં રજૂ કર્યા હતા.

તેમની સૌથી પહેલી રજૂઆત કાઉન્ટના ઑટીલના મકાનમાં કાઉન્ટે આપેલી મિજબાની વખતે જ સૌ પરિચિતો સમક્ષ કરવામાં આવી. આલ્બર્ટ અને તેની માતા કાઉન્ટેસ હવાફેર કરવા બહારગામ જવાનાં હોવાથી, એ કુટુંબ બાદ કરતાં, આપણી વાર્તાનાં લગભગ સૌ પરિચિત પાત્રો ત્યાં હાજર હતાં. જ્યારે કાઉન્ટે નવા ખરીદેલા ઑટીલના એ મકાનને સુસજ્જ કરવાનું બર્ટુકિયોને પહેલવહેલું કહ્યું, ત્યારે તે ગભરાઈ ગયો હતો અને તેણે એ મકાનમાં પોતે વિલેફૉર્ટના કરેલા ખૂનની બધી વાત કાઉન્ટ આગળ કબૂલ કરી દીધી હતી. આજે બર્ટુકિયો જમવાનું ટેબલ તૈયાર કરવાં જોડેના ઓરડામાં ઊભો રહી માણસો ગણવા લાગ્યો, ત્યારે એ બધાંમાંથી કેટલાંકને જોઈને તે લગભગ ચીસ પાડી ઊઠચો.

કાઉંટ તરત તેની પાસે પહોંચી ગયો. બર્ટુકિયોએ એક સ્ત્રી તરફ આંગળી કરીને ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું, 'એ જ પેલી!'

'કઈ? મૅડમ ડેન્ગ્લર્સ? તેનું શું છે?'

'તે જ આ મકાનમાં પ્રસવ કરનારી બાઈ, જેને મળવા વિલે-ફૉર્ટ ગુપ્ત રીતે આવતો હતો. પરંતુ, અરે, અરે, એ પણ પેલો રહ્યો!'

'કોણ?'

'વિલેફૉર્ટ ! તો શું વિલેફોર્ટ ઉપરનો મારો ઘા નિષ્ફળ ગયો હતો ? અને મારા ભાઈનો ખૂની એ દુશ્મન હજુ જીવતો છે ?'

'કદાચ તારો ઘા તારા કોર્સિકાના લોકોની રીત પ્રમાણે ડાબી બાજુ છઠ્ઠી અને સાતમી પાંસળી વચ્ચે જવાને બદલે સહેજ નીચે કે ઉપર ગયો હશે. પણ હવે એ બધી પંચાત પડતી મૂકી જમનારા માણસોને ગણવા માંડ. જો, શ્રી. વિલેફૉર્ટ અને મૅડમ વિલેફૉર્ટ, એ બે; શ્રી. ડૅન્ગ્લર્સ અને મૅડમ ડૅન્ગ્લર્સ, ચાર; શ્રી. ડિબ્રે અને શ્રી. મૉરેલ, છ; મેજર કેવલ્કૅન્ટી અને તેમનો સુપુત્ર એન્ડ્રિયા કેવલકૅન્ટી, આઠ...'

પણ એન્ડ્રિયા ઉપર કાઉન્ટની આંગળી વળતાં, બર્ટુકિયો ફરી ચીસ પાડવા ગયો. કાઉન્ટે તે આંગળી વડે જ બર્ટુકિયોને ધમકાવીને એવી નજર કરી કે, તે માત્ર એટલું જ ગણગણી શકયો, '...એ જ બેનેડીટો, મારી ભાભીને જીવતી સળગાવી મૂકનાર; તે અહીં કયાંથી ?'

બર્ટુકિયો હવે લથડિયાં ખાતો ખાતો રસોડા તરફ વળ્યો. પાંચ મિનિટ બાદ તેણે સૌને જમવા પધારવા વિનંતી કરતાં જ કાઉંટ બધાંને જમવાના ઓરડા તરફ લઈ ચાલ્યો. જમવાના ટેબલ ઉપર પૃથ્વીના ચારે ખૂણેથી સ્થળ સ્થળની પ્રસિદ્ધ વસ્તુઓ અને વાનીઓ ચીન-જાપાનનાં ઉત્તમ પાત્રોમાં પીરસવામાં આવી હતી. આખા ઓરડાનો દેખાવ પરીકથાઓમાં આવતા પરીઓના મહેલ જેવો કરી મૂકવામાં આવ્યો હતો. આવી કીમતી વસ્તુઓ એકઠી કરવી અને એક ઉપનગરના નિવાસસ્થાને મહેમાનો માટેની સામાન્ય મિજબાનીને પ્રસંગે રજૂ કરવી, એ કાઉંટ જેવી અતિ ધનવાન અને અતિ મનસ્વી વ્યક્તિ માટે જ શકય કહેવાય. તથા એ માટે કાઉંટની પ્રશંસાના ધ્વનિ ચોમેર ઊઠયા, એ કહેવાની જરૂર નથી.

જમ્યા પછી થોડી ગપસપ કર્યા બાદ મહેમાનો બીજા ઓરડા-ઓની સજાવટ જોવા માટે ઊઠયા. વિલેફૉર્ટ અને મૅડમ ડૅન્ગ્લર્સ આ આખા વખત દરમ્યાન કોઈ વિચિત્ર ગભરાટ દાખવતાં હતાં. કાઉંટ તીરછી નજરે તે જોઈ રહ્યો હતો. પાંચ-છ દિવસ જેટલા ટૂંકા સમયમાં

જ એ મકાનના બધા ઓરડાઓની કરવામાં આવેલી સજાવટ જોઈ મહેમાનો મુગ્ધ થઈ ગયા. પરંતુ આખા મકાનમાં એક ઓરડો વરસો પહેલાં જેવો હશે તેવો જ રહેવા દેવામાં આવ્યો હતો. તે જોઈ, મહેમાનોએ આશ્ચર્ય પ્રગટ કર્યું, ત્યારે કાઉંટે જણાવ્યું, 'કોણ જાણે આ ઓરડામાં પહેલી વાર પેસતાં જ મને એવો ભાસ થયો હતો કે, જાણે આ ઓરડામાં કોઈ ગંભીર ગુનાઓ થયેલા છે. બીજા કોઈને પણ એવું લાગે છે કે નહિ, એની ખાતરી કરવા જ મેં એ ઓરડો એવો જ રાખ્યો છે.' કાઉંટને મોંએ એ શબ્દો સાંભળીને તથા એ ઓરડાનો ભેજ, અંધારું તથા ગોબરાપણું જોઈને સૌ મહેમાનોના દિલ ઉપર એવી જ કંઈક ઘેરી અસર થઈ. ખાસ કરીને વિલેફૉર્ટ અને મૅડમ ડેન્ગલર્સ ઉપર!

કાઉન્ટ ત્યાર બાદ સૌને તે ઓરડાના એક નાના સાંકડા દાદર ઉપર થઈને નીચે ખુલ્લા બાગમાં લઈ ગયો. આખો બાગ પણ સંપૂર્ણ-પણે શોભાયમાન કરવામાં આવ્યો હતો. પરંતુ નવાઈની વાત એ હતી કે, ત્યાં પણ એક બાજુના ખૂણાને કશી નવી સજાવટ વિના મૂળ સ્થિતિમાં જ રાખવામાં આવ્યો હતો. તેનું કારણ કાઉન્ટને પૂછવામાં આવતાં કાઉંટે કહ્યું, 'ઝાડોનાં મૂળમાં ખાતર પૂરવા હું ખોદકામ કરાવતો હતો, ત્યારે અહીંથી મને લાકડાની નાની પેટી મળી આવી હતી. તેને ઉઘાડીને મેં જોયું, તો તેમાં એક નવા જન્મેલા બાળકના જેવું હાડપિંજર હતું.'

'નવા જન્મેલા બાળકનું હાડપિંજર!' સૌ કોઈના મોંમાંથી અરે-રાટીભર્યા શબ્દો નીકળી પડ્યા. 'તો તો આ ઘર ઘણી ઘણી જાતના ગુના-ઓનું સાક્ષી બન્યું હોય એમ લાગે છે,' ડિબ્રેએ ઉમેર્યું.

'અને આ દેશમાં નાના બાળકની હત્યાની સજા શી હોય છે?' મેજર કેવલકેન્ટીએ પૂછ્યું.

'બીજી શી વળી, તે ગુનો કરનારનું ડોકું ઉડાવી દેવામાં આવે છે,' ડેન્ગલર્સે જવાબ આપ્યો.

'એમ જ કરવામાં આવે છે, ખરું ને, વિલેફૉર્ટ સાહેબ?' કાઉંટે પૂછ્યું.

'હા.' ભાગ્યે જ જીવતા માણસનો કહી શકાય તેવો અવાજ વિલેફૉર્ટના ગળામાંથી પરાણે નીકળ્યો.

જે બે જણ માટે આ આખો પ્રસંગ રચવામાં આવ્યો હતો, તેઓની સહનશક્તિની હવે હદ આવી ગઈ છે એમ જોઈ, કાઉંટે તરત વાત બદલી નાખી; અને બગીચામાં ઘાસની લીલીછમ ચાદર ઉપર ગોઠવેલ સુંદર ટેબલો તરફ કૉફી પીવા સૌને લીધાં.

વિલેફૉર્ટે દરમ્યાન ધીમેથી મૅડમ ડેન્ગ્લર્સના કાનમાં કહી દીધું, 'કાલે ગમે તેમ કરીને મારી કચેરીના ઓરડામાં મને મળી જજે.'

'જરૂર.' મેડમે ધીમેથી જવાબ આપ્યો.

૩૨

મુલાકાતો : ગમતી અને અણગમતી

૧

ઑટીલની મિજબાનીમાંથી એન્ડ્રિયા કેવલકૅન્ટી પૅરિસ પાછો ફરવા પોતાની નાનીશી સુંદર ડમણીમાં બેસવા જતો હતો, તેવામાં જ એક ભૂત જેવા માણસે તેને રોકયો.

'કોનું કામ છે? શું કામ છે?' એન્ડ્રિયાએ એકાએક ચોંકીને પૂછ્યું.

'કંઈ નહિ; મારે પૅરિસ ચાલતા જવું ન પડે તે માટે ભાઈ-બંધની ગાડીનો લાભ લેવા હું આવ્યો છું.'

'ભાઈબંધ!' કંઈક ઓળખાણ પડતાં એન્ડ્રિયા જરા છોભીલો પડીને બોલ્યો.

'કેમ, ભૂલી ગયો કે શું? વહાણમાં કેદી તરીકે આપણે બેઉ સાથે રહેતા હતા, ત્યારે નાના બેનેડીટોની સંભાળ કોણ રાખતું હતું

વારુ? તે વખતે તો કેડરોકાકા, કેડરોકાકા કહેતાં તારું મોં થાકતું ન હતું! તેમ છતાં હું તો અત્યારે ભાઈબંધીનો સામાન્ય દાવો જ રજૂ કરું છું, ત્યારે તું તો ચોંકી ઊઠવાનો ઢોંગ કરે છે!'

એન્ડ્રિયાએ તરત આજુબાજુ જોઈ કેડરોને ચૂપ રહેવા તથા પોતાનું બેનેડીટો નામ મોટેથી ન બોલવા સૂચવ્યું. પછી તેને ગાડીમાં બેસાડી, પોતાના ઘોડાવાળાને ચાલતા આવવાનું કહી, પોતે જ ગાડી હાંકવા બેસી ગયો. ગામમાંથી બહાર નીકળ્યા પછી તરત તેણે ઘોડો ઊભો રાખ્યો અને કેડરો તરફ ફરીને પૂછ્યું, 'તું પાછો અહીં શા માટે આવ્યો છે? વહાણ ઉપર ભલે તું મારી સાથે હતો, અને મારી સંભાળ રાખતો હતો; પણ હવે હું મારે રસ્તે છું ને તું તારે રસ્તે છે.'

'વાહ, એમ પુત્ર કપુત્ર થાય, પણ માવતર કમાવતર થાય? તું ભલે મને ભૂલવા ઇચ્છે, પણ તારા ઉપર દીકરા જેવો ભાવ રાખ્યા પછી હું તને શી રીતે ભૂલી શકું?'

'એ બધી વાત જવા દે. અહીં મારા હિતૈષી લોકોએ હવે મને મારો બાપ શોધી આપ્યો છે; અને તેના પુત્ર તરીકે સારી રીતે વર્તવા અને રહેવા બદલ મને મોટી રકમ મળે છે.'

'વાહ! તારો ખરો બાપ તને મળી આવ્યો?'

'ખરો-ખોટો તેની મારે શી પંચાત? હું તેનો પુત્ર છું એવું કબૂલ રાખવા બદલ મને પૈસા મળે છે, એટલે બસ!'

'તો તારા હિતૈષી લોકોને કહે કે મને તારો દાદો ઠરાવે; હું બહુ થોડા પૈસામાં એ પદ સંભાળવા તૈયાર છું. જોકે એમાં ખાસ જૂઠાણું પણ નથી; કારણ કે સાચેસાચ હું તારા ઉપર તારા દાદા જેટલો ભાવ રાખું છું. આપણે બંને વહાણ ઉપરની સરકારી ઓથ છોડી વગર પરવાનગીએ ચાલ્યા આવ્યા છીએ, એટલે આપણે બંનેએ એકબીજાની ઓથમાં રહેવું જ ઘટે!'

'એટલે, હું નાસી છૂટેલો કેદી છું એ વાત તું બહાર ન પાડે

તે માટે મારી પાસે તું પૈસા પડાવવા માગે છે, એમ જ ને? પણ એમ તો તું પણ નાસી છૂટેલો કેદી છે, એ વાત હું પણ જાણું છું!'

'પરંતુ મને તો બહાર પણ રહેવાની કશી ખાસ સગવડ નથી; એટલે સરકારી ઉતારે પાછા ફરવામાં મને કશો વાંધો નથી. પણ તને તો આ બધી મજા છોડી વહાણ ઉપર પાછા આવવાનું નહિ જ ગમે! જોકે, ત્યાં તારા કેડરોકાકા તારા જેવા નગુણાની સંભાળ રાખવા ફરી પણ તૈયાર થશે!'

આ વાતચીત ચાલતી હતી તે દરમ્યાન એન્ડ્રિયાએ પોતાના ખીસા તરફ હાથ ચૂપકીથી લઈ જઈ એકદમ પિસ્તોલ અંદરથી બહાર ખેંચી. પણ તે પહેલાં તો કેડરોએ પોતાના ખમીસ નીચેથી એક ખુલ્લી કટાર બહાર કાઢી.

બંને જણ હસી પડયા. બંનેએ પોતપોતાના હાથ પાછા હતા તેવા કરી દીધા. થોડી રકઝક પછી બંને દગાબાજો વચ્ચે એમ નક્કી થયું કે, એન્ડ્રિયાએ દર મહિને કેડરોને ૨૦૦ ફ્રાંક આપવા; અને તે પૅરિસમાં જ ઘર ભાડે રાખી, નિવૃત્ત થયેલા ભઠિયારા તરીકે આરામમાં રહે.

૨

બીજે દિવસે મૅડમ ડેન્ગ્લર્સ વાયદા પ્રમાણે વિલેફૉર્ટની કચેરીએ જઈ પહોંચી. વિલેફૉર્ટે તરત પોતાના ઓરડાનું બારણું બંધ કરી, મૅડમના હાથ પકડીને કહ્યું, 'હરમાઈન! આપણો કોઈ ભયંકર દુશ્મન જાગ્યો છે; તે આપણો ભૂતકાળ ઉખેડી, કોણ જાણે શો બદલો લેવા માગે છે, તે સમજાતું નથી. એટલા માટે જ તને મેં અહીં બોલાવી છે.'

પોતાના પહેલાંના પ્રિયતમને મુખે પોતાની કુંવારી અવસ્થાનું નામ સાંભળી મૅડમને રોમાંચ થઈ આવ્યાં. તે બોલી, 'પણ મોન્ટે-ક્રિસ્ટોને ત્યાં જે બધું થયું, તે તો મને એક અકસ્માત જેવું જ લાગે છે. તેમાં આપણને કોઈ નુકસાન કરવા માગતું હોય એવું શું દેખાય છે?'

'જો સાંભળ, કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોએ એ જ મકાન ભાડે રાખ્યું; ત્યાં એ જ ઓરડો બદલ્યા વિનાનો રાખ્યો; આપણને બધાને એ જ પાછલા દાદરે થઈને તે બગીચામાં લઈ ગયો; ત્યાં બગીચાનો એ જ ખૂણો આપણને બતાવ્યો,—એટલે સુધીની વાતને હું અકસ્માત જેવી માનવા તૈયાર પણ થાઉં. પરંતુ એણે જે બાળકની લાશ મળ્યાની વાત કરી, તે તદ્દન ખોટી છે; અને કંઈક હેતુથી ઉપજાવી કાઢી છે. એટલે જ આપણે ચેતવા જેવું છે.'

'તમે શું કહેવા માગો છો?'

'એ બાળકની લાશ તેને મળી જ નથી; કારણ કે ત્યાં તે હતી જ નહિ.'

'એટલે?'

'એટલે કે દાક્તરે કહ્યા પ્રમાણે છ મહિના દક્ષિણ તરફ હવા ખાઈ આવીને હું પૅરિસ પાછો આવ્યો, ત્યારે મને ખબર પડી કે તું ડેન્ગ્લર્સ સાથે પરણી ગઈ છે અને ઑટીલવાળું ઘર તારા ગયા પછી ખાલી જ પડી રહ્યું છે. મારી અશક્તિના છ મહિના દરમ્યાન મને પડયા પડયા વારંવાર વિચાર આવતો હતો કે, પેલા કોર્સિકાવાસીએ મને ઘા કર્યો ત્યારે તેણે મને આપણા બાળકને દાટતો જોયો હતો. પછી તેણે તને પણ કદાચ ઓળખી લીધી હોય, તો તે એ ભેદ ખુલ્લો કરવાની ધમકી આપ્યા કરી તારી પાસે મોટી રકમો પડાવે કે નહિ? ઉપરાંત, મને તે જીવતો પાછો ઘેર આવેલો જુએ કે જાણે, તો એ ભેદ વડે તે મારા ઉપર બીજી વાર કારમું વેર લઈ શકે કે નહિ? એટલે મેં પૅરિસ આવી એ પુરાવો જેમ બને તેમ જલદી ત્યાંથી કાઢી લેવાનો વિચાર કર્યો. તેથી સાંજ પડતાં જ હું આપણા ઑટીલવાળા મકાને ગુપચુપ પહોંચ્યો, અને અંધારું જામ્યા બાદ બાગમાં ગયો. મારું હૃદય અનેક પ્રકારના ઘોર ભયોથી ફાટફાટ થતું હતું; છતાં આપણા ગુપ્ત પ્રેમજીવનના ભેદનો દુરુપયોગ થાય તેવો પુરાવો નષ્ટ કરવાના એક-માત્ર ખ્યાલથી મેં દૃઢતાથી ખોદકામ શરૂ કર્યું. મોડી રાત સુધી

ઊંડે સુધી તથા આજુબાજુ ખોદખોદ કરવા છતાં મને એ પેટી ત્યાં ન જ મળી.'

'ત્યાં ન મળી? તો પછી જરૂર પેલો તેને ખોદી ગયો હશે.'

'મેં પણ એમ જ માન્યું. તેણે ધાર્યું હશે કે તેમાં કંઈક ખજાનો છે એટલે તેણે તેને ખોદી તો કાઢી હશે. પરંતુ પછી પોતાની ભૂલ માલૂમ પડતાં તેણે આસપાસ ક્યાંક ખાડો ખોદી તેને પાછી દાટી દીધી હશે. એટલે મેં ચોતરફ ખોદાખોદ કરી મૂકી; પરંતુ મને ક્યાંય કશું જ ન મળ્યું. મને પ્રશ્ન થયો કે, એ માણસ એ મડદું પોતાની સાથે શા માટે લઈ જાય?'

'કેમ, આપણા ભેદના પુરાવા તરીકે વળી!'

'ના, ના; એ મડદું તે આખું વરસ પોતાની પાસે રાખી મૂકી ન શકે. તરત જ કોઈ મૅજિસ્ટ્રેટને બતાવીને તેણે ગુનો તો દાખલ કરાવી દેવો જ જોઈએ. પરંતુ એણે એમ ક્યાંય કર્યું ન હતું એ તો નક્કી; તો પછી એક જ ભયંકર શક્યતા બાકી રહી: એ બાળક પેટીમાં જીવતું હોય અને પેલા કોર્સિકને તેને બચાવી લીધું હોય!'

મૅડમ ડેન્ગલર્સે તરત જ ચીસ પાડીને વિલેફૉર્ટના હાથ પકડયા: 'જરૂર, મારું બાળક જીવતું જ હતું! તમે મારા બાળકને જાણીજોઈને જીવતું દાટી દીધું હતું. મેં તમને મારું બાળક બતાવવા તે વખતે કેટલી બધી આજીજી કરી હતી! પણ તમે તો બારોબાર જ તેને લઈ ગયા હતા!'

વિલેફૉર્ટે હવે વિચાર્યું કે, મૅડમના માતૃત્વના ઉછાળાને ભય વડે ડામીને કંઈક શાંત પાડવો જોઈએ; એટલે તેણે તેને કહ્યું, 'પણ તે બાળક જો જીવતું હોય અને કોઈ તે ભેદ જાણતું હોય, તો આપણા બંનેનું શું થાય? હવે કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો જે જગ્યાએથી એ હાડપિંજર મળ્યાની વાત કરે છે, તે જગાએ એ હાડપિંજર હતું જ નહિ; તો પછી જરૂર તે કંઈક ઇરાદાથી જ એમ કરતો હોવો જોઈએ. પણ તેની જાણમાં આ વાત શી રીતે આવી હોય, એ પ્રથમ તપાસવું જોઈએ.

મેં તને આજે એ પૂછવા જ બોલાવી છે કે, તેં ભૂલથી પણ આપણા ભેદની વાત કદી કોઈને પણ કરી છે કે કેમ?'

'ના; કદી પણ કોઈનેય નહિ!'

'તો પછી હવે મારે શોધવું પડશે કે, આ કાઉંટ મોન્ટેક્રિસ્ટો ખરી રીતે કોણ છે, તથા પોતાના બગીચામાં દાટેલાં બાળકોની ખોટી વાતો આપણને સંભળાવવાનું તેને શું કારણ છે.'

આટલું કહી, તેણે ચિંતાતુર વદને મૅડમ ડેન્ગ્લર્સને વિદાય આપી.

૩

દરમ્યાન, બીજી બાજુ, મૅડમનો પતિ બૅરન ડેન્ગ્લર્સ કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોની જ મુલાકાતે આવ્યો હતો. ડેન્ગ્લર્સે કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોને પોતાના છેલ્લા માઠા સમાચાર સંભળાવતાં કહ્યું: 'આજે પાછા ત્રિએસ્ટની જેકોપો મેનફ્રેડીની પેઢી કાચી પડયાના સમાચાર આવ્યા છે, અને મેં તેમની ચિઠ્ઠી ઉપર ચૂકવેલા દશ લાખ ફ્રાંક ડૂબ્યા છે. હમણાં હમણાંની મારે માથે આવી આફતો જ તૂટી પડવા લાગી છે; અને છેલ્લી સ્પેનના બૉન્ડની આફત ઉમેરીએ, તો આ મહિનો મારે માટે બહુ ભારે ગયો ગણાય.'

'સ્પેનના બૉન્ડના કિસ્સામાં ખરેખર તમને કંઈ નુકસાન થયું હતું?'

'વાહ, પૂરેપૂરા સાત લાખ ફ્રાંકનું નુકસાન! પણ આવી ધંધા-દારી બાબતો તમારા જેવા અબજપતિ આગળ બહુ કરવી ન ઘટે. પણ હું તો એમ પૂછવા આવ્યો છું કે, પૈસાની લેવડદેવડ માટે શ્રી. કેવલ-કૅન્ટી કેવા માણસ ગણાય?'

'કેમ વળી, તમને એમની આંટ સધ્ધર લાગતી હોય, તો તેમને પૈસા આપો.'

'મને તો એમની આંટ સધ્ધર લાગે છે; આજે સવારે તે મને

મળવા આવ્યા હતા અને મેં તેમને ૪૦ હજાર ફ્રાંક ચૂકવ્યા છે. તેમણે પોતાના પુત્ર માટે પણ મહિને પાંચ હજાર ફ્રાંકનું ખાતું ખોલાવ્યું છે.'

'વરસ દહાડે ફક્ત સાઠ હજાર ફ્રાંક! મહિને પાંચ હજાર કચૂકાથી એક જુવાન માણસ શી રીતે જીવી શકે વારુ?'

'અલબત્ત, તેને થોડાક વધુ જોઈતા હશે તો જરૂર હું ધીરીશ જ......'

'નહિ, વધુ એક ફ્રાંક પણ ન આપતા; તેનો બાપ તમને કદી પાછા નહીં વાળે. એ ઈટાલિયન લખપતિઓને તમે ઓળખતા નથી; તેઓ ખરેખર કંજૂસના સરદાર હોય છે.'

'તો શું તમને આ કેવલકૅન્ટીનો વિશ્વાસ નથી!'

'અલબત્ત, મને પૂરો વિશ્વાસ છે. હું માત્ર તેની સહી ઉપર જ એક કરોડ ફ્રાંક આપી દઉં. તેની મિલકત બાબત કશી શંકા જ નથી. પણ પૈસા ખર્ચવાની બાબતમાં તે લોકો ઍડ હોય છે!'

'ઠીક; તો આ ઈટાલિયન કરોડપતિઓ પોતાનાં છોકરા-છોકરીને અંદર અંદર જ પરણાવતા હશે, નહિ વારુ? જેથી તેમની મિલકતો એકઠી થાય!'

'હા, સામાન્ય રીતે એમ ખરું; પણ કેવલકૅન્ટી બહુ જુદો જ માણસ છે. મને તો ખાતરી જ છે કે, તે પોતાના પુત્રને ફ્રાન્સમાં પરણાવવા માટે જ લાવ્યો છે.'

'ખરેખર?'

'હા, હા; એબ બુસોનીએ તો મને એમ પણ કહ્યું હતું કે, કેવલકૅન્ટીને પોતાના પૈસા ઈટાલીમાં નકામા પડયા રહે એ પસંદ નથી. ઈટાલી એ રીતે બહુ કંગાલ દેશ છે. તેથી તે પોતાના પૈસા ફ્રાંસ કે ઇંગ્લૅન્ડમાં રોકવા માગે છે. પોતાનો પુત્ર પરણશે ત્યારે તે તેને વીસ-ત્રીસ લાખ ફ્રાંક આપશે, અને જો તે કોઈ ઉદ્યોગપતિની પુત્રીને પરણશે, તો પોતાના પુત્રના સસરાના ધંધામાં જ તે પોતાના બધા પૈસા નાખવાનો.'

'પરંતુ તે પોતાના મોભા પ્રમાણે કોઈ રાજવંશી સાથે જ લગ્ન-સંબંધ ગોઠવવા ઇચ્છશે, નહિ વારુ?'

'એવું કંઈ નહિ; ઈટાલીના ઘણા ઉમરાવો સામાન્ય છોકરીઓ સાથે પરણે છે. પણ તમે આ બધા પ્રશ્નો શા માટે પૂછો છો? તમારા મનમાં એન્ડ્રિયા માટે કોઈ છોકરી છે કે શું?'

'સાચું કહું તો હું મારી પોતાની દીકરીનો જ વિચાર કરું છું.'

'પણ તેનો વિવાહ તો આલ્બર્ટ મૉર્સર્ફ સાથે કરેલો છે ને!'

'મેં અને શ્રી. મૉર્સર્ફે આ વિવાહની ચર્ચા ઘણી વાર કરેલી છે, એ સાચું; પણ...'

'તો પછી આલ્બર્ટ શું ખોટો છે? તે તમારી દીકરી જેટલો તવંગર નહિ હોય, પણ તે મોટા ઉમરાવ કુટુંબનો તો છે જ!'

'ઉમરાવ કુટુંબનો? અને તે પણ મોટા! જવા દો એ વાત. જુઓ કાઉંટ, મને મારા કુળની વાત છુપાવવાની ટેવ નથી; હું મૂળે એક સામાન્ય કારકુન હતો; પરંતુ પછીથી મેં મારા ધનથી અને પુરુષાર્થથી બૅરનનો ઈલકાબ રાજ્ય પાસેથી મેળવ્યો છે. ત્યારે મૉર્સર્ફ પોતાને કાઉંટ કહેવરાવે છે, પણ તે રાજ્ય તરફથી મળેલા ઈલકાબની રૂએ નહિ, પણ પોતાની મેળે જ; ખરી રીતે તે કાઉંટ છે જ નહિ!'

'અશક્ય!'

'સાંભળો મહેરબાન; હું તેને ૩૦ વર્ષથી ઓળખું છું. હું જ્યારે સામાન્ય કારકુન હતો, ત્યારે તે એક માછીમાર હતો.'

'તે વખતે તેનું નામ શું હતું?'

'ફર્નાન્ડ મોન્ડેગો.'

'તમને બરાબર ખાતરી છે?'

'અરે, તેની પાસેથી મેં સારી પેઠે માછલાં ખરીદ્યાં છે, એટલે હું જાણું ને!'

'તો પછી તમે તમારી દીકરી એ માછીમારને પરણાવવા શા માટે કબૂલ થયા હતા?'

'એનું કારણ એટલું જ કે, અમે બંને હલકા કુળના માણસો હોઈ, પછીથી તવંગર તથા પ્રતિષ્ઠાવાળા બન્યા છીએ; એટલે બંને સરખા જ કહેવાઈએ. સિવાય કે, એને વિષે કેટલીક વાતો એવી કહેવાય છે, જેવી મારે વિષે નથી કહેવાતી.'

'એટલે ?'

'તે ગ્રીસમાં અલી પાશાની નોકરી કરતો હતો, ત્યાર પછી તેણે આ બધી સંપત્તિ અચાનક મેળવી છે. પણ એ સંપત્તિ તેણે કેવી રીતે મેળવી છે, એ વિષે કેટલીક ગપસપ ચાલે છે. પરંતુ આટલે સમયે આટલે દૂરથી હવે તે વિષે ખાતરી શી રીતે કરાય ?'

'કેમ, તમારે ગ્રીસ તરફ પણ આડતિયાઓ તો હશે જ ને ?'

'અલબત્ત.'

'અને યાનીનામાં પણ ?'

'સૌ સ્થળે મારા આડતિયાઓ છે.'

'તો પછી તમે તમારા યાનીનાવાળા આડતિયાને પુછાવોને કે અલી પાશાવાળા કિસ્સામાં ફર્નાન્ડ મોન્ડેગો નામના ફ્રેન્ચ માણસે શો અને કેવો ભાગ ભજવ્યો હતો.'

'ખરી વાત; હું આજે જ લખી દઉં છું.'

'પણ કંઈક ખરાબ સમાચાર મળે, તો મને તેની વાત પછી કરશો ખરા ને ?'

'જરૂર, કરીશ.'

આટલું કહી ડૅન્ગલર્સ જલદી જલદી કાઉંટ પાસેથી નીકળી પોતાની ગાડીમાં બેસી ચાલતો થયો.

૩૩

કુટુંબદાક્તર દ' એવરીની

વિલેફોર્ટે પોતાનું વચન બરાબર પાળ્યું હતું. તેના માણસોએ ખબર મેળવી હતી કે, કાઉંટ પહેલાં કદી ફ્રાંસમાં આવ્યો ન હતો; તે પાંચ-છ મહિનાથી જ ફ્રાંસમાં આવ્યો હતો. ઑટીલમાં ઘર રાખવાના તેના હેતુ વિષે કાઉંટના મિત્ર એબ બુસોની પાસેથી એમ જાણવા મળ્યું કે, તે ત્યાં ગાંડાઓની ધર્માદા ઈસ્પિતાલ ખોલવા માગે છે; ત્યારે કાઉંટના એક અંગ્રેજ દુશ્મન લૉર્ડ વિલ્મોરના જણાવ્યા પ્રમાણે સટ્ટાખોર કાઉંટ એક નવો સટ્ટો ખેલવા માગતો હતો : તેને ખબર મળી હતી કે તે મકાનની આસપાસ જમીનમાં ક્યાંક એવા પાણીનું વહેણ છે, કે જે પાણી ઘણા રોગો ઉપર દવાનું કામ દઈ શકે તેમ છે; એટલે એ મહાશય એ ઝરો શોધી કાઢી, એ મકાનનો દરદીઓની હોટેલ તરીકે ઉપયોગ કરી ધૂમ કમાણી કરવા માગતા હતા!

વિલેફોર્ટ પોતાના ઓરડામાં બેસી આ બધી માહિતી વાગોળતો હતો. તેની પત્ની તથા પુત્રી વગેરે કાઉંટ મૉર્સર્ફને ત્યાંના નૃત્ય-સમારંભમાં ગયાં હતાં. મળેલા સમાચારથી તેને એટલી તો નિરાંત થઈ કે, કાઉંટ પહેલાં કદી ફ્રાન્સમાં આવ્યો ન હતો; એટલે જીવનમાં તેની સાથે વેર બંધાવાનું કોઈ કારણ તેને પોતાને મળ્યું હોવાનો સંભવ નહોતો. કદાચ પેલા કોર્સિકાવાસીએ કોઈ પાદરી આગળ પોતાના ગુનાની કબૂલાત કરી હોય, અને તે પાદરી પાસેથી એ વાત વધીને કે બદલાઈને કાઉંટ પાસે આવી હોય, પરંતુ તોય, કાઉંટને એ વીસ વર્ષ જેટલી જૂની વાત સૌની હાજરીમાં આ રીતે આજે ઉખેળવાથી શો લાભ કે શું પ્રયોજન?

તે આ જાતની ગડભાંજમાં પડેલો હતો તેવામાં જ તેની ઓરડીનું બારણું તેના હજૂરિયાએ જોરથી થપથપાવ્યું અને તે કશો જવાબ આપે ત્યાર પહેલાં તો તેની પ્રથમ પત્ની રેનીની માતા મૅડમ સેન્ટ-મેરાન ડૂસકાં નાખતી અને લથડિયાં ખાતી અંદર દાખલ થઈ.

પોતાનાં ઘરડાં સાસુને આ સ્થિતિમાં એકલાં જ આવેલાં દેખી, વિલેફૉર્ટ બેબાકળો થઈ, 'શું થયું, શું થયું? તમે એકલાં કેમ? માર્કિવસ સેન્ટ-મેરાન ક્યાં?' વગેરે સવાલો ઉપરાઉપરી પૂછવા લાગ્યો.

'સેન્ટ-મેરાન ગુજરી ગયા! પ્રભુ, આ તે શો કેર?' આટલું બોલતાંમાં તો ડોસી પોતે જ લથડિયું ખાઈને ખુરશીમાં ગબડી પડી.

'શ્રીમાન સેન્ટ-મેરાન ગુજરી ગયા? આમ અચાનક? તેમને કાંઈ થયું હતું?'

'થોડાક દિવસથી તેમની તબિયત આમ તો બગડયા જેવી જ હતી; અને તેથી કેટલીક દવાઓ તેમણે અહીંથી મંગાવી હતી. તે દવાઓ દીકરી વેલેન્ટાઇને કાળજીથી મોકલી આપી હતી, તેનાં વખાણ કરતાં તે થાકતા ન હતા. તેવામાં અચાનક તેમને થઈ આવ્યું કે, બસ, વેલેન્ટાઈનને મળવા જવું છે. એટલે અમે બંને ગાડી જોડાવી માર્સેલ્સથી પૅરિસ આવવા નીકળ્યાં. પંદરેક માઈલ આવ્યાં હોઈશું, ત્યારે તેમણે તેમની રોજની ટીકડીઓ લીધી. અને એ ખાધા પછી તે એકદમ જાણે ભર ઊંઘમાં પડી ગયા. પણ તેમનું મોં લાલલાલ થઈ ગયું અને તેમના લમણાની નસો જાણે ફાટી જશે એમ ઊછળવા લાગી. અચાનક તે એક ચીસ પાડી ઊઠયા, અને પછી તરત તેમનું માથું પીઠ તરફ ઢળી પડયું. બસ, ત્યારથી એઈકસ સુધીની મુસાફરી મેં મડદા સાથે જ પૂરી કરી. એઈકસ પહોંચી મેં ઝટપટ દાક્તરને બોલાવ્યો; તો તેણે જોઈને તરત કહી દીધું કે, મગજની નસ ફાટી જવાથી તે કયારનાય મૃત્યુ પામ્યા છે.'

'પછી તમે શું કર્યું?'

'સેન્ટ-મેરાને હમેશાં એમ ઈચ્છા દર્શાવી હતી કે, તેમનું મૃત્યુ પૅરિસથી દૂર થાય તોપણ તેમના મડદાને પૅરિસ લાવી કુટુંબના જૂના ભોંયરામાં જ મૂકવું. એટલે મેં સીસાના કૉફિનમાં મડદું બંધ કરાવી બીજી ગાડીમાં ચડાવ્યું છે. તે ગાડી મારાથી થોડે અંતરે પાછળ ધીમે ધીમે આવે છે.'

પરંતુ આટલું પરાણે બોલી રહ્યા પછી, મૅડમ સેન્ટ-મેરાને ઝટપટ વૅલેન્ટાઈનને મળવાની ઈચ્છા દર્શાવી. વિલેફૉર્ટ ડોસીને તેના ઓરડામાં સુવડાવી જાતે જ ઘોડાગાડીમાં બેસી કાઉંટ મૉર્સર્ફને ત્યાં પહોંચી ગયો.

વૅલેન્ટાઈન અને તેની સાવકી મા મૅડમ વિલેફૉર્ટ ખબર સાંભળી તરત દોડી આવ્યાં. વૅલેન્ટાઈનને પોતાની બાથમાં લઈ, ડોસી પોતાની મૃત પુત્રી રેનીને યાદ કરી ખૂબ રડી; પછી પોતાના દિવસ પણ હવે ભરાઈ ચૂકયા છે, માટે વૅલેન્ટાઈનને દાદાનો શોક પાળવા દીધા વિના તરત પરણાવી દેવાની તૈયારીઓ કરવાનું કહી, તે થાકીને સૂઈ ગઈ. તેમની પથારી પાસે તેમને ગમતા નારંગીના રસની શીશી, પાણીનો કૂજો, પ્યાલો વગેરે મૂકી વૅલેન્ટાઈન ત્યાંથી ધીમે ધીમે બહાર નીકળી ગઈ.

બીજે દિવસે વૅલેન્ટાઈન વહેલી ઊઠીને ડોસીની ખબર કાઢવા ગઈ તો ડોસીની સ્થિતિ એકદમ ગંભીર બની ગઈ હતી. તેણે વૅલેન્ટાઈનને કહ્યું કે, રાત્રે જાણે ડોસા મને તેડવા માટે જ આ ઓરડામાં આવ્યા હતા. મારા ટેબલ ઉપરનો પ્યાલો ખખડયો હતો તે પણ મેં સાંભળ્યો હતો. માટે હવે હું થોભી શકું તેમ નથી. જલદી તારા બાપુને બોલાવ. તારો વિવાહ જેની સાથે થયો છે તે મુરતિયાને પણ જલદી તેડાવો. તારો હસ્તમેળાપ મારે હાથે કરાવીને હું જાઉં.'

વિલેફૉર્ટ આવ્યો ત્યારે તો ડોસીની સ્થિતિ વધુ બગડી ગઈ હતી. ડોસીએ તેને પણ મુરતિયાને જલદી બોલાવવાની વાત કરી. પણ થોડી વારમાં તો દરદનો ભયંકર હુમલો થતાં તે બોલી ઊઠી, 'અરે, વીલ લખનારને બોલાવો; હું તો ચાલી!'

વિલેફોર્ટે દાક્તરને તથા વીલ લખનારને તેડવા માણસ દોડાવ્યા.

દાક્તર દ' એવરીની આવ્યા ત્યારે વેલેન્ટાઈને મૅડમને થતી વેદનાની તથા રાત્રે ઊંઘમાં પોતાના ઓરડામાં સેન્ટ-મેરાનનો ઓળો તેમને દેખાયાની વાત કહી. દાક્તર આ કુટુંબના ખાસ દાક્તર હતા, તથા વેલેન્ટાઈનના જન્મ વખતે પ્રસૂતિની સારવાર તેમણે જ કરી હોવાથી વેલેન્ટાઈન ઉપર પુત્રી જેવો ભાવ રાખતા હતા.

દાક્તર મૅડમને બારીકાઈથી કંઈક ચિંતાતુર થઈને તપાસતા હતા અને વિલેફોર્ટ વીલ લખનારના આવવાની રાહ જોતો બહાર ઊભો હતો. તેવામાં વેલેન્ટાઈન, અચાનક જ, પોતાનો પ્રેમી મૅક્સિમિલિયન બગીચાને જે ઝાંપે મળતો તે તરફ વળી. તે વખતે તેના આવવાનો સમય તો ન હતો; પરંતુ પોતાનાં દાદીએ એપિને સાથે પોતાના લગ્નની કરવા માંડેલી ઉતાવળથી તેનું મન મૂંઝાઈ ગયું હતું. પણ લો, મૅક્સિમિલિયન પણ તેવી જ ચિંતામાં મૂરઝાતો ત્યાં જ ભટકતો હતો!

વેલેન્ટાઈને રડતાં રડતાં પોતાનાં દાદા-દાદીની વાત તેને કહી. મૅક્સિમિલિયન સાથે લગ્ન કરાવવામાં એ દાદીની જ મદદની પોતાને આશા હતી, એમ પણ તેણે જણાવ્યું. તેને બદલે દાદી તો દાદાના મરણના ફટકાથી તથા પોતાની બગડેલી તબિયતથી તેને એપિને સાથે જ તરત પરણાવી દેવા ઉતાવળાં થઈ ગયાં હતાં. માત્ર એપિને બહારગામ હોવાથી તે પૅરિસ ઝટપટ પાછો ફરે તેની જ વાર હતી.

તે સાંભળી મૅક્સિમિલિયનને માથે જાણે વીજળી તૂટી પડી. કારણ હમણાં જ તે મિત્રો પાસેથી જાણીને આવ્યો હતો કે, એપિને બીજે દિવસે જ પૅરિસમાં પાછો ફરવાનો હતો!

વેલેન્ટાઇન પણ એ સાંભળી બેબાકળી થઈ ગઈ. પ્રેમની અતૂટ ગાંઠથી બંધાયેલાં એ બે હૃદયો નસીબની આ અવળચંડાઈથી ગાભરાં બની ગયાં. છેવટે, જો કંઈ પણ ઉપાય ન ચાલે, તો વેલેન્ટાઇને મૅક્સિમિલિયનને ખબર મોકલવી; અને મૅક્સિમિલિયન બગીચાના ઝાંપા

આગળ, રાતે નવ વાગ્યે, બંને જણ નાસી જઈ શકે તેવી બધી તૈયારી કરી રાખીને ઊભા રહે, એવું નક્કી થયું.

પછી ધબકતે હૃદયે તેઓ છૂટાં પડયાં.

બીજો આખો દિવસ મૅકિસમિલિયને ચિઠ્ઠીની રાહ જોવામાં ગાળ્યો. ત્રીજા દિવસે સવારે તેને નીચેની ચિઠ્ઠી મળી:

'આંસુ, આજીજી અને પ્રાર્થના નકામાં નીવડયાં છે. આજ રાતે નવ વાગ્યે લગ્નના કરાર ઉપર સહીઓ કરવાનું નક્કી થયું છે. હું પોણા નવ વાગ્યે ઝાંપા આગળ તમારી રાહ જોઈશ. રખે ચૂકતા.'

'વેલેન્ટાઈન'

કલ્પી શકાય તેટલી બધી તૈયારીઓ સાથે, મૅકિસમિલિયન, ઝાંપા આગળ ગુપચુપ વેલેન્ટાઈનના નાસી આવવાની રાહ જોતો, આઠ વાગ્યાનો તૈયાર ઊભો રહ્યો. ધીમે ધીમે વખત જતાં સાડા નવના ટકોરા પણ પડયા, છતાં વેલેન્ટાઈનના આવવાનાં કંઈ એંધાણ જણાયાં નહિ. પછી તો ધડાક દઈને દશનો ટકોરો પણ પડયો. એટલે મૅકિસમિલિયનનું મગજ અનેક આશંકા-કુશંકાઓથી ઘેરાઈ ગયું; અને તે મરણિયો થઈ, ઝાંપો કૂદી, વિલેફૉર્ટના મકાનમાં જવા બાગમાં દાખલ થયો. થોડે દૂર આગળ વધતાં તેણે બે અવાજ પોતાની સામે આવતા સાંભળ્યા. મૅકિસમિલિયન એક બાજુ અંધારામાં છુપાઈ ગયો. પેલા બેમાંથી એક જણ ભારપૂર્વક પરંતુ કંઈક દયામણે અવાજે બોલ્યો,

'ના, ના, દાક્તર, એવું ન હોઈ શકે!' એ અવાજ વિલેફૉર્ટનો હતો.

'જુઓ સાહેબ,' દાક્તરે જવાબ આપ્યો, 'મને ખાતરી છે કે મૅડમ સેન્ટ-મેરાનને ધંતૂરાનું ઝેર આપવામાં આવ્યું છે. એ ઝરથી થતા મૃત્યુનાં ચિહ્નો મગજની નસ ફાટવાથી થતા મૃત્યુનાં ચિહ્નો જેવાં જ હોય છે.'

'પણ એવું બને જ નહિ; મારા ઘરમાં એવું કારમું કૃત્ય કોણ કરે? શા માટે કરે?'

'જેને મૅડમ સેન્ટ-મેરાનના મૃત્યુથી તરત લાભ થવાનો હોય તે. તે કોણ હોઈ શકે, એ વિચારવાનું કામ તમારું છે!'

'પણ એમની મિલકતનો કુલ વારસદાર એકલી વેલેન્ટાઇન જ છે; અને એ પોતાની દાદીને ઝેર દે, એવું માનતા પહેલાં તો હું જાતે જ ગોળી ખાઈને મરી જાઉં!'

'પણ તો પછી ભૂલથી એ ઝેર તેમને અપાયું હોય, એ શકયતા વિચારો. તમારા પિતાશ્રીને તેમના લકવાના હઠીલા રોગ ઉપર હું ધંતૂરાના ઝેરનો જ પ્રયોગ થોડી થોડી માત્રામાં કરતો આવ્યો છું. એ ઝેર કોઈ સાજો માણસ થોડું પણ પીએ, તો તરત આવાં જ લક્ષણોથી મરી જાય.'

'પણ પિતાશ્રીને દવા પાવાનું કામ એકલો તેમનો જૂનો વફાદાર નોકર બેરોઈસ કરે છે. અને તેમની દવા મૅડમ સેન્ટ-મેરાન પાસે ભૂલથી પણ પહોંચી જાય એવો સંભવ ઓછો છે. બંને ઓરડાઓ બહુ દૂર છે. એટલે જ હું કહું છું કે, મારાં સાસુને ઝેર દેવામાં આવ્યું હોય, એ વાત ન માની શકાય તેવી છે.'

'તો તમે એ પણ સાંભળી લો કે, મૅડમ સેન્ટ-મેરાન પાસે હું છેલ્લા ત્રણ કલાકથી બેસી તેમનાં બધાં લક્ષણો બારીકાઈથી જોઈ રહ્યો હતો. અને હું ખાતરીથી કહેવા માગું છું કે, મૅડમનું મૃત્યુ ધંતૂરાના ઝેરથી થયું છે.'

'પણ દાક્તર, આવી શંકા પડતી વાત બહાર પાડીને મારા ઘર ઉપર તમે નાહક શંકા અને કલંકનાં ઘેરાં વાદળ નહિ જ ઉતારો, એટલા અમારા હિતૈષી તમે છો જ.'

'વારુ; હું મારી શંકાઓ મારા દિલમાં જ પૂરી રાખીશ. પરંતુ ન્યાયાધીશ તરીકે નહિ તો કુટુંબના મુખ્ય માણસ તરીકે પણ તમારે વધુ સાવચેત રહેવું ઘટે છે. ખૂની કદાચ આટલેથી જ અટકશે નહિ. એટલે હજુ જેઓ જીવતા છે તેમની કાળજી લેવાનું તમે વચન આપો,

તો મરેલા માણસના ખૂનીને સજા કરવાની વાત આ વખત પૂરતી હું પડતી મૂકું. જોકે દાક્તર તરીકે મારે એમ ન કરવું જોઈએ.'

'હા હા; દાક્તર, હું જરૂર સાવચેતી રાખીશ, અને તમારો ઉપકાર હું કદી નહીં ભૂલું.'

આટલી વાત પૂરી થતાં વિલેફૉર્ટ દાક્તરનો હાથ પકડી તેમને પોતાના ઘરમાં લઈ ગયો.

મૅાકિસમિલિયનને એટલી ખાતરી તો થઈ ગઈ કે, મૅાડમનું મૃત્યુ થવાથી લગ્નની વાત આજ પૂરતી તો બંધ રહી જ હોવી જોઈએ; એટલે હવે ત્યાં વધુ થોભવાની જરૂર નથી. પરંતુ વેલેન્ટાઈનનાં દાદા-દાદીનાં ઉપરાઉપરી થયેલાં મરણ તથા દાક્તરે હમણાં કરેલી વાત પ્રમાણે વેલેન્ટાઈન અને બેરોઈસ ઉપર ઝેર દીધાની જતી શંકા, એ બધી બાબતો તેના મગજમાં એવી અટવાઈ રહી કે, મકાનની એક ખુલ્લી બારીમાં દીવાના પ્રકાશ આગળ વેલેન્ટાઈનને પસાર થતી જોતાંવેંત જ તે ઘર તરફ સીધો દોડયો અને દાદર ચડી ગયો. સદ્‌ભાગ્યે દાક્તર સાથે તે વખતે વિલેફૉર્ટ પોતાના ઓરડામાં બંધબારણે વાતો કરતો હતો, એટલે મૅાકિસમિલિયન સીધો આગળ વધ્યો અને વેલેન્ટાઈનને જે ઓરડામાં જોઈ હતી તે તરફ અંદાજે જઈ પહોંચ્યો. બારણું ધકેલતાં જ ઊઘડી ગયું. અંદર એક પથારી ઉપર મૅાડમનું શબ ઢાંકેલું પડયું હતું, અને પાસે વેલેન્ટાઈન ઘૂંટણિયે પડી એકાદ પ્રાર્થના બોલવાની શરૂઆત કરતી હતી.

૩૪

લગ્ન ફોક થયું !

મૅક્સિમિલિયનને દેખી વેલેન્ટાઇન એકદમ ચીસ જ પાડતી હતી, તેવામાં મૅક્સિમિલિયને ઝટ પાસે જઈ તેને શાંત રહેવા નિશાની કરી; તથા દશ વાગી ગયા છતાં તે ન આવી એટલે ચિંતામાં પોતે કેવી રીતે અંદર આવ્યો, તેટલી વાત તેને કહી દીધી.

વેલેન્ટાઇન ગભરાઈ ઊઠી; કારણ કે તરત જ તેના પિતાના ઓરડાનું બારણું ઊઘડવાનો અવાજ આવ્યો; અને વિલેફૉર્ટ દાક્તરને વિદાય કરવા દાદરના નીચેના બારણા સુધી ગયો. પછી ત્યાંનું મુખ્ય બારણું રાત પૂરતું ચાવીથી બંધ કરી, તે બગીચા તરફના બારણા પાસે ગયો. તેને પણ ચાવી દઈ, તે પાછો ફર્યો.

વેલેન્ટાઇને મૅક્સિમિલિયનને કહ્યું, 'હવે તમે આ તરફના એકે બારણેથી મકાનમાંથી બહાર નહિ નીકળી શકો. હવે મારા દાદાના ઓરડામાંનું પાછલું બારણું જ તમારે બહાર નીકળવા માટે બાકી રહ્યું. તમે જલદી ત્યાં જ ચાલો.'

'પરંતુ ત્યાં આવવું પણ સલામત છે ખરું?'

'હા, તે તરફ અત્યારે કોઈ નહીં આવે; ઉપરાંત મારા દાદાનો વફાદાર નોકર બેરોઇસ મારા દાદાની પરવાનગી વગર કોઈને અંદર આવતું રોકી પણ શકે છે. ઉપરાંત મારા દાદાની સાથે એક વાર આમેય મારે તમને ભેગા કરવા જ હતા; કારણ કે, હવે મારા ઉપરની લાગણીથી મને મદદ કરવા ઇચ્છે એવા એ એક જ બાકી રહ્યા છે.'

બંને જણ ઝટપટ એ ઓરડામાં દાખલ થયાં. ડોસા મૅક્સિ-

મિલિયન તરફ નવાઈ પામી જોઈ રહ્યા. વેલેન્ટાઇને સમજાવીને બધી વાત દાદાને કહી.

ડોસા મૅક્સિમિલિયનના બાપને નામથી ઓળખતા હતા. પછી મૅક્સિમિલિયનને ડોસા પાસે મૂકી, વેલેન્ટાઇન ઝટપટ બહાર આવી તથા મૅડમના શબવાળા ઓરડામાં પાછી ફરી.

ડોસા સાથે વાત કરવાની રીત વેલેન્ટાઈને ઘણી વાર વાતોમાં મૅકિસમિલિયનને વર્ણવી બતાવી હતી. એટલે થોડી વારમાં જ તેણે વેલેન્ટાઇન સાથેના પોતાના પ્રેમની, તથા એપિને સાથે તેના લગ્નના કરાર ઉપર તે રાતે નવ વાગ્યે સહી થવાની હોવાથી, બંનેએ નાસી જવા કરેલા નિશ્ચયની વાત કરી દીધી. ડોસા થોડા ચિંતામાં પડયા; પણ પછી તેમણે સાનથી એટલું સમજાવ્યું કે એવું કોઈ પગલું હાલ ભરવાની જરૂર નથી; અને એપિને સાથેનું લગ્ન તો તે પોતે જ રોકાવી શકે તેમ છે. બીજું કંઈ વિશેષ તેમણે ન જણાવ્યું પણ મૅકિસમિલિયન વિદાય થાય તે પહેલાં તેમણે તેની પાસે વચન લઈ લીધું કે, તે તથા વેલેન્ટાઇન બીજું કોઈ સાહસી પગલું નહિ ભરે.

આવા નિશ્ચેષ્ટ, મૂંગા ડોસા, જે માત્ર આંખ મીંચી-ઉઘાડીને જ પોતાનો હા-ના જેટલો ભાવ પ્રગટ કરી શકે છે, તે વિલેફૉર્ટ જેવા માણસ પાસે એપિને સાથેના લગ્નની આખરે પહોંચેલી વાત કેવી રીતે રોકાવી શકશે, એ બાબત ચિંતા કરતો મૅકિસમિલિયન ત્યાંથી વિદાય થયો.

બે દિવસ બાદ, વિલેફૉર્ટના સસરા તથા સાસુનાં કૉફિન કુટુંબના ખાસ ભોંયરામાં મૂકવાનો વિધ પતાવવામાં આવ્યો. સૌ આગંતુકો વિદાય થયા બાદ એપિને પણ વિલેફૉર્ટની રજા લેવા આવ્યો, ત્યારે વિલેફૉર્ટે તેને જણાવ્યું કે, તમે જો મારી સાથે અત્યારે આવી શકો, તો વેલેન્ટાઈનના તમારી સાથેના લગ્નના કરારનાં કાગળિયાં તૈયાર છે, તેના ઉપર સહીઓ કરવાનો વિધિ પતવી નાખીએ.

એપિનેએ આવા શોકને વખતે એવી ઉતાવળ કરવાની જરૂર શી છે, એમ પૂછ્યું; ત્યારે વિલેફૉર્ટે જણાવ્યું કે, મૅડમને વેલેન્ટાઈનનું

લગ્ન તરત જ પોતાને હાથે પતાવવાની ઘણી ઈચ્છા હતી; પણ છેવટે જ્યારે તેમને પોતાનું મરણ નજીક આવી ગયેલું લાગ્યું, ત્યારે તેમણે તેમના મરણ પછી પણ એ કામ તરત જ પતાવવાનું મને ફરમાવ્યું છે. એટલે વિચાર એવો છે કે, આજે કરાર ઉપર સહીઓ કરવાનો વિધિ પતાવી દઈએ; પછી મૉડમે વારસામાં આપેલી જાગીર ઉપર વેલેન્ટાઇન ત્રણ માસ રહેવા ચાલી જાય, ત્યારે આજથી સાતમે દિવસે ત્યાં જઈને આપણે બધા બહુ સાદાઈથી લગ્ન-વિધિ પતાવી દઈશું. પછી તમે પૅરિસ પાછા આવજો, પણ વેલેન્ટાઇન તેની સાવકી મા સાથે ત્યાં ત્રણ મહિના રોકાશે. આમ કરવાથી શોકનો વિધિ પણ સચવાશે અને મૉડમની અંતિમ ઈચ્છા પણ પૂરી થશે.'

એપિનેએ, 'જેવી તમારી ઈચ્છા' એમ કહી પોતાની સંમતિ દર્શાવી; તથા કરારમાં સહીઓ વખતે પોતાના સાક્ષી તરીકે આલ્બર્ટ મૉર્સર્ફ તથા બીજા એક મિત્રને હાજર રાખવાની મરજી બતાવી. વિલેફૉર્ટે તે વાત ખુશીથી કબૂલ રાખી એટલે તરત તે એ બેને બોલાવી લાવવા ઊપડી ગયો.

એ બધા આવી પહોંચે તે પહેલાં વિલેફૉર્ટે ઘેર આવી વેલેન્ટાઇન વગેરેને પોતાના દીવાનખાનાના ઓરડામાં ભેગાં કર્યાં તથા લગ્નના કરાર ઉપર તરત જ સહીઓ કરવાની છે, એ વાત જણાવી.

વેલેન્ટાઇનના માથા ઉપર જાણે વીજળી તૂટી પડી; પણ હવે તેનાથી જરાય ચસી શકાય તેમ ન હતું, એટલે તે મનમાં ને મનમાં સમસમી રહી.

એટલામાં તો દસ્તાવેજ લખનારો તથા એપિને અને તેના મિત્રો ત્યાં આવી પહોંચ્યા. દસ્તાવેજ લખનારાએ વિલેફૉર્ટના કહ્યાથી એપિનેને જણાવ્યું કે, વેલેન્ટાઇનના દાદા નોઇરટિયરે એપિને સાથે વેલેન્ટાઇનનું લગ્ન થાય તો તેને પોતાના કુલ વારસામાંથી રદબાતલ કરવી એવું વીલ કરાવેલું છે; તેની જાણ સહી થતા પહેલાં તમને કરવી જોઈએ.

એપિનેએ શાંતિથી કહ્યું કે, 'તેઓશ્રીને મારા પ્રત્યે અણગમો થવાનું શું કારણ છે, તે હું નથી જાણતો; પરંતુ વેલેન્ટાઇન સાથેના લગ્નમાં પૈસા તરફ મારી દૃષ્ટિ જ નથી. અલબત્ત, તે વારસો બાદ કરતાં પણ તેમને મારા પોતાના વારસા કરતાંય વધુ મોટા એવા બે વારસા તેમની માતા તથા દાદા-દાદી તરફથી મળ્યા છે, એ હું જાણું છું; પરંતુ આ લગ્નમાં મારી ઈચ્છા તો કેવળ વેલેન્ટાઇન જેવી સુશીલ અને સુંદર પત્ની મેળવવાની જ છે.'

વિલેફૉર્ટે ઝટપટ ઉમેર્યું કે, 'મારા પિતાશ્રી લકવાથી છેક જ અપંગ તથા જડ બની ગયા છે. વેલેન્ટાઈન તમારી સાથે શું, ગમે તે કોઈ સાથે પરણે તો પણ તે આવું જ કરત; એટલે તમારે પોતાને કશું દુ:ખ લગાડવાનું કારણ નથી. મને તો એટલી ખાતરી છે કે, વેલેન્ટા-ઈનનું લગ્ન જેની સાથે થવાનું છે તેનું નામ પણ હવે તેમને યાદ નહિ હોય.'

એટલામાં બારણું ઊઘડયું અને નોઇરટિયરના વફાદાર નોકર બેરોઈસે અંદર આવીને જણાવ્યું, 'શ્રી. નોઇરટિયર શ્રીમાન એપિનેને એકદમ મળવા બોલાવે છે.'

વિલેફૉર્ટે ચોંકી ઊઠીને જવાબ આપ્યો, 'હમણાં શ્રી. એપિને અગત્યના કામે રોકાયેલા છે; એટલે નહિ આવી શકે.'

'તો પછી શ્રીમાન નોઇરટિયરે જણાવ્યું છે કે, તે પોતે ઠેલણ-ખુરશીમાં બેસી તરત જ અહીં આવવા માગે છે.'

વિલેફૉર્ટે અકળાઈને વેલેન્ટાઇનને તેના દાદા પાસે જઈ આવવા જણાવ્યું; પરંતુ પછી તે પોતે જ ડોસાને મળવા ચાલ્યો. તે વખતે એપિનેએ આગ્રહ કર્યો કે, 'મારે પોતાને તેમને મળવું જ છે; અને તેમણે પણ ખાસ તો મને જ બોલાવ્યો છે, એટલે હું પણ તેમની પાસે આવીશ.'

છેવટે તે ત્રણે ડોસાના ઓરડામાં જઈ પહોંચ્યાં. વિલેફૉર્ટે ડોસાને જણાવ્યું: 'આ શ્રી. એપિને છે; વેલેન્ટાઇનનું લગ્ન તેમની સાથે

કરવાનું નિરધાર્યું હોવાથી તેમને એક વાર તમારી સાથે ભેગા કરવાની મારી ઈચ્છા હતી જ; જેથી તમે જોઈ શકો કે, તેમની સામેનો તમારો વિરોધ કેવો નાપાયાદાર હતો.'

ડોસાએ જવાબમાં માત્ર પોતાની આંખ ગુસ્સાથી પહોળી કરી; પછી અનેક નિશાનીઓ દ્વારા વેલેન્ટાઈન પાસે એક ટેબલના ખાનાની અંદરનું ગુપ્ત કળ-ખાનું તેમણે ઉઘડાવ્યું અને તેમાંથી એક કાગળનો બીડો કઢાવી એપિનેને વાંચી જોવા અપાવ્યો.

નવાઈ પામી એપિને તે કાગળ મોટેથી વાંચવા લાગ્યો. તેમાં તેના પિતા જનરલ દ' કિવસ્નેલે ક્રાંતિકારીઓ સાથે મળી ગયાનો દેખાવ કરી, કેવી રીતે તેમની ગુપ્ત સભાઓમાં હાજર રહેવાનો અધિકાર મેળવ્યો, અને પછી તેમને પકડાવી દેવાનો પોતાનો નિશ્ચય અમલમાં મૂકવા જતાં છેવટે ક્રાંતિકારીઓના પ્રમુખ સાથે દ્વંદ્વયુદ્ધ લડતાં કેવી રીતે તેમના પ્રાણ ગયા, તેનું ત્રણ જણની સાક્ષીએ લખેલું બયાન હતું.

એપિને પોતાના પિતાના મૃત્યુનું બધું તાદૃશ વર્ણન વાંચતાં વાંચતાં આભો થઈ ગયો. અત્યાર સુધી એમ જ મનાતું હતું કે, ક્રાંતિકારી-ઓએ દગાબાજીથી કિવસ્નેલનું ખૂન કર્યું છે. પરંતુ આ દસ્તાવેજથી તો ઊલટું જ પુરવાર થતું હતું. દગાખોર તો કિવસ્નેલ હતા અને સીધા દ્વંદ્વયુદ્ધમાં ક્રાંતિકારીઓના પ્રમુખને હાથે માર્યા ગયા હતા.

એપિને નોઈરટિયર પાસે નીચો નમી એટલું જ બોલ્યો: 'મારા પિતાનો વધ કરનાર એ પ્રમુખનું નામ આ બયાનમાં આવતું નથી; પણ તમે જાણતા હો તો અવશ્ય મને કહો.'

નોઈરટિયરે એમ કરવા ખુશી દર્શાવી તથા વેલેન્ટાઈન પાસે ડિક્ષનરી મંગાવી. તેમાં આંગળી ફેરવતાં ફેરવતાં છેવટે અંગ્રેજી શબ્દ 'Myself' (હું પોતે) આગળ તે આવી, ત્યારે ઝટ તેમણે તેને આંખ વડે નિશાની કરીને થોભાવરાવી.

'તમે પોતે? મારા પિતાના ખૂની?' એટલું બોલતાંમાં તો એપિને જાણે બેભાન બની ખુરશીમાં બેસી પડયો. વિલેફોર્ટ બારણું ઉઘાડી, મૂઠીઓ વાળી બહાર નાઠો. તેને ડોસાની ડોક મરડી નાખવાનું મન થઈ આવ્યું હતું.

૩૫
કરુણ ફેજ : ઘણી બાબતોનો
૧

મેકિસમિલિયને કોફિનોને ભોંયરામાં પધરાવવાના વિધિ બાદ, એપિને તથા વિલેફોર્ટને ગંભીરપણે વાત કરતા સાથે જતા જોયા, ત્યારથી જ તેને ખાતરી થઈ ગઈ કે, કંઈ અવનવું બનવાનું જ છે. એટલે તે પોતાના વાડા અને વિલેફોર્ટના બગીચા વચ્ચેના ઝાંપા આગળ તૈયાર થઈને ઊભો રહ્યો, જેથી વેલેન્ટાઈન દોડી આવે, તો જલદીથી પગલાં ભરી શકાય.

થોડી વારે તેણે વેલેન્ટાઈનને ઉતાવળે પગલે એ તરફ આવતી જોઈ. તેના દેખાવ ઉપરથી જ મૅકિસમિલિયનને લાગ્યું કે, તે કંઈ ખુશી-સમાચાર કહેવા દોડી આવતી લાગે છે.

'આપણે બચી ગયાં!' વેલેન્ટાઈને ઊભરાતા હૃદયે કહ્યું.

'બચી ગયાં? કોણે આપણને બચાવ્યાં?'

'મારા દાદાએ: તમારે ખરેખર તેમના પ્રત્યે આદરભાવ રાખવો જોઈએ.'

મૅકિસમિલિયને તરત પોતાના દિલોજાનથી તેમના પ્રત્યે આદરભાવ રાખવાના કસમ ખાધા! અત્યારે તે તેમને પોતાનો ઉદ્ધાર કરનાર દેવતુલ્ય માનવા પણ તૈયાર હતો.

પછી બધી વાત વિગતે કહેવા-સાંભળવાનું પૂરું થતાં બીજે દિવસે ઝાંપા આગળ મળવાનો વાયદો કરી, તે બંને હાલ તુરત તો છૂટાં પડયાં.

બીજે દિવસે નોઈરટિયરે વીલ લખનારને બોલાવીને જૂનું વીલ ફાડી નંખાવ્યું, તથા વેલેન્ટાઈનને જ પોતાની કુલ વારસદાર ઠરાવી. શરત એટલી કે, તેને તેમનાથી કદી છૂટી પાડવામાં ન આવે. વેલેન્ટાઈન હવે દર વર્ષે કુલ ૩ લાખ ફ્રાંકની આવકની હકદાર થઈ.

૨

વેલેન્ટાઈનના લગ્નનું કોકડું આમ ગૂંચવાઈને તૂટી ગયું હતું, તે અરસામાં એક દિવસ કાઉંટ મૉર્સર્ફ પોતાનો સારામાં સારો પોશાક પહેરી, સારામાં સારા ઘોડા જોડાવી, બૅરન ડૅન્ગલર્સના ઘર તરફ જવા નીકળ્યો.

પોતાના જૂના મિત્રનો આવવાનો હેતુ સમજી જઈ, ડૅન્ગલર્સ જરા અણગમાવાળું મોં કરીને તેની સાથે વાતો કરવા બેઠો.

મૉર્સર્ફ એ જોઈ જરા નવાઈ પામી, પોતાના શબ્દોમાં લવાય તેટલી મધુરતા લાવીને બોલ્યો: 'આપણે ઘણા દિવસ પહેલેથી વિચારેલી યોજના હવે અમલમાં મૂકવાનું કરીએ તો કેમ?'

'કઈ યોજના? મને કશું યાદ નથી!' ડૅન્ગલર્સે નફટાઈથી જવાબ આપ્યો.

મૉર્સર્ફે ઘૂંટડો ગળી જઈ, તેને યાદ કરાવતો હોય તે રીતે ધીમેથી જણાવ્યું: 'યુજેનીનાં લગ્ન આલ્બર્ટ સાથે કરવાનું આપણે ઘણા દિવસથી નક્કી કરેલું છે, તે હવે પતવી દઈએ તો?'

'મારે હજી એ બાબત ઉપર વિચાર કરવો જોઈશે.'

'આઠ આઠ વર્ષ જે વાતને થઈ ગયાં, તથા જે વાત નક્કી છે એમ જ સૌ કોઈ જાણે છે અને જુએ છે, તે વિષે હજુ વિચાર કરવાનો બાકી છે, એમ તમે મને સમજાવવા માગો છો, દોસ્ત!'

'કાઉંટ, રોજ રોજ નવી બાબતો બનતી જાય, એટલે જૂના

નિર્ણયો ઉપર ફરી વિચાર કરવાનોય થાય, એમાં નવાઈ પામવા જેવું શું છે?'

'હું તમારું કહેવું ન સમજ્યો.'

'તાજેતરમાં કેટલાક નવા સંજોગો એવા ઊભા થયા છે કે...'

'એ બધા પોકળ શબ્દો વાપરી, બીજા કોઈને સમજાવજો! મારા જેવા આગળ તો આપેલું વચન પાછું ખેંચવા માટે સંતોષકારક એવાં કારણો દર્શાવવાં પડશે!'

'હા, હા; કારણો છે જ; પરંતુ અત્યારે તમને તે કહી બતાવવાં એ મારે માટે મુશ્કેલ છે.'

'પરંતુ સીધી ભાષામાં એનો અર્થ એટલો જ ને કે, તમે તમારી દીકરીનું લગ્ન મારા પુત્ર સાથે કરવા નથી માગતા?'

'ના, હું માત્ર મારો નિર્ણય મુલતવી રાખવા માગું છું.'

'પણ તમે મગજમાં એવો પવન તો નહીં જ રાખતા હો કે, હું તમારા મનસ્વી તરંગોને માથે ચડાવ્યા કરું અને તમારી કૃપા ફરી મારા પ્રત્યે થાય તેની નમ્રપણે રાહ જોયા કરું!'

'જો તમારાથી રાહ ન જોવાય તેમ હોય, તો એ વિવાહ ફોક થયેલો ગણી શકો છો.'

'પણ તે માટે મને તમારે સંતોષકારક ખુલાસો કરવો પડશે; કારણ કે, આ તો મારું અપમાન કરવા બરાબર છે.'

'હું એ કારણો તમને ન દર્શાવવા જેટલી મહેરબાની તમારી ઉપર કરું છું, એમ જ માનજો.' ડેન્ગ્લર્સે ખંધાઈથી કહ્યું.

મૉર્સર્ફ ક્રોધથી ધૂંવાંપૂંવાં થતો, પગ પછાડતો, ત્યાંથી થોડી વાર બાદ ચાલી નીકળ્યો.

૩

પણ બીજી બાજુ, બીજો એક જણ તેથી ઊલટા જ કારણે, જાણે હવામાં ઊડતો હોય તેમ પગ જલદી ઉપાડતો ચાલી નીકળ્યો હતો. મૅક્સિમિલિયનને નોઈરટિયર ડોસાએ પોતાના બુઢ્ઢા નોકર બેરોઈસ

મારફતે જલદી મળવા આવવા કહેવરાવ્યું હતું. એનું કારણ જાણવાની ઇંતેજારીથી ઘોડાગાડી કે બીજું કાંઈ વાહન મળે તેની રાહ જોયા વિના, પગે ચાલવાથી જ જલદી પહોંચાશે એમ માની, તે વેગથી ચાલતો નીકળ્યો હતો. બિચારો બુઢ્ઢો બેરોઈસ મૉક્સિમિલિયનના પગની તાકાત તથા પોતાના માલિકના સંદેશાએ તેના હૃદયમાં પ્રગટાવેલો ઉમંગ જોઈ હસતો હસતો તેની પાછળ પોતાનાથી થાય તેટલું જોર કરતો ઘસડાતો હતો!

મૅક્સિમિલિયન આવી પહોંચતાં જ ડોસાએ તેને બધું કહી બતાવવા વેલેન્ટાઇનને નિશાની કરી.

વેલેન્ટાઇને જણાવ્યું કે, 'મારા દાદા આ ઘરમાંથી નીકળી બીજે જુદા રહેવા જવા માગે છે. બેરોઈસ તેમને માટે સગવડભર્યું મકાન શોધે છે. હવે જો મારા બાપુજી મને તેમની સાથે રહેવા જવા રાજી-ખુશીથી પરવાનગી આપશે, તો હું પણ તેમની સાથે જ અહીંથી નીકળીશ; પણ જો તે ના પાડશે, તો અઢાર મહિના બાદ હું પુખ્ત ઉમ્મરની થઈશ ત્યારે સ્વતંત્ર બન્યા પછી.........'

'પછી શું?' મૅક્સિમિલિયને ઉતાવળથી બાકીનું જાણવા પૂછ્યું.

'પછી, મારા દાદાની અનુમતિથી હું તમને આપેલા વચનનું પાલન કરીશ.........' એટલું બોલતાંમાં તો વેલેન્ટાઇનના કાનનાં ટેરવાં સુધ્ધાં લાલ થઈ ગયાં અને તેની આંખો શરમથી ઊભરાતી નીચે ઝૂકી ગઈ.

મૅક્સિમિલિયન એ સાંભળી, તરત ડોસા આગળ આભારભર્યા હૃદયે ઘૂંટણિયે પડ્યો અને થોડી વાર પછી ઊંચી નજર કરી એટલું જ બોલ્યો: 'ભલા ભગવાન, શા પુણ્યે હું મારા જીવનમાં આ દિવસ જોવાને ભાગ્યશાળી થયો છું!'

નોઇરટિયર ડોસા એ જુવાન પ્રેમી તરફ વાત્સલ્યભરી આંખે જોઈ રહ્યા. બુઢ્ઢો બેરોઈસ પણ કપાળ ઉપરનો પરસેવો લૂછતો લૂછતો હસી રહ્યો.

'અરે! બિચારા બુઢ્ઢા બેરોઈસને કેટલો બધો ઘામ લાગ્યો છે!' વેલેન્ટાઇને કહ્યું.

'કારણ કે, મને ખબર ન હતી કે મારે શ્રીમાન મૉરેલના પગ સાથે હરીફાઈ કરવી પડવાની હશે! પગ તો ભગવાને મન દઈને તેમને દીધા છે, એમ મારે કબૂલ કરવું જોઈએ!' બેરોઇસ હસતો હસતો પણ કંઈક હાંફતો હોય એમ બોલ્યો.

નોઈરટિયરે પોતાની નજર એક તાસકમાં મૂકેલા લેમોનેડના પાત્ર તરફ ફેરવી. તેમાંથી હમણાં જ તેમણે એક પ્યાલો પીધો હતો. વેલેન્ટાઈને તેમની મરજી સમજી લઈ, બુઢ્ઢા બેરોઇસને એક પ્યાલો પોતાને હાથે ભરી આપ્યો તથા કહ્યું, 'આખી તાસક બહાર લઈ જા, અને વધુ જોઈએ તો વધુ પીને પછી નિરાંતે આવજે.'

બેરોઇસને તરસ ખૂબ લાગી હતી એટલે, 'બહેનનું ભલું થજો' એમ કહી, આખી તાસક સાથે તે બહાર નીકળ્યો. બહાર નીકળતાં જ વેલેન્ટાઈને ભરેલો પ્યાલો તો તે એકે શ્વાસે ગટગટાવી ગયો.

થોડી વાર બાદ વેલેન્ટાઈન અને મૅક્સિમિલિયન એકબીજાની વિદાય લેતાં હતાં તેવામાં વિલેફૉર્ટના દાદરા ઉપરનો ઘંટ વાગ્યો. શનિવારે બપોરે દાક્તરના આવવાનો વખત હતો, એટલે વેલેન્ટાઈને બેરોઈસને બોલાવ્યો.

દૂરથી આવતો હોય તેવો બેરોઈસનો અવાજ સંભળાયો, 'આવું છું, મોટીબહેન!'

'ઘંટ કોણે વગાડયો?'

'દાક્તર દ' એવરીની આવ્યા છે.' બેરોઈસ લથડિયું ખાતો બોલ્યો.

'ભલા ભગવાન, તને શું થાય છે, બેરોઈસ?'

બેરોઈસ કંઈ જવાબ આપવાને બદલે પોતાના માલિક તરફ ત્રાસભરી આંખોએ જોઈ રહ્યો, તથા કશાકનો ટેકો લેવા તેણે હાથ લાંબા કર્યા.

'અરે, એ ગબડી પડવાનો થયો છે કે શું?' મૅક્સિમિલિયને બૂમ પાડી.

બેરોઈસ હવે એકદમ ધ્રૂજવા લાગ્યો, અને 'મને આ શું

થાય છે? મારી આંખો નીકળી પડે છે! મને કોઈ અડશો નહિ!' એટલું બોલતાં બોલતાંમાં તો બેભાન બનીને ગબડી જ પડયો.

'દાક્તર! દાક્તર દ' એવરીની! જલદી દોડો, જલદી દોડો!' વેલેન્ટાઈને ચીસ પાડી.

વેલેન્ટાઈનની બૂમો સાંભળી વિલેફૉર્ટ એકદમ ઓરડામાં ધસી આવ્યો. મૅક્સિમિલિયન એક પડદા પાછળ છુપાઈ ગયો. બેરોઈસનું મોં વિચિત્ર રીતે મરડાતું હતું. તેનું મોં લાલચોળ થઈ ગયું હતું. તેના કપાળ ઉપરની નસો ફાટી જતી હોય તેમ ધબકતી હતી, અને તેના હોઠ ઉપર ફીણની ટસરો જામી હતી.

મૅડમ વિલેફૉર્ટ દાક્તરને બારોબાર પોતાના પુત્ર એડવર્ડને તપાસવા માટે બોલાવી ગઈ હતી. બૂમાબૂમ સાંભળી તે થોડી વારે એકલી આ તરફ આવી. તેણે નોઈરટિયર તરફ જરા તીવ્ર નજર કરી લીધી; પછી મરવા પડેલા બેરોઈસ તરફ જોયું.

મૅડમના કહ્યાથી દાક્તર કયાં છે તે જાણી, વિલેફૉર્ટ તેમને જલદી તેડી લાવવા પોતાના પુત્રના ઓરડા તરફ દોડયો. મૅડમ પણ પાછળ પાછળ ગઈ. વેલેન્ટાઈને તે અવસર જોઈ મૅક્સિમિલિયનને પડદા પાછળથી બહાર કાઢી વિદાય કરી દીધો.

દાક્તરે આવીને પહેલાં વિલેફૉર્ટ સિવાય સૌ કોઈને બહાર કાઢયા તથા કંઈક ભાનમાં આવેલા બેરોઈસને તપાસતાં તપાસતાં સવાલો પૂછવા માંડયા. તેણે આજે શું શું ખાધું-પીધું હતું તે પૂછતાં જણાયું કે, આજ સવારથી તેણે કાંઈ જ ખાધું ન હતું; માત્ર હમણાં બહારથી આવીને તેણે પોતાના માલિકના લેમોનેડમાંથી એક પ્યાલો પીધો હતો.

દાક્તરે પૂછયું, 'બાકીનો લેમોનેડ કયાં છે?'

'નીચે, રસોડામાં.'

તે સાંભળી દાક્તર પોતે જ એકદમ કૂદકો મારી રસોડા તરફના દાદર તરફ દોડયા. મૅડમ વિલેફૉર્ટ પણ તે વખતે દાદરો ઊતરી રસોડા તરફ જતી હતી. દાક્તર ગાંડાની પેઠે ચાર પગથિયાં કૂદીને મૅડમને

ઘસાઈને તેની પહેલાં રસોડામાં પહોંચી ગયા અને લેમોનેડનું પાત્ર લઈ નોઇરટિયરની ઓરડીમાં પાછા આવ્યા.

ત્યાં આવી તેમણે બેરોઇસને લેમોનેડનું પાત્ર બતાવ્યું તથા પૂછીને ખાતરી કરી લીધી કે, તેણે તેમાંથી જ પ્યાલો પીધો હતો. પછી તેમણે તેમાંથી થોડું લેમોનેડ હથેળીમાં લઈ સાચવીને ચાખી જોયું, અને તરત થૂંકી નાખ્યું. દાક્તરે પછી નોઇરટિયરને પૂછયું : 'આજનું લેમોનેડ તમને સહેજ કડવાશ પડતું લાગ્યું હતું?'

ડોસાએ 'હા'ની નિશાની કરી.

એટલામાં તો બેરોઈસ પાછો પછાડો ખાવા લાગ્યો. દાક્તરે જલદી જલદી તેને પૂછયું, 'તને આ લેમોનેડ પીવા કોણે આપ્યું હતું?'

'વેલેન્ટાઈનબહેને જાતે પ્યાલો ભરી આપ્યો હતો!'

'આજનું લેમોનેડ બનાવ્યું કોણે હતું?'

'મેં પોતે.'

'પછી તું તે તરત અહીં લાવ્યો હતો?'

'ના જી; મેં તેને રસોડાના ભંડારિયામાં તૈયાર કરીને મૂકયું હતું, કારણ કે મને અધવચ બોલાવવામાં આવ્યો હતો.'

'તો પછી તેને અહીં કોણ લાવ્યું?'

'વેલેન્ટાઇનબહેન પોતે! પણ દાક્તર સાહેબ, મને તમે કંઈક કરો, મારાથી નથી રહેવાતું, ઓ બાપરે......'

એટલું બોલતાંમાં તો તે નીચે ગબડી પડયો અને તેના પ્રાણ ચાલ્યા ગયા.

દાક્તરે વિલેફૉર્ટ તરફ ફરીને કહ્યું, 'ખલાસ!'

'એટલી વારમાં જ?' વિલેફૉર્ટે ફાટી ગયેલી આંખે પૂછયું : 'કશો ઉપચાર પણ ન થઈ શકયો!'

'હા સાહેબ! આપના ઘરમાં લોકો ઝટ ઝટ જ મરી જાય છે. તેમનો ઉપચાર થઈ શકે તેમ હોતું જ નથી! પહેલાં સેન્ટ-મેરાન, પછી

શ્રીમતી સેન્ટ-મેરાન, અને હવે આ બેરોઈસ ડોસો! હજુ કોનો વારો આવવાનો છે, તે ભગવાન જાણે!'

'હજુ દાક્તર, તમે પેલી વાત ભૂલતા નથી?'

'હા, હા; અને આ વખતે તો તમને પોતાને જ હું ખાતરી કરાવું છું. જાઓ, તમે રસોડામાંથી બીજું નવું લેમોનેડ તમારે હાથે તૈયાર કરીને લઈ આવો.'

વિલેફૉર્ટ લેમોનેડ લઈને તરત પાછો આવ્યો. દાક્તરે પછી બે જુદાં જુદાં વાસણમાં નવું લેમોનેડ અને બેરોઈસવાળું લેમોનેડ ભર્યાં. પછી વિલેફૉર્ટને કહ્યું, જુઓ, આ દવા હું બંનેમાં નાખું છું; જેમાં ધંતૂરાનું ઝેર હશે, તે લેમોનેડનો રંગ લીલો થઈ જશે. એ ઝેર કયું છે તેની મને ખાતરી હોવાથી જ હું રંગની બાબતમાં ખાતરીથી કહી શકું છું.'

થોડી વારમાં એ પ્રયોગ પૂરો થતાં વિલેફૉર્ટને ખાતરી થઈ ગઈ કે કયું લેમોનેડ ધંતૂરાના ઝેરવાળું હતું!

વિલેફૉર્ટ બેહોશ બની ખુરશીમાં ઢળી પડયો. થોડા પ્રયત્ને દાક્તરે તેને હોશમાં આણ્યો. તે નિસાસો નાખીને બોલ્યો:

'મોત મારા ઘરમાં ભમે છે.'

'ના જી, ખૂની તમારા ઘરમાં ઘૂમે છે!' દાક્તરે ભારપૂર્વક કહ્યું: 'તમે શું એમ માનો છો કે, એ ઝેર બિચારા બેરોઈસને આપવામાં આવ્યું હતું? ના જી; તેણે તો એ ઝેર ભૂલથી જ પીધું હતું. તે ઝેર તો તમારા પિતાશ્રી માટે તૈયાર કરવામાં આવ્યું હતું!'

'તો પછી તેમને કેમ કંઈ ન થયું?'

'કારણ, ખૂનીને ખબર નથી કે, હું તમારા પિતાના રોગ ઉપર એ ઝેરનું મિશ્રણ થોડું થોડું ઘણા વખતથી આપું છું. હવે ખૂનીનો કાર્યક્રમ જુઓ: પહેલાં તે સેન્ટ-મેરાનને દવાઓ પોતાને હાથે મોકલીને મારી નાખે છે; પછી મૅડમ સેન્ટ-મેરાન માટે પીવાનું વાસણ જાતે તૈયાર કરીને તેમની પથારી પાસે રાતે મૂકે છે – બેઉનો વારસો હાથ કરવા માટે.

શ્રી. નોઈરટિયરે પોતાની મિલકત ગરીબોને આપી દેવાનું વીલ કર્યું હતું, એટલે તેમને પ્રથમ પડતા મૂકવામાં આવ્યા હતા; પણ તેમણે પોતાનું વીલ પાછું ફેરવ્યું કે તરત તેમને ઝેર આપવામાં આવ્યું. નવું વીલ પરમ દિવસે જ તૈયાર થયું, ખરું ને ? એટલે જરાય વખત નકામો જવા નથી દીધો !'

'દાક્તર ! તમે આ બધું શું કહો છો ? મારી દીકરી ઉપર દયા રાખો !'

'તમે પોતે જ ખૂનીનું નામ પોતાને મોંએ દીધું છે !'

'અરે દાક્તર, શી વાત કરો છો ? એ વસ્તુ અશક્ય છે. અત્યારે તમે ઘમંડ કરીને મારી દીકરીને મારે હાથે ફાંસીને માંચડે ચડાવવા માગો છો; પરંતુ મોડેથી તમારી માન્યતા ખોટી પુરવાર થશે – જેની મને ખાતરી છે – ત્યારે હું આવીને તમારું ગળું પકડીશ, અને કહીશ, ખૂની ! મારી દીકરીનો જીવ પાછો લાવ !'

'ઠીક; સાહેબ ! હું અત્યારે કશું કહેતો નથી; તથા કશું કરવા પણ માગતો નથી. પણ આજથી હવે હું તમારા ઘરમાં બોલાવશો તોપણ પગ નહીં મૂકું; કારણ, તમારા ઘરમાં એક પછી એક ગુના વધતા જવાના છે; પરંતુ તે બધું ગુપ્ત રાખીને મારા દિલ ઉપર પશ્ચાત્તાપ અને શોકનો ભાર વધતો જાય એમ હું ઈચ્છતો નથી ! સાહેબજી, સલામ !'

૩૬
દગા કિસીકા સગા નહિ!

મોડી રાતે એન્ડ્રિયા જ્યારે પોતાના રજવાડી નિવાસસ્થાને પાછો ફર્યો, ત્યારે તેના હજૂરિયાએ તેને એક ચિઠ્ઠી આપી –

'કાલે મારે ત્યાં સવારે નવ વાગ્યે જરૂર આવજો; મારું સરનામું તમને ખબર છે.'

હજૂરિયાએ ઉપરાંતમાં જણાવ્યું કે, જે માણસને કુંવરસાહેબ દર મહિને ૨૦૦ ફ્રાંક આપે છે, તે માણસ જ આ ચિઠ્ઠી આપી ગયો છે. આપે આ મહિના માટે આપેલા ૨૦૦ ફ્રાંક પણ તેણે લીધા નથી.

એ ચિઠ્ઠી કેડરોની હતી, એ એન્ડ્રિયા તરત સમજી ગયો. બીજે દિવસે ગુસ્સે થતો થતો તે પોતાના નોકરનાં લૂગડાં પહેરી, છૂપા વેશે કેડરોને ત્યાં ગયો.

કેડરોએ તેને મીઠો આવકાર આપ્યો; અને તેને નાસ્તો કરવા આગ્રહ કરીને બેસાડયો.

'પણ મને તેં નાસ્તો કરવા જ અહીં બોલાવ્યો હોય, એમ હું માનતો નથી.'

'વાહ, તને મહિને દહાડે પણ મળવાનું મન મને ન થાય? એ સિવાય હું શું કામ અહીં આવા ઘોલકામાં કંગાળ જીવન ગાળતો પડી રહું? બાકી, મારે પણ જોઈતું હોય તો તારી પેઠે નોકર, ઘોડાગાડી, અને સારાં કપડાં વગેરે ન મળે? પણ હું મારા પ્રિય મિત્ર બેનેડીટોને નકામાં તકલીફમાં મૂકવા માગતો નથી. નહિ તો તું જ કહે કે, એ બધું હું માગું તો મને મળે એમ છે કે નહિ?'

બેનેડીટોએ હવે જવાબ આપ્યા વિના નાસ્તા ઉપર હાથ ચલાવવા માંડયો.

"પણ મને મારા મિત્રના ખર્ચે આમ પડી રહેવાનું હવે ગમતું નથી. મારી આજીવિકા જાતે કમાઈ લેવાની જ મને ટેવ છે. મહિનો પૂરો થાય ત્યારે કોઈના બારણે બસો ફ્રાંક લેવા જઈને ઊભા રહેવું, અને નોકરને હાથે એ પૈસા લેવા, એ બધું કોને પસંદ આવે વારુ? મારી જગાએ તું હોય, તો, 'મારે વાડી ખરીદવી છે' એમ કહી, છએક મહિનાના પૈસા ભેગા માગી લઈ, કયારનો રવાના થઈ જાય!"

'તો પછી તું તેમ કરતો કેમ નથી? લે, હું તને એક વર્ષના પૈસા સામટા આપી દઉં; એ લઈને તું બ્રસેલ્સ ચાલ્યો જા, અને કંઈક વાડી-બાડી ખરીદીને સ્વતંત્રપણે રહે!'

'વાહ, એવા ૧૨૦૦-૨૪૦૦ ફ્રાંક વડે આખી જિંદગી શી રીતે નીકળે? ના, ના, હું પોતે તો પંદર હજાર ફ્રાંક સામટા મળે, અરે થોભ – ત્રીસ હજાર ફ્રાંક વગર હું પ્રમાણિક જીવન જીવી શકું નહિ'

'મારાથી એટલી મોટી રકમ તને આપી શકાય તેમ નથી.'

'પણ હું તારી જ પાસેથી કયાં માગું છું? તું મને એટલા ફ્રાંક મેળવવામાં મદદ કરે તોપણ બસ.'

'ચોરી કરવા સિવાય કે ડાકો મારવા સિવાય એટલા પૈસા એકદમ શી રીતે હાથ આવે? અને એમ કરીને મારે ફરી જેલભેગા નથી થવું; અત્યારે છે તે સ્થિતિમાં જ મને સંતોષ છે!'

'પણ એવું કરવાનું પણ હું તને કયાં કહું છું? તારે માથે કશું ન આવે એ રીતે પણ તું મને મદદ કરી શકે તેમ છે. એવો રસ્તો તું જ વિચારી કાઢ; દરમ્યાન મને તું મહિને પાંચસો ફ્રાંક આપવાનું શરૂ કર.'

'ઠીક, એ વાત મને કબૂલ છે! જોકે, મને મુશ્કેલી તો પડશે'

'રહેવા દે હવે; તને તો માગ્યા પૈસા મળે છે ને? કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોને ત્યાં કશી વાતની ખોટ કયાં છે?'

કાઉંટનું નામ સાંભળતાં જ બેનેડીટોના મનમાં એક વિચાર વીજળીની પેઠે ઝબકી ગયો. તેણે તરત જ તે તરફ વાતને વાળવા માંડી.

'હા; કાઉંટના ભંડાર અખૂટ છે. બે દિવસ ઉપર જ એક શરાફનો મુનીમ ૫૦ હજાર ફ્રાંક રોકડા લઈને આવ્યો હતો, અને ગઈ કાલે તો શરાફ પોતે એક લાખ ફ્રાંકની સોનામહોરો જ લાવ્યો હતો.'

બેનેડીટોએ ધાર્યા મુજબ જ કેડરોની દાઢ તરત સળકી ઊઠી. 'તું તો કાઉંટના ઘરમાં વારંવાર જતો હોઈશ ?'

'જ્યારે મારી મરજી થાય ત્યારે હું જઈ શકું છું.'

કેડરો થોડી વાર ચૂપ રહ્યો. પછી ધીમેથી બોલ્યો, 'એનું ઘર ખરેખર જોવા જેવું હશે, નહિ વારુ ?'

'અરે, આખી દુનિયાનું અજાયબઘર જ જોઈ લો !'

'તારે મને ત્યાં એક વાર લઈ જવો પડશે !'

'એ તો અશક્ય છે.'

'તો તું મને જરા આખા ઘરનું વર્ણન તો કરી બતાવ !'

બેનેડીટો કેડરોનો ઈરાદો સમજી ગયો. તેણે તરત કેડરો પૂછતો હોય તેથી કહેતો હોય તેમ આખા ઘરનો નકશો બરાબર ચીતરી બતાવ્યો. પછી ઉપરને માળ કાઉંટનું મોટું ટેબલ તથા તેમાં રહેતી અમૂલ્ય ઝવેરાત વગેરે ચીજો તથા લાખોની રોકડનું રસભર્યું વર્ણન કર્યું. કાઉંટના મકાનને ઉપરને માળ બારીઓને કાચનાં બારણાં જ છે, અંદર સળિયાની જાળીઓ નથી, તથા બગીચામાં ઉપરને માળ સુધી વેલ ચડાવવા મોટી નિસરણી પડી રહે છે, – એ બધી માહિતી પણ તેણે વાતવાતમાં આપી દીધી. તથા છેવટે ઉમેર્યું કે, 'આવતી કાલે કાઉંટ પોતાની હંમેશની ટેવ મુજબ, બધો રસાલો લઈ, ઑટીલના મકાને જવાનો છે તથા ત્યાં એક-બે દિવસ રહેવાનો છે. મારે પણ કાલે ત્યાં જમવાનું આમંત્રણ છે, અને રાત પણ ત્યાં જ ગાળવાની છે.'

કેડરોએ બધી માહિતી કાળજીથી સાંભળી લીધી. પછી એન્ડ્રિયાની આંગળી ઉપર હીરાની વીંટી જોઈ, તરત તેણે તે માગી.

જવાબમાં એન્ડ્રિયાએ કહ્યું, 'અલ્યા, લોભને તો થોભ રાખ! બસોના પાંચસો ફ્રાંક મળવાના થયા છતાં તારી દાનત વીંટી ઉપર પણ બગડી?'

'હરગિજ નહિ; આ તો તેં કપડાં નોકરનાં પહેર્યાં છે, અને વીંટી – નહિ નહિ તોય – પાંચ હજાર ફ્રાંકની હશે. એટલે તું પાછો ફરે તે દરમ્યાન કોઈ પોલીસવાળાની નજર પડે અને તને પકડે તો શું થાય?' કૅડરો ખંધાઈથી હસીને બોલ્યો.

એન્ડ્રિયાએ તરત તે વીંટી રાજી થઈને કાઢી આપી; કારણ કે કૅડરો કાઉંટની બારીના કાચ કાપવા એ હીરો માગતો હતો, તે એને સમજી જતાં વાર ન લાગી.

બીજે દિવસે કાઉંટ જ્યારે ઑટીલ ગયો, ત્યારે બપોર બાદ તેને એક નનામી ચિઠ્ઠી મળી:

'તમને એક હિતેચ્છુ તરફથી ચેતવણી આપવામાં આવે છે કે, આજે રાતે તમારા પૅરિસના મકાનમાં તમારા ટેબલમાં રહેતા કીમતી કાગળો ચોરવા તમારો એક દુશ્મન જવાનો છે. પોલીસને ખબર આપ્યા વિના કે બીજી રીતે તેને વહેમ જાય તેવું કર્યા વિના તેને પકડવા તમે પ્રયત્ન કરજો. જો તેને ખબર પડી ગઈ કે, આજે તમે ચેતી ગયા છો, તો પછી ફરી તે ક્યારે છાપો મારશે તે મારાથી જાણી શકાશે નહિ. આ વખતે જ અચાનક આ વાત મારા જાણવામાં આવી છે; માટે આ તકનો લાભ બરાબર ઉઠાવજો.'

કાઉંટને પ્રથમ તો આ ચિઠ્ઠી પોલીસને સોંપી દેવાનું જ મન થયું; કારણ કે એ ચિઠ્ઠી પણ એક કાવતરું જ ન હોય તેની શી ખાતરી? આ પ્રમાણે એકાદ વાર નાની બાબતમાં તેને કંઈક ફાયદો કરી બતાવી, પછી એને વિશ્વાસે બીજી વાર કોઈ મોટા ભયમાં કે જોખમમાં જ સીધો તેને ખેંચવાનો આ દાવ હોય તો!

પણ પછી, આ વખતનો નાનો ચોર પણ કોણ છે એ જોવા મળે, તો તે ઉપરથી પોતાના કયા દુશ્મનોનું આ કાવતરું હોઈ શકે

એ જાણી લેવાય એમ માની, કાઉંટ માત્ર અલીને સાથે લઈ બહુ ચુપકીદીથી પૅરિસ પાછો ફર્યો અને અંધારું થતાં જ પોતાના પૅરિસના મકાનમાં પેસી ગયો. અલી પોતાના માલિક ઉપર કંઈક જોખમ છે, એવું સમજી ગયો હતો, અને પોતાની સર્વ શક્તિથી તથા ચાલાકીથી કાઉંટ કોઈ ખોટા જોખમમાં ન સપડાઈ જાય તેની બધી તકેદારી રાખતો હતો. કાઉંટે તથા અલીએ છુપાવા માટે એવી જગા પસંદ કરી કે ઉપરને માળ આવેલા ટેબલવાળા ઓરડા ઉપર તેમ જ બહારની તરફ બરાબર નજર રાખી શકાય.

સવા બારનો ડંકો પડયો અને તેનો રણકાર શાંત પડવા આવ્યો તેવામાં જ કાઉંટે હીરાના ઘસરકાથી બારીના કાચની એક તકતી કપાતી હોવાનો ધીમો અવાજ સાંભળ્યો. થોડી વારે તકતી ખસી અને તેના બાકોરામાંથી એક હાથ અંદર પેઠો. તેણે બારીની ઠેસી ઊંચી કરી અને બારી ઊઘડી ગઈ.

અંદર તો એક જ માણસ આવ્યો; પરંતુ તેના બીજા મદદનીશ આસપાસ હોવા જોઈએ, તેમની તપાસ રાખવા કાઉંટે અલીને ઈશારો કર્યો. અલીએ તરત કાઉંટનું ધ્યાન શેરીના અંધારા તરફ ખેંચ્યું કાઉંટ પોતાની ટેવાયેલી આંખે જોઈ શકયો કે એક માણસ ત્યાં ઊભો ઊભો કંઈક ઊંચેથી આ તરફ નજર રાખી રહ્યો હતો.

કાઉંટે અલીને શેરીવાળા માણસ ઉપર બરાબર નજર રાખવા જણાવ્યું, અને પોતે અંદર આવેલા માણસની હિલચાલ તપાસવા માંડી.

પેલાએ અંદર આવી ટેબલનું ખાનું ઉઘાડવા પોતાની સાથેનું કૂંચીઓનું ઝૂમખું અજમાવવા માંડયું પરંતુ અંધારામાં જોઈતી ચાવી ઝટ જડી નહિ; એટલે તેણે પોતાની પાસેના ચોર-ફાનસની કળ ઉઘાડી અને થોડું અજવાળું કર્યું.

કાઉંટ ચોરના મોં ઉપર થોડું અજવાળું પડતાં જ ચમકયો. ‘ઓહો! આ તો—’ એમ ધીમેથી બોલી તે બેએક ડગલાં પાછો ખસ્યો. તરત અલી પોતાની ફરસી લઈ તે ઓરડા તરફ આગળ વધ્યો. કાઉંટે

તેને રોકીને કાનમાં કંઈક કહ્યું. અલી ટેરવાં ઉપર ચાલતો ચાલતો જઈને થોડી વારમાં કાઉંટનો એબ બુસોનીનો પહેરવેશ લઈ આવ્યો. દરમ્યાન કાઉંટે પોતાનો ડગલો કાઢી રાખ્યો. ડગલો ઉતારતાં જ અંદર પહેરી રાખેલો સખત પોલાદની અંકોડાદાર જાળીનો જભ્ભો દેખાયો. કાઉંટે તેની ઉપર અલીએ આણેલો પાદરીનો પહેરવેશ પહેરી લીધો. પોતાના ટેબલને ઉઘાડતાં હજુ પેલાને વાર લાગશે એમ માની, કાઉંટ બારી પાસે ગયો અને પેલા શેરીવાળા માણસની હિલચાલ તપાસવા લાગ્યો. તેણે જોયું કે પેલો માણસ શેરીમાં કોણ આવે છે તે જોવાની પંચાતમાં રહેવાને બદલે કાઉંટના મકાનમાં શું થાય છે તે જોઈ શકાય તેની ફિકરમાં જ ઊંચો-નીચો થતો હતો. કાઉંટને હવે અચાનક કંઈક સમજ પડી. તેણે તરત જ થોડુંક હસી પોતાના કપાળ ઉપર ટપલી મારી; અને પછી અલી પાસે આવી તેને કહ્યું, 'અંદર ગમે તેવી ધમાલ થાય તોપણ તું અહીં જ છુપાયેલો રહેજે; હું તને નામ દઈને ન બોલાવું, ત્યાં સુધી તારે મારી પાસે ન આવવું.'

પછી કાઉંટ હાથમાં સળગતી મીણબત્તી લઈ, ચોરવાળા ઓરડામાં બારણું ઉઘાડીને પેઠો. એકદમ પ્રકાશ જોતાં જ પેલો ચોર ચમકયો.

'વાહ વાહ, શ્રીમાન કેડરો મહાશય! આટલી મોડી રાતે અહીં શી ધમાલ માંડી છે?'

'એબ બુસોની!' એટલું બોલી પેલો તરત જ ત્યાંને ત્યાં ઠરી ગયો.

'હા, હું એબ બુસોની પોતે! આજે મારા મિત્ર કાઉંટ મોન્ટે-કિસ્ટોને ઘેર થોડીક જૂની દુર્લભ ચોપડીઓ વાંચવા માટે હું રોકાયો હતો, ત્યારે અહીં તમારાં આમ દર્શન થશે એવી મને આશા ન હતી! પણ તમારી યાદદાસ્ત ઘણી સાબદી જણાય છે; કારણ કે આપણને મળ્યે દશ વર્ષ થઈ ગયાં, નહિ વારુ?'

'હું, હું ચોરી કરવા નહિ... ભગવાનના સોગંદ...'

'કંઈ નહિ, કંઈ નહિ; સોગંદ ખાવાની જરૂર નથી. બારીનો કાચ કાપ્યો છે, ટેબલ તોડવા પ્રયત્ન આદર્યો છે, ચોર-ફાનસ સાથે રાખ્યું છે. બધું સમજી જવાય તેવું છે. તમે હજુ પણ પહેલાંની જેમ ઝવેરીના ખૂની, હીરાચોર કૅડરો જ રહ્યા છો!'

'એ ખૂન......મારી પત્નીનો જ વાંક હતો, મારો નહિ. મને તેથી સખત કેદની સજા જ થઈ હતી, ફાંસીની નહિ.'

'તમે તમારી સજા પૂરી કરીને જ પાછા ફર્યા હશો!'

'ના પ્રભુ, મને કોઈએ ભગાડી મૂકયો.'

'એ માણસે એમ કરીને સમાજ ઉપર ભારે ઉપકાર કર્યો છે, નહિ વારુ! પણ એમ કેદમાંથી નાસી છૂટેલા હોઈ, આ કામ કરતાં પકડાશો, તો સીધા ફાંસીએ જ ચડશો, એ કાયદાની ખબર તો છે ને?'

'પ્રભુ, મને બચાવો, મારા ઉપર દયા કરો! હું હવે કદી...'

'હવે હું તમારી એ જૂઠી કાકલૂદીઓથી ભરમાઈ જાઉં તેવો નથી. છતાં મારી આગળ બધી વાત સાચેસાચી કબૂલ કરી દેશો, તો વળી વિચાર કરું ખરો. ઠીક, તમને કેદખાનામાંથી કોણે ભગાડયા વારુ?'

'એક અંગ્રેજે. તેનું નામ લૉર્ડ વિલ્મોર હતું. વહાણ ઉપર મારી સાથે બેનેડીટો નામનો કેદી સાથીદાર હતો. એક વખત અમે બેડી પહેરી બંદર ઉપર કામ કરવા ઊતર્યા હતા, તેવામાં તેણે અમને જોયા. બેનેડીટો ઉપર તેને ભાવ ઊપજ્યો, એટલે તેણે અમને બંનેને બેડી કાપવાનાં સાધન પૂરાં પાડયાં તથા નાસી છૂટવામાં મદદ કરી...'

'એ અંગ્રેજ પણ મારો ભાઈબંધ થાય છે. તેને દર વર્ષે બે દુ:ખી તથા પસ્તાતા જનમટીપના કેદીઓને છૂટા કરવાનું વ્રત છે. પણ આ વખતે તેણે બહુ સારા લોકોને ભગાડવામાં મદદ કરી લાગે છે! પણ પછી પેલા તમારા સાથીદાર બેનેડીટોનું શું થયું?'

'મને તેની કશી ખબર હવે નથી.'

'જુઠ્ઠા! એ માણસ હજુ તારો મિત્ર છે અને તું તેના આપેલા પૈસા ઉપર જીવે છે!'

'હા જી, બેનેડીટોને તેનો ખરો બાપ મળ્યો છે. તે મોટો ઉમરાવ છે. પણ હજુ તે ઉમરાવ તેના બાપ તરીકે જાહેર થવા માગતો ન હોવાથી મેં તેની વાત તમારાથી છુપાવી હતી.'

'એ વળી કયો ઉમરાવ?'

'કાઉંટ મોન્ટે-ક્રિસ્ટો; જેના ઘરમાં અત્યારે આપણે છીએ!'

'બેનેડીટો કાઉંટનો છોકરો! એ વાત કયાંથી લાવ્યો?' એબ બુસોનીએ જાણે નવાઈ પામીને પૂછ્યું.

'હા પ્રભુ; બેનેડીટો માને છે કે, પોતે ખરી રીતે કાઉંટનો જ પુત્ર છે; પણ તે તેને પ્રગટ રીતે સ્વીકારી શકે તેમ ન હોવાથી તેનો એક કેવલકૅન્ટી નામનો બાપ ઠરાવી આપી, તે બાપને તેણે પૈસા આપી વિદાય કરી દીધો છે; અને પછી બેનેડીટોને તે એન્ડ્રિયા કેવલકૅન્ટીના નામથી જુદા મકાનમાં રાખે છે અને તેને વાપરવા ખૂબ પૈસા આપે છે.'

'ઓહો, મારો મિત્ર કાઉંટ એક જુવાનિયાને અવારનવાર પોતાને ત્યાં બોલાવે છે ખરો; અને હું ભૂલતો ન હોઉં, તો તેનું લગ્ન હવે ડેન્ગલર્સની પુત્રી સાથે થવાનું છે, તે જ બેનેડીટો કે? કાઉંટનો તે છોકરોબોકરો કંઈ થતો નથી. તેના એક મિત્રે તેને તેની પાસે મોકલ્યો છે, એટલું હું ચોક્કસ જાણું છું. પણ એ જુવાનિયો જો આવો કેદમાંથી નાસી છૂટેલો બદમાશ છે, તો તું બૅરન ડેન્ગલર્સને બધી વાત જણાવી દેતો કેમ નથી?'

'મારો મિત્ર ઠેકાણે પડતો હોય તેમાં હું શા માટે આડે આવું?'

'તો પછી હું તે વાત કહી દઈશ; આમ કોઈ સારા ઘરની છોકરીનું જીવન બરબાદ કરવું, એ ઠીક કહેવાય?'

'તું કશું કહી શકવાનો નથી, પાદરા!' એમ કહી કેડરો અચાનક પોતાની કટાર સાથે કૂદ્યો અને કાઉંટની છાતીની વચ્ચે તેણે તે કટારનો બરાબર ઘા કર્યો.

પરંતુ નવાઈની વાત! કટાર કાઉંટની છાતીમાં પેસી જવાને બદલે પાછી ઊછળી અને તેની અણી તૂટી ગઈ. તે જ ઘડીએ કાઉંટે તેનો હાથ પકડી એટલા જોરથી આમળ્યો કે પેલાના હાથમાંથી કટાર નીચે પડી ગઈ અને તેણે એક કારમી ચીસ પાડી! પરંતુ કાઉંટે તેની ચીસની દરકાર કર્યા વિના તેના હાથને આમળવો ચાલુ રાખ્યો, એટલે પેલાની કોણી છેક જ ઊતરી જવાથી તે પ્રથમ તો ઘૂંટણ ઉપર અને પછી ફરસબંધી ઉપર ચત્તાપાટ ગબડી પડ્યો. કાઉંટે તેના માથા ઉપર પોતાનો પગ જોરથી દબાવીને કહ્યું, 'દગાબાજ, નીચ! કોણ જાણે શાથી હું અત્યારે જ તારી ખોપરીના ચૂરેચૂરા કરી દેતો નથી. ચાલ ઊભો થા! હું કહું તે પ્રમાણે તું ચિઠ્ઠીમાં લખ અને તેની નીચે તારી સહી કર.'

કેડરોએ ધ્રૂજતાં ધ્રૂજતાં નીચે પ્રમાણે લખ્યું –

'બૅરન ડેન્ગ્લર્સ, જે માણસને તમે તમારો જમાઈ બનાવવા માગો છો, તે મારી સાથે નાસી છૂટેલો વહાણ ઉપરનો કેદી છે. તેનું નામ બેનેડીટો છે. પોતાનું ખરું નામ તે પોતે જ જાણતો નથી: કારણ કે તેનાં માબાપ કોણ છે તેની જ તેને ખબર નથી.'

કાઉંટે તેની નીચે કેડરોની સહી તથા તેના ઉપર ડૅન્ગ્લર્સનું સરનામું કરાવ્યા પછી કેડરોને કહ્યું, 'હવે જ્યાં થઈને આવ્યો હતો ત્યાં થઈને ચાલ્યો જા!'

કેડરો કંઈ બોલ્યા વિના બારી તરફ ચાલ્યો. ત્યાં જઈને તે બોલ્યો, 'બાપજી, તમારે મને મારી નાખવો તો નથી ને?'

'ઈશ્વરે તારે માટે જે ધાર્યું હોય તેથી જુદું મારે કંઈ કરવું નથી. જો તું તારે ઘેર સહીસલામત પહોંચીશ, તો હું જાણીશ કે ઈશ્વરે તને ખરેખર માફી બક્ષી છે, અને હું પણ તને માફ કરીશ. કારણ, હું માની લઈશ કે, ઈશ્વર તને સુધરવાની એક વધુ તક આપવા માગે છે. ત્યાર પછી તરત તું ફ્રાંસ છોડી બહાર ચાલ્યો જજે. તું જ્યાં ગયો

હોઈશ ત્યાં જો પ્રમાણિકતાથી વર્તીશ, તો હું તને નાની સરખી રકમ નિયમિત પહોંચાડયા કરીશ.'

કેડરો જેવો બારીની નિસરણી પકડીને ઊતરવા ગયો કે તરત કાઉંટે સળગતી મીણબત્તી બારી ઉપર ધરી. કેડરો તરત કરગરી પડયો : 'બાપજી, આ શું કરો છો? રસ્તા ઉપર રોન ફરનારો કોઈ સિપાઈ મને બારી ઊતરતો જોઈ જશે તો?'

કાઉંટે તરત મીણબત્તી ઓલવી નાખી. ત્યાર પછી તે છુપાઈને બારીકાઈથી શેરીમાં ઊભેલા માણસની હિલચાલ તપાસવા લાગ્યો. કેડરો બગીચાની દીવાલને નિસરણી ટેકવી ઉપર ચડયો અને પછી આસપાસ જોઈને નિસરણી બીજી બાજુ ગોઠવી નીચે ઊતરવા લાગ્યો. તેના પગ જમીનને અડકયા પણ નહિ હોય તે પહેલાં તો પેલો છુપાઈ રહેલો માણસ તેના ઉપર ખુલ્લા છરા સાથે કૂદી પડયો અને કેડરો બચાવ પણ કરી શકે તે પહેલાં તેની પીઠમાં અને પછી તેના પડખામાં તેણે ઘા કર્યા. પછી જેવો કેડરો નીચે ગબડયો તેવો જ પેલાએ તેન વાળા પકડી તેની છાતીમાં ત્રીજો ઘા કરી દીધો. પછી કેડરોની આંખો મીંચાઈ ગયેલી તથા તેનું મોં બંધ થઈ ગયેલું જોઈ, તેને મરી ગયેલો જાણી તે નાઠો.

પેલો નાઠો કે તરત કેડરોએ કોણી ઉપર સહેજ ઊંચા થઈ બૂમ પાડી : 'એબ બુસોની! ધાજો, ધાજો! મને મારી નાખ્યો!'

તરત જ એબ બુસોની તથા અલી ત્યાં દોડી આવ્યા. બંનેએ તેને ઊંચકી ઘરમાં આણ્યો. કાઉંટે તેના ઘા તપાસ્યા અને તેને બચાવવો અશકય જાણી, દારોગા શ્રી. વિલેફોર્ટને ઝટ તેડી લાવવા અલીને દોડાવ્યો. દરમ્યાનમાં કેડરોએ કાઉંટને આજીજી કરીને કહ્યું કે, 'જલદી દાકતરને બોલાવો; મારું મરતી વખતનું નિવેદન હું લખાવું ત્યાં સુધી હું જીવી શકું તેવું કાંઈક કરો!'

'તારે શાનું નિવેદન કરવું છે?'

'મને ઘાયલ કરનાર ખૂનીને મેં ઓળખી લીધો છે. બેનેડીટો જ છુપાઈને ઘા કરી નાસી ગયો છે. તેણે જ મને કાઉંટના ઘરનો નકશો આપ્યો હતો. તેના મનમાં એમ હશે કે, કાં તો હું કાઉંટને મારી નાખીશ એટલે કાઉંટનો બધો વારસો તેને તરત જ મળી જશે; અથવા તો કાઉંટ મને મારી નાખશે, તો મારા પંજામાંથી તે હંમેશનો છૂટી શકશે. બંનેમાંથી એકે વાત ન બની, એટલે તેણે મને છરો માર્યો.'

'દારોગાજી હમણાં જ આવી પહોંચશે; તેમને તું આ બધું કહી દેજે.'

'પણ તેમને આવતાં તો વાર થશે, અને મારો જીવ તો આ ચાલ્યો.'

કાઉંટ તરત અંદર જઈને એક શીશી લઈ આવ્યો. તેનાં ત્રણ ટીપાં કેડરોના હોઠ ઉપર પડતાં જ, તે એક નિ:શ્વાસ નાખી કંઈક સ્વસ્થ થયો.

'દારોગાજીને આવતાં બહુ વાર થશે ?'

'તને એમ લાગતું હોય તો તું તારું નિવેદન મને લખાવ, અને નીચે તું સહી કરજે એટલે ચાલશે.'

'હા, હા; તમે લખો –

'જેણે મારું ખૂન કર્યું છે, તેનું નામ બેનેડીટો છે; તે ટુલોં બંદરે વહાણ ઉપર મારો કેદી-સાથીદાર હતો.'

કેડરોએ નીચે ધ્રૂજતે હાથે સહી કરી, અને પછી કાઉંટને કહ્યું: 'બાકીનું બધું તમે મોંએ કહેજો કે, તે હવે એન્ડ્રિયા કેવલકેન્ટી તરીકે પોતાને ઓળખાવે છે.........'

'હા, હા; હું એ બધું કહીશ; તથા ઉપરાંતમાં કહીશ કે, તેણે તને કાઉંટના ઘરનો નકશો પણ આપ્યો હતો, અને સાથે સાથે કાઉંટને ચિઠ્ઠી પણ મોકલી હતી કે, એક ચોર આજે તેના ઘરમાં ચોરી કરવા આવવાનો છે! પરંતુ કાઉંટ ગેરહાજર હોવાથી તે ચિઠ્ઠી મને મળી; એટલે હું રાહ જોઈને બેસી રહ્યો હતો. બેનેડીટો તારી પાછળ

પાછળ અહીં જ આવ્યો હતો અને તું ઘરમાં પેઠો ત્યારથી તારી હિલચાલ તપાસતો બહાર જ ઊભો રહ્યો હતો. પછી તને સહીસલામત બહાર પાછો આવતો દેખી તે ભીંત પાછળ છુપાઈ ગયો અને તારા ઉપર ઘા કર્યો.'

'તમે આ બધું નજરે જોયું હતું છતાં મને કેમ પહેલેથી ચેતવ્યો નહીં?'

"મારા શબ્દો યાદ કર: 'જો તું તારે ઘેર સહીસલામત પહોંચીશ, તો હું જાણીશ કે ઈશ્વરે તને ખરેખર માફી બક્ષી છે અને હું પણ તને માફ કરીશ.' બેનેડીટોના હાથે ઈશ્વરનો જ ન્યાય તને પહોંચતો જોઈ, ઈશ્વરની ઈચ્છાની આડે હું ન આવ્યો."

'એબ બુસોની! ઈશ્વરના ન્યાયની વાત રહેવા દો! ઈશ્વરના ન્યાય જેવું કંઈ હોત, તો મારા કરતાં તો બીજા કેટલાય લોકોને કયારની સજા થવી જોઈતી હતી; પણ તેઓ તો મોજ કરે છે! ઈશ્વર-બીશ્વર જેવી કોઈ ચીજ નથી; બધું ડીંડવાણું જ હાંકયે રખાય છે!'

'ઈશ્વર છે, અને તેમનો ન્યાય જ બધે પ્રવર્તે છે, તેનો પ્રત્યક્ષ પુરાવો જોઈતો હોય તો એ છે કે, તું અત્યારે અસહાયપણે ઈશ્વરને ઈનકારતો તરફડે છે, ત્યારે હું તારી સામે સાજોસમો, સુખી, ધનવાન અને ઈશ્વરની અગાધ શકિતને હાથ જોડતો ઊભો છું. જો મારી સામે જો, હું કોણ છું? મને ઓળખે છે? આમ કહી કાઉંટે પોતાના માથા ઉપરનું વીંટણ છોડી નાખ્યું, એટલે તેના લાંબા કાળા વાળ તેના ફીકા ચહેરાની આસપાસ પથરાઈ ગયા.

'પેલો અંગ્રેજ! લૉર્ડ વિલ્મોર!'

'ના, ના! હું એબ બુસોની પણ નથી કે લૉર્ડ વિલ્મોર પણ નથી, પરંતુ હું ——' આટલું કહી કાઉંટે કેડરોની આખરઘડી નજીક આવેલી જાણી, તેના કાનમાં ધીમેથી એક નામ કહ્યું.

એ નામ સાંભળતાં જ કેડરો પોતાના હાથ ઊંચા કરી, ઈશ્વરને યાદ કરતો હોય તેમ જોડી, મહા પ્રયત્ને. રૂંધાતે શ્વાસે બોલ્યો, 'ઓહો

પ્રભુ! ખરેખર તું છે! તું સૌ કોઈનો ન્યાય બરાબર તોળે છે. હે પ્રભુ! મને ક્ષમા કરો! ક્ષમા કરો!'

આટલું બોલતાંમાં તો તેના પ્રાણ ચાલ્યા ગયા.

દશ મિનિટ બાદ દાક્તર તથા દારોગાજી આવ્યા ત્યારે એબ બુસોની મૃતાત્મા માટે પ્રાર્થના કરતો મડદા નજીક જ ઘૂંટણિયે પડેલો હતો.

બે અઠવાડિયાં સુધી આખા પૅરિસમાં કાઉંટના ઘરમાં ચોરીના થયેલા પ્રયત્નની વાત જ ચર્ચાઈ રહી. મરતા માણસે પોતાની સહીથી નિવેદન કર્યું હતું કે તેનું ખૂન બેનેડીટો નામના ગુંડાએ કર્યું છે. વહાણ ઉપરથી નાસી છૂટેલા એ ગઠિયાને પકડવા પોલિસ આકાશ-પાતાળ એક કરી રહી.

૩૭
આરોપ અને ચુકાદો

આલ્બર્ટ મૉર્સર્ફનું મગજ હવે ઠેકાણે રહ્યું ન હતું. વર્ષે ૫૦ હજાર ફ્રાંકની આવકવાળા તથા લગ્નને દિવસે બાપ તરફથી જેને તેની કુલ મિલકતના હિસ્સા તરીકે ૩૦ લાખ ફ્રાંક મળવાના છે એવા એન્ડ્રિયા કેવલકૅન્ટીની સાથે ડૅન્ગ્લર્સની પુત્રી યુજેનીનું લગ્ન થોડા જ વખતમાં થવાની વાત હવે ઘરઘરની ચર્ચાનો વિષય થઈ ગઈ હતી. આલ્બર્ટને પોતાને યુજેની સાથે લગ્ન કરવાની મરજી જ ન હતી; પરંતુ પોતાની સાથેનું લગ્ન કશા કારણ વગર તૂટીને બીજા સાથે ગોઠવાયું, એ વસ્તુ પોતાના આખા કુટુંબ માટે હીણપત જેવી તો ગણાય જ.

બીજી બાજુ ડૅન્ગ્લર્સે યાનીનાવાળા પોતાના આડતિયાને જે વાત પુછાવી હતી, તેનો જવાબ આવી ગયો હતો. અને ત્યાર પછી તરત જ પૅરિસના એક જાણીતા છાપામાં નીચેનો ફકરો પણ પ્રસિદ્ધ થયો –

"યાનીનાનો એક ખબરપત્રી અમને એક માહિતી લખી જણાવે છે, જે વિષે અત્યાર સુધી આપણે સૌ અજાણ હતા. યાનીનાનો કિલ્લો દગાબાજીથી તુર્કોના હાથમાં સોંપી દેનાર સ્વામીદ્રોહી માણસ ફર્નાન્ડ નામનો એક ફ્રેંચ અમલદાર હતો. તે માણસમાં યાનીનાના મહા-વજીર અલી-તબલિને ખાસ વિશ્વાસ મૂકયો હતો; છતાં તેણે જ પોતાના માલિકને દગો દીધો હતો."

આલ્બર્ટ જાણતો હતો કે પોતાના પિતાનું મૂળ નામ ફર્નાન્ડ હતું, તથા તેમણે યાનીના તરફ લશ્કરી સેવાઓ બજાવી હતી. આથી તે તરત ગુસ્સાથી ધૂંવાંપૂંવાં થતો તે છાપાના માલિક પાસે જઈ પહોંચ્યો. તે છાપાવાળો તેનો મિત્ર બ્યુશેંપ હતો. આ ખબર તેના છાપામાં આવી હતી તેની તેને પોતાને તો ખબર પણ ન હતી. પરંતુ આલ્બર્ટે દ્વંદ્વયુદ્ધના પડકાર સાથે એ ખબર પાછી ખેંચી લેવા અને દિલગીરી જાહેર કરવા તેને જણાવ્યું. કારણ કે, તે ખબરથી પોતાના પિતા ઉપર નાહક શંકા જાય તેમ હતું.

બ્યુશેંપે તેને પૂછયું: 'એ ખબર ખરેખર તારા પિતાને લાગુ પડે છે તેની ખાતરી કર્યા વિના જ હું આ ખબર પાછી ખેંચી લઉં?'

'હા; નહીં તો તલવાર પકડી લડવા તૈયાર થઈ જા!'

બ્યુશેંપ પણ સ્વમાની જુવાનિયો હતો; તેણે યાનીના જાતે જઈ ખાતરી કરી આવવા ત્રણ અઠવાડિયાંનો સમય માગ્યો અને ત્યાર પછી આલ્બર્ટ સાથે દ્વંદ્વયુદ્ધ ખેલી લેવાની તૈયારી બતાવી.

બ્યુશેંપ તે પ્રમાણે યાનીના જઈ આવ્યો, અને ત્યાંથી પાછા ફરી તરત જ તેણે આલ્બર્ટને જણાવ્યું કે, એ ખબર તારા પિતાને જ ખરેખર લાગુ પડે છે; તથા ત્યાંના ચાર પ્રતિષ્ઠિત તથા સમકાલીન સદ્ગૃહસ્થોએ એ વાતની સાક્ષી તરીકે હસ્તાક્ષર કરી આપ્યા છે.

આલ્બર્ટ હવે મૂંઝાયો. બ્યુશેંપે તેને શાંત પાડયો અને જણાવ્યું કે, 'તારા પિતાનું જ નામ ફર્નાન્ડ છે, અને યાનીનાવાળી ખબર કાઉંટ મૉર્સર્ફને જ લાગુ પડે છે, એવું અત્યારે તો કોઈ જાણતું નથી. તો પછી

અત્યારે નકામી હા-હો કરી મૂકવાની કંઈ જરૂર તથી. આ સમાચાર અમસ્તા જ કોઈકે છપાવ્યા હોય; અથવા તમારા કુટુંબના કોઈ દુશ્મને કોઈ પ્રયોજનસર પણ છપાવ્યા હોય. પરંતુ, હમણાં જ્યાં સુધી તે દુશ્મન પોતે જાતે સીધો હુમલો કરવા બહાર આવતો નથી કે આવવાની હિંમત કરતો નથી, ત્યાં સુધી પોતે હાથે કરીને પોતાના જ ઘરની બદનામી ઉઘાડી પાડવા જેવું તારે શા માટે કરવું?'

આલ્બર્ટને તેની વાત ઠીક લાગી. બ્યુશેંપ અને આલ્બર્ટ પછી વાતો કરતા કરતા બહાર ફરવા નીકળ્યા અને ત્યાંથી તેઓ કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોને ઘેર આવી પહોંચ્યા. કાઉંટ બીજે દિવસે નૉર્મન્ડી તરફ પોતાની જાગીર ઉપર સહેલગાહે જવાની તૈયારીમાં હતો. તેણે આલ્બર્ટને પણ પોતાની સાથે જોડાવા આગ્રહ કર્યો. આલ્બર્ટે પણ પોતાના મનને હળવું કરવા એ વાત મંજૂર રાખી.

તે જ સાંજે તેઓ નૉર્મન્ડી જવા ઊપડયા. દર અઢાર માઈલે કાઉંટની ગાડીના ઘોડા બદલાતા; એમ આઠ ટપ્પા પૂરા થતાં ૩૨ ઘોડા થયા. એ ઘોડા કોઈ પણ ઘડીએ કાઉંટની ગાડીએ જોડી શકાય તે માટે હરઘડી તૈયાર રાખવામાં આવતા. આઠ કલાકમાં તો તેઓએ ૧૪૪ માઈલની મુસાફરી પૂરી કરી. આલ્બર્ટ કાઉંટ માટેની આ વિપુલ તૈયારી તથા મુસાફરીની ઝડપથી જ આભો બની ગયો.

અર્ધી રાતે તેઓ કાઉંટની દરિયાકિનારે આવેલી સુંદર જાગીર ઉપર આવી પહોંચ્યા. આલ્બર્ટ આખી રાત શાંતિ અને આરામથી ઘસઘસાટ ઊંઘી ગયો.

બીજો દિવસ જુદી જુદી સહેલગાહોમાં પૂરો થવા આવ્યો. કાઉન્ટની જાગીરને અડકીને જ દરિયાની સુંદર ખાડી આવેલી હતી. અને તેમાં પણ કાઉન્ટની માલિકીની નાની નાની સુસજ્જ હોડીઓ તથા એક પવનવેગી સઢિયું વહાણ ખલાસીઓ સાથે તૈયાર હતાં. સાંજના થાકીને આલ્બર્ટ બારી પાસે આડો પડી ઊંઘવા લાગ્યો હતો, તેવામાં શ્રી. બ્યુશેંપે મોકલેલો સંદેશો લઈને આલ્બર્ટનો જ નોકર ત્યાં

મારતે ઘોડે આવી પહોંચ્યો. સંદેશામાં એક કાગળ અને છાપાનું પાન હતાં. આલ્બર્ટ તે વાંચતાં જ એક ચીસ પાડી ખુરશી ઉપર ફસડાઈ પડયો. કાઉન્ટ તેના તરફ કરુણાભરી આંખોએ જોઈ રહ્યો.

કાઉન્ટ પાસેથી એક ઝડપી ઘોડો માગી આલ્બર્ટ કશું બોલ્યા વિના તરત જ પૅરિસ પાછો ફર્યો. પોતાના ગયા પછી જ વાંચવાની શરતે તેણે કાઉન્ટને પેલું છાપાનું પાન આપી મૂક્યું.

કાઉન્ટે આલ્બર્ટના ગયા પછી છાપાનું પાન વાંચ્યું. તેમાં નીચેનો ફકરો હતો —

"યાનીનાનો કિલ્લો દગાબાજીથી તુર્કોને સોંપી દેનાર ફ્રેંચ અમલદારનું નામ ફર્નાન્ડ મોન્ડેગો હતું, એટલા ખબર બીજા છાપામાં પહેલાં પ્રસિદ્ધ થયા છે. હવે અમને પાકે પાયે વધુ જાણવા મળ્યું છે કે, એ ફ્રેંચ અમલદાર પૅરિસમાં પોતાને કાઉન્ટ મૉર્સર્ફ તરીકે ઓળખાવે છે, અને આપણા દેશની ચેમ્બરનો સભ્ય છે."

આલ્બર્ટ બીજે દિવસે સવારે આઠ વાગ્યે બ્યુશેંપને ઘેર પહોંચ્યો, ત્યારે તે ચિંતાતુર વદને તેની રાહ જોતો જ જાણે ઊભો હતો. તેણે તરત આગળના સમાચાર કહેવા માંડયા —

છાપામાં આ સમાચાર છપાતાં જ ચેમ્બરના બધા સભ્યોએ ભેગા મળી ૧૨ સભ્યોની એક કમિટી મૉર્સર્ફ ઉપરના આ આક્ષેપોની તપાસ માટે નીમી. મૉર્સર્ફે તે જ દિવસે આઠ વાગ્યે તે કમિટી સમક્ષ પોતાની નિર્દોષતાના પુરાવા રજૂ કરવા તૈયારી બતાવી.

આઠ વાગ્યે કમિટી સમક્ષ મૉર્સર્ફે પોતાનો બચાવ રજૂ કરતાં જણાવ્યું હતું કે, 'અલી પાશાને છેવટ સુધી મારામાં સંપૂર્ણ વિશ્વાસ હતો, અને તેથી જ તુર્કીના સુલતાન સાથે સમાધાન કે માફીની વાટાઘાટો ચલાવવા જેવા નાજુક કામે મને જ તેણે મોકલ્યો હતો. અલી પાશાએ પોતાની ખાસ વીંટી, જેના વડે તે અગત્યના કાગળોને સીલ કરતો હતો, તે પણ મને આપી મૂકી હતી; જેથી કરીને હું પાછો ફરું ત્યારે અલી પાશા જનાનખાનામાં હોય તોપણ સીધો હું તેની પાસે જઈ

શકું. એ વીંટી જ મારો સાચો પુરાવો છે. તે આ રહી! પરંતુ, કમનસીબે જે વાટાઘાટો કરવા અલી પાશાએ મને મોકલ્યો હતો, તે સફળ ન થઈ, અને હું પાછો આવ્યો ત્યારે તો તે માર્યો ગયો હતો. છતાં તેનો મારા ઉપર એટલો બધો વિશ્વાસ હતો કે, મરતાં મરતાં પણ તેણે પોતાની માનીતી બેગમ તથા તેનાથી તેને થયેલ પુત્રીની સોંપણ મને જ કરી હતી.'

મૉર્સર્ફના આ નિવેદન દરમ્યાન કમિટીના પ્રમુખને એક ચિઠ્ઠી પહોંચાડવામાં આવી. તે વાંચતાં જ પ્રમુખ ચમક્યો.

તેણે તરત મૉર્સર્ફને પૂછ્યું : 'કાઉન્ટ, તમે હમણાં જ કહ્યું કે, અલી પાશાએ તેની પત્ની તથા પુત્રીની સોંપણ તમને કરી હતી, નહિ વારુ?'

'હા જી; પરંતુ હું પાછો ફર્યો ત્યારે તે બંને ગુમ થઈ ગયાં હતાં.'

'તમે તેમને જાતે ઓળખતા હતા?'

'હા જી, બરાબર.'

'તેમનું શું થયું તે બાબત તમને કશો ખ્યાલ છે?'

'હા જી; મને કહેવામાં આવ્યું હતું કે, તે બંને શોક અને કદાચ ગરીબાઈમાં ખતમ થઈ ગયાં છે. તે વખતે મારી પોતાની સ્થિતિ સારી ન હતી, અને મારું જીવન પણ હરપળે જોખમમાં હતું; તેથી હું તેમની તપાસ કરી શક્યો ન હતો.'

ચૅરમૅને આ સાંભળી જરા ભવાં ચડાવ્યાં. પછી તેણે કમિટીના સભ્યોને સંબોધીને કહ્યું, 'સદ્ગૃહસ્થો, મને હમણાં જ એક ચિઠ્ઠી પહોંચાડવામાં આવી છે. તે ચિઠ્ઠી લખનાર જણાવે છે કે, તે પોતે આ તપાસ અંગે જાતમાહિતીથી ઘણી અગત્યની ખબરો આપી શકે તેમ છે. અલી પાશાના મૃત્યુ વખતે તે સાક્ષી હાજર હતો, તથા તેનાં બેગમ તથા દીકરીનું શું થયું તે પણ તે જાણે છે. આપ સૌ તે સાક્ષીને સાંભળવા માગતા હો, તો તે અહીં હાજર છે.'

કમિટીના સભ્યોએ નવાઈ પામી, તરત તે સાક્ષીને હાજર થવાની પરવાનગી આપી.

તે સાક્ષી એક બુરખાવાળી સ્ત્રી હતી. તેની સાથે એક દાસી હતી.

ચૅરમૅને તેને પોતાની ઓળખ આપવાનું જણાવતાં તેણે પોતાનો બુરખો ઊંચો કરી નાખ્યો તથા ધીમા, મધુર પણ મક્કમ અવાજે જણાવ્યું : 'હું પોતે અલી પાશાની અને તેમની માનીતી બેગમ વાસીલીકીની દીકરી હૅદી છું.'

કમિટીના સભ્યો તેનો સુંદર છતાં તેજસ્વી રાજવંશી ચહેરો જોઈને તથા તેના શરીર ઉપરના થોડા પણ લાખોની કિંમતના હીરાના શણગાર જોઈને છક થઈ ગયા. કાઉંટ મૉર્સાર્ફ તો માથા ઉપર વીજળી તૂટી પડી હોય તેમ કાળો ઠણક થઈ ગયો.

ચૅરમૅને તેને પૂરતા વિનયથી પોતાની વાતના ખરાપણા વિષે કંઈ પુરાવો હોય તો તે વિધિસર કમિટી સમક્ષ રજૂ કરવા વિનંતી કરી. તેણે તરત, પોતાની માતા ખ્રિસ્તી પંથની હોવાથી, પોતાના જલપ્રોક્ષણ સંસ્કારનું મેસિડોનિયા અને એપિરસના વડા ધર્મગુરુનું સર્ટિફિકેટ બતાવ્યું; તથા વધુમાં તો પોતાને તેમ જ પોતાની માતાને પેલા દગાબાજ ફ્રેંચ અમલદારે જે ગુલામોના વેપારીને ચાર લાખ ફ્રાંકની કિંમત લઈ વેચી નાખ્યાં હતાં તેનો વેચાણપત્ર રજૂ કર્યો. દસ્તાવેજ અરબી ભાષામાં હોવાથી ચૅમ્બરના અરબી ભાષા જાણતા એક ઉમરાવની રૂબરૂમાં સરકારી દુભાષિયાએ અનુવાદ કરી તેને આ પ્રમાણે વાંચી સંભળાવ્યો –

'હું અલ કબીર, જહાંપનાહ સુલતાન મહમુદના હુકમથી કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને આ પહોંચ લખી આપું છું કે, તેમની પાસેથી આઠ લાખ કિંમતના એક રત્નના બદલામાં તેમને જહાંપનાહ સુલતાન પાસેની અગિયાર વર્ષની ખ્રિસ્તી બાંદી જેનું નામ હૅદી છે, તેને વેચી દઉં છું. એ હૅદી યાનીનાના અલી પાશા અને તેમની માનીતી બેગમ વાસીલીકીની પુત્રી છે. એ હૅદી અને તેની મા બંનેને મરહૂમ

અલી પાશાની નોકરીમાં રહેલા એક ફ્રેન્ચ અમલદાર કર્નલ ફર્નાન્ડ મોન્ડેગોએ સાત વર્ષ પહેલાં મને વેચ્યાં હતાં. મા તો કોન્સ્ટંટીનોપલ પહોંચતાં જ મરી ગઈ. એ ખરીદી પણ મેં જહાંપનાહ સુલતાન તરફથી ચાર લાખ ફ્રાંકે કરી હતી.'

પેલા વેપારીની સહીની બાજુમાં જહાંપનાહ સુલતાનનું સીલ હતું.

ચૅરમૅને તરત હૈદીને પૂછ્યું: 'આ બાબત અંગે કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને અમે પૂછપરછ કરી શકીએ?'

'તેઓ તો ત્રણ દિવસ અગાઉ નૉર્મન્ડી ચાલ્યા ગયા છે.'

'તો પછી આ પગલું ભરવાની સલાહ તમને કોણે આપી?'

'નાનપણથી જ મારા પિતાનું વેર લેવાની વૃત્તિ મારામાં પ્રદીપ્ત થઈ હતી. જ્યારે હું ફ્રાન્સ આવી અને મને ખબર મળી કે એ દગાબાજ પૅરિસમાં છે, ત્યારથી જ હું તેને વિષે માહિતી મેળવ્યા કરતી હતી. મારા માલિક કાઉંન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો મને બહુ સંભાળથી રાખે છે અને મારી કેળવણી તથા તાલીમ બાબત બહુ ચિંતા કરે છે. તેઓને ત્યાં જાતજાતનાં સમાચાર-પત્રો આવે છે, અને તે બધાં હું વાંચું છું અને દુનિયા વિષેનું મારું જ્ઞાન વધારું છું. એ રીતે મને આજે સવારે ચૅમ્બરમાં જે થયું અને અત્યારે સાંજે જે થવાનું હતું તેની ખબર પડી, એટલે મેં આપને ચિઠ્ઠી લખી.'

'કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને તમારા આ પગલા વિષે કશી જ માહિતી નથી?'

'ના જી; બલકે મને ચિંતા એટલી જ છે કે, એ જ્યારે આ વાત જાણશે, ત્યારે મારા પગલાને નાપસંદ તો નહિ કરે! છતાં, આજનો દિવસ હું મારો સોનાનો દિવસ ગણું છું. કારણ કે, આજે મને મારા પિતાનું વિશ્વાસઘાતથી મોત નિપજાવનાર અને મારી વહાલી માતાના મોતનું કારણ બનનાર આ દુષ્ટ માણસ ઉપર વેર લેવાની તક મળી છે. હું ખ્રિસ્તી છું, છતાં આપ મને મારી આ વેરવૃત્તિ માટે ક્ષમા કરશો; પરમ કૃપાળુ પ્રભુ પણ મને ક્ષમા કરે!'

ચૅરમૅને ત્યાર બાદ કાઉંટ મૉર્સર્ફને પોતાના બચાવમાં તથા આ સાક્ષી વિષે કંઈ કહેવું હોય તો કહેવા જણાવ્યું. પરંતુ તે તો બેબાકળો બની, પોતાને કપાળે વળી આવતો પરસેવો જ લૂછતો લૂછતો શૂનમૂન થઈ ઊભો રહ્યો. ત્યાર પછી પોતાનો શ્વાસ રૂંધાતો હોય તેમ પોતાનો ડગલો ઉતાવળે કાઢી નાખી, નીચે ફેંકી, ગાંડાની પેઠે ચેમ્બરના ઓરડાની બહાર દોડી ગયો, અને પોતાની ગાડીમાં બેસી ઘર તરફ હંકારી ગયો.

કમિટીના સભ્યોએ, પછી, ચૅરમૅનના પ્રશ્નના જવાબમાં કાઉંટ મૉર્સર્ફને એકી અવાજે વિશ્વાસઘાતી, સ્વામીદ્રોહી અને કલંકિત જાહેર કર્યો.

૩૮

પડકાર !

આલ્બર્ટ પોતાના મિત્ર બ્યુશેંપને મુખે આ બધી હૃદય કંપાવી નાખનારી પિતાના કલંકની વાત સાંભળીને ઊંડા વિચારમાં ડૂબી ગયો. થોડી વાર બાદ અચાનક ઝબકીને તે બોલ્યો, 'ભાઈ! હવે મારી જિંદગીમાં જીવવા જેવું કંઈ બાકી રહેતું નથી. કાઉંટ મૉર્સર્ફની (તેણે 'પિતા' શબ્દ ન વાપર્યો, તે બ્યુશેંપના લક્ષમાં આવ્યા વિના રહ્યું નહિ,) આ બદનામીએ આખા કુળના મોં ઉપર શાહી રેડી દીધી છે. મારે માટે તો હવે એક જ કામ બાકી રહે છે: જે માણસે આ રીતે દુશ્મનાવટ દાખવી છે, તેને શોધી કાઢવાનું. કાં તો તે મને મારી નાંખે, અથવા હું તેને ખતમ કરીશ.'

બ્યુશેંપે તેને સમજાવીને કહ્યું, 'હવે પહેલાંનો જમાનો રહ્યો નથી, કે જ્યારે બાપનું કલંક બેત્રણ પેઢી સુધી તેનાં સંતાનોને છોડતું નહિ. હવે તો બાપનાં કરતૂક માટે ભાગ્યે કોઈ તેના સંતાનને જવાબદાર ગણતું હોય. તું શ્રીમંત છે તથા જુવાન છે; એટલે બે કે ત્રણ

વર્ષ ફ્રાંસ બહાર ચાલ્યો જા; ત્યાર પછી તું પાછો આવીશ ત્યારે ગઈ કાલની વાત કોઈને યાદ પણ નહિ હોય.'

'તું મારા પ્રત્યેની ભલી લાગણીથી જ આમ કહે છે; પરંતુ મારાથી એ રીતે વિચાર થઈ શકે તેમ નથી. તું જો મારો મિત્ર હજી પણ રહ્યો હોય અને મારા પ્રત્યે તિરસ્કારની નજરે જોવા ન લાગ્યો હોય, તો તું મને મારો દુશ્મન શોધવામાં જ મદદ કર!'

'આલ્બર્ટ! હું તારી લાગણી સમજી શકું છું. તારા ઉપર આ કારણે મને તિરસ્કાર જન્મી શકે એવો હલકટ તું મને નહિ જ ધારતો હોય. તારે તારો દુશ્મન જ શોધવો છે, તો ચાલ! હું તારી સાથે જ છું; અને છેવટ સુધી તારી સાથે જ રહીશ. પ્રથમ તો, હું જેટલું જાણું છું તે તને કહું ......'

'હેં? શું તું કંઈક જાણે છે? તું ખરેખર મને જીવતદાન આપે છે!'

'હું પૂરેપૂરું સત્ય જાણું છું એમ તો ન કહી શકાય. પરંતુ કંઈક દિશા સમજાય તેટલી માહિતી મને છે. હું જ્યારે યાનીના તપાસ માટે ગયો હતો, ત્યારે તે શહેરના બૅંકરને મળ્યો હતો. મેં વાતની શરૂઆત કરી અને તારા પિતાનું નામ પણ દીધું નહિ, તેવામાં તે બોલી ઊઠયો: 'હું જાણું છું, તમે શી વાત પૂછવા માગો છો. કારણ કે, પંદર દિવસ ઉપર મને મારા પૅરિસવાળા સંબંધી તરફથી એ અંગે જ પૂછવામાં આવ્યું હતું. મેં તે સંબંધીનું નામ પૂછયું, તો તેણે ડૅન્ગ્લર્સનું નામ દીધું.'

'ડૅન્ગ્લર્સ! ખરી વાત! તે ઘણા વખતથી મારા પિતાની અદેખાઈ કરતો આવ્યો છે. અને તેણે જે રીતે મારી સગાઈ તોડી નાખી, એ જોતાં પણ--બરાબર એ જ માણસ આ બધા માટે જવાબદાર છે. તેણે મારી સાથે આખરી ફેંસલો કરવો જ પડશે; ચાલ આપણે તેની પાસે જ જઈએ.'

ડેન્ગલર્સ પાસે જઈને આલ્બર્ટે કાઉન્ટ મૉર્સર્ફની અને તેના કુળની બદનામી જાહેર કરવાના દુશ્મનાવટભર્યા અપકૃત્ય બદલ પડકાર કરી દ્વંદ્વયુદ્ધની માગણી કરી.

ડેન્ગલર્સ એકદમ તો છંછેડાયો અને પછી ગભરાયો; તેણે કહ્યું: 'અલબત્ત, મેં યાનીના લખીને પુછાવ્યું હતું; પરંતુ પોતાની પુત્રી જેના પુત્રને પરણાવવાની હોય, તેના વિષે લોકોમાં તરેહતરેહની વાતો ચાલતી હોય, તો પછી કન્યાનો બાપ સ્વાભાવિક રીતે જ એટલી તપાસ તો કરે જ. જોકે કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોએ મને યાનીના લખી જણાવવાનું સૂચવ્યું ન હોત, તો મને ત્યાં પુછાવવાની કલ્પના પણ ન આવત. છતાં જ્યારે ત્યાંથી મને ખરાબ સમાચાર મળ્યા, ત્યારે તે સમાચાર મેં કોઈને કહ્યા વગર મારી પાસે જ દબાવી રાખ્યા છે. છાપામાં તો તે સમાચાર હું આપું જ શાનો? કારણ કે કાઉન્ટ મૉર્સર્ફે તે દિવસોમાં યાનીના જેવા દૂરને સ્થળે શું કર્યું હતું કે નહિ, તે બહાર પાડવાથી મને શો લાભ? મારે તો મારી પુત્રીનું લગ્ન તેને ત્યાં કરવું કે નહિ, એટલું જ વિચારવાનું હતું; એટલે તમારા પિતા જ્યારે મારી પાસે યુજેનીનું માગું કરવા આવ્યા, ત્યારે મેં સીધી ના જ પાડી દીધી. તે વિવાહ ફોક કરવાનું કારણ તેમણે મને આગ્રહપૂર્વક – ધમકાવીને – પૂછ્યું, ત્યારે પણ મેં તે કહેવાની ના જ પાડી. એટલે મારા હાથ આ બાબતમાં તદ્દન ચોખ્ખા જ છે. અને તમારે તમારા કુટુંબને આ બદનામીમાં મૂકનાર દુશ્મન શોધવાનો જ હોય, તો મારી સાથે ખોટી તકરાર માંડવાને બદલે બીજે કંઈ તપાસ કરવી જોઈએ.'

ડેન્ગલર્સને મોંએ કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોનું નામ સાંભળતાં જ આલ્બર્ટને જાણે કંઈક સમજણ પડવા લાગી. હેદી કાઉન્ટને ઘેર રહેતી હતી. એટલે કાઉન્ટ આખી વાત પહેલેથી જાણતો જ હોવો જોઈએ. બીજું કોઈ યાનીના વિષે કાંઈ જ જાણતું ન હતું. ડેન્ગલર્સને પણ યાનીના તપાસ કરવાનું સૂચવનાર કાઉન્ટ જ હતો! પરંતુ હેદી તો પોતાના પિતાનું વેર કાઉન્ટ મૉર્સર્ફ ઉપર લેવા પ્રેરાય એ સમજાય તેવું છે;

પણ કાઉન્ટને તો પોતાની સાથે તથા પોતાના ઘર સાથે ઘણો નિકટનો સંબંધ છે. મૉર્સર્ફના ઘરના કોઈએ કાઉન્ટનું કશું બગાડયું ન હતું; એટલે તેણે કેવળ હલકટતાથી જ એક પ્રતિષ્ઠિત ઘરની આબરૂ ઉપર હાથ નાખ્યો કહેવાય. માટે કાઉન્ટ પાસે તો તેનો બદલો લેવો જ જોઈએ એમ માની, બ્યુશપ સાથે એ સીધો કાઉન્ટને ઘેર જ દોડયો.

કાઉંટ નૉર્મન્ડીથી પાછો આવી ગયાના સમાચાર તેને મળ્યા; પણ કાઉંટનો ભેટો થઈ શકયો નહિ. એટલે રાત્રે થિયેટરના જલસામાં તે જવાનો હતો એમ જાણી, આલ્બર્ટે તે વખતે જ તેને પડકારવાનો વિચાર કર્યો; અને એપિને, ડિબ્રે, મૅકિસમિલિયન એ સૌ મિત્રોને તે વખતે થિયેટરમાં હાજર રહેવા ખબર પહોંચાડી દીધી.

આટલું કર્યા પછી આલ્બર્ટ પોતાની માતા મર્સિડીસને મળવા ગયો. તે તદ્દન ભાંગી પડી હતી. આલ્બર્ટને દેખતાં જ તે તેનો હાથ પકડી, ડૂસકે ડૂસકે રડવા લાગી.

આલ્બર્ટ તેના તરફ કરુણાભર્યા હૃદયે જોઈ રહ્યો. પોતાના જમાનાની સુંદર સર્વોત્તમ સ્ત્રી ગણાતી પોતાની આ માતાને બદનામી અને શરમના ડુંગર તળે નાહક દબાવી દેનાર દુશ્મન ઉપર વેર લેવાનો તેનો વિચાર વળી વધુ દૃઢ થયો.

આલ્બર્ટે તેને ધીમેથી પૂછયું, 'મા, કાઉંટ મૉર્સર્ફને કોઈ દુશ્મનો હોય એમ તને લાગે છે?'

'તારા પિતા જેવા મોટા માણસને દુશ્મનો ન થયા હોય એવું ભાગ્યે જ બને.'

'કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો આપણે ઘેર કોઈ વખત જમવા નથી બેઠા, એ તો તું જાણે છે ને?'

'બેટા, એ વાતને અહીં શો સંબંધ છે?'

'મા, પૂર્વ તરફના લોકોમાં એવો ચાલ છે કે જેની સાથે વેર

બાંધ્યું હોય, તેના ઘરનું નિમક ન ખાય. કારણ કે, પછી તેનું લોહી રેડવું એ નિમકહરામી ગણાય.'

'બેટા, તું આ શું બોલે છે? કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટોને આપણા પ્રત્યે એવી તે શી દુશ્મનાવટ હોઈ શકે? તેમણે તો તારી જિંદગી બચાવી છે. એમની સાથે કદી ઝઘડો ન કરતો.'

આલ્બર્ટ માત્ર મોં મરડી ત્યાંથી ચાલવા લાગ્યો. મર્સિડીસે તેને પોતાની સાથે રહેવા કહ્યું; કારણ કે, દુ:ખશોકની પીડામાં આજે એકલા રહેવું તેને માટે મુશ્કેલ હતું. પરંતુ આલ્બર્ટે જવાબમાં એટલું જ કહ્યું, 'આજની આખી સાંજ એક અગત્યના કામસર મારાથી રોકાવાય તેમ નથી.'

એટલું કહી, તે તરત ચાલતો થયો. મર્સિડીસના મનમાંથી એક વિચાર વીજળીના ઝબકારાની પેઠે પસાર થઈ ગયો. તેણે પોતાના એક વિશ્વાસુ નોકરને આલ્બર્ટની પાછળ પાછળ મોકલ્યો તથા આખી સાંજ તે શું કરે છે તથા કોને કોને મળે છે, તે જાણી લાવવા તાકીદ કરી. તથા પોતે પણ કપડાં પહેરી તૈયાર થઈને બેઠી, જેથી ખબર મળતાં જ દોડી જવાય.

થોડી વારે તેને ખબર મળી કે, આલ્બર્ટે પોતાના મિત્રો સાથે આજે રાતે થિયેટરમાં જવાનું ગોઠવ્યું છે; તથા વાતચીત ઉપરથી લાગે છે કે, ત્યાં તે કોઈને દ્વંદ્વયુદ્ધ માટે પડકાર આપવાનો છે.

વખત થતાં જ થિયેટરમાં આલ્બર્ટ પોતાના મિત્રો સાથે કાઉંટના આવવાની રાહ જોતો તૈયાર ઊભો રહ્યો, કાઉંટે એક 'બૉક્સ' પોતાને માટે કેટલાંય થિયેટરોમાં કાયમની રોકી લીધેલી હતી.

ખેલ શરૂ થઈ ગયા બાદ કાઉંટની બૉક્સનું બારણું ઊઘડયું અને કાઉંટ તથા મૅક્સિમિલિયન તેમાં દાખલ થયા. એક અંક પૂરો થતાં વચગાળો પડયો કે તરત જ આલ્બર્ટ પોતાના મિત્રો સાથે કાઉંટની બૉક્સમાં દાખલ થયો.

કાઉંટ થિયેટરમાં દાખલ થયો ત્યારથી જ તેનું ધ્યાન આલ્બર્ટ તરફ ખેંચાયું હતું; અને તેનાં લક્ષણ ઉપરથી તે પોતાની ઉપર કંઈક બગડયો હોય એમ તરત જોઈ લીધું હતું. એટલે આલ્બર્ટને આમ આવેલો જોઈ તેને નવાઈ ન લાગી. તેણે સ્વાભાવિક રીતે હસીને તેને આવકાર આપ્યો.

આલ્બર્ટે જવાબમાં કહ્યું, 'હું તમારા જેવાનો દંભી, જૂઠો આવકાર જોવા અહીં નથી આવ્યો; મારે તો તમારી પાસે ખુલાસો જોઈએ છે.'

'ખુલાસો ! અને તે મારી પાસેથી ? તમે ન જાણતા હો તો જાણી લો, મિત્ર, કે મોન્ટે-ક્રિસ્ટો માત્ર મોન્ટે-ક્રિસ્ટોને જ જવાબદાર છે.'

'એ બધાં ઘમંડ તમારા ઘરમાં તમારા ખરીદેલા ગુલામો આગળ દાખવજો; મને તો તમારે તમારા વિશ્વાસઘાતનો અને દગાબાજીનો કાંતો ખુલાસો આપવો પડશે અથવા કિંમત ચૂકવવી પડશે !'

'વિશ્વાસઘાત! દગાબાજી! સાહેબ, કેટલાક લોકોને મોંએ અને ખાસ કરીને કેટલાય લોકોના પુત્રોને મોંએ એ શબ્દો જાહેરમાં ન બોલાય એમાં જ શોભા છે!'

કાઉન્ટના એ શબ્દોનો સૂચિતાર્થ સમજી જઈ આલ્બર્ટ વધુ સળગી ઊઠયો અને કંઈક ભૂંડું બોલવા જતો હતો તેવામાં કાઉંટે તેને જરા દબાવીને જણાવ્યું, 'અહીં મારી બૉકસમાં કશા બૂમબરાડા પાડયા વિના સીધા બહાર ચાલ્યા જાઓ. તમારે મારી પાસે દ્વંદ્વયુદ્ધ જોઈએ છે તે સ્પષ્ટ સમજાય છે; પણ તે માટે આમ હડકાયાપણું દાખવવાની જરૂર નથી. તમારો સમય અને સ્થળ તમારી નવરાશે મને જણાવજો એટલે બસ; પણ અત્યારે મારી બૉકસમાં હવે એક મિનિટ તમે વધુ થોભશો, અથવા વધુ બેશરમીભર્યો વર્તાવ કરવા જશો, તો મારા નોકર પાસે તમને ઉઠાવીને મારે નાછૂટકે બહાર ફેંકાવી દેવા પડશે!'

આલ્બર્ટ ગુસ્સામાં ને ગુસ્સામાં ત્યાં ને ત્યાં જ કાઉન્ટના

મોં ઉપર પોતાના હાથના મોજાનો ઘા કરવા જતો હતો, પણ મૅક્સિમિલિયને તેનું કાંડું પકડી લીધું. કાઉન્ટે સહેજ નમીને તેના હાથમાંથી તેનું મોજું લઈ લીધું અને ઠંડે પેટે કહ્યું: 'તમારો પડકાર હું સ્વીકારું છું. અને તેનો યોગ્ય જવાબ તમે જણાવશો ત્યાં અને તે રીતે હું પાછો વાળીશ.'

આલ્બર્ટના મિત્રો તે કંઈ વધુ અવિચારી ન બોલે કરે એ માટે જલદી તેને બહાર ધકેલી ગયા. મૅક્સિમિલિયને તરત બૉક્સનું બારણું અંદરથી બંધ કરી દીધું.

થોડી વારે બ્યુશેંપ બારણું ઉઘડાવી અંદર પાછો આવ્યો અને દ્વંદ્વયુદ્ધનું સ્થળ તથા સવારના આઠ વાગ્યાનો સમય કહી ગયો. દ્વંદ્વયુદ્ધનું સાધન પસંદ કરવાનો હક અપમાનિત તરીકે કાઉન્ટનો કહેવાય, પણ તેણે તે પસંદગી પણ આલ્બર્ટ ઉપર છોડી. બ્યુશેંપે જણાવ્યું કે, આલ્બર્ટને પિસ્તોલ પસંદ છે!

બ્યુશેંપ ગયો એટલે કાઉન્ટે મૅક્સિમિલિયનને પૂછયું, 'દ્વંદ્વયુદ્ધના મેદાન ઉપર મારા સાથી તરીકે તમે હાજર રહેશો જ એમ હું માની લઉં છું.'

'અવશ્ય; પણ આ ઝઘડાનું ખરું કારણ શું છે તે મને સમજાતું નથી.'

'હેદીએ આલ્બર્ટના બાપ સામે જુબાની પૂરી, અને તે મારે ત્યાં રહે છે, એ કારણ ઉઘાડું છે!'

'પરંતુ તેટલા માત્રે આલ્બર્ટ તમારી સાથે આમ દ્વંદ્વયુદ્ધ લડવા શું કામ તૈયાર થાય? તમને જ અત્યાર સુધી તે પોતાના પરમ મિત્ર અને હિતૈષી માનતો આવ્યો છે!'

'ખરું કારણ આલ્બર્ટ પણ નથી જાણતો. માત્ર હું અને મારો ઈશ્વર જ જાણે છે. પરંતુ તમને હું એટલી ખાતરી આપું છું કે, સર્વ જાણનાર ઈશ્વર આપણા પક્ષમાં જ છે.'

'બસ; મારે માટે એટલું બસ છે. પણ દ્વંદ્વયુદ્ધમાં બે સાથી-દાર હોય; તમારો બીજો સાથીદાર કોણ હશે?'

'દ્વંદ્વયુદ્ધમાં મારા સાથીદાર થવાનું હું આખા પેરિસમાં બે જણને જ કહું: એક તમને અને બીજા તમારા બનેવી ઈમેન્યુઅલને. તે કબૂલ થશે એમ તમે માનો છો?'

'જરૂર; મારા વિષે જેટલી ખાતરી તમે રાખી શકો, તેટલી જ તેમને વિષે પણ તમારે રાખવાની છે!'

કાઉંટ વાત્સલ્યભરી આંખે એ જુવાનિયા તરફ જોઈ રહ્યો.

૩૯

દ્વંદ્વયુદ્ધ

કાઉંટે ઘેર જઈ, અલીને હાથીદાંતના હાથાવાળી પોતાની ખાસ બે પિસ્તોલો લાવવા કહ્યું. તે પિસ્તોલો વડે, ગંજીફાના કોરા પત્તાને તાકીને તેમાં એક્કો, દૂરી, તીરી, એમ દશ્શા સુધીની નિશાનીઓ ઝાપ-સર પાડવાનો અભ્યાસ તેણે કર્યો હતો.

હજુ કાઉંટ પિસ્તોલો તપાસતો જ હતો, તેવામાં તેના હજૂરિયાએ ઓરડાનું બારણું ધકેલ્યું; અને કોઈ બાનુ મળવા આવ્યાં છે એમ કહેવા તે પોતાનું મોં ઉઘાડે તે પહેલાં તો એક બુરખાવાળી બાઈ તેની પાછળ પાછળ આવીને અંદર જ દાખલ થઈ.

કાઉંટે હજૂરિયાને બહાર જવા નિશાની કરી; તથા પછી પેલી બાઈ તરફ વળીને પૂછ્યું: 'બાનુ, આપ કોણ છો?'

પેલી બાઈએ આસપાસ નજર કરીને, ત્રીજું કોઈ ત્યાં નથી તેની ખાતરી કરી લીધી. પછી પોતાનો બુરખો ઊંચો કરી, બે હાથ જોડી, આજીજીભર્યા અવાજે કહ્યું 'ઍડમંડ, મારા પુત્રને ન મારી નાખશો!'

કાઉંટ એક નાની ચીસ પાડી બે ડગલાં પાછો ખસી ગયો. તેના

હાથમાંથી પિસ્તોલ નીચે પડી ગઈ. ‘તમે હમણાં કોનું નામ બોલ્યાં, મેડમ મૉર્સર્ફ ?’

‘તમારું !’ મૅડમે બુરખો ફરી મોં પર નાખીને કહ્યું, ‘અને મારું નામ પણ મર્સિડીસ છે, એટલું યાદ રાખજો.’

‘મર્સિડીસ તો મરી ગઈ, બાનુ ! એ નામની કોઈ વ્યક્તિને હવે હું ઓળખતો નથી.’

‘મર્સિડીસ હજુ પણ જીવે જ છે. અને તેણે એકલીએ જ તમને જોતાંવેંત ઓળખી કાઢયા હતા. ત્યારથી માંડીને તે ડરતી ડરતી તમારી ઉપર નજર રાખી રહી છે. કાઉંટ મૉર્સર્ફ ઉપર કોના હાથથી આ કારમો ઘા થયો છે, તે જાણવા તેને કયાંય શોધખોળ કરવાની જરૂર પડી નથી. પરંતુ મારી એટલી જ વિનંતી છે કે, તમે મારા પુત્રને મારી ન નાખશો. હું આજે થિયેટરમાં હાજર હતી, અને ત્યાં જે કાંઈ બન્યું છે, તે મેં મારી નજરે જોયું છે.’

‘પણ ફર્નાન્ડના છોકરાએ મારું જાહેરમાં અપમાન કર્યું છે !’

‘પોતાના પિતા ઉપર ઊતરેલી કમનસીબી માટે તે તમને જવાબદાર ગણે છે.’

‘તેના પિતાને જે મળ્યું છે, તે કમનસીબી નથી, પરંતુ સજા છે. મેં તેના પિતાને ઘા નથી કર્યો, ઈશ્વરે તેને સજા કરી છે.’

‘પણ તમે તમારી જાતને ઈશ્વરને સ્થાને શું કરવા મૂકો છો ? યાનીનાના અલી પાશાને ફર્નાન્ડ મોન્ડેગોએ દગો દીધો, તેમાં તમને શું લાગેવળગે ?’

‘તમારી વાત ખરી છે; મારે ફ્રેંચ અમલદાર કે કાઉંટ મૉર્સર્ફ સાથે કશી લેવાદેવા નથી. મારે તો માછીમાર ફર્નાન્ડ અને મર્સિડીસના પતિ સાથે લેવાદેવા છે.’

‘પણ તે બાબતમાંય વાંક મારો છે, ઍડમંડ; જો તમારે કોઈના

ઉપરેય વેર લેવું હોય તો મારી ઉપર લો; કારણ કે તમારી ગેરહાજરીમાં એકલી રહેવાનું બળ મારામાં ન હતું, અને હું તેને પરણી ગઈ.'

'પણ હું ગેરહાજર શા માટે હતો?'

'કારણ કે તમને કેદ પકડવામાં આવ્યા હતા.'

'પણ મને શા માટે કેદ પકડવામાં આવ્યો હતો?'

'એ હું નથી જાણતી.'

'તો સાંભળો: મને કેદ પકડવાનું કારણ એ હતું કે, તમારી સાથે મારા થનારા લગ્નને આગલે દિવસે ડેન્ગલર્સ નામના માણસે એક કાગળ લખ્યો, જે ફર્નાન્ડે પોતે ટપાલમાં નાખ્યો.' આમ કહી, કાઉંટે પોતાના ટેબલના એક ગુપ્ત ખાનામાંથી દ' બોવિલેના જેલ-રજિસ્ટરમાંથી પોતે કાઢી લીધેલો કાગળ કાઢયો અને મર્સિડીસને આપ્યો.

મર્સિડીસે તે કાગળ વાંચ્યો. વાંચતાં જ તેના કપાળ ઉપર ફૂટી નીકળેલાં પરસેવાનાં ટીપાં લોહી નાખવા તેણે પોતાનો હાથ કપાળ ઉપર ફેરવ્યો. પછી તે માત્ર એટલું જ બોલી: 'ઓ પ્રભુ!' ત્યાર બાદ તેણે ધીમેથી પૂછયું, 'પછી આ કાગળનું શું પરિણામ આવ્યું?'

'તે તો તમે જાણો છો; તેને પરિણામે મને જેલ મળી. પણ એ જેલ એટલે શું? ૧૪ વર્ષ સુધી હું તમારાથી ત્રણ માઈલ દૂર શેટો દ' ઈફની એક અંધારી કોટડીમાં પુરાઈ રહ્યો હતો. એ ૧૪ વર્ષની દરેક ઘડીએ મેં પ્રથમ દિવસે લીધેલી વેરની ઘોર પ્રતિજ્ઞા ગોખ્યા કરી છે. જોકે તે વખતે હું જાણતો ન હતો કે તમે ફર્નાન્ડને જ—મારા દુશ્મનને જ—પરણી ચૂકયાં હતાં, તથા મારા પિતા મરણ પામ્યા હતા અને તે પણ ભૂખે ટળવળતા.'

મર્સિડીસ ફાટેલી આંખે બે ડગલાં પાછી હટી ગઈ. પછી ઘૂંટણિયે પડી તે રડતાં રડતાં બોલી: 'ક્ષમા કરો, એડમંડ, ક્ષમા કરો; કાંઈ નહિ તો તમે એક વાર પોતાની માનેલી મર્સિડીસને કારણે ક્ષમા કરો; જે તમને હજુ નિરંતર યાદ કરે છે અને ચાહે છે.'

કાઉંટે તેને ફરીથી ઊભી કરી અને પછી ગુસ્સાથી ભભૂકી ઊઠીને કહ્યું, 'તમે મને એ શાપિત વેલાને છૂંદી નાખવાની ના પાડો છો? એ તો ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવું થાય; કારણ કે ઈશ્વરે મને એ દુષ્ટોને સજા કરવા જ એ દોજખમાંથી જીવતો બહાર કાઢ્યો છે અને સર્વ પ્રકારનાં સાધનોથી સુસજ્જિત કર્યો છે. એ લોકોને સજા ન કરવી, એ મારે માટે અશક્ય વસ્તુ છે, બાનુ!'

'હું તમને એડમંડ કહું છું, તમે મને મર્સિડીસ કેમ નથી કહેતા?'

'મર્સિડીસ? હા, મર્સિડીસ! પ્રભુ જાણે છે એ નામ મેં મારી જીભેથી ૧૪ વર્ષમાં એક ક્ષણ પણ મૂક્યું હોય તો! એ નામને આધારે જ મેં એ અંધારા ઘોર દિવસો કાપ્યા છે, તથા એ નામ લઈને જ મેં તેનાથી મને છૂટા પાડનારાઓ ઉપર વેર લેવાના કારમા શપથ લીધા છે. માટે મર્સિડીસ! મને મારું વેર લેવા દે!'

પોતાને માટે ટુંકારાભર્યા અને વહાલભર્યા એ શબ્દો કાઉંટને મોંએ આટલે વરસે ફરી સાંભળતાં મર્સિડીસના મોં ઉપર ક્ષણભર એક પ્રકારની કૃતાર્થતાનો આનંદ છવાઈ રહ્યો. પરંતુ તરત તે બોલી ઊઠી: 'ભલે, એડમંડ! તમે વેર લેજો! ફર્નાન્ડ ઉપર લેજો, મારી ઉપર લેજો, જે કોઈ અપરાધી છે તેમની ઉપર લેજો; પણ મારા નિરપરાધી પુત્ર ઉપર ન લેશો.'

મોન્ટે-ક્રિસ્ટોએ એ સાંભળી પોતાનું માથું બે હાથ વચ્ચે સખત રીતે ભીડી એક લાંબો નિસાસો નાખ્યો. કારણ કે. દ્વંદ્વયુદ્ધમાં આલ્બર્ટને ન મારવો એટલે તેને હાથે પોતે મરવું! મર્સિડીસ પુત્રના જીવનના બદલામાં પોતાનું જીવન માગી રહી હતી!

'એડમંડ!' મર્સિડીસે તેને વિચારમાં પડેલો જોઈ કહેવાનું ચાલુ રાખ્યું, 'તમારું નામ મારા હૃદયમાં લગભગ દેવને સ્થાને છે. એ નામ મારે માટે બહુ અમૂલ્ય – ઉજ્જવળ વસ્તુ છે. મારી પ્રાર્થનામાં

રોજ એ નામની આસપાસ મેં ભગવાનના આશીર્વાદ યાચ્યા છે. એ નામ મારા પુત્રના ખૂનીના નામ તરીકે મારા અંતરમાં કાયમનું કોતરાઈ જાય, અને મેં ઘૂંટણિયે પડીને કરેલી એક માગણી પણ તમે નકારી એવું ન થાય, એ યાચના હું પગે પડીને કરું છું!'

કાઉંટના હૃદયમાંથી એક બીજો નિસાસો નીકળ્યો. ઘોર હતાશા તેના મોં ઉપર છવાઈ રહી. તે ધીમેથી બોલ્યો, 'મર્સિડીસ! તું તારા પુત્રનું જીવન માગે છે; ભલે, તે જીવશે.'

મર્સિડીસે તે શબ્દો સાંભળતાં જ તેનો હાથ પકડી પોતાને હોઠે લગાવ્યો. ''એડમંડ! મારા દેવ! તમે મારા હૃદયમાં હવે દેવને સ્થાને જ રહેશો. એ સિંહાસન જો ખાલી પડયું હોત, તો મારું હૃદય ભાંગી પડત. હું તમને જેવા હંમેશાં માનતી આવી છું, એવા જ પ્રતાપી, દેવાંશી, ઉજ્જળવ તમે મારા હૃદયમંદિરમાં હવે બિરાજશો.'

'ભલે મર્સિડીસ! તારા હૃદયમાં તે નામ ઉજ્જવળ રહે! પરંતુ તેં મારી પાસેથી કેટલું મોટું બલિદાન માગી લીધું છે, તે તું જાણતી નથી. કોઈ શિલ્પીએ મોટી ઈમારત વર્ષો સુધી ઘડી હોય, અને જ્યારે તે લગભગ પૂરી થવા આવે ત્યારે જ પોતાને હાથે તે પાડી નાખવાની થાય, ત્યારે શિલ્પીને શું થાય, તેની ખબર બીજા કોઈને નહિ પડે. ભલે, તારો પુત્ર જીવશે, પણ તે મારા જીવનને ભોગે!'

મર્સિડીસ કાઉન્ટના છેલ્લા શબ્દો સમજી શકી નહિ. તે જરા બેબાકળી બની ફરી બોલી ઊઠી: 'એડમંડ, તમે હમણાં તમારું વચન આપ્યું છે કે, મારો પુત્ર જીવશે; તો હવે તે જીવશે જ, એ ખરું કે નહિ?'

'હા. હા; તારો પુત્ર જીવશે. પરંતુ તારા પુત્ર માટે તું જે કરી રહી છે, તે મારે માટે કરનાર કોઈ જ નથી! મારું જીવન—'

મર્સિડીસ તેને અટકાવીને બોલી: 'તમારું જીવન! તમારું જીવન આ ક્ષમાદાનથી, આ પ્રેમદાનથી વધુ ઉજ્જવળ બનશે; હું તમારે માટે પરમાત્માની અંતરથી પ્રાર્થના કરીશ.'

કાઉંટ હવે ચૂપ થઈ ગયો. મર્સિડીસ ત્યાર પછી ઝટપટ કાઉન્ટની મૂંગી રજા લઈને જ વિદાય થઈ ગઈ. કાઉન્ટના મોંમાંથી અચાનક શબ્દ નીકળી પડયો: 'આ સ્ત્રી! જેને માટે હું આટલો તડપ્યો હતો, તે જ મારું મૃત્યુ મારી પાસે માગી ગઈ! પરંતુ, મેં વેર લેવાની આટલી આટલી આકરી પ્રતિજ્ઞા લીધી હતી તે શું આ માટે? એક સ્ત્રીનો શબ્દ જ તેને ઉરાડી દેવા બસ હતો?'

બીજે દિવસે મૅક્સિમિલિયન તથા ઈમેન્યુઅલ વીસ મિનિટ વહેલા કાઉન્ટને ત્યાં આવી ગયા. મૅક્સિમિલિયને ક્ષમાયાચનાના ભાવથી કહ્યું, 'ગઈ કાલે રાતે એક ક્ષણ વાર પણ મારી આંખ મીંચાઈ નથી; અને મારા ઘરમાં બીજા કોઈની પણ મીંચાઈ નથી. તમારા પ્રતાપી મુખ સામું જોઉં તો જ મને વિશ્વાસ આવે કે, આજે તમને કશું નહિ થાય, એટલા માટે હું વહેલો દોડી આવ્યો છું.'

કાઉન્ટ એ જુવાનિયાનો પોતા પ્રત્યેનો ભાવ જોઈને ગળગળો થઈ ગયો. તેણે તેના તરફ હાથ લંબાવવાને બદલે પહોળા કર્યા તથા તેને છાતી સરસો ચાંપી દીધો. ત્યાર પછી તેણે ઘંટ વગાડી અલીને બોલાવ્યો. અલી આવતાં જ કાઉન્ટે તેના હાથમાં કાગળનો એક બીડો મૂકીને કહ્યું, 'આ બીડો મારા વકીલને આપી આવ.' પછી મૅક્સિમિલિયન તરફ ફરીને કાઉન્ટે કહ્યું, 'મૅક્સિમિલિયન, એ મારું વીલ છે; મારા મૃત્યુ પછી તારે પણ એ જોવાનું રહેશે.'

'તમારા મૃત્યુ પછી? એટલે શું?'

'દ્વંદ્વયુદ્ધમાં આપણે શકયતા તો બધી જ વિચારવી જોઈએ ને?'

'હું ગઈ કાલે રાતે પેલા લોકોને મળવા ગયો હતો, તથા લડવા માટે પિસ્તોલને બદલે તલવાર સ્વીકારવાનો મેં તેમને આગ્રહ કર્યો હતો. કારણ, પિસ્તોલ આંધળી હોય છે.'

'પેલાઓ કબૂલ થયા?'

'નહિ; તેઓને તમારી પટ્ટાબાજીની કુશળતાની ખબર પડી ગઈ

છે. જે ઉસ્તાદોને તમે તલવારની પટ્ટાબાજીમાં હરાવ્યા છે, તેઓએ જ તમારી કીર્તિ ચોમેર ફેલાવી છે.'

'પણ તેં મને પિસ્તોલ ફોડતાં કદી જોયો છે?'

'કદી નહિ.!'

કાઉન્ટે તરત એક પાટિયા ઉપર ગંજીફાનો ચોકડીનો એક્કો લગાડયો. પછી એક પિસ્તોલ લઈ ચોકડીના ચિત્રના ચાર ખૂણા ચાર ગોળીથી એકસરખા ઉડાવી દીધા.

મૅક્સિમિલિયન એ પાન હાથમાં લઈને જોતાંવેંત જ ચમકી ઊઠયો. તે પત્તું ઈમેન્યુઅલને બતાવતાં તે બોલી ઊઠયો, 'બાપરે! કાઉન્ટ, પ્રભુના નામથી તમે આલ્બર્ટને મારી ન નાખશો! તેને બિચારાને મા છે.'

'ખરી વાત! મારે મા નથી.'

આ શબ્દો કાઉન્ટ એવી રીતે બોલ્યો, જેથી મૅક્સિમિલિયન ધ્રૂજી ઊઠયો. તે બોલ્યો, 'પણ કાઉન્ટ, અપમાન તમારું કરવામાં આવ્યું છે ને?'

'હા; તેનું શું?'

'એનો અર્થ એ છે કે, તમને પહેલી ગોળી છોડવાનો હક રહેશે. તમે ગોળી તાકવાની કુશળતા બતાવી છે, તે જોતાં તમે સહેજે તેને યોગ્ય જગાએ ગોળી મારી ઘાયલ કરી શકશો; તેથી જ મેં તમને કહ્યું કે, તેને મારી ન નાખશો.'

'પણ તમારે કોઈને આલ્બર્ટ તરફ દયાભાવથી વર્તાવા માટે વકીલાત કરવાની જરૂર જ નથી. હું તેના તરફ એટલી બધી દયા બતાવવાનો છું કે, તે તો તેના બે સાથીદારો સાથે દ્વંદ્વયુદ્ધને અંતે શાંતિથી ઘેર પાછો ફરશે; પણ હું તો —'

'આગળ બોલો!'

'મારી બાબતમાં જુદું જ બનશે. મારા સાથીદારોએ મને ઊંચકીને લઈ જવો પડશે. પણ ચાલો, હવે વખત થઈ ગયો છે; આપણે વેળાસર મેદાન ઉપર પહોંચવું જોઈએ.'

બહાર ગાડી તૈયાર ઊભી હતી. તેઓ મેદાન ઉપર પહોંચ્યા ત્યારે આલ્બર્ટના બે સાથીદારો બ્યુશેંપ અને શેટો-રેનો ત્યાં આવી ગયેલા હતા.

મોન્ટે-ક્રિસ્ટોએ નીચે ઊતરી, મૅક્સિમિલિયનને એક બાજુ લઈ જઈને પ્રશ્ન પૂછયો: 'મૅક્સિમિલિયન, તારું હૃદય હજુ મુક્ત છે કે બંધાઈ ચૂકયું છે?'

મૅક્સિમિલિયન નવાઈ પામી કાઉન્ટ સામું જોઈ રહ્યો. કાઉન્ટે તેને કહ્યું, "તારે બીજો કોઈ ભેદ ખોલવાની જરૂર નથી. માત્ર 'હા' કે 'ના' કહીશ તોપણ ચાલશે."

'હું એક સ્ત્રીને પ્રેમ કરું છું, કાઉન્ટ.'

'તું તેને પ્રાણપણે ચાહે છે?'

'મારા જીવનથી પણ વધુ.'

'એક વધુ આશા તૂટી પડી,' કાઉન્ટ બોલ્યો. પછી એક નિસાસા સાથે તે ગણગણ્યો, 'બિચારી હેદી!' હેદી માટે તેમણે મૅક્સિમિલિયનને જ વિચારી રાખ્યો હતો!

મૅક્સિમિલિયન પછી બ્યુશેંપ તરફ વળ્યો અને પૂછવા લાગ્યો, 'આલ્બર્ટ મૉર્સર્ફ તમારી સાથે નથી આવ્યા, ખરું?'

'તેમણે સવારમાં કહેવરાવ્યું હતું કે, તે અમને મેદાન ઉપર જ મળશે.' શેટો-રેનોએ જવાબ આપ્યો.

એટલામાં એક ગાડી આવતી દેખાઈ. પણ તેમાંથી તો ડિબ્રે અને એપિને ઊતર્યા! તેમણે કહ્યું કે, આલ્બર્ટે આજ સવારે અહીં મળવાનો અમને સંદેશો કહાવ્યો હતો. બ્યુશેંપ અને શેટો-રેનો નવાઈ પામી એકબીજા સામે જોવા લાગ્યા. પણ એટલામાં બ્યુશેંપ બોલી ઊઠયો— 'પેલો આલ્બર્ટ આવે! તે મારતે ઘોડે આ તરફ આવતો લાગે છે.'

'પિસ્તોલ વડે દ્વંદ્વયુદ્ધ લડવાનું હોય, ત્યારે ઘોડેસવારી કરીને

આવવાનું હોતું હશે? કેવો મૂર્ખ છે? અને મેં તેને બધી સૂચનાઓ આપી હતી, તોપણ!'

શેટો-રેનોએ હવે કાઉન્ટને આલ્બર્ટ આવ્યાની ખબર કહેવા મૅક્સિમિલિયનને રવાના કર્યો; અને બ્યુશેંપે પિસ્તોલ કાઢી.

'એક મિનિટ થોભો,' આલ્બર્ટે કહ્યું, 'મારે કાઉંટ સાથે બે વાત કરી લેવી છે.'

'ખાનગીમાં?' મૅક્સિમિલિયને પૂછયું.

'ના, ના; સૌની સમક્ષ.'

આલ્બર્ટના સાથીદારો ફરી નવાઈ પામી એકબીજા સામું જોવા લાગ્યા. કાઉન્ટને આલ્બર્ટનો સંદેશો કહેવામાં આવતાં જ તે બોલ્યો, 'મારી સાથે વળી તેને શી વાત કરવાની છે? હું આશા રાખું છું કે, તે કંઈ જંગલીપણું નહિ કરે.'

'મને તેના ઇરાદાની કશી ખબર નથી.' મૅક્સિમિલિયને જવાબ આપ્યો.

થોડી વારમાં સૌ મેદાનની અધવચ ભેગા થયા. આલ્બર્ટે પછી સૌના સાંભળતાં કાઉન્ટ તરફ જોઈને કહ્યું, 'કાઉન્ટ! મારા પિતાનાં ગ્રીસમાંનાં કારનામાં ખુલ્લાં પાડવા બદલ મેં તમને અપરાધી ગણ્યા હતા; કારણ કે, તેમણે ત્યાં ગમે તે કર્યું હોય, પણ તેમને સજા કરવાનો તમને કંઈ જ હક નહોતો. પરંતુ આજે મેં જાણ્યું છે કે, તમને તે સજા કરવાનો હક હતો: અલી પાશાને ફર્નાન્ડ મોન્ડેગોએ દીધેલા દગા બદલ નહીં, પછી માછીમાર ફર્નાન્ડે તમને જે દગો દીધો છે તે બદલ. તેને પરિણામે તમને જે અવર્ણનીય દુ:ખ સહન કરવાં પડયાં છે, તે જોતાં તમે મારા પિતા ઉપર વેર લેવાના પૂરેપૂરા હકદાર હતા એમ હવે હું માનું છું; અને હું તેમનો પુત્ર થઈને કહું છું કે, તમે જેટલું કર્યું છે તેથી વધુ ન કર્યું, એ જ તમારી મોટાઈ છે!'

આ સાંભળનાર સૌ ઉપર વીજળી પડી હોત તોપણ તેઓ વધુ આભા બન્યા ન હોત! કાઉન્ટે આકાશ સામું આંખ ઊંચી કરીને

પરમાત્માનો આભાર માન્યો. આલ્બર્ટનો આ હૃદયપલટો કરવામાં મર્સિડીસનો હાથ તેને ચોખ્ખો દેખાયો. તે બાઈએ પોતાના પતિની — કુળની — ગુપ્ત વાત પોતાના પુત્ર આગળ પ્રગટ કરી દીધી હતી, અને પિતા પ્રત્યે એ જુવાનિયાના અંતરમાં સહેજ પણ સદ્‌ભાવ ન રહે એ જોખમ ખેડયું હતું. એમ કરીને આ દ્વંદ્વયુદ્ધ અટકાવી શકાશે એ ખાતરી હોવાથી જ, તેણે કાઉન્ટ પાસે આલ્બર્ટનું જીવન આગલે દિવસે આટલા બધા આગ્રહથી માગ માગ કર્યું હતું!

૪૦

આત્મહત્યા

ઘેર જઈને આલ્બર્ટે પોતાની બધી ચીજોની યાદી કરી દીધી અને ટેબલ ઉપર ઝટ દેખાઈ આવે તે રીતે દબાવીને મૂકી. ત્યાર બાદ ભીંત ઉપરથી પોતાની વહાલી માતાનું એક મોટું રંગીન ચિત્ર હતું તે ઉતાર્યું, તથા તેને ચોકઠામાંથી કાઢી લઈ તેનો વીંટો કર્યો. એ એક જ વસ્તુ લઈને તે આ ઘરમાંથી હંમેશને માટે નીકળી જતો હતો.

આ બધું પૂરું થઈ રહેવા આવ્યું, તેવામાં ગાડીના ખખડાટ પરથી તેણે જાણ્યું કે તેના પિતા ગાડીમાં બેસીને ક્યાંક બહાર ગયા.

ત્યાર બાદ આલ્બર્ટ પોતાની માતાના ઓરડામાં ગયો. ત્યાં પણ એ જ સ્થિતિ હતી. આલ્બર્ટે માના ગળાની આસપાસ હાથ વીંટાળી દીધા અને પૂછયું, 'મા! તું શું કરે છે?'

'અને તું અત્યાર સુધી શું કરતો હતો, બેટા? હું પણ અહીંથી ચાલી નીકળું છું, અને મારો પુત્ર મને સાથે લઈ જશે, એવી મને ખાતરી છે.'

'પણ મા, હું તો બધું છોડીને જાઉં છું. હું આ ઘરમાંથી કશું લેવાનો નથી. મારું ખાવાનું હું કમાઈ શકું તેવો થાઉં તે પહેલાં એક

નાની સરખી રકમ હું એપિને પાસેથી ઉછીની લેવાનો છું. પણ મારા એ કંગાળ જીવનમાં હું તને ભાગીદાર શી રીતે બનાવી શકું?'

'બેટા, તું ગરીબાઈ અને ભૂખમરામાં જીવન ગુજારવા માગે છે?'

'મા હું હજુ જુવાન તથા શક્તિશાળી છું. દૃઢ ઈચ્છાશક્તિનું બળ શું કરી શકે, તેનો પાઠ હું હમણાં જ શીખ્યો છું. એવા લોકો મારી નજર સામે છે, જેઓએ કલ્પી ન શકાય તેવાં દુ:ખ સહન કરી લીધાં છે; તથા આશા અને ધીરજથી નર્યા ભંગારમાંથી નવી વધુ મોટી ઇમારત ખડી કરી છે. તેમના શત્રુઓએ તેમને જે ઊંડી ખાઈમાં ધકેલી દીધા હતા, તેમાંથી તેઓ એવા તો તાકાત તથા કીર્તિ સાથે પાછા નીકળ્યા છે, કે જેથી તેમના દુશ્મનોને જ ઝાંખા પડવાનો તથા પેલી ખાઈમાં ગબડવાનો વારો આવ્યો છે. આજથી હું મારા ભૂતકાળથી સદંતર છૂટો થાઉં છું. કારણ કે મા, તું સમજી શકશે કે જે માણસને પોતાનું મોં શરમના માર્યા બીજા આગળ છુપાવવું પડે તેમ છે, તેનું નામ હું મારા નામ સાથે જોડી રાખવા માગતો નથી.'

'બેટા, હું પણ જરા વધુ હિંમતવાળી હોત, તો મેં પણ તને એજ સલાહ આપી હોત. બધા પરિચિત મિત્રોથી અત્યારે ભલે તું વિખૂટો પડ; પરંતુ તું હતાશ ન થતો. અને તારા નિર્દોષ હૃદયને નિષ્કલંક નામ જ જોઈતું હોય, તો મારા પિતાનું નામ તું સ્વીકાર. તેમનું નામ હેરીરા હતું. તું જ્યાં હોઈશ ત્યાં એ નામને થોડા વખતમાં ઉજાળીશ, એની મને ખાતરી છે.'

'ઠીક મા, હું એમ જ કરીશ; પણ હવે જો આપણે આપણા નિશ્ચયને કશો દેખાવ ચર્ચા દીધા વિના અમલમાં મૂકવો હોય, તો ઉતાવળ કરવી જોઈએ. કારણ કે, મૉર્સર્ફ હમણાં જ ગાડીમાં બેસી બહાર ગયા છે.'

આલ્બર્ટ તરત એક ગાડી ભાડે કરી લાવ્યો. તે ઘરમાં પેસવા જતો હતો તેવામાં એક માણસ આવી તેના હાથમાં પત્ર મૂકી ચાલ્યો ગયો. આલ્બર્ટે તે પત્ર વાંચ્યો અને પછી લાગણીથી વિવશ બનેલા

હૃદયે તેણે તે પત્ર અંદર આવી પોતાની માતાને આપ્યો. કાઉંટે તેમાં લખ્યું હતું :

"આલ્બર્ટ, મને ખબર પડી છે કે, તું તારી માને સાથે લઈ તારા પિતાનું ઘર છોડે છે. પરંતુ તારી માતાને શરૂઆતમાં જે તકલીફ વેઠવાની થશે, તેનો વિચાર કરજે. આ બધામાં એ વ્યક્તિ જ તેના ઉપર ઘેરાઈ વળેલ દુઃખ માટે જરા પણ જવાબદાર નથી કે લાયક પણ નથી.

"આલ્બર્ટ, ૨૪ વર્ષ અગાઉ હું દેશ પાછો ફર્યો, ત્યારે મારી વિવાહિતા સાથે તરત લગ્ન કરવાના કોડભર્યો આવ્યો હતો. મેં કપરી મજૂરી કરી, લગ્ન વખતે તેને દાપા તરીકે આપવા ૩૦૦૦ ફ્રાંક એકઠા કરી રાખ્યા હતા; અને માર્સેલ્સમાં મારા પિતા રહેતા હતા તે ઘરના નાના બગીચામાં અંજીરના ઝાડના મૂળમાં દાટી રાખ્યા હતા. તે ઝાડ મારા પિતાએ મારા જન્મ સમયે વાવ્યું હતું. તાજેતરમાં હું પૅરિસ આવતાં માર્સેલ્સમાં થઈને પસાર થયો, ત્યારે એ ઘર આગળ જઈ આવ્યો હતો. કારણ કે, મારે મારી ઘણી દુઃખદ સ્મૃતિઓ ત્યાં તાજી કરવી હતી. મેં પેલા ઝાડ આગળ ખોદીને જોયું, તો પેલા પૈસાવાળી પેટી બરાબર સચવાયેલી હતી મારી પાસે અત્યારે કરોડોની મિલકત છે; પરંતુ તેમાંથી તને કે તારી માતાને કાંઈ લેવાની વાત કરીને પણ હું દુઃખી કરવા માગતો નથી. પરંતુ, આલ્બર્ટ, એક જુવાન પ્રેમીએ કાયદેસર રીતે, પોતાની વિવાહિતા માટે જે નાની સરખી રકમ પ્રમાણિક મહેનતથી કમાઈને સાચવી રાખેલી છે, તે રકમ, તું તારી માતાને લેવા દેજે – લેવાનો આગ્રહ પણ કરજે. તને તો હું કશું લેવાનો આગ્રહ કરતો નથી; કારણ કે તારું સ્વમાની સિંહ સરખું હૃદય હું બરાબર પિછાનું છું અને તેની કદર કરું છું."

મર્સિડીસ આ કાગળ વાંચી રહી, એટલે આલ્બર્ટ તેના સામું તેના નિર્ણયની રાહ જોઈ ચૂપ ઊભો રહ્યો. મર્સિડીસે જવાબ આપ્યો, 'મઠમાં જોડાવા માટે જે દ પું જોઈએ, તે આપવાનો એ માણસને હક

છે; હું તેણે આપેલી રકમ સ્વીકારું છું.' આટલું બોલી તે પોતાના પુત્રના હાથનો ટેકો લઈ દાદર ઊતરવા લાગી.

દરમ્યાન, કાઉન્ટ મૉર્સર્ફ સીધો કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટોને ત્યાં જઈ પહોંચ્યો હતો. ત્યાં જઈ, તેણે કાઉન્ટ પાસે તુમાખીથી દ્વંદ્વયુદ્ધની માગણી કરી; તથા આવી રીતે વિના કારણ પોતાની સાથે દુશ્મનાવટ દાખવનાર 'તું ખરેખર કોણ છે અને તને મારી સાથે શી દુશ્મનાવટ છે,' એ જાણવા ઇચ્છા દર્શાવી.

કાઉન્ટે જવાબમાં તરત જ અંદર જઈ પોતાનાં કપડાં દૂર કર્યાં તથા ખલાસીનાં કપડાં પહેરી, તે મૉર્સર્ફ સમક્ષ હાજર થયો.

મૉર્સર્ફ તેને જોતાં જ ચોંકી ઊઠ્યો. તેની આંખ ફાટી ગઈ, અને તે એક ટેબલનો ટેકો લઈ માંડ માંડ ગબડી પડતો અટક્યો. પછી, કબરમાંથી બોલતો હોય તેવા અવાજે બોલ્યો, 'ઍડમંડ ડાન્ટે!'

આટલું બોલી, લથડિયાં ખાતો ખાતો તે એક કારમી ચીસ પાડી પોતાની બહાર ઊભેલી ગાડી તરફ દોડ્યો; અને પોતાના હજૂરિયાના હાથમાં જઈ ગબડી પડ્યો. ત્યાર પછી સમજાય નહિ તેવા શબ્દોમાં તે બોલ્યો, 'મને ઘેર લઈ જાઓ!'

ઘેર પાછો આવી તે પોતાનો દાદર ચડવા જતો હતો, તેવામાં બે જણને દાદર ઉપરથી નીચે ઊતરતાં તેણે જોયાં તરત તે દાદર નીચે ભરાઈ ગયો. મર્સિડીસ અને આલ્બર્ટ દાદર ઊતર્યાં; પછી મર્સિડીસ પોતાની ડોક વાંકી કરી ઉપરની બાજુ નજર નાખવા થોડી થોભી. આલ્બર્ટે ધીમેથી તેને ટકોરી, 'મા, હિંમત રાખો; આ આપણું ઘર નથી!'

થોડી વારે તેઓ ગાડીમાં બેઠાનો અને બારણું વસાયાનો અવાજ આવ્યો. બહારના મોટા દરવાજા આગળ થઈને ગાડી પસાર થતી હતી, તે વખતે જ એક ભડાકો મકાનમાંથી આવતો સંભળાયો; અને તે ભડાકાથી ઉપરના સૂવાના ઓરડાની એક બારીનો કાચ તૂટી પડતાં થયેલા કાણામાંથી ધુમાડાનો એક ગોટો બહાર નીકળ્યો.

કાઉન્ટ મૉર્સર્ફે આત્મહત્યા કરી હતી.

૪૧
વેલેન્ટાઇન આફતમાં

મોન્ટે-ક્રિસ્ટો પાસેથી છૂટો પડયા પછી મૅાક્સમિલિયન વિલે-ફૉર્ટના મકાન તરફ વળ્યો.

વૅલેન્ટાઈને તેને ઊભરાતા હૃદયે આવકાર આપ્યો; તથા જણાવ્યું કે, 'મારું શરીર અહીં ઠીક નથી રહેતું એમ માની, મારા દાદા હવે ઝટપટ ઘર બદલવા માગે છે.'

મૅાક્સિમિલિયને ચિંતામાં પડી જઈને પૂછયું, 'મને પણ લાગે છે કે, તમારી તબિયત છેલ્લાં બેએક અઠવાડિયાંથી બગડતી જાય છે; તમારા દાદાની તે વિષેની ચિંતા બરાબર છે.'

નોઈરટિયરે પ્રશંસાના ભાવથી મૅાક્સિમિલિયન તરફ જોયું. વૅલેન્ટાઈને આગળ ચલાવ્યું, 'પણ મારા દાદા જ આ વખતે મારા દાક્તર બન્યા છે! અને તે મને કઈ દવા આપે છે, જાણો છો? તેમને માટે દાક્તર દ' એવરીની જે દવા મોકલે છે, તેમાંથી તે મને થોડી દવા પાતા જાય છે! પહેલાં એક એક ચમચો, પણ હવે ચાર ચમચા રોજ! મારા દાદા તે દવાને સર્વ રોગો ઉપર રામબાણ દવા માને છે; પણ દુઃખ એટલું જ છે કે, તે દવા પીધા પછી બધી વસ્તુઓમાં જાણે મને એનો જ સ્વાદ આવે છે. જેમ કે, અત્યારે હું ખાંડનું પાણી પીને આવી તોપણ તે મને એટલું કડવું લાગવા માંડયું કે, અર્ધો પ્યાલો પીને જ મારે છોડી દેવું પડયું!'

વેલેન્ટાઈનના આ શબ્દો સાંભળીને નોઈટિયરની આંખો એક-દમ ચિંતાતુર થઈ ગઈ. થોડી વારમાં જ વેલેન્ટાઈનને કંઈક વિચિત્ર

ગભરામણ થવા લાગી. તેણે પૂછ્યું, 'સૂર્યનું તેજ આટલું બધું આંખો ઉપર ક્યાંથી આવ્યું ?'

મૅક્સિમિલિયન બોલી ઊઠ્યો, 'પણ અહીં સૂર્યનું તેજ જ ક્યાં છે!'

પણ એટલામાં મૅડમ ડેન્ગલર્સ અને તેની પુત્રી મૅડમ વિલેફૉર્ટને મળવા આવ્યાં એટલે વેલેન્ટાઇન જરા જોર કરીને ઊઠી તથા તે લોકો પાસે ગઈ.

મૅડમ ડેન્ગલર્સ તે વખતે કહેતી હતી કે, પ્રિન્સ કેવલકેન્ટી સાથે યુજેનીનાં લગ્ન નિરધાર્યાં છે, તેની ખબર સૌથી પહેલી તમને કહેવા હું આવી છું.'

મૅડમ વિલેફૉર્ટે ઘણી ખુશી જાહેર કરી, તથા પ્રિન્સની કહેવાતી 'મબલક' દોલત વિષે સંતોષ જાહેર કર્યો. પરંતુ એટલામાં વેલેન્ટાઇન તરફ મૅડમ ડેન્ગલર્સની નજર પડતાં જ તે બોલી ઊઠી, 'અરે વેલેન્ટાઈન, તારી તબિયત ઠીક નથી કે શું ?'

વેલેન્ટાઇને ફીકું હસીને કહ્યું, 'મને આમ તો કશું થયું નથી, પરંતુ છેલ્લા થોડા દિવસથી કોઈ કોઈ વાર મને આવું થઈ આવે છે ખરું.'

એ સાંભળી મૅડમ વિલેફૉર્ટે તેને પોતાના ઓરડામાં જઈને સૂઈ રહેવા કહ્યું.

વેલેન્ટાઇન ત્યાંથી નીકળી ધીમે ધીમે દાદાના ઓરડાના દાદરા પાસે આવી. પણ તે વખતે જ જાણે તેની આંખો ઉપર એક વાદળ ફરી ગયું અને તે ધબ દઈને ગબડી પડી. મૅક્સિમિલિયને તેને પડતી જોઈ કે તરત તે દોડ્યો અને તેને ઊંચકીને ઉપર લઈ આવ્યો. વેલેન્ટાઈનના મોં સામું જોતાં જ નોઇરટિયર ડોસાની આંખો જાણે મદદ માટે ચીસો પાડવા લાગી. મૅક્સિમિલિયને તેનો અર્થ સમજી જઈ, નોકરોને બોલાવવા ઘંટ વગાડ્યો એક નોકર અને દાસી તરત દોડી આવ્યાં. પણ વેલેન્ટાઇનને મડદાની પેઠે પડેલી જોતાં જ વગર કહ્યે, 'દોડો, દોડો! મદદ, મદદ!' એમ બૂમ પાડતાં બહાર નીકળી ગયાં.

ઘરમાં માણસો કોઈ ગૂઢ કારણે ટપ ટપ મરી જાય છે એવો ભય તે સૌમાં પણ પેસી ગયો હતો.

વિલેફૉર્ટ પોતાના ઓરાડામાંથી એ અવાજ સાંભળી, 'શું છે, શું છે' કરતો દોડી આવ્યો. નોઈરટિયરે કરેલી નિશાની સમજી જઈ, મૅક્સિમિલિયન તે પહેલાં એક પડદા પાછળના ભંડારિયામાં સંતાઈ ગયો.

વિલેફૉર્ટે ઓરડામાં આવી તરત વેલેન્ટાઈનને પોતાના હાથમાં લીધી; તથા દાકતરને જલદી તેડી લાવવા બૂમ પાડી. પણ પછી કંઈક વિચાર આવતાં તે પોતે જ દાકતરને તેડવા દોડયો. મૅક્સિમિલિયન તે તકનો લાભ લઈ પાછળને બારણેથી બહાર નીકળી ગયો. પણ દાકતર એવરીનીને મોંએ મૅડમ સેન્ટ-મેરાનના મૃત્યુ વખતે તેણે સાંભળેલા શબ્દો તેને યાદ આવ્યા; તથા બેરોઈસના મૃત્યુ વખતે પોતે જોયેલાં તેનાં લક્ષણો સરખાવતાં તેને લાગ્યું કે વેલેન્ટાઈનનાં લક્ષણો કંઈક હળવાં હોવા છતાં એકસરખાં જ છે. તે એકદમ ગભરાઈ ગયો. તે સમજી ગયો કે વેલેન્ટાઈનને પણ એ જ ઝેર આપવામાં આવ્યું છે, જેના વડે આ ઘરમાં ઘણાંનું તત્કાળ મોત નીપજ્યું છે. હતાશ થઈ, ગાંડાની પેઠે તે કાઉંટ મોન્ટે-ક્રિસ્ટો પાસે દોડયો. કારણ કે, હમણાં જ દ્વંદ્વયુદ્ધના મેદાનેથી પાછા ફરતાં કાઉંટે તેને કહ્યું હતું કે, 'જયારે કંઈ મોટી મુશ્કેલી આવી પડે, ત્યારે મારી પાસે જરૂર દોડી આવજે; કારણ કે, આ દુનિયામાં હું બીજાઓ કરતાં કંઈક વિશેષ સત્તા ધરાવું છું; અને તે સત્તા મારાં પ્રિયજનો માટે વાપરવાનું મને ગમે છે, તથા તું મારો પ્રિયજન છે.'

કાઉંટે મૅક્સિમિલિયનને આમ અચાનક ગાંડાની માફક દોડી આવેલો જોઈ ગભરાઈને પૂછયું, 'તારે ઘેર સૌ સાજાંનરવાં તો છે ને, ભાઈ?'

મૅક્સિમિલિયને, પહેલાં, કાઉંટના હજૂરિયાને કાનમાં કંઈક કહીને, કાઉંટની રજાથી, બહાર મોકલ્યો; તથા ત્યાર પછી નામ દીધા વિના પોતે એક જણના બગીચામાં છાનામાના સાંભળેલી, મકાનના માલિકને

દાકતરે કહેલી, ઝેરથી થતાં ખૂનની વાત કહી સંભળાવી. તથા તે જ રીતે કુલ ત્રણ મરણ થયા પછી એક વધુ મરણ થવાની તૈયારીમાં છે, તેની વાત કરી.

કાઉંટે જરા હસીને કહ્યું કે, 'તું વિલેફોર્ટના ઘરની વાત કરે છે તે હું જાણું છું. સેન્ટ-મેરાન, તેમનાં પત્ની, અને બુઢ્ઢો બેરોઈસ એ ઝેરથી મરી ગયાં, એ પણ હું જાણું છું. પરંતુ એ ઘરની બાબતમાં તારે કશી ચિંતામાં પડવા જેવું નથી; કારણ કે, એ ઘર ઉપર મૃત્યુ નહિ, પણ ઈશ્વરનો કારમો કોપ તે લોકોનાં કાળાં પાપની સજા આપવા ઊતર્યો છે. હવે કદાચ નોઈરટિયર ડોસાનો કે વેલેન્ટાઈનનો વારો આવ્યો હશે.'

'પણ હું વેલેન્ટાઈનને ચાહું છું! હું તેના વગર મરી જઈશ!' મેકિસમિલિયન ચીસ પાડી ઊઠયો.

'શું કહ્યું?' મોન્ટે-ક્રિસ્ટો એકદમ કૂદીને બોલી ઊઠયો.

'એ જ કે વેલેન્ટાઈનને હું પ્રાણપણે ચાહું છું, અને તમને તથા ઈશ્વરને પગે પડીને અરજ કરું છું કે તેને ગમે તેમ કરીને બચાવો!'

મોન્ટે-ક્રિસ્ટો એક ઘવાયેલા સિંહની પેઠે હુંકાર કરી ઊઠયો, 'શું, એ શાપિત ઘરના સંતાનને તું પ્રેમ કરે છે?'

મેકિસમિલિયને કાઉંટનો ચહેરો આવો થયેલો કદી જોયો ન હતો. તે એકદમ બે ડગલાં પાછો ખસી ગયો. પણ તેના મોં ઉપરથી તેના અંતરની ગંભીર સ્થિતિ કળી જઈને કાઉંટે પોતાનું માથું નીચું નમાવ્યું અને આંખો બંધ કરી દીધી. તેના હૃદયમાં જે જવાળામુખી ઘૂઘવતો હતો, તેના દાહક ઉછાળાને તે દબાવવા પ્રયત્ન કરી રહ્યો હતો.

થોડી વાર બાદ તેણે આંખો ઉઘાડી; પછી શાંત અવાજે તે બોલ્યો: 'ખરેખર, ઈશ્વર માણસની નજર સમક્ષ જે ભયંકર દૃશ્યો રજૂ કરે છે, તે તરફ બેદરકાર રહેનારને ઈશ્વર સજા કરે છે જ. માણસો એકબીજા પ્રત્યે જે પાપ આચરી રહ્યા હતા, તે તરફ હું યમરાજના

દૂતની માફક હસતો હસતો જોઈ જ રહ્યો હતો; પરંતુ હું જે સાપણની રમત નિરાંતે જોઈ રહ્યો હતો, તેણે મને જ ડંખ માર્યો છે!'

મૅક્સિમિલિયને ઊંડો નિસાસો નાખ્યો.

કાઉંટે તેના માથા ઉપર હાથ મૂકીને કહ્યું, 'જો વેલેન્ટાઈન હજુ સુધી મૃત્યુ નહિ પામી હોય, તો તે નહિ મરે. તું તારી મેળે ઘેર જા. હું પછી તને ખબર કહેવરાવીશ.'

'પણ તમારી સત્તા શું મૃત્યુ ઉપર પણ ચાલે છે? તમે માણસ કરતાં વિશેષ છો?'

કાઉંટે મૅક્સિમિલિયન સામે ખિન્ન માયાળુ નજરે જોયું અને કહ્યું, 'હું ઘણું ઘણું કરી શકું તેમ છું; પણ અત્યારે હવે મારે એકલા રહેવાની જરૂર છે. તું જા, અને ધીરજ રાખ તથા આશા રાખ!'

મૅક્સિમિલિયન તેમ છતાં કાઉંટના નોકરને પાછા ફરવાની રાહ જોઈ થોડી વાર બારણા પાસે થોભ્યો. તે નોકર દોડતો દોડતો ઘર તરફ આવતો હતો.

દરમ્યાન વિલેફૉર્ટ દાકતરને લઈને પાછો ફર્યો હતો. દાકતરે કાળજીથી વેલેન્ટાઈનનું શરીર તપાસ્યું. ત્યાર પછી ધીમેથી તે બોલ્યો, 'તે હજુ જીવે છે!'

'હજુ જીવે છે? એનો શો અર્થ?'

'એનો અર્થ એ જ કે, તે હજુ જીવે છે એ ભારે નવાઈની વાત છે.'

'પણ તમે તેને બચાવી શકશો કે નહીં?'

'હા; બચાવી શકીશ. કારણ કે, તે હજુ મરી નથી ગઈ.' દાકતર આ શબ્દો બોલ્યા તે વખતે તેમની નજર નોઈરટિયર ઉપર પડી. તેમની આંખો ભારે આનંદ તથા અનેક વિચારોથી જાણે ઊભરાતી હતી. દાકતરને તેથી નવાઈ લાગી. તેમણે વિલેફૉર્ટને વેલેન્ટાઈનની દાસી વગેરેને બોલાવવા કહ્યું.

વિલેફોર્ટ તેમને બોલાવવા જાતે દોડયો, તેવામાં દાકતરે નોઇરટિયર પાસે જઈને ઝટપટ પૂછી લીધું,

'તમે મને કંઈક કહેવા માગો છો ?'

'હા, હા, હા, હા,' ડોસાની આંખોએ જવાબ આપવા માંડયો.

'મને એકલાને જ ?'

'હા, હા,'

'ઠીક, હું તમારી પાસે રહીશ.'

વિલેફોર્ટ એટલામાં દાસી વગેરેને લઈને આવ્યો. દાકતરે વેલેન્ટાઇનને તેના ઓરડામાં તેની પથારી ઉપર લઈ જવા જણાવ્યું; પણ પોતાની રજા સિવાય તેના મોંમાં કશું જ ન રેડવા તાકીદ આપી. પછી પેલાં બધાં વેલેન્ટાઇનને ઊંચકી જતાં હતાં ત્યારે દાકતરે વિલેફોર્ટને જાતે દવાવાળાને ત્યાં જઈ અમુક દવા તૈયાર કરાવી લાવવા કહ્યું, તથા તે દવા બીજા કોઈના હાથમાં આપ્યા વિના સીધી પોતાને જ લાવીને આપવા કહ્યું.

વિલેફોર્ટ દાકતરની એ સૂચનાઓનો મર્મ સમજી ગયો અને જલદી જલદી દવાવાળાને ત્યાં દોડયો.

દાક્તરે ત્યાર બાદ બારણું બંધ કરી નોઇરટિયરને પૂછવા માંડયું, 'તમે તમારી પૌત્રીની બીમારી વિષે કંઈ જાણો છો ?'

'હા.' ડોસાની આંખોએ જવાબ આપ્યો.

'તમે બેરોઇસને મરતો જોયો હતો; તમે તેનું મોત કુદરતી રીતે થયેલું માનો છો ?'

'ના, ના, ના !'

'તો તેને ઝેર આપવામાં આવ્યું હતું તેમ તમે માનો છો ?'

'હા.'

'તે ઝેર તેને માટે જ હતું ?'

'ના.'

'વેલેન્ટાઇનને પણ તે જ હત્યારાએ ઝેર દીધું છે ?'

'હા.'

'તો વેલેન્ટાઈન પણ મરી જશે ?'

'ના, ના, ના !'

'તો શું હત્યારો તેના પ્રયત્ન છોડી દેશે ?'

'ના.'

'તો શું વેલેન્ટાઈન ઉપર એ ઝેર અસર નહિ કરે, એમ તમે માનો છો ?'

'હા.'

'શાથી ?'

ડોસાએ જવાબમાં અમુક દિશા તરફ નજર ફેરવી. દાકતરે ત્યાં જોયું તો પોતે જ ડોસા માટે મોકલેલી દવાની શીશી પડેલી હતી. તરત જ દકતરને એક વિચાર સ્ફુરી આવ્યો.

'તમે શું વેલેન્ટાઈનને એ ઝેર થોડું થોડું આપીને, તેના શરીરને એ ઝેર સામે તૈયાર કરવા માંડયું હતું ?'

'હા, હા, હા !' ડોસો પોતાની વાત સમજાયાથી આનંદમાં આવી ગયો.

'ઠીક, ઠીક; નહીં તો કયારની વેલેન્ટાઇન મરી જ ગઈ હોત. ઝેરનો હુમલો ભારે હતો; પણ આ વખતે તો તે બચી જશે, એમ લાગે છે.'

તેવામાં વિલેફોર્ટ દવા લઈને પાછો આવ્યો. દાકતરે તે દવા થોડી હથેલીમાં લઈને ચાખી જોઈ. પછી તેઓ બંને વેલેન્ટાઈનના ઓરડા તરફ ચાલ્યા.

દરમ્યાન વેલેન્ટાઈનના મકાનને અડીને આવેલું મકાન ઈટાલીનો કોઈ પાદરી ભાડે રાખી રહ્યો હતો. બે કલાક બાદ તે મકાનના ત્રણે ભાડવાતો મકાન ખાલી કરી ગયા. ચારે બાજુ અફવા એવી હતી કે, એ મકાનનો પાયો જોખમાયો હતો, અને મકાનને તરત સમારકામની જરૂર હતી. તેમ છતાં નવો ભાડવાત તો તે જ દિવસે પોતાનો સામાન્ય

સરસામાન લઈને રહેવા આવી જ ગયો. તેણે છ મહિનાનું ભાડું અગાઉથી આપી દીધું હતું અને તેનું નામ એબ બુસોની હતું.

તે જ રાતે કડિયા-કારીગરોએ એ મકાનનું સમારકામ શરૂ કરી દીધું.

૪૨
એન્ડ્રિયાનું લગ્ન

ત્રણ દિવસ બાદ રાતના સાડા આઠના સુમારે ડેન્ગ્લર્સને ત્યાં યુજેની અને એન્ડ્રિયાના લગ્નના કરારો ઉપર સહી કરવાનો વિધિ થતો હતો. ઘણાય સદ્ગૃહસ્થો અને સન્નારીઓ આ વખતે ખાસ હાજર હતાં; કારણ કે આ વર-વહુને દાપામાં લાખોની મિલકત મળવાની વાતો ચાલતી હતી.

એન્ડ્રિયા બરાબર બનીઠનીને સૌની સાથે હસી લળીને વાતો કરતો હતો. વર્ષે દહાડે પોણાબે લાખ ફ્રાંકની આવક સાથે પૅરિસમાં કેવી રીતે મોજશોખથી જીવવું, તેની ચર્ચા પણ તેણે એકાદ મિત્ર સાથે કરી લીધી.

કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો તે ઓરડામાં દાખલ થયો, ત્યારે પોશાક, જવાહિર, સુગંધ અને સૌંદર્યનો એ સાગર જાણે ઘડીભર એની આસપાસ વીંટળાઈ વળ્યો. કાઉંટ વિષે પણ પૅરિસના સન્નારી-સમાજમાં અજાયબીભરી વાતો પ્રચલિત હતી. કાઉંટ પ્રથમ મૅડમ ડેન્ગ્લર્સને મળ્યો; પછી યુજેનીને. યુજેની સાથે તેની સંગીત-શિક્ષિકા લૂઈ દ' આર્મિલી હતી. તે થોડા વખત પહેલાં કાઉંટ પાસે રોમ અને નેપલ્સનાં કેટલાંક જાણીતાં થિયેટરો ઉપર કેટલાક ભલામણપત્રો લખાવી ગઈ હતી. કારણ કે, યુજેની પરણી જાય એટલે આપોઆપ તેને બીજે નોકરી શોધવી પડે તેવું જ થાય. ડેન્ગ્લર્સે પોતે આગળ આવી કાઉંટ સાથે હાથ મિલાવ્યા. એન્ડ્રિયા પણ સામો આવી 'જય' 'જય' કરી ગયો.

કન્યાને જે જર-જવાહિર મળ્યું હતું કે આપવાનું હતું, તે એક ઓરડામાં સૌને જોવા ખુલ્લું મૂકયું હતું. તે જોઈને સૌ જુવાન હૃદયો પ્રશંસા અને અદેખાઈથી મૂઢ બની ગયાં. પરંતુ દસ્તાવેજ લખનારાઓએ જ્યારે પહેરામણીની રકમો બોલવા માંડી, ત્યારે તો એ આખી મંડળીમાં એક પ્રકારનો સન્નાટો છવાઈ ગયો. એન્ડ્રિયા ઉપર તો તેના જુવાન મિત્રોએ ધન્યવાદ અને પ્રશંસાનો વરસાદ વરસાવી દીધો.

દસ્તાવેજ ઉપર સહીઓ કરવાનું શરૂ થતાં પ્રથમ ડેન્ગલર્સે સહી કરી. પછી એન્ડ્રિયાના પિતા મેજર કેવલકેન્ટીના પ્રતિનિધિએ સહી કરી. પછી મૅડમ ડેન્ગલર્સનો સહી કરવાનો વારો આવ્યો ત્યારે તે મૅડમ વિલેફૉર્ટ સાથે આગળ આવી. અને પોતાના પતિને કહેવા લાગી, 'જુઓ ને, વિલેફૉર્ટ મહાશયને અત્યારે જ એક અગત્યના કામ માટે ગેરહાજર રહેવું પડયું છે. અને એ કામ કયું એ જાણો છો? કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટોને ઘેર જે ચોરી તથા ખૂનનો કિસ્સો થયો છે, તેનો એક અણધાર્યો ફણગો ફૂટી નીકળ્યો છે.'

મોન્ટે-ક્રિસ્ટો પોતાનું નામ બોલાયેલું સાંભળી આગળ આવ્યો અને કહેવા લાગ્યો: 'વિલેફૉર્ટ મહાશયની ગેરહાજરીનું કદાચ હું જ અજાણમાં નિમિત્ત બની ગયો છું.'

મૅડમ ડેન્ગલર્સ સહી કરતાં કરતાં બોલી: 'એમ જ હશે, તો કાઉન્ટ, યાદ રાખજો, હું તમને કદી માફ નહીં કરું!'

કાઉન્ટ જરા મનાવવાની ઢબે હસીને બોલ્યો: 'બાનુ, વાત એમ બની હતી કે, મારા ઘરમાં ચોરી કરવા પેઠેલા ઘરફાડુને તેના સાથીદારે જ છરી ખોસી દીધી હતી. તે વખતે પેલાને બચાવવાનો પ્રયત્ન કરવા માટે તેનાં કપડાં કાઢી નાખવાં પડયાં હતાં તે કપડાં એક ખૂણામાં પડયાં હતાં. પછી પોલીસો તેનો કોટ અને લેંઘો લઈ ગયા, પણ વાસ્કેટ જરા આઘોપાછો પડયો હશે એટલે નજર બહાર રહી ગયો.'

એન્ડ્રિયા આટલું સાંભળતાંવેંત બારણા તરફ સરકવા લાગ્યો.

'હવે, લોહીના ડાઘવાળો એ વાસ્કેટ આજે અચાનક મારા હાથમાં આવ્યો. બરાબર છાતીના ભાગ ઉપર તેમાં કાણું પડેલું હતું. વાસ્કોટ કોનો હતો એ કોઈ જાણતું ન હતું. મારી પાસે નોકરો એ વાસ્કોટ લાવ્યા, ત્યારે તરત મને ખ્યાલ આવ્યો કે એ પેલા મરી ગયેલા માણસનો હશે. મારા નોકરે તેનાં ખિસ્સાં ફંફોસ્યાં તો અંદરથી એક કાગળ નીકળ્યો. એ કાગળ ઉપર બૅરન ડૅન્ગલર્સનું સરનામું કરેલું હતું.'

'મારું સરનામું ?' ડૅન્ગલર્સ બોલી ઊઠયો.

'હા જી; પછી એ કાગળ તથા વાસ્કોટ તો કેસને લગતી મુદ્દાની બાબતો ગણાય, એટલે મેં વિલેફૉર્ટ સાહેબ ઉપર મોકલી આપ્યા. અને આવા ફોજદારી મામલામાં તો એવો બધો માલ પોલીસને સોંપી દેવો એ જ ડહાપણ કહેવાય. કારણ કે, એ કાગળમાં કદાચ કંઈ કાવતરું જ હોય !' એન્ડ્રિયા હવે કાઉન્ટ તરફ એક તીક્ષ્ણ નજર નાખી, ઝટપટ ઓરડા બહાર સરકી ગયો.

'હા, એમ પણ બનવાનો સંભવ છે. કારણ કે જેનું ખૂન થયું હતું તે માણસ એક નાસી છૂટેલો ગુનેગાર હતો, ખરું ?'

'હા; તેનું નામ કેડરો હતું.'

ડૅન્ગલર્સ જરા ચમકયો. એન્ડ્રિયા હવે બીજો ઓરડો ઓળંગીને છેક આગળના ઓરડામાં આવી ગયો.

'પરંતુ તમે સૌ દસ્તાવેજ ઉપર સહી કરવાનું કામ પતાવો ને ! મારી વાતે બધાંને વ્યગ્ર કરી મૂકયાં છે. મને માફ કરશો !' કાઉન્ટે કહ્યું.

હવે સહી કરવાનો એન્ડિયાનો વારો હતો એટલે તેનું નામ પોકારવામાં આવ્યું. પણ કોઈ આગળ ન આવ્યું.

'અરે. હમણાં તો પ્રિન્સ અહીં જ હતા; કયાં ગયા ? જાઓ, જરા બહાર જઈ તેમને ઝટપટ બોલાવી લાવો.' ડૅન્ગલર્સે કહ્યું.

પણ એટલામાં તો કોઈ એક રાક્ષસ પાછળ પડયો હોય એમ એક ટોળું ગાભરું ગાભરું વચલા ઓરડામાં દાખલ થયું. અને ગભરાઈ

જવાય એવી જ બાબત હતી! એક પોલીસ ઇન્સ્પેક્ટરે દરેક ઓરડાને બારણે બબ્બે પોલીસ ગોઠવી દીધા હતા, અને તે પોતે હવે ડેન્ગલર્સ તરફ આગળ આવવા લાગ્યો હતો.

મૅડમ ડેન્ગલર્સ તો ચીસ પાડીને બેભાન જ થઈ ગઈ; અને ડેન્ગલર્સ પોતે પણ મડદા જેવો ફીકો પડી ગયો. એ જાતના લોકો હંમેશાં કોઈ અણધારી આપત્તિ કે કાવતરાના ડરમાં જ રહેતા હોય છે.

'તમો સૌમાં ઍન્ડ્રિયા કેવલકૅન્ટી નામ કોનું છે?' ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

સૌ નવાઈ પામી આમતેમ નજર કરવા લાગ્યાં.

'પણ ઍન્ડ્રિયા કેવલકૅન્ટી કોણ છે?' ડેન્ગલર્સે અર્થ વિનાનું જ પૂછી નાખ્યું.

'તે ટુલોંના જેલખાનામાંથી નાસી છૂટેલો ગુનેગાર છે; અને તેણે કેડરો નામના બીજા નાસી છૂટેલા ગુનેગારનું ખૂન કર્યું હોવાનો તેના ઉપર આરોપ છે.'

મોન્ટે-ક્રિસ્ટોએ આસપાસ નજર કરી. ઍન્ડ્રિયા અલોપ થઈ ગયો હતો.

થોડી વારમાં તો ડેન્ગલર્સનું ઘર જાણે પ્લેગનો ઉંદર પડયો હોય તેમ ખાલી થઈ ગયું. ડેન્ગલર્સ પોતાના દીવાનખાનામાં બેઠો બેઠો ઇન્સ્પેક્ટરને પોતાનું નિવેદન લખાવવા લાગ્યો. મૅડમ ડેન્ગલર્સ પોતાના ઓરડામાં ધ્રૂજતી ધ્રૂજતી પેસી ગઈ.

યુજેની પણ પોતાની સહચરી આર્મિલી સાથે પોતાના ઓરડામાં આવી. પોતાની આ કારમી ફજેતીથી તેને બહુ લાગી આવ્યું હતું. આલ્બર્ટ તો તેને ગમતો જ ન હતો; એટલે તેની સાથેનો વિવાહ તૂટયો તે તો તેને મનગમતી જ વાત થઈ હતી. પરંતુ પછી પાછું તેના પિતાએ મેજર કેવલકૅન્ટીની મૂડી મેળવવાના લોભમાં પોતાનું લગ્ન ઍન્ડ્રિયા સાથે ગોઠવ્યું, ત્યારે તો તેને ઓલામાંથી ચૂલામાં પડવા જેવું જ લાગ્યું હતું. પોતાના બાપને તેણે લગ્ન જ ન કરવાનો તથા સંગીત-

કળાની સેવામાં જ જીવન પૂરું કરવાનો નિશ્ચય વારંવાર જણાવ્યો હતો. પરંતુ ડેન્ગલર્સને તાજેતરમાં ઉપરાઉપરી કાચી પડવા માંડેલી પરદેશની પેઢીઓને કારણે ભારે ખોટ આવી ગઈ હતી; અને તેની આંટ પણ તૂટવા લાગી હતી. તેને રેલવેના ધંધામાં પડવાનો નવો તુક્કો સૂઝ્યો હતો; પણ અત્યારે તેની તૂટતી આંટ વખતે તેને કોઈ પૈસા ધીરે તેમ ન હતું. એન્ડ્રિયાને લગ્ન વખતે તેના પિતા તરફથી ૩૦ લાખ ફ્રાંક મળવાના હતા; અને એ પૈસા એન્ડ્રિયા પોતાના સસરા ડેન્ગલર્સને એ ધંધામાં રોકવા માટે આપવાનો છે એવી વાત બહાર ફેલાવા માંડી હોવાથી, આ લગ્ન થાય તો તેને ફરી પગભર થતાં વાર લાગે તેમ ન હતું. આમ હોવાથી ડેન્ગલર્સ યુજેની ઉપર લગ્નનું દબાણ લાવ્યા કરતો હતો.

પરંતુ હવે આ ફજેતીનો બનાવ બન્યો, એટલે યુજેની પોતાના નિશ્ચયમાં વધુ મક્કમ બની, અને તેને એક વધુ બહાનું પણ મળ્યું. પરંતુ મોડાવહેલા તેના ઉપર પિતા તરફથી બીજે ક્યાંક લગ્નનું દબાણ થવાનું જ, એની તેને ખાતરી હોવાથી, તેણે ઘર છોડી, ગુપચુપ, પોતાની સાહેલી સાથે ઇટાલી ચાલ્યા જવાનો વિચાર કર્યો. અને તે જ રાતે ટ્રંકમાં પોતાની પાસેના ૪૫ હજાર ફ્રાંક તથા જોઈતાં કપડાંલત્તાં તથા સરસામાન લઈને તે આર્મિલી સાથે ચાલી નીકળી.

આ તરફ એન્ડ્રિયા, પોલીસો આવીને બધાં બારણાં રોકી લે તે પહેલાં, જોવા મૂકેલા જર-ઝવેરાતમાંથી હીરા વગેરેના કીમતી દાગીના ઉપર મરાય તેટલો હાથ મારી, એક બારીએથી કૂદકો લગાવીને બહાર નીકળી ગયો, અને પછી ભાડાની ગાડીમાં બેસી પૅરિસ બહાર ઘોડાવેગે નાસી છૂટ્યો

મોડી રાતે એક ગામ આવતાં, ઘોડાગાડીને પાછી વિદાય કરી, પગે ચાલતો તે એક વીશીમાં જઈ પહોંચ્યો અને એક ઓરડી ભાડે રાખી, નિરાંતે ખાઈ-પીને સૂઈ ગયો. પીછો કરનારાઓને તેણે આડા-અવળા રસ્તા વટાવી પૂરતી થાપ આપી છે, એમ તેને લાગતું હતું.

તથા એક વાર ફ્રાંસની બહાર નીકળી ગયા પછી, પોતે ઉઠાવી આણેલા ઝવેરાતથી બહુ સુખે જિંદગી વિતાવી શકાશે, એવી તેને નિરાંત હતી.

બીજે દિવસે વહેલી સવારે આગળ નીકળી જવાની જરૂર તો હતી જ; કારણ કે તેને પકડવા માટે પોલીસો ચોતરફ દોડાદોડ કરી મૂકવાના કે નાકાંએ ખબર પહોંચાડી દેવાના, એની તેને ખાતરી હતી. પરંતુ થાક અને ચિંતાનો માર્યો તે બીજી સવારે જરા મોડો ઊઠ્યો. પછી જવા તૈયાર થઈ તેણે બહાર ડોકિયું કર્યું, તો ચારે તરફ પોલીસો!

હવે, બહાર જવાય તેવું તો રહ્યું નહિ, એટલે તે પોતાની ઓરડીના ધુમાડિયામાં કોણી અને ઢીંચણને જોરે અધ્ધર ચડવા લાગ્યો; તથા થોડી વારે છાપરા ઉપર બહાર નીકળી ગયો. પોલીસોએ તેની ઓરડીમાં તેને ન જોયો એટલે ધુમાડિયામાં તે ભરાયો હોય એમ માની ઘાસ સળગાવી જોયું. પછી તેઓ છાપરે તપાસ કરવા ઉપર ચડયા. એન્ડ્રિયા તરત બીજી એક ઓરડીના ધુમાડી વગરના દેખાતા ધુમાડિયામાં પેસી ગયો અને ધીમે ધીમે અંદર ઊતરવા લાગ્યો. તેના મનમાં એમ હતું કે એ ધુમાડિયું કોઈ ખાલી અને બંધ ઓરડીનું જ હોવું જોઈએ. પણ અધવચ આવ્યો ત્યારે સમતુલા ન રહેવાથી તે જોરથી નીચે લપસી પડયો. તેના મેસવાળા વિચિત્ર દેદાર જોઈ, એ ઓરડીમાં ગઈ રાતે આવીને ઊતરેલી બે સ્ત્રીઓએ બીનીને બુમરાણ મચાવી મૂક્યું.

એ બંને સ્ત્રીઓ બીજી કોઈ નહિ પણ યુજેની અને આર્મિલી જ હતી. પોલીસોએ તરત અંદર આવી એન્ડ્રિયાને પકડી લીધો.

થોડી વારે એન્ડ્રિયાએ હાથકડી પહેરીને ફરી પૅરિસ તરફ મુસાફરી શરૂ કરી; તથા યુજેની અને આર્મિલીએ આગળ બેલ્જિયમ તરફ.

૪૩
વેલેન્ટાઇનનું મૃત્યુ

વેલેન્ટાઈન હજુ સાજી થઈ નહોતી. તેની પથારી પાસે આવીને મૅડમ વિલેફૉર્ટ તાજેતરમાં ૅન્ગલર્સ વગેરેને ત્યાં બનેલી વાતો સંભળાવી ગઈ; તોપણ તેના બીમાર મગજમાં એ વાતોની કશી ખાસ અસર ન થઈ. દિવસ દરમ્યાન તેના દાદા રાત થતા સુધી તેની ઓરડીમાં પથારી પાસે બેસી રહેતા. સાંજે આઠ વાગ્યે દાક્તર દ' એવરીની આવતા અને વેલેન્ટાઈનની દવા લાવતા. પછી વેલેન્ટાઈન રાતના દશ-અગિયારે ઊંઘી જાય ત્યાં સુધી દાક્તરે પસંદ કરેલી નર્સ તેની પાસે રહેતી.

મૅકિસમિલિયન રોજ સવારે ડોસા પાસે આવી વેલેન્ટાઈનના સમાચાર જાણી જતો. મોન્ટે-ક્રિસ્ટોએ તેને ખાતરી આપી હતી કે, બે કલાકમાં જો વેલેન્ટાઈન નહીં મરે, તો તે જરૂર જીવી જશે; અને હવે તો ચાર દિવસ થઈ ગયા હતા.

ઊંઘમાં પણ વેલેન્ટાઈનનું મગજ ઘૂમરાયેલું જ રહેતું. તેને પોતાના ઓરડામાં છાનામાના કેટલાય ઓળાઓ ફરતા દેખાતા; કોઈ વાર મૅકિસમિલિયન તો કોઈ વાર મૅડમ વિલેફૉર્ટ, તો કોઈ વાર જાણે કોઈ અજાણ્યું પણ કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો જેવું! સવારના ત્રણ કે ચાર સુધી આવા બધા આભાસો તેને દેખાયા કરતા; ત્યાર પછી તે ગાઢ નિદ્રામાં પડી જતી.

યુજેનીના ભાગવાના અને એન્ડ્રિયાના પકડાવાના સમાચાર તેણે જે સવારે સાંભળ્યા, તે રાતે વેલેન્ટાઈનના ઓરડામાં નવાઈનો બનાવ બન્યો. દશ મિનિટ પહેલાં જ નર્સ બધું ઢાંકી-ઢબૂડીને બહાર સૂવા ચાલી ગઈ હતી, અને વેલેન્ટાઈનને રાતના તાવનું ઘેન રોજની પેઠે

ચાલુ થયું હતું. તેટલામાં તેણે દીવાના ઝાંખા પ્રકાશમાં જોયું કે તેના ઓરડાને અડીને આવેલા તેની લાઇબ્રેરીના ઓરડાનું બારણું ધીમેથી ઊઘડયું. વેલેન્ટાઈને બીજે વખતે તો તરત ઘંટનું દોરડું ખેંચી મદદ બોલાવી હોત, પરંતુ તેણે માન્યું કે રોજરોજ એવા ઓળા દેખાય છે અને અલોપ થાય છે તેવું જ આ કંઈક છે.

વેલેન્ટાઇને વિચાર્યું કે આવા બધા દેખાવો શાંત કરવાનો રસ્તો દાકતરે ટેબલ ઉપર મુકાવેલી ઊંઘની દવા પી લેવાનો છે. તેથી તેણે તે પ્યાલા તરફ હાથ લંબાવ્યો. પરંતુ નવાઈની વાત! પેલો ઓળો એકદમ પાસે ધસી આવ્યો; તેણે પેલો પ્યાલો વેલેન્ટાઇનના હાથમાંથી લઈ લીધો; દીવા સામે ધરીને તપાસ્યો; અને પછી થોડી દવા હથેળીમાં લઈ ચાખી જોઈ. ત્યાર બાદ એ ઓળાએ ધીમેથી કહ્યું: 'હવે પી!'

વેલેન્ટાઇન હવે ચમકી. જે ઓળા તે રોજ રાતે જોતી, તે કદી બોલતા નહિ! તે ચીસ પાડવા ગઈ, પણ પેલા ઓળાએ પાસે આવી કાંઈ બૂમ ન પાડવાની તેને નિશાની કરી. વેલેન્ટાઇન તરત ગણગણી: 'ઓહો! કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો વળી!'

કાઉંટે ધીમેથી કહ્યું, 'તું બૂમ પાડીને કોઈને ન બોલાવીશ. હું મૅક્સિમિલિયનના કહ્યાથી તારા રક્ષણ માટે અહીં આવ્યો છું. ચાર રાતથી હું એક ઘડી ઊંઘ્યો નથી. તારી લાઇબ્રેરીની ભીંત જે ઘરને અડે છે, તે મેં ભાડે રાખ્યું છે; અને પુસ્તકોના કબાટ પાછળ એક બારણું મેં પાડયું છે, ત્યાંથી આવજા કરી હું તારા ઓરડામાં રાતે કોણ આવે–જાય છે, તથા તારા માટે રાતે પીવાની જે ચીજો મુકાય છે તે કેવી હોય છે, તેની સંભાળ રાખું છું. જ્યારે તારે પીવાની ચીજમાં ઝેર ભેળવેલું મને લાગે છે, ત્યારે અત્યારે આવ્યો તેમ આવી, હું તે પ્યાલો ઢોળી દઉં છું અને તેને બદલે તને શાંતિ આપે તેવી બીજી દવા રેડી જાઉં છું.'

'ઝેર! મારી પીવાની ચીજમાં?'

'જોજે બૂમ પાડી ઊઠતી! અત્યારે હવે હું તને થોડી દવા પિવરાવું છું તે પી લે; પછી આખી રાત આજે કશું ભૂલથી પણ ન પીતી. આ દવાથી આજે તારું મગજ જરા શાંત રહેશે. પેલો ખૂની તારા પ્યાલામાં ઝેર રેડી જાય છે, ત્યારે તે પ્યાલો હું ઢોળી જાઉં તે પહેલાં તું પી ન લે, તે માટે મારે કેટલી બધી ચિંતા રાખવી પડે છે!'

'પણ જો તમે એ ઝેર રેડનારને જોયો છે, તો તે કોણ છે, તે મને કહો.'

'રાતે કોઈને તેં તારા ઓરડામાં આવતું નથી જોયું?'

'હા, હા; મેં ઘણા ઓળાઓ આવતા-જતા જોયા છે. પણ હું માનતી કે, એ બધી મારા તાવની ભ્રમણાઓ છે.'

'જો ત્યારે; તે કોણ છે, તેની તને હમણાં જ ખબર પડશે; પણ તું ખૂબ ઊંઘમાં હોવાનો દેખાવ કરજે, તથા ભૂલેચૂકે પણ જરાય હાલીશ નહિ. નહિ તો એ ખૂની પોતે પકડાઈ ગયાની બીકે, હું તને બચાવું તે પહેલાં જ તને મારી નાખશે.'

પણ એટલામાં તો આસપાસ કંઈક અવાજ બંભળાયો એટલે વેલેન્ટાઇને જ કાઉંટને જલદી જલદી ચાલ્યા જવાનું કહ્યું. મધરાતના ટકોરા સંભળાયા. વીસ મિનિટ વીતી ગઈ. ત્યાર બાદ લાઇબ્રેરીના બારણા ઉપર કાઉંટે કરેલા ઘસરકા વેલેન્ટાઇને સાંભળ્યા; જાણે કાઉંટ સૂચવતો હોય કે, સાવધાન! તારો ખૂની આવે છે!

અને ખરેખર, વેલેન્ટાઇનના ઓરડાને અડીને આવેલા એડવર્ડના ઓરડાનું બારણું ધીમેથી ઊઘડ્યું અને તેમાં થઈને મૅડમ વિલેફૉર્ટ આ ઓરડામાં દાખલ થઈ.

તેણે બહુ ધીમેથી આવી, વેલેન્ટાઇનની આંખો સામું નજર કરી જોઈ, તથા ધીમેથી તેને બોલાવી પણ જોઈ. પરંતુ કશો જવાબ ન મળ્યો, એટલે તેને બરાબર ઊંઘેલી માની, મૅડમે તેના પીવાના પ્યાલામાં કશુંક રેડ્યું. તે વખતે વેલેન્ટાઇને આંખો ઉઘાડી તેને બરાબર જોઈ લીધી. પછી મૅડમ ધીમે ધીમે પાછી ચાલી ગઈ અને બારણું બંધ

થયું. થોડી વાર બાદ કાઉંટે લાઇબ્રેરીના બારણા ઉપર ધીમેથી ઘસરકા કર્યા. વેલેન્ટાઇને ડોકું ઊંચું કર્યું, એટલે કાઉંટ અંદર દાખલ થયો.

'કેમ, તારા ખૂનીને જોઈ લીધો?' આમ કહી, તેણે પેલો પ્યાલો ઉપાડયો, તથા તેમાંનું પ્રવાહી થોડું ચાખી જોયું.

'ઠીક, આજે ધંતૂરાનું ઝેર નથી, આજે બીજું ઝેર છે; પણ હું તેને બરાબર ઓળખું છું. જો તેં આમાંથી થોડું પણ આજે પીધું હોત, તો તારું આવી જ બન્યું હોત!'

'બાપ રે! પણ તે મને શા માટે મારી નાખવા માગે છે?'

'કેમ વળી! તું પૈસાદાર છે; તું મરી જાય તો જ તારી બધી મિલકત તેના છોકરાને મળે! શ્રીમાન અને શ્રીમતી સેન્ટ-મેરાનને મારી નાખવામાં આવ્યાં, જેથી તેમનો વારસો તને મળે. તેમ જ નોઈરટિયર ડોસાએ જ્યારે તને પોતાની વારસદાર ઠરાવી, ત્યારે તેમને પણ ઝેર આપવામાં આવ્યું. જોકે તે ઝેરથી બિચારો બેરોઈસ માર્યો ગયો. હવે તારો વારો છે!'

'મારા દાદાને મારવાનું હવે તેણે પડતું મૂકયું છે?'

'તું મરે, તો તેમની મિલકત પણ તારા ભાઈને જ કુદરતી રીતે મળે; એટલે હવે તેમને મારવાનું જોખમ ખેડવું નકામું ગણાય.'

'તો તો હવે વહેલામોડા મારે મરવું જ પડશે! ઓ મા!'

'નહિ, નહિ; હવે એ ખૂની અને તેનો હેતુ આપણે જાણી લીધાં છે, એટલે આપણે ધારીએ તો તેની બધી બાજી ઊંધી વાળી શકીએ તેમ છીએ. પણ બોલ, તને મારામાં વિશ્વાસ છે? હું જે કંઈ કરું તેમ તું કરવા દેશે?'

'હા કાઉંટ! હવે મને તમારામાં પૂરેપૂરો વિશ્વાસ છે. મારે જીવવું જ છે. હું મરી જાઉં તો મારી પાછળ બીજા બે જણ અવશ્ય મરે: એક મારા દાદા; અને બીજા મૅકિસમિલિયન.'

'ઠીક, ત્યારે જો આ ગોળી હું તને આપું છું. એ ગોળીથી તારી બધી ચેતના તેં સદંતર ગુમાવી એમ તને લાગશે. પણ ઊંડે ઊંડે પણ મનમાં મૂંઝાઈશ નહિ; તથા જ્યારે જાગે ત્યારે તને ચારે તરફ અંધારું દેખાય, કે તું જાણે જમીનમાં દટાઈ ગઈ છે એવું લાગે તોપણ ગભરાઈશ નહિ. તે વખતે પણ ખાતરી રાખજે કે, તારું તથા મૅક્સિમિલિયનનું ભલું કરવા હરઘડી તત્પર રહેનારો એક માણસ તારા ઉપર દેખરેખ રાખી રહ્યો છે.'

કાઉન્ટે ત્યાર બાદ પોતાના ખીસામાંથી એક રત્નજડિત ડબી કાઢી અને તેમાંથી એક ગોળી વેલેન્ટાઇનને ગળવા આપી. તે ગળતાં જ થોડી વારમાં વેલેન્ટાઇનની ચેતના, દીવો બુઝાઈ જાય તેમ, બુઝાઈ ગઈ.

કાઉન્ટે ત્યાર બાદ વેલેન્ટાઈનના પ્યાલામાંથી મોટા ભાગનું પ્રવાહી સગડીમાં ઢોળી દીધું, જેથી વેલેન્ટાઈને તે પી લીધું છે એમ દેખાય. ત્યાર બાદ તે જલદી જલદી લાઈબ્રેરીના બારણા પાછળ સંતાઈ ગયો.

થોડી વારમાં જ એડવર્ડના ઓરડાનું બારણું ઊઘડયું અને મૅડમ વિલેફૉર્ટ પાછી આ ઓરડામાં દાખલ થઈ. તેણે વેલેન્ટાઈનના પ્યાલા તરફ નજર કરી જોઈ. પછી તેમાં વધેલું પ્રવાહી સગડીમાં ઠાલવી દઈ, પ્યાલાને બરાબર વીંછળીને, પોતાના રૂમાલ વડે કોરો કરી પાછો ટેબલ ઉપર મૂક્યો.

ત્યાર બાદ તેણે વેલેન્ટાઇન ઉપર થયેલી અસર જોવા જરા ધ્રૂજતાં ધ્રૂજતાં પથારી તરફ નજર કરી. વેલેન્ટાઇન નિશ્ચેષ્ટ થઈને પડી હતી. તેની છાતી સહેજ પણ ધબકતી ન હતી. તેનો એક હાથ પથારી બહાર લટકતો હતો, તેનું કાંડું અક્કડ થઈ ગયું હતું તથા તેના નખ ભૂરા પડવા લાગ્યા હતા.

મેડમને જરા પણ શંકા ન રહી. પોતાના કપાળ ઉપરનો પરસેવો લૂછતી લૂછતી તે પોતાના ઓરડામાં ધીમેથી પાછી ફરી.

બીજે દિવસે સવારના સમય થઈ જવા છતાં વેલેન્ટાઇનને ઊંઘતી

દેખીને નર્સે જરા ચિંતા સાથે તેને બોલાવી જોઈ; તથા પથારી બહાર તેનો લટકતો હાથ ઊંચો કરી પથારીમાં મૂકવા માંડ્યો. તરત તે ચમકીને ચીસ પાડી પાછી હઠી ગઈ. તેની અનુભવી આંખને ખબર પડ્યા વિના ન રહી કે, તેની સામે નિર્જીવ મડદું જ પડેલું છે.

થોડી વારમાં બૂમાબૂમ મચી રહી; દાક્તર પણ આવી પહોંચ્યા. વિલેફોર્ટ પણ આવ્યો. દાક્તરે વેલેન્ટાઈનને તપાસ્યા પછી કપાળે હાથ ઠોકીને કહ્યું, 'હે પ્રભુ! આ વાતનો અંત હવે ક્યારે આવશે?'

ઘરના બધા નોકરો હવે એકઠા થઈ એકીસાથે આ શાપિત ઘર છોડીને ચાલતા થયા. વિલેફોર્ટ બેબાકળો થઈ ગયો. મૅડમ હવે ખોટાં આંસુ લૂછતી લૂછતી ઓરડામાં દાખલ થઈ. પરંતુ તેની નજર દાક્તર ઉપર પડતાં જ તે ચમકી. દાક્તરે વેલેન્ટાઈને પીધેલો પ્યાલો હાથમાં લીધો હતો અને તેમાંના પ્રવાહીનો રંગ તે જોતા હતા. તરત મૅડમના ગળામાંથી ચીસ નીકળી ગઈ. કારણ કે, તેણે જે પ્યાલો રાતે ખાલી કરીને કોરો કરી નાખેલો હતો, તે પ્યાલો પાછો અર્ધોઅર્ધ તેવા જ રંગના પ્રવાહીથી ભરેલો હતો; તે રંગનું પ્રવાહી જ તેણે તે પ્યાલામાં વેલેન્ટાઈનને પીવા રેડ્યું હતું.

દાક્તરે ઝટપટ બારી પાસે જઈ એ પ્રવાહીનો રંગ બરાબર તપાસ્યો, તથા તેમાંથી થોડું ચાખી જોયું. 'એમ, હવે ધંતૂરાનું ઝેર બદલીને બીજું ઝેર આપવામાં આવ્યું લાગે છે!' તેણે તરત કબાટ-માંથી એક શીશી લઈને તેમાંથી થોડાં ટીપાં તે પ્યાલામાં રેડ્યાં. તરત તે પ્રવાહીનો રંગ લાલચોળ થઈ ગયો.

મૅડમની આંખમાંથી ક્ષણભર વીજળી ચમકી ઊઠી; અને પછી તરત બુઝાઈ ગઈ. તે લથડિયું ખાઈને પાછી ફરી અને પછી બહાર નીકળતાં જ બેભાન થઈને ગબડી પડી.

પરંતુ એટલામાં એક વિચિત્ર દૃશ્ય સૌના જોવામાં આવ્યું. નોઈરટિયરને તેમની ખુરશી સાથે ઊંચકીને મૅક્સિમિલિયન બૂમો પાડતો પાડતો તે ઓરડામાં દાખલ થયો. તેણે ખુરશી નીચે મૂકીને વેલેન્ટાઈનની

પથારી તરફ આંગળી કરીને રડતે અવાજે કહ્યું, 'દાદા, જુઓ, એ લોકોએ મારી વેલેન્ટાઇનનું શું કરી નાખ્યું!' આટલું કહી તે સીધો વેલેન્ટાઇનની પથારી આગળ ઘૂંટણિયે પડયો અને તેની ઈસ ઉપર માથું પછાડવા લાગ્યો.

વિલેફૉર્ટ એકદમ તો ડઘાઈ ગયો, પણ પછી તેણે મૅક્સિમિલિયનને કરડાકીથી પૂછ્યું, 'તમે કોણ છો? અહીં શા માટે આવ્યા છો? એકદમ બહાર ચાલ્યા જાઓ.'

મૅક્સિમિલિયન તરત ઊભો થઈ લાલચોળ આંખ કરીને બોલ્યો, 'હું કોણ છું? વેલેન્ટાઇને સ્વેચ્છાએ વરેલો હું તેનો પતિ છું. અને તેનું મરણ શી રીતે થયું છે તે જાણું છું. યાદ છે, તમને દાક્તર દ' એવરીનીએ મૅડમ સેન્ટ-મેરાનના મૃત્યુ વખતે બગીચામાં શું કહ્યું હતું તે? હું એમ કહેવા માગું છું કે વેલેન્ટાઇનને ઝેર દઈને મારી નાખવામાં આવી છે. તમે તમારા ઘરમાં ચાર ચાર ખૂન જાણીજોઈને થવા દીધાં છે. પરંતુ વેલેન્ટાઇનના ખૂનીને આ વખતે તમે જો જવા દીધો, તો યાદ રાખજો હું તેના ખૂનનો બદલો લઈશ!'

દાકતર દ' એવરીની પણ અચાનક બોલી ઊઠયા, 'હું પણ એ બાબતમાં આ ભાઈ સાથે મારો સૂર પુરાવું છું. હવે આ ખૂનની તપાસ થવી જ જોઈએ. અત્યાર સુધી હું કાયરપણાથી ચૂપ રહ્યો તેનો મને ભારે પસ્તાવો થાય છે.'

નોઈરટિયરની આંખોમાંથી પણ અંગારા વરસી રહ્યા હતા. મૅક્સિમિલિયન તેમનો ભાવ સમજીને બોલ્યો:

'નોઈરટિયર મહાશય, તમે કંઈ કહેવા માગો છો?'

'હા.' નોઈરટિયરની આંખોએ જવાબ આપ્યો.

'તમે વેલેન્ટાઇનનો ખૂની કોણ છે તે જાણો છો?' મૅક્સિમિલિયને પૂછ્યું.

'હા.'

'તમે તેને બતાવી શકશો?'

નોઈરટિયરે તેના પ્રત્યે ખિન્ન નજરે જોઈ, બારણા તરફ આંખ ફેરવી.

'હું બહાર ચાલ્યો જાઉં ?'

'હા.'

'થોડી વાર પછી તો હું આવી શકીશ ને ?'

'હા.'

'હું એકલો જાઉં ?'

'ના.'

'મારી સાથે કોણ બહાર આવે ? શ્રી. વિલેફૉર્ટ ?'

'ના.'

'દાક્તર દ' એવરીની ?'

'હા.'

દાક્તરે મૅક્સિમિલિયનનો હાથ પકડયો અને બંને જણ બહારના ઓરડામાં ચાલ્યા ગયા. પાએક કલાક પછી વિલેફૉર્ટ ત્યાં આવ્યો અને તેમને બંનેને અંદર તેડી ગયો.

વિલેફૉર્ટનો ચહેરો ફીકો પડી ગયો હતો. તેણે રૂંધાયેલા અવાજે બંનેને કહ્યું, 'મારા પિતાએ ખૂનીનો પત્તો મને આપ્યો છે. તે પોતે પણ તમારા જેટલા જ ખૂનનો બદલો લેવા આતુર છે. મેં તેમને ત્રણ દિવસની અંદર ખૂનીનો ન્યાય ચૂકવવાનું વચન આપ્યું છે. પણ તમે બંને ત્રણ દિવસ સુધી આ બાબત જરા પણ બહાર ન પાડવાનું વચન આપો. મારા પિતા પણ એમ જ ઇચ્છે છે.'

નોઈરટિયરે આંખો વડે એ બાબત પોતાની સંમતિ દર્શાવી. મૅક્સિમિલયન વેલેન્ટાઇનની પથારી આગળ ઘૂંટણિયે પડી, કશું બબડી, આંખો લૂછતો લૂછતો ચાલ્યો ગયો.

દાક્તર દ' એવરીનીએ હવે વિલેફૉર્ટને કહ્યું, 'તમારા નોકરો તો બધા જ તમારું ઘર છોડી ભાગી ગયા છે. વેલેન્ટાઇન પાસે અંતિમ

પ્રાર્થના કરવા કોઈ ખાસ પાદરી તમારે બોલાવવો હોય તો તેનું નામ મને કહો; હું ખબર આપતો જઈશ.'

વિલેફોર્ટે દાક્તરનો આભાર માનીને કહ્યું, 'ગમે તે પાદરી ચાલશે. પાસેમાં પાસે જે હોય તેને ખબર આપીને તમે ચાલ્યા જશો, તોપણ વાંધો નથી.'

દાક્તરે પાસેના જ ઘરના બારણામાં ઊભેલા પાદરી પાસે જઈને મૃતાત્મા પાસે અંતિમ પ્રાર્થના માટે આવવાની વિનંતી કરી, જે તેણે ઘણી ખુશીથી સ્વીકારી. દાક્તર તેને વિલેફોર્ટના ઘરમાં લઈ ગયા. વિલેફોર્ટ તો બારણું અંદરથી બંધ કરી પોતાના ઓરડામાં પેસી ગયો હતો. નોઈરટિયર ડોસા એકલા જ ભારે વિષાદમાં પોતાની ખુરસીમાં મૃત પૌત્રી પાસે બેસી રહ્યા હતા. દાક્તર ઓરડો બતાવી ચાલ્યા જતાં જ પાદરીએ બધાં બારણાં અંદરથી બંધ કરી દીધાં. નોઈરટિયર ડોસા તેના મોં તરફ નવાઈ પામી તાકી રહ્યા.

૪૪
ડેન્ગ્લર્સ નાઠો

બીજે દિવસે કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો બૅરન ડેન્ગ્લર્સને ઘેર આવ્યો. ડેન્ગ્લર્સની શરાફ તરીકેની આંટ હવે ખતમ થઈ જવા આવી હતી. છેલ્લા કેટલાય સમયથી તેના કેટલાય પૈસા અચાનક કાચી પડતી પેઢીઓમાં ડૂબતા જ જતા હતા. છેવટના તેણે એન્ડ્રિયાને લગ્ન વખતે તેના બાપ પાસેથી જે ત્રીસ લાખ ફ્રાંક મળે તેનું રેલવેમાં રોકાણ કરી, કરોડેક ફ્રાંક કમાઈ લેવાની અને ફરી પાછા પગભર થવાની આશા રાખી હતી. તેય નિષ્ફળ ગઈ; ઉપરથી ફજેતી થઈ અને છોકરી ખોઈ એ જુદી.

કાઉન્ટ આવતાં ડેન્ગ્લર્સે વિલેફોર્ટ, મૉર્સર્ફ વગેરે ઉપર તથા પોતા ઉપર પણ આવી પડેલી વિપત્તિઓની વાત કાઢી. તેણે જણાવ્યું, 'મારી પુત્રી તો શરમની મારી છોભીલી પડીને મારી રજા લઈ પરદેશ

ચાલી ગઈ છે. અને તેનો સ્વમાની સ્વભાવ જોતાં તે પાછી કદાચ નહિ આવે; ત્યાં સ્પેન કે ઇટાલીના કોઈ મઠમાં જોડાઈ જશે.'

કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોએ આશ્વાસન આપતાં જણાવ્યું કે, 'જે કંગાળ લોકોને પુત્રીની જ એકમાત્ર મૂડી હોય, તેવાઓને ભલે એ દુ:ખ અસહ્ય થઈ પડે; પરંતુ તમારા જેવા કરોડપતિઓને આવાં દુ:ખ બહુ અસહ્ય ન લાગે. કારણ કે, ડાહ્યા ફિલસૂફોએ કહ્યું છે કે, જીવનમાં ધન એ સૌ દુ:ખોનું પરમ આશ્વાસન છે.'

ડૅન્ગલર્સે જરા તીરછી નજરે જોઈ લીધું કે કાઉંટ મશ્કરી કરે છે કે સાચું કહે છે. પછી તેણે કહ્યું: 'જો ધન એ આશ્વાસનરૂપ ચીજ હોય, તો મને જરૂર આશ્વાસન મળી રહેશે. જુઓને, હમણાં તમે આવ્યા ત્યારે હું કેટલાક ચેકો ઉપર સહી કરતો હતો.'

આમ કહી, સહી કરેલા તે ચેકો તેણે જરા મલકાઈને કાઉંટ સામે ધર્યા અને કહ્યું: 'તમે આવા કાગળ જીવનમાં કેટલા જોયા છે વારુ? એક એક કાગળ દશ લાખ ફ્રાંકનો છે!'

કાઉન્ટે પાંચે ચેકો હાથમાં લીધા અને નિહાળી જોયા. પછી આંખો ફાડી જાણે આશ્ચર્યમુગ્ધ થઈને તે બોલ્યો, 'વાહ! પાંચ ચબરકીઓની કિંમત ૫૦ લાખ ફ્રાંક! આવું તો ભાઈ, તમારા ફ્રાંસમાં જ જોવા મળે!'

'મારો ધંધો એવો છે!' ડૅન્ગલર્સે ફુલાઈને જરા કહ્યું.

કાઉન્ટે હવે એ પાંચે ચેક ગડી વાળીને ખીસામાં મૂકયા અને કહ્યું, 'બીજા દેશોમાં જાઉં ત્યારે એક અજાયબીની ચીજ તરીકે બતાવવા હું આ ચેકો મારી પાસે જ રાખું છું. જુઓને, તમારે ત્યાં મેં ૬૦ લાખ ફ્રાંકની શાખ ખોલાવી છે. તેમાંથી મેં અત્યાર સુધીમાં ૯ લાંખ ફ્રાંક ઉપાડયા છે તમારે હજુ મને ૫૧ લાખ ફ્રાંક આપવાના બાકી છે. હું આ પાંચ કાગળિયાં લઈ જાઉં છું અને પૂરી ૬૦ લાખની પહોંચ લખી આપું છું. મારા એક લાખ ફ્રાંક બાકી રહેશે, પણ હું આ અજાયબી સંઘરવાની કિંમત તરીકે એ જતા કરું છું.'

ડેન્ગ્લર્સ જરા હબકી ગયો. તે ધીમેથી અનાકાની કરતો ગણગણ્યો કે, 'આ પૈસા તો દવાખાનાંવાળાની અનામત છે અને આજ સવારે જ તેઓ એ પૈસા લેવા આવવાના છે.'

કાઉન્ટે જવાબમાં કહ્યું, 'તમે રોમમાં મારી આ પહોંચ થૉમસન એન્ડ ફ્રેન્ચ કંપની પાસે જઈને ધરશો કે તરત તમને ૫૧ લાખ ફ્રાંક મળી જશે.'

અને તે જ ઘડીએ નોકરે હૉસ્પિટલવાળા અધિકારી મળવા આવ્યાનું જાહેર કર્યું. કાઉન્ટ ડેન્ગ્લર્સની રજા લઈ ચાલતો થયો.

ડેન્ગ્લર્સે, હોસ્પિટલવાળાઓને, ડંફાસ મારતો હોય તેમ કહ્યું કે, 'મેં કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોને ૫૦ લાખ ફ્રાંક હમણાં જ ચૂકવ્યા છે; એટલે બેંકવાળો ગભરાઈ ન જાય માટે આજે ને આજે જ બીજો ૫૦ લાખ ફ્રાંકનો ચેક તમને આપવો હું ઠીક ગણતો નથી. માટે તમે બીજે દિવસે બાર વાગ્યે આવીને તમારાં નાણાં લઈ જજો.'

દવાખાનાંવાળાઓ બીજે દિવસે આવવાનું કહી ચાલતા થયા. તેમને કાઉંટ મૉર્સર્ફની કુલ મિલકત ધર્માદામાં મળી હતી, એટલે તેઓને જરા ધરપત હતી. મર્સિડીસ અને આલ્બર્ટ બંનેએ કાઉંટ મૉર્સર્ફના ખોટી રીતે મેળવેલા પૈસામાંથી એક કોડી પણ લેવા ના પાડી દીધી હતી.

પરંતુ ડેન્ગ્લર્સ બીજો દિવસ થાય ત્યાર પહેલાં ફ્રાન્સ છોડી જવાનો હતો. તેની પાસે હવે એટલી મોટી રકમ ચૂકવી શકાય તેવું કાંઈ રહ્યું જ ન હતું. એટલે પોતાની પત્નીને તેના પ્રેમીને અર્પણ કરી, તે કાઉંટની ૫૧ લાખની ચિઠ્ઠી તથા પોતાની પાસેના પચાસેક હજાર ફ્રાંક જેટલી રોકડ લઈને રાતોરાત વિદાય થઈ ગયો.

ડેન્ગ્લર્સે જતા પહેલાં પોતાની પત્નીને એક કાગળ લખ્યો, અને તેમાં જણાવ્યું કે, 'તારી પાસે તેં ઠીક ઠીક ધન ભેગું કર્યું છે; તે ધન મારી દુઃખની વેળાએ કામમાં આવે એવું તો છે નહિ. કદાચ મારી દુઃખની વેળા જાણી, તે ધન તું મારાથી વધુ સુરક્ષિત રાખવા જ પ્રયત્ન કરશે. પણ મારો ઈરાદો તારા ધનમાં ભાગ પડાવવાનો નથી. ઊલટું, મારી

પાસે જે થોડુંઘણું હજુ રહ્યું છે – અર્થાત્ જેટલું હું બીજાઓનું દબાવી જઈ શકું તેમ છું – તેમાં તું ભાગ પડાવવા ન આવે, તે માટે હું તેને તારાથી સુરક્ષિત કરી દઉં છું – અર્થાત્ હું દેશ છોડીને હંમેશ માટે ચાલ્યો જાઉં છું. કારણ, લોકોના પૈસા ઘાલી જનાર શરાફ કદી તે દેશમાં પાછો ન ફરી શકે. મને એટલી નિરાંત છે કે, તારા માટે કાંઈ પાછળ નથી મૂકી જઈ શકતો તોપણ, તને તે બાબતની કશી ચિંતા કરવી પડે તેમ નથી. છતાં કોઈ સ્ત્રીનો પતિ ચાલી જાય, તો તેનું તેને દુ:ખ તો થાય; પણ તું કદી મારી વફાદાર પત્ની બની જ નથી, અને બનવા તેં ઇચ્છા પણ કરી નથી. તારે મારી સાથે માત્ર પૈસાની સગાઈ હતી; બાકી તો તું હંમેશાં બીજા પ્રેમીઓથી જ ચલાવતી આવી છે, અને તે તને હંમેશ મળી પણ રહે છે. એટલે તું તારા પ્રેમીઓ સાથે અને ધન સાથે નિરાંતે આનંદ કરજે. હવે તને મારી આડખીલી પણ નહિ રહે.'

મૅડમે એ કાગળ પોતાના પ્રિયતમ ડિબ્રેને વંચાવ્યો; એમ માનીને કે, હવે ડૅન્ગલર્સની આડ દૂર થતાં તે તેને પત્ની તરીકે સ્વીકારી લેશે. પરંતુ આવી રીતે દેવાળું કાઢી નાસી છૂટેલા પતિની બદનામ થયેલી પરણેતરને – કે જે કેટલી બેવફા છે તેનો તેને પોતાને અનુભવ હતો જ – ડિબ્રેએ સ્વીકારવા ના પાડી. તેણે મૅડમના ભાગના પૈસા હિસાબે ગણીને રોકડા ચૂકતે કરી આપ્યા; અને પછી કહ્યું, 'હવે થોડાં વર્ષ તારે દેશની બહાર ચાલ્યા જવું ઠીક થશે; કારણ કે, તારી દીકરી અને તારા પતિની બેવડી બદનામી તારા ઉપર હાલ તુરત બહુ ગાઢી છવાયેલી રહેશે. થોડાં વર્ષ બાદ અહીં અથવા તો પરદેશમાં જ તું સહેજે નવું ઠેકાણું ઊભું કરી શકશે.'

પોતાના પ્રેમીએ કરેલો આ ત્યાગ મૅડમને પોતાના પતિએ કરેલા ત્યાગ કરતાં પણ વધુ કારમો ઘા કરી ગયો. તે પૈસાની સગી હતી ખરી; પરંતુ છેવટે સ્ત્રી હતી. તે પ્રેમની પણ ભૂખી હતી. પરંતુ તેના પ્રેમીએ તેની આફતની વેળાએ તેને રખડેલ બજારુ સ્ત્રીની પેઠે કશી પણ

જવાબદારી માન્યા વિના માત્ર પૈસા ચૂકવીને જ વિદાય કરી, એ તેનું જેવું તેવું અપમાન ન હતું.

૪૫
એક મહિનાની મુદત

વેલેન્ટાઈનનું કૉફિન કુટુંબના ખાસ ભોંયરામાં તેની મા તથા દાદા-દાદીના કૉફિન સાથે પધરાવીને સૌ પાછાં ફર્યાં, ત્યારે મૅક્સિમિલિયન એકલો દૂર પથ્થરની જેમ બેસી રહ્યો.

કાઉંટ મોન્ટે-ક્રિસ્ટોએ તેની પાસે જઈ, તેને પોતાની ગાડીમાં સાથે આવવા કહ્યું, ત્યારે તેણે વગર બોલ્યે કાઉંટની સામે એવી નજરે જોયું, જેમાં ભારોભાર ઠપકો તથા ગુસ્સો ભરેલાં હતાં. પછી આંખ ઢાળી દઈ તેણે માત્ર એટલું જ કહ્યું કે, 'મને પ્રાર્થના કરવા દો, એટલે બસ!'

કાઉંટે પોતાની ગાડી પાછી મોકલી દીધી, અને પોતે થોડે દૂર છુપાઈને ઊભો રહ્યો.

કેટલાય વખત બાદ મૅક્સિમિલિયન કંઈક નિશ્ચય કરીને ઊઠયો અને પોતાના ઘર તરફ પાછો ફર્યો. કાઉંટ દૂર રહી તેની પાછળ પાછળ ચાલ્યો.

ઘર આવતાં જ મૅક્સિમિલિયને પોતાના ઓરડામાં જઈ બારણું અંદરથી બંધ કરી દીધું.

કાઉંટે જલદી જલદી પાછળ પાછળ આવી, મૅક્સિમિલિયનનો ઓરડો પોતાને બતાવવા જુલીને વિનંતિ કરી. જુલીએ નીચેથી જ ઓરડો બતાવી દીધો. તેને કશી સમજ પડી નહિ. કાઉંટે ઉપર જઈ તરત કાચની તકતી તોડીને અંદર હાથ નાખી બારણું ઉઘાડી નાખ્યું.

મૉકિસમિલિયને પિસ્તોલ તૈયાર કરી હતી, અને છેવટની વિદાયના બેએક શબ્દ તે એક ચબરકી ઉપર ઘસડતો હતો.

મૉકિસમિલિયન કાઉંટને જોઈ ગુસ્સે થઈ ગયો. તેણે કહ્યું, 'કાઉંટ, તમે હવે મારો પીછો છોડો; હું હવે મરવા માગું છું. મારે જીવનમાં જીવવા માટે કાંઈ બાકી રહ્યું નથી. તમે મને ખોટી આશા આપી ન હોત, અને મેં પણ તમારામાં વધારે પડતો ભરોંસો ન મૂકયો હોત, તો કદાચ હું વેલેન્ટાઈનને બચાવી શકયો હોત, અથવા તો મારા હાથમાં મરતી જોઈ શકયો હોત.'

'મૉકિસમિલિયન. તારે આત્મહત્યા કરવાની નથી.'

'કોઈ પણ માણસને પોતાની સ્વતંત્ર મરજીને અનુસરતો રોકવાનો તમને શો અધિકાર છે?'

'આખી દુનિયામાં જો તને મરતો રોકવાનો અધિકાર હોય, તો મને છે. તારા પિતા પણ મારા એ અધિકારને નકારી શકે નહીં.'

'મારા પિતાને તમે વચ્ચે શા માટે લાવો છો?'

'કારણ કે, તારા પિતા પણ જયારે તારી જેમ જ આત્મહત્યા કરવા તૈયાર થયા હતા, ત્યારે મેં જ તેમને રોકયા હતા; જુલીને પેલી થેલી તથા તારા પિતાને ફરાઓન જહાજ મોકલનાર હું જ હતો; કારણ કે હું ઍડમંડ ડાન્ટે છું; અને તું નાનો બાળક હતો, ત્યારે મેં તને ઘણી વાર મારા ગોઠણ ઉપર રમાડયો છે!'

આ શબ્દો સાંભળતાં જ મૉકિસમિલિયન એકદમ ચોંકી ઊઠયો. તેના પગ ધ્રૂજી ઊઠયા અને તે લથડિયું ખાઈ ગયો. પણ પછી એકદમ જાણે ભૂત વળગ્યું હોય તેમ ઊઠી, કાઉંટને ઓરડામાં જ પૂરી, બારણું બહારથી જોરથી પકડી રાખી બૂમો પાડવા લાગ્યો: 'જુલી, જુલી! ઈમેન્યુઅલ, ઈમેન્યુઅલ! એકદમ અહીં આવો.'

કાઉંટ અંદરથી બારણું ખેંચતો હતો પણ મૉકિસમિલિયને બંને હાથે તેને પકડી રાખ્યું હતું. જુલી અને ઈમેન્યુઅલ આવતાં, મૉકિસમિલિયને બારણું છોડી દીધું અને લાગણીથી ભરાઈ આવેલા

ંઠે તેમને કહેવા માંડયું: 'ઘૂંટણિયે પડો! આપણા પિતાની જિંદગી બચાવનાર આપણો દેવદૂત આ રહ્યો! તે–' 'એડમંડ ડાન્ટે છે' એવું તે બોલવા જતો હતો, તેવામાં કાઉન્ટે નિશાની કરી તેને ચૂપ કરી દીધો. જુલી કાઉન્ટને હાથે વળગી પડી અને ઈમેન્યુઅલ તેને ભેટી પડયો. મૅકિસમિલિયને માથું નીચું કરી, ઘૂંટણિયે પડી કાઉન્ટના બંને પગ પકડી લીધા. તે ક્ષણે થોડી વાર કાઉન્ટનું પથ્થરનું હૃદય પણ જાણે પીગળી ગયું; તેની છાતી થોડી ઊંચી નીચી થઈ, અને તેની આંખોમાંથી આંસુ નીકળી પડયાં.

લાગણીનો ઊભરો શાંત થતાં જુલી અને ઈમેન્યુઅલે કાઉન્ટ સાથે ઝઘડો માંડયો: 'અત્યાર સુધી અમે અમારા પિતાના જીવન-દાતાને શોધવા કેટલી મથામણ કરતાં હતાં! તમે તે નજરે જોતા હતા છતાં શા માટે આટલા દિવસ અણછતા રહ્યા? અમને ઘણી વાર નિરાશા થતી કે, જીવનમાં એ દેવદૂતનાં દર્શન ફરી થયા વિના જ આ દુનિયા-માંથી વિદાય થવું પડશે કે શું?'

કાઉન્ટે જરા સ્વસ્થ થઈને કહ્યું, 'આ ગુપ્ત વાત હું જીવનભર મારે હોઠે લાવવાનો ન હતો; પરંતુ મૅકિસમિલિયને તે વાત પરાણે મારા મોંએથી કઢાવી છે.'

દરમ્યાન જુલા પેલી થેલી નીચેથી લઈ આવી હતી. કાઉન્ટે તે પાછી માગી અને કહ્યું, 'હવે તમે મને ઓળખ્યો છે; એટલે આ થેલીથી મને યાદ કરવાની જરૂર નહિ પડે.'

જુલીએ કહ્યું, 'ના; એ થેલી તમને પાછી નહિ મળે; તમે કદાચ પાછા ફરી અલોપ થઈ જાઓ તો?'

કાઉન્ટે કહ્યું, 'તારી વાત ખરી છે, બહેન! હું હવે એકાદ અઠવાડિયામાં જ આ દેશમાંથી કાયમની વિદાય લેવાનો છું. આ દેશમાં એવા ઘણા માણસો સુખચેનમાં રહેતા હતા, જેમને પરમાત્માએ કપરી સજા કરવી જોઈતી હતી; પરંતુ મારા પિતા જ ભૂખ અને શોકથી મૃત્યુ પામ્યા હતા.'

પરંતુ પોતાના જવાની વાતથી પણ મૅક્સિમિલિયનની ગમગીની ઉપર કંઈ અસર ન થયેલી જોઈ, કાઉન્ટે જુલી અને ઈમેન્યુઅલને થોડી વાર બહાર જવાનું કહ્યું.

કાઉન્ટે ત્યાર પછી મૅક્સિમિલિયનને ખભે હાથ મૂકીને કહ્યું, 'ભાઈ, હવે તું પાછો માણસ બનવા તૈયાર છે કે નહિ?'

'હા, હવે હું ફરીથી દુ:ખી થવા લાગ્યો છું!'

'મૅક્સિમિલિયન, તું ધાર્મિક મનુષ્યને ન છાજે તેવા વિચારો કરે છે.'

'ના કાઉન્ટ, હવે મને પિસ્તોલ કરતાં પણ વધુ કારમું હથિયાર મળી ગયું છે; એટલે મૃત્યુને શોધવા મારે હથિયારનો આશરો લેવો નહિ પડે – મારો શોક પોતે જ મને સળગાવી મૂકશે.'

"ભાઈ! જો સાંભળ; એક દિવસ મેં પણ તારી જેમ જ અન્નત્યાગ કરી આત્મહત્યા કરવા વિચાર કર્યો હતો; તારા પિતાએ પણ પિસ્તોલની અણી કપાળે લગાવી જ હતી. જો તે ઘડીએ અમને કોઈએ કહ્યું હોત કે, 'જીવતા રહો; એક દિવસ એવો આવશે જ્યારે તમે ફરી સુખના દિવસ જોવા પામશો,' તો અમે બંનેએ તે કહેનારને ખોટી આશાઓ આપનાર કહીને ધુતકારી કાઢયો હોત. છતાં મેં અને તારા પિતાએ પછીથી જીવતા રહેવા બદલ –"

'પણ તમે તો તમારી સ્વતંત્રતા ગુમાવી હતી; અને મારા પિતાએ માત્ર મિલકત ગુમાવી હતી; પરંતુ મેં તો વેલેન્ટાઈનને ગુમાવી છે! કેદમાંથી કે દેવામાંથી છુટકારો સંભવી શકે; પણ મૃત્યુમાંથી છૂટી કોઈ જીવતું પાછું શી રીતે આવે?'

'પણ જો, તું મારા દીકરા જેવો છે; અરે, તેથી પણ વધુ છે; પરંતુ તારું આટઆટલું દુ:ખ નજરે જોવા છતાં મારી આંખમાં આંસુનું એક ટીપું પણ દેખાય છે? એ શાથી? મને આશા છે કે તું પણ તારા દુ:ખના દિવસો પૂરા કરી, એક દિવસ ફરી સુખ જોવા પામીશ.

મારા બોલ ઉપર વિશ્વાસ રાખ! એક દિવસ તું જ મારો આભાર માનીશ કે મેં તને પરાણે પણ જીવતો રાખ્યો, અને મરવા ન દીધો!'

'કાઉંટ, તમે આવી વાત કરી શકો છો, કારણ કે તમે કદી પ્રેમ નથી કર્યો! પોતાના સ્નેહીજનમાં પોતાનું સમગ્ર હૃદય એકાકાર કર્યા પછી, તેના વિના જીવવું એ કેવું મુશ્કેલ છે, તેની તમને કલ્પના નથી. બીજાં દુ:ખ સમય વીતવા સાથે ઓછાં થાય છે; પણ આ દુ:ખ સમયને વીતવા જ દેતું નથી — તે સમયને જ ખાઈ જાય છે. એટલે કાઉન્ટ, હવે સલામ!'

'નહિ, હવે તારે પણ મારી સાથે જ રહેવાનું છે; એક અઠવાડિયામાં આપણે બંને સાથે જ દેશનો કિનારો છોડીશું.'

'મુસાફરી વગેરે ઉપાયો મારું દુ:ખ ભૂલવા માટે નકામા છે એમ તમે હજુ કેમ નથી સમજી શકતા, કાઉન્ટ? વેલેન્ટાઇનને ફરી મેળવવાની આશા હોય, તો જ હું જીવી શકું; આમ જાણવા છતાં તમે મને હજુ જીવવાનું કહેશો?'

'હા.'

'એટલે શું તમે મને વેલેન્ટાઈન પાછી જીવતી કરી આપવાના છો? તમે ગાંડા તો નથી થયા ને?'

'ભલે હું ગાંડી વાત કરતો હોઉં; પરંતુ તું પણ મારા બોલ ઉપર વિશ્વાસ રાખવા તૈયાર થતો નથી, એ કેવું? મારા ઉપર શ્રદ્ધા રાખી, એક મહિના સુધી જીવનને હાનિ પહોંચાડે એવું કાંઈ ન કરવાની તું મને કબૂલાત આપ. એ એક મહિના પછી પણ હું તારો શોક સમૂળગો દૂર નહિ કરી શકયો હોઉં, તો હું મારે હાથે તને પિસ્તોલ કે ઇટાલીનું કારમામાં કારમું ઝેર મરવા માટે આપીશ. આજે પાંચમી સપ્ટેમ્બર છે. આજથી બરાબર એક મહિનો તું ગણજે. આ તારીખે જ ૧૦ વર્ષ પહેલાં મેં તારા મરવા ઇચ્છતા પિતાને બચાવ્યા હતા, તે ભૂલીશ નહિ.'

મૅક્સિમિલિયન કાઉન્ટ સામે ઘૂંટણિયે પડયો અને બોલ્યો, 'મારા પિતાને જીવનદાન દેનારા તમે મારી પાસે એક મહિનો જ વધુ માગો છો, તો તે ન આપીને હું તમારો અને મારા પિતાનો અપરાધી નહિ બનું.'

'તો ચાલ, આજથી જ મારા ઘરમાં રહેવા આવી જા. હેદીનો ઓરડો ખાલી જ પડયો છે.'

'કેમ? હેદી કયાં છે?'

'ગઈ કાલે રાતે તે વિદાય થઈ; અને હવે હું કયારે જઈ પહોંચું, તેની રાહ જોતી હશે.'

મૅક્સિમિલિયન પોતાનાં બહેન-બનેવીની રજા લઈ, કાઉન્ટ સાથે ચાલી નીકળ્યો.

તે જ ઘડીએ, આલ્બર્ટ, મર્સિડીસને માર્સેલ્સ જતી એક ગાડીમાં વિદાય આપતો હતો. આલ્બર્ટે તેનું ઘડિયાળ ૧૦૦ ફ્રાંકમાં વેચી નાખ્યું હતું; તથા પોતે આફ્રિકા જતી આલ્જીરિયા માટેની પલટણમાં ભરતી થઈ ગયો હતો. તેના પગારના વર્ષે ૨૦૦૦ ફ્રાંક ઠરાવ્યા હતા; તેમાંથી અર્ધા તેને અગાઉથી મળ્યા હતા.

તે રકમ જ્યારે તેણે પોતાની માના હાથમાં મૂકી, ત્યારે પોતાના લાડકા પુત્રના લોહીના પૈસા જેવા એ પૈસાને અડતાં પણ મર્સિડીસને કમકમાં આવી ગયાં.

આલ્બર્ટે પોતાની માતાને ધીરજ આપતાં કહ્યું, 'મા, તારે માટે જ હું આટલું પણ જીવવાની ચેષ્ટા કરું છું; નહિ તો કયારનો આત્મહત્યા કરીને મરી ગયો હોત. તું મને વચન આપ કે તું પણ જીવતી રહેવા પ્રયત્ન કરશે. હું ત્યાં લડાઈઓમાં મારા પ્રાણ હથેળીમાં રાખીને ઘૂમીશ; જેથી કાં તો થોડા વખતમાં હું અમલદારની પદવી મેળવીશ, અથવા તરત માર્યો જઈશ. જો અમલદાર થઈશ, તો તો પછી મારે અને તારે સુખે જીવવા જેટલા પૈસા અને કીર્તિ મેળવીશ; અને જો હું મરી જાઉં, તો

પછી તું પણ મરવા માટે છૂટી છે: તો પછી આપણાં બંનેનાં કમ-નસીબનો છેડો જ આવી જશે.'

આલ્બર્ટને હજુ તેના ભરતીના કાગળો વગેરે અંગે બેએક દિવસ અહીં જ રોકાવાનું હતું; એટલે મર્સિડીસ એકલી જ માર્સેલ્સ જતી હતી.

મર્સિડીસ ગાડીમાં બેસીને વિદાય થઈ ત્યારે એક છૂપી જગ્યાએથી તે બંને ઉપર નજર રાખી રહેલો એક માણસ કપાળ ઉપરનો પરસેવો લૂછી નાખી બોલ્યો, 'આ બે નિર્દોષ જીવોનું સુખ મેં છીનવી લીધું છે, તે હું શી રીતે પાછું વાળી આપું? ભગવાન મને સહાય કરે!'

૪૬
ન્યાય ચૂકવાયો

એન્ડ્રિયાનો મુકદ્દમો હવે ચાલવાનો હતો. તેના કેસની તૈયારીમાં વિલેફૉર્ટ લાગ્યો હતો. એન્ડ્રિયા સામેનો એ કેસ બહુ મજબૂત ન હતો; કારણ કે, એક નાસી છૂટેલા કેદીએ મરતી વખતે લખાવેલી બે કે ચાર લીટીઓ ઉપર જ આખા કેસનો આધાર હતો. પોતાની સાથે જ નાસી છૂટેલા એન્ડ્રિયા સામેના કોઈ વેરને કારણે જ તેણે તે ખોટી રીતે પણ લખાવી હોય એમ કેમ ન બને? પરંતુ વિલેફૉર્ટને એન્ડ્રિયા જ ખૂની છે, એવી ખાતરી થઈ ગઈ હતી; એટલે તે તેની સામેનો કેસ તૈયાર કરવામાં દિલોજાનથી લાગ્યો હતો. પોતાનું દુઃખ ભૂલવાનો એક જ માર્ગ તે જાણતો હતો: અદાલતનું આવું સખત કામ.

નોઈરટિયર ડોસાને એબ બુસોનીએ કોઈ વિચિત્ર રીતે શાંત પાડી દીધો હતો. ડોસાને હવે જાણે વેલેન્ટાઈનના મૃત્યુ બાબત કશું દુઃખ જ રહ્યું ન હતું. હવે તો તેમને માત્ર વેલેન્ટાઈનને ઝેર આપનારનો ન્યાય પોતાનો પુત્ર મુદત પ્રમાણે ત્રણ દિવસમાં ચૂકવી દે છે કે નહિ,

એટલું જ જોવાની ફિકર હતી. વિલેફૉર્ટ તેમને જ્યારે મળતો, ત્યારે ડોસાની આંખ જાણે એ જ પ્રશ્ન તેને પૂછતી.

તે મુદતને છેલ્લે દિવસે વિલેફૉર્ટ વહેલી સવારે ઊઠયો. તે દિવસે જ એન્ડ્રિયાનો કેસ ચાલવાનો હતો, અને તે દિવસે જ તેણે વેલેન્ટાઈનના ખૂનીનો ન્યાય પણ ચૂકવી દેવાનો હતો.

વિલેફૉર્ટને અદાલતમાં જવાનો સમય થયો, ત્યારે મેડમ વિલે-ફૉર્ટે તેને પુછાવ્યું કે, આજનો કેસ જોવા તે પણ અદાલતમાં આવવા ઇચ્છા રાખે છે; તો તે તમારી સાથે જ ગાડીમાં આવે કે પછીથી?

વિલેફૉર્ટે જવાબમાં એટલું જ કહેવરાવ્યું કે, 'મારે તેમની સાથે અત્યારે એક અગત્યની વાત કરવી છે માટે તે તેમના ઓરડામાં તૈયાર રહે.'

વિલેફૉર્ટ અદાલતમાં જવા તૈયાર થઈ, તરત મૅડમના ઓરડામાં આવ્યો. એડવર્ડને તેણે બહાર જવા કહ્યું, પણ તે રોજની ટેવ પ્રમાણે અકડાઈ કરવા ગયો એટલે તરત તેને જરા ધમકાવીને વિલે-ફૉર્ટે બહાર કાઢયો અને બારણું અંદરથી બંધ કરી દીધું. મૅડમ વિલે-ફૉર્ટ પતિની આજની આવી વર્તણૂકથી નવાઈ પામી.

'આ શું માંડયું છે?' તેણે જરા બીતાં બીતાં પૂછયું.

'તમે જે ઝેર વાપરતાં આવ્યાં છો, તે તમે કયાં રાખો છો?' વિલેફૉર્ટે સામું પૂછયું.

મૅડમ એ સાંભળી તરત ચમકી ઊઠી. તે ગાભરી ગાભરી બોલી ઊઠી, 'હું સમજી નહિ, તમે શું પૂછો છો તે.'

'મેં એ પૂછયું કે, તમે જે ઝેરથી મારા સસરા, સાસુ, બેરોઈસ અને મારી પુત્રી વેલેન્ટાઈનને મારી નાખ્યાં, તે ઝેર કયાં સંતાડી રાખ્યું છે?'

'તમે આ શું કહો છો?' મૅડમે ગભરાઈને ચીસ પાડી.

'તમારે મને પ્રશ્ન પૂછવાનો નથી, માત્ર જવાબ આપવાનો છે.'

'હું મારા પતિ સાથે વાત કરું છું કે ન્યાયાધીશ સાથે?'

'ન્યાયાધીશ સાથે, બાનુ, ન્યાયાધીશ સાથે; — જે ચડેલો બધો ન્યાય આજે ચૂકવી દેવા માગે છે.'

'તમે, તમે, બહારની વાતો ન માની બેસશો...હું, હું –' આમ બોલી મૅડમે પોતાનું મોં બે હાથે ઢાંકી દીધું.

'ઝેર દેનારા લોકો હમેશાં કાયર હોય છે; તમે બાનુ, ચાર ચાર જણનાં અકાળ મોત યોજ્યાં છે અને તેમના મરણની ઘડીઓ ગણી છે. હું માનું છું કે, તે વખતે તમે એક ભૂલ તો નહિ જ કરી હોય: તમારા ગુનાઓની સજા તમને મળવાની થાય – જે અચૂક મળે જ છે – ત્યારે તેમાંથી છટકવા માટે તમે થોડું ઝેર બચાવી રાખ્યું જ હશે. તમે જાણો છો ને, ઝેર દેનારને ફાંસીની સજા થાય છે?'

'ફાંસી? સજા? આ બધું તમે શું કહો છો?'

'હા; હા; તમને ફાંસીની સજા જ મળે. પરંતુ તેમ કરવાથી સાથે મારી પણ બદનામી થાય; એટલે તો હું પૂછું છું કે, તમે તમારે માટે થોડું ઝેર બચાવી રાખ્યું છે કે નહિ?'

'મને માફ કરો, મને જીવવા દો; હું તમારી પત્ની છું. આપણા પુત્રને ખાતર પણ મને જીવવા દો!'

'આપણા પુત્ર માટે? તમને જરૂર પડે તો તમે તેને પણ ઝેર દઈને મારી નાખો!'

'હું એડવર્ડને ઝેર દઉં? તેને માટે તો આ બધું મેં કર્યું છે. તમે આ શું બોલો છો?' આટલું કહેતાં કહેતાંમાં તો તે ડૂસકાં ખાતી વિલેફૉર્ટના પગમાં ગબડી પડી.

'જુઓ, હું અત્યારે અદાલતમાં જાઉં છું. ત્યાં હું એક ખૂનીને ફાંસીની સજા કરવાની માગણી કરવાનો છું. હું પાછો આવીશ ત્યારે તમે જો જીવતાં હશો, તો હું તમને મારે પોતાને હાથે પકડાવી દઈશ, અને આજ રાતે તમે કેદખાનામાં જ આળોટતાં હશો, મારા પગમાં નહિ.'

આટલું કહી વિલેફોર્ટ અદાલતમાં આવ્યો.

અદાલત ચિકાર ભરાઈ ગઈ હતી. સવારના સાતથી જ પ્રેક્ષકોનો ધસારો શરૂ થયો હતો, અને અદાલતનું કામ શરૂ થવાને કલાક બાકી રહ્યો ત્યારે તો અદાલતમાં ટાંકણીની અણી જેટલી જગા પણ જાણે ખાલી રહી ન હતી.

મૅજિસ્ટ્રેટે આરોપીને હાજર કરવા હુકમ કર્યો. એન્ડ્રિયા શાંતિથી, સ્વસ્થતાથી દાખલ થયો. તેની આ સ્વસ્થતા જોઈ સૌ કોઈ આશ્ચર્યચકિત થઈ ગયું. વાત એમ હતી કે, તે પકડાયો ત્યારથી જ તેને ભરોંસો હતો કે તેના ખરા પિતા કાઉન્ટ મોન્ટે-ક્રિસ્ટો તેને ગમે તે રીતે છોડાવશે જ. અને તેથી જ્યારે બર્ટુકિયો તેને જેલમાં મળવા આવ્યો, ત્યારે તેને નવાઈ ન લાગી. બર્ટુકિયો આગળ જ્યારે તેણે પોતાના પિતા તરીકે મોન્ટે-ક્રિસ્ટોનો ઉલ્લેખ કર્યો, ત્યારે બર્ટુકિયોને ખૂબ નવાઈ લાગી. બર્ટુકિયોએ જેમ જેમ ના પાડી કે કાઉન્ટ તારા પિતા હરગિજ નથી, તેમ તેમ એન્ડ્રિયાએ વધુ ને વધુ જક પકડી કે, કાઉંટ જ તેના પિતા છે. છેવટે બર્ટુકિયોએ તેને કહ્યું કે, 'તારા મરતા પહેલાં તને તારા પિતાનું ખરું નામ ખબર પડે તે માટે જ હું અહીં મારી મેળે આવ્યો છું.' પછી તેણે બધી વાત એન્ડ્રિયાને પહેલેથી કહી સંભળાવી.

મૅજિસ્ટ્રેટે એન્ડ્રિયાને તેનું નામ પૂછયું. એન્ડ્રિયાએ જવાબમાં એટલું જ કહ્યું કે, 'એ સવાલનો જવાબ હું જરા પછીથી આપીશ.'

'તારી ઉંમર કેટલી છે?'

'થોડા દિવસમાં હું ૨૧ વર્ષનો થઈશ. હું સપ્ટેંબર ૨૭, ૧૮૧૫ને રોજ જન્મ્યો હતો.'

વિલેફોર્ટ સવાલજવાબની નોંધ લખતો હતો. તેણે આ તારીખ સાંભળી અચાનક મોં ઊંચું કર્યું.

'તું કયાં જન્મ્યો હતો?'

'પૅરિસ નજીક ઑટીલમાં.'

વિલેફોર્ટે ફરી ઊંચું જોયું અને એન્ડ્રિયા સામે નજર કરી.

'તારો ધંધો શો છે?'

'ચોરીનો; અને તાજેતરમાં મેં ખૂન પણ કર્યું છે.'

'હવે તને તારું નામ કહેવામાં વાંધો છે?'

'ના જી; પણ મને મારા નામની ખબર નથી એટલે જ મેં મારે વિષેની આ બધી માહિતી આપને પ્રથમ જણાવી. પરંતુ હું મારા બાપનું નામ જાણું છું.'

'ઠીક, તો તારા બાપનું નામ કહે.'

'મારા બાપ સરકારી વકીલ છે.' શાંતિથી એન્ડ્રિયા બોલ્યો.

વિલેફોર્ટના મોં ઉપર એકદમ કશો ફેરફાર થઈ ગયો. ન્યાયાધીશે કરડાકીથી પૂછ્યું, 'તારા પિતાનું નામ શું છે?'

'વિલેફોર્ટ!'

આખી અદાલતના ઓરડામાં એક પ્રકારની હલચલ મચી ગઈ. એક બુરખાવાળી બાઈ, જે અદાલતમાં આવી હતી, તે બેભાન થઈ ગઈ. તેનો તાત્કાલિક ઉપચાર પોતાની પાસેનાં સાધનોથી કેટલાક લોકો કરવા લાગી ગયા.

એન્ડ્રિયાએ જણાવ્યું: 'હું અદાલતનું અપમાન કરવા કે ખોટી બદનામી ઊભી કરવા આમ કહેતો નથી. મારું નામ આપે પૂછ્યું, પણ તે હું આપી શકયો નહિ; કારણ કે મારાં માબાપે મને તજી દીધો હતો. મારો જન્મ ઑટીલમાં ૨૮, રુ દ લા ફોન્ટેન મકાનમાં થયો હતો. મારા પિતાએ જન્મતાં વેંત મને ઉપાડી લીધો અને મારી માને એમ કહ્યું કે, હું મરેલો જન્મ્યો છું. પછી મને H અને N એ અક્ષરોની નિશાનીવાળા રૂમાલમાં વીંટીને તેમણે બગીચામાં જીવતો દાટી દીધો.'

વિલેફોર્ટનો શ્વાસ હવે લગભગ રૂંધાઈ જવા લાગ્યો. અદાલતે એન્ડ્રિયાને પૂછ્યું, 'તને આ બધી વિગતોની ખબર શી રીતે પડી?'

"એક કોર્સિકાવાસીએ મારા પિતા ઉપર વેર લેવાના સોગન ખાધા હતા; અને તે રાતે તે મારા પિતાની રાહ જોઈ બગીચાના એક ઝુંડ પાછળ સંતાઈ રહ્યો હતો. મારા પિતા મને દાટીને ઉપર માટી

વાગતા હતા, તેવો જ તે તેમના ઉપર છરી સાથે તૂટી પડયો અને તેમને ઘાયલ કરી નાખ્યા. પછી તેમને મરેલા ધારીને, ખાડામાં મારા પિતાએ કંઈ ખજાનો દાટયો હશે એમ માની, મારા શરીરવાળી પેટી લઈને તે નાઠો. નદીકિનારે પહોંચી જ્યારે તેણે તે પેટી ઉઘાડી, ત્યારે તેણે અંદર મને જીવતો દીઠો, એટલે તે મને એક અનાથાશ્રમમાં મૂકી આવ્યો. ત્રણ મહિના બાદ તેની ભાભી આવીને મને ઉછેરવા કોર્સિકા લઈ ગઈ. એ લોકોને ત્યાં હું સારી રીતે ઊછરતો હતો અને સુખી પણ થઈ શકયો હોત; પણ મારો સ્વભાવ વિપરીત હતો, અને હું ગુનાઓ કરવા તરફ વળી ગયો. હું મારા આવા વિપરીત સ્વભાવને કારણે તથા મારા વિચિત્ર કમનસીબને કારણે ઈશ્વરને દોષ દેતો, ત્યારે મારો પાલક પિતા મને કહેતો કે, ‘ બેટા, ઈશ્વરનો કશો દોષ નથી; દોષ હોય તો તારા સગા બાપનો છે; કારણ કે, તેણે તને જીવતો દાટી દીધો હતો. તે વખતે જો તું મરી ગયો હોત, તો બધું તરત પતી ગયું હોત. પરંતુ તું જીવતો રહ્યો એટલે અમારા જેવા કમનસીબ લોકોને ત્યાં તારે ઊછરવું પડે છે.’ આમ, જન્મથી જ મારાં માતાપિતાને હાથે મારું વિપરીત નસીબ ઘડાયું, અને તે કારણે હું આવી દુર્ગતિ પામ્યો છું. મારાં માબાપે જો મને સારી રીતે ઉછેર્યો હોત, અને આમ કબરને કે કમનસીબને સોંપી દીધો ન હોત, તો કદાચ હું મારા પિતાને અને માતાને કલંકિત કરું એવો ન બન્યો હોત.”

‘ તારી માતાનું નામ શું છે?’

‘ મારી માતાને તો હું જન્મ્યો ત્યારથી મરેલો જન્મ્યો છું એમ કહેવામાં આવ્યું હતું, તેથી તેનો અપરાધ હું ગણતો નથી; અને તેથી તે કોણ હતી તેની ખબર પણ મેં મેળવી નથી.’

આ વખતે પ્રેક્ષકોમાંથી એક તીણી ચીસ સંભળાઈ. જે સ્ત્રી થોડા વખત પહેલાં બેભાન બની ગઈ હતી, તે જ હવે પાછી હિસ્ટીરિયાની તાણમાં સપડાઈ હતી. તેને અદાલતના ઓરડામાંથી ઉપાડી ગયા, ત્યારે

તેનો બુરખો હટી ગયો; અને કેટલાક લોકોએ તેને મૅડમ ડૅન્ગલર્સ તરીકે ઓળખી કાઢી.

અદાલતે હવે ઍન્ડ્રિયાને પૂછયું, 'તેં જે બધું કહ્યું તેનો પુરાવો શો?'

'પુરાવો? આ વિલેફૉર્ટ અહીં જ બેઠા છે; તેમના સામું નજર કરો અને તેમને પુરાવા માટે પૂછો!'

બધાની આંખો વિલેફૉર્ટ ઉપર જઈને ઠરી. તે લગભગ લથડિયાં ખાતો ઊભો થઈ ગયો હતો. ઍન્ડ્રિયાએ તેના તરફ જોઈને પૂછયું, 'બાપુ, આ લોકો મારી પાસે પુરાવા માગે છે. હું આપું?'

'ના. ના; કશી જરૂર નથી.' વિલેફૉર્ટ ગળચકાં ખાતો બોલી ઊઠયો.

'એનો શો અર્થ?' મૅજિસ્ટ્રેટે પૂછયું.

'અર્થ એટલો જ કે, ઈશ્વરે મારાં છૂપાં પાપની સજા કરવા જે કંઈ કર્યું છે, તેની સામે થવું હવે નકામું છે. પુરાવાની કશી જરૂર નથી; આ જુવાનિયાએ જે કહ્યું છે, તે બધું સાચું છે.'

અદાલતે વિલેફૉર્ટને આશ્વાસન આપ્યું, અને અત્યારે તેમને કોઈ કારણે ભ્રમ કે અસ્વસ્થતા તો નથી થઈ આવ્યાં, એમ પૂછયું. વિલેફૉર્ટે જવાબમાં એટલું જ કહ્યું, 'નામદાર હું પૂરેપૂરો સ્વસ્થ છું; અને મારી પછી આવનાર સરકારી વકીલના હાથમાં મારી જાતને સોંપી દઉં છું.' આટલું કહી તે અદાલતમાંથી બહાર નીકળી ગયો.

બ્યુશેંપ બોલ્યો, 'હવે મને કોઈ કહે કે, સાચા જીવનમાં પણ અદ્‌ભુત વાર્તાને ટપી જાય એવા અંશો નથી હોતા!'

શેટો-રેનોએ જવાબ આપ્યો, 'હું હોઉં તો કાઉંટ મૉર્સર્ફની પેઠે પિસ્તોલ લમણામાં ચાંપી દઉં; આવી ફજેતી કરતાં એ વધુ સારું!'

અદાલત મોકૂફ રાખવામાં આવી. પોલીસો જ્યારે ઍન્ડ્રિયાને બહાર દોરી જતા હતા. ત્યારે ડિબ્રેએ તેમાંના એકના હાથમાં ૨૦ ફ્રાંકનો સિક્કો સેરવી દીધો અને પૂછયું—

'હવે આનું શું થશે એમ માનો છો?'

'ગુનાની ગંભીરતાને હળવી કરી નાખનારાં કારણો જરૂર છે; અને તે લક્ષમાં લેવાશે.'

એન્ડ્રિયાને હવે આપણે અહીંથી જ વિદાય આપીએ. મૅડમ ડેન્ગલર્સે પોતાના પૈસા વડે તેને છોડાવવા કાંઈ કર્યું કે નહિ, તથા તેનું માતૃત્વ છેવટે એન્ડ્રિયાને પાછો ઠેકાણે લાવવામાં સફળ નીવડયું કે નહિ, એ પ્રશ્નો, આ વાર્તા પૂરતા હંમેશાં ભાવિના ગર્ભમાં છુપાયેલા રહેવાના છે.

વિલેફૉર્ટ પોતાની ગાડીમાં બેસી પાછો ઘર તરફ જતો હતો, તે વખતે તેની એકેએક નસ જાણે એક વિચિત્ર તાવના જોરથી તૂટતી જતી હતી. પોતાની હંમેશ માટે બરબાદ થયેલી જિંદગીનો બધો જ બોજો એકસામટો તેના માથા ઉપર આવીને ખડકાયો હતો; પરંતુ પોતાના ભાવિ વિષે તેને હજુ કશી ચોક્કસ કલ્પના આવતી ન હતી. તેને સર્વજ્ઞ ઈશ્વરનો સર્વશક્તિમાન હાથ પોતાની આ કમનસીબી પાછળ કામ કરતો દેખાતો હતો, અને એનાં પરિણામોમાંથી બચવું અશક્ય લાગતું હતું.

એટલામાં, મૅડમ વિલેફૉર્ટનો પંખો આગલે દિવસે ગાડીની બેઠક ઉપર પડી રહેલો તેના ઉપર તેનો હાથ પડયો. તરત તેને યાદ આવ્યું કે, પોતે તેને સદ્‌ગુણી ન્યાયાધીશ તરીકે તેનાં પાપની કારમી સજા ફરમાવી હતી; પણ પાપમાં ખરડાયેલા પોતાને એવી સજા કરવાનો શો હક હતો? અત્યારે કલાક થઈ જવા આવ્યો હતો; કદાચ તે હવે એકાદ છેલ્લો કાગળ લખી ઝેર પીવાની તૈયારી જ કરતી હશે. પણ ના, હવે એ શું કરવા મરે? પોતે પણ કયાં ઓછો પાપી હતો? 'કદાચ મારાં પાપનો જ ચેપ તે ભલી બાઈને કેમ નહિ લાગ્યો હોય? નહિ નહિ, તેને મરવાની કશી જરૂર નથી; હું અને તે બંને ફ્રાંસ છોડી નાસી જઈશું. મેં તેને ફાંસીની સજાની ધમકી આપી હતી; પણ મારે માટે પણ તે સજા જ તૈયાર ઊભી છે. અમે બંને

સરખાં પાપી છીએ; કદાચ મારા પાપ આગળ તેનું પાપ તો ઝાંખું પડી જાય! હું તેની આગળ બધું કબૂલ કરી દઈશ, અને પછી હું તથા તે બંને એડવર્ડને લઈને દૂર દેશમાં નવું જીવન શરૂ કરીશું અને એક-બીજાને આશ્વાસન આપીશું.'

તેણ ઘોડો જોરથી દોડાવરાવ્યો. ઘેર પહોંચતાં જ તે પોતાના ઓરડા તરફ દોડયો. બારણું અંદરથી બંધ હતું. તેણે તે જોરથી ખટ-ખટાવ્યું. અંદરથી તેની પત્નીનો અવાજ આવ્યો, 'કોણ છે?'

'હું છું, જલદી ઉઘાડ.'

પણ બારણું ન ઊઘડયું, એટલે વિલેફૉર્ટે ગાંડાની પેઠે લાતંલાત કરી તેને તોડી નાખ્યું. સામે મડદા જેવી તેની પત્ની ઊભી હતી. તે એટલ જ બોલી, 'બધું પતી ગયું છે; હવે શું છે?' પછી તે તરત જમીન ઉપર ઢળી પડી: તેના પ્રાણ ચાલ્યા ગયા.

વિલેફૉર્ટ હવે પોતાના છોકરાને શોધવા બહાર દોડયો, 'એડવર્ડ! એડવર્ડ'

તેના હજૂરિયાએ કહ્યું કે, 'મૅડમ ભાઈને પોતાના ઓરડામાં થોડા વખત ઉપર બોલાવી ગયાં હતાં. ત્યાર પછી તે બહાર આવ્યા નથી.'

એ સાંભળતાં જ વિલેફૉર્ટનું હૃદય એક વિચિત્ર આશંકાથી કંપી ઊઠયું. તે પોતાની પત્નીના મડદાને ઓળંગી સીધો અંદર દોડયો. તેનો પુત્ર એક સોફા ઉપર સૂતેલો હતો. તેને તેણે હાથમાં લીધો અને બોલાવ્યો; પણ કશો જવાબ ન મળ્યો. તે પણ મરી ગયેલો હતો!

તેની છાતી ઉપરથી કાગળની એક ચબરખી ગબડી પડી. વિલેફૉર્ટે તે વાંચી. તેમાં લખ્યું હતું: 'તમે જાણો છો કે મને મારા પુત્ર ઉપર બહુ મમતા હતી; મારા પુત્રને ખાતર જ હું ગુનેગાર બની હતી. સારી મા પોતાના પુત્રને લીધા વિના એકલી શી રીતે જાય?'

વિલેફૉર્ટ એ વાંચતાં જ ઠંડો થઈ ગયો અને બબડયો: 'હે પ્રભુ! તું જે કરે તે ખરું!' હવે તે છેક જ ભાંગી પડયો હતો. આજ દિવસ સુધી તેણે બીજા કોઈના દુ:ખની જરા પણ દયા ખાધી ન હતી. પરંતુ

આજે કારમા દુઃખનો અનુભવ થતાં તે પોતાના પિતા પાસે દોડી ગયો : કારણ જેની આગળ રડીને પોતાનું દુઃખ તે હળવું કરી શકે તેવું બીજું કોઈ હવે બાકી રહ્યું ન હતું! જે અપંગ પિતાને તે હંમેશ અવગણતો જ આવ્યો હતો, તે પિતા ઘોર આપત્તિને સમયે તેને શિરછત્રરૂપ લાગ્યા; અને પોતાને અસહાય બાળક માનતો તે તેમના ખોળામાં માથું મૂકી રડવા માટે દોડ્યો.

એ ઓરડામાં એબ બુસોની બેઠો બેઠો નોઇરટિયર સાથે શાંતિથી કંઈક વાત કરતો હતો. વિલેફૉર્ટ તેના સામું જોઈ એકદમ બોલી ઊઠયો,

'એબ બુસોની! તમે શું હંમેશાં મારા ઘરમાં મોતના પુરોગામી થવા જ આવો છો ?'

'ના જી, હું મોતનો અનુગામી થઈને આવું છું. તે દિવસે પણ તમારી મૃત પુત્રીને માટે પ્રાર્થના કરવા જ હું આવ્યો હતો.'

'તો આજે શા માટે આવ્યા છો ?'

'એમ કહેવા કે, મારું દેવું હવે પૂરેપૂરું ભરપાઈ થઈ ચૂકયું છે; અને આજથી હવે હું ઈશ્વરને એટલી જ પ્રાર્થના કરીશ કે, તે તમને બધાંને વધુ સજા ન કરે.'

'બાપ રે! આ કંઈ એબ બુસોનીનો અવાજ નથી!'

'ના; નથી જ.' આમ કહી તેમણે પોતાના માથા ઉપરનું વીંટણ છોડી નાખ્યું; એટલે તેમના કાળા લાંબા વાળ તેમના મરદાની ચહેરાની આસપાસ પથરાઈ રહ્યા.

'કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો?' વિલેફૉર્ટે મોટી ચીસ પાડી.

'ના જી, હજુ પાછળ જાઓ, યાદ કરો!'

'અરે, એ અવાજ મેં પહેલવહેલો કયારે સાંભળ્યો હતો ?'

'એ અવાજ તમે ૨૩ વર્ષ પૂર્વે સેન્ટ-મેરાનની પુત્રી રેની સાથેના તમારા લગ્નને દિવસે સાંભળ્યો હતો!'

'તમે બુસોની નથી; કાઉંટ મોન્ટે-ક્રિસ્ટો નથી; તો શું તમે મારા કોઈ અજાણ્યા દુશ્મન છો? મેં માર્સેલ્સમાં તમારું કંઈ બગાડયું હતું?'

'હા જી, તમે મારો પ્રેમ, મારું સ્વાતંત્ર્ય અને મારું સદ્‌ભાગ્ય છીનવી લઈ, મને જીવતો શેટો દ' ઈફમાં દાટી દીધો હતો!'

'અરે, હવે મને તમારો અવાજ યાદ આવે છે; તમે—'

'હું એડમંડ ડાન્ટે છું!'

'તમે એડમંડ ડાન્ટે છો? તો ઠીક, અહીં મારી સાથે આવો!' એમ કહી તે કાઉંટનું કાંડું પકડી બહાર ખેંચી ગયો. કાઉંટ નવાઈ પામતો તેની પાછળ પાછળ ગયો.

વિલેફોર્ટે પોતાની પત્નીનું અને પુત્રનું શબ બતાવીને તેને કહ્યું: 'એડમંડ ડાન્ટે! જુઓ, હવે તમારું વેર પૂરું થયું?'

મોન્ટે-ક્રિસ્ટો એકદમ હબકી ગયો. તેને એકદમ દેખાયું કે ઉચિત વેરની માત્રા તે ઓળંગી ગયો છે. હવે તે એમ નહીં કહી શકે કે, 'ઈશ્વર મારા પક્ષમાં છે અને હું ઈશ્વરનો સજા કરનારો દૂત છું.' તેણે એકદમ દોડી જઈ એડવર્ડના શબને હાથમાં લીધું, તેની આંખ ફાડી જોઈ, તેની નાડ દબાવી જોઈ. પછી તે તેને વેલેન્ટાઈનની ઓરડીમાં લઈ ગયો, જ્યાં કેટલીક શીશીઓ હજુ તે જ સ્થાને પડેલી હતી.

વિલેફોર્ટે કાઉંટની પાછળ જવા પ્રયત્ન કર્યો! પણ તેના પગ જમીન ઉપર જાણે ચોંટી જ ગયા હતા તેણે પોતાની આંગળીઓ પોતાની છાતીમાં ખોસી દીધી; તેના નખ લોહીથી રાતા થઈ ગયા. તેની આંખ જાણે કપાળમાંથી બહાર નીકળી પડવા લાગી; તેના લમણામાં આગ ભભૂકી ઊઠી. થોડી વારમાં તેની બુદ્ધિ હંમેશને માટે લુપ્ત થઈ ગઈ. તે ગાંડો બની ગયો અને જોરથી હસતો હસતો બગીચા તરફ દોડયો.

પંદરેક મિનિટ બાદ વેલેન્ટાઈનની ઓરડીનું બારણું ઊઘડયું, અને કાઉંટ એડવર્ડનું શબ લઈને બહાર આવ્યો. તેણે બધા પ્રયત્ન કરી જોયા હતા. એડવર્ડ પાછો જીવતો થઈ શકે તેમ ન હતું. તેણે તેનું મડદું તેની માના મડદા સાથે સુવાડયું અને માથું નીચું કરી ઈશ્વરની પ્રાર્થના કરી.

પછી તે વિલેફોર્ટને શોધતો બહાર આવ્યો ત્યારે તો તે ગાંડો થઈને આખો બગીચો કોદાળીથી જ્યાં ત્યાં ખોદવા લાગી ગયો હતો અને બોલતો હતો, 'હું મારા દીકરાને ગમે ત્યાંથી શોધી કાઢીશ.'

કાઉંટ હવે એ ઘરમાંથી જલદી જલદી બહાર દોડયો અને પોતાને ઘેર પહોંચ્યો. ત્યાં જઈ તેણે મૅકિસમિલિયનને કહ્યું: 'ભાઈ, તૈયાર થઈ જા; આપણે વહેલી સવારે પૅરિસમાંથી વિદાય થઈએ '

'તમારે અહીં હવે કશું કરવાનું બાકી રહેતું નથી?'

'ના ભાઈ, ના; અને ઈશ્વર મને ક્ષમા કરે, કદાચ મેં ક્યાંક વધારે પડતું જ કરી નાખ્યું છે!'

૪૭

પૅરિસમાંથી વિદાય

ડેન્ગલર્સ, મૉર્સર્ફ અને વિલેફોર્ટ – પૅરિસના એ ત્રણ પ્રતિષ્ઠિત તથા ખુશનસીબ સજ્જનો ઉપર જે કમનસીબ તૂટી પડયું હતું, તે આખા પૅરિસની એકમાત્ર વાતચીતનો વિષય બની રહ્યું હતું. જુલી અને ઈમેન્યુઅલ પણ એ જ વાત કરતાં બેઠાં હતાં તેવામાં કાઉંટ તથા મૅકિસમિલિયન ત્યાં આવી પહોંચ્યા.

માર્સેલ્સ જતા પહેલાં તે બંને આ બે જણની વિદાય લેવા આવ્યા હતા. જુલી આ અણધારી વાત સાંભળી દિગ્મૂઢ થઈ ગઈ. મૅકિસ-મિલિયનની જડ જેવી સ્થિતિ જોઈને તેને વિશેષ ચિંતા થઈ. કાઉંટે હસીને જુલીને ખાતરી આપી કે, 'એક મહિના બાદ તે તને હસતો-રમતો પાછો આવી મળશે.'

એ શબ્દો સાંભળી મૅકિસમિલિયને કાઉંટ સામે પોતાનું મોં મચકોડયું. તેણે એટલું જ કહ્યું કે, 'એક મહિનો હું કાઉંટના હાથમાં બંધાયેલો છું.'

જુલી તથા ઈમેન્યુઅલ મૅકિસમિલિયનની સ્થિતિ બાબત જરાય આશ્વાસન ન પામ્યાં; પણ કાઉંટે તે બંનેને ધીરજ ધારણ કરવા, તથા સૌ સારાં વાનાં થશે એવી આશા રાખવા જણાવ્યું. પછી આંખમાં જરા ભીનાશ આણી, પોતાને હંમેશની વિદાય આપવા કહ્યું.

'હંમેશની વિદાય, કાઉંટ? એમ કેમ બોલો છો?' ઈમેન્યુઅલે પૂછ્યું.

'શું દેવદૂત પોતાનું પૃથ્વી ઉપરનું સત્કાર્ય પૂરું થવાથી સ્વર્ગમાં પાછો ફરવા માગે છે?' જુલીએ રડતાં રડતાં કહ્યું.

કાઉંટે જુલીનો હાથ પોતાના હોઠ ઉપર દાબીને કહ્યું, 'બહેન, હું દેવદૂત નથી; હું માણસ જ છું. અને તમારા જેવાં નિર્મળ હૃદયોના આશીર્વાદનો ભૂખ્યો છું. ભગવાન, કદાચ તમારા સદ્‌ભાવને ગણતરીમાં લઈ મને ક્ષમા કરશે.'

'કાઉંટ, મારા ભાઈને ફરી સુખી બનાવી દેજો. અત્યારે તેની સ્થિતિ ભારે વિચિત્ર છે. તે કશું અમારાથી છુપાવવા માગે છે. તેને અમે તમારા હાથમાં સોંપીએ છીએ.'

"બહેન, તું તારા 'સિંદબાદ ખલાસી' ઉપર શ્રદ્ધા રાખ!"

'બસ, હવે મારી ચિંતા દૂર થઈ.' જુલીએ રાજી થઈને કહ્યું. પછી મૅકિસમિલિયનને કપાળે ચુંબન કરી, તેણે વિદાય આપી.

કાઉંટે આ દરમ્યાન અલીને નોઈરટિયર ડોસા માટે એક ચિઠ્ઠી લઈને મોકલ્યો હતો. અને તે વાંચી શકે તે રીતે તેને તેમની આંખ સામે ધરી રાખવા જણાવ્યું હતું. તે હવે પાછો આવી ગયો અને ગાડી હાંકવા બેઠો. જ્યારે કાઉંટની ગાડી પવનવેગે પૅરિસની બહાર નીકળી, ત્યારે અલીને તેણે ગાડી થોડી વાર થોભાવવા કહ્યું. કાઉંટ ધીમેથી ગાડીની નીચે ઊતર્યો અને દૂર દેખાતા પૅરિસ સામે જોઈ અદબ વાળીને બોલ્યો: 'મહાનગરી! છ મહિના પહેલાં મેં તારા દરવાજામાં પગ મૂક્યો હતો. હું માનતો હતો કે ઈશ્વર મને તારે ત્યાં દોરીને લઈ આવ્યો છે; અને અહીંથી ખરે જ ઈશ્વર આજે હેમખેમ મને બહાર લઈ જાય છે. હું

અત્યારે વેર તથા અભિમાનની બધી લાગણી છાંડીને અહીંથી વિદાય થાઉં છું. ઈશ્વર જાણે છે કે, તેણે મને જે શક્તિ અને વિભૂતિ બક્ષી હતી, તેનો મેં સ્વાર્થ માટે કે નિરર્થક પ્રયોજનો માટે દુરુપયોગ નથી કર્યો. હે મહાનગરી ! મારા જીવનની ઉત્કટમાં ઉત્કટ આકાંક્ષાઓ તારા વક્ષ:સ્થળ ઉપર સિદ્ધ થઈ છે. ખાણિયાની પેઠે મેં તારાં આંતરડાં ખોદી ખોદીને તેમાં સંતાયેલા અનિષ્ટને ડામ્યું છે. હવે મારું કામ પૂરું થાય છે; હે મહાનગરી ! અલવિદા ! અલવિદા !'

તે લોકોની મુસાફરીનો છેવટનો ભાગ જળમાર્ગે થઈને હતો. ચાર ઘોડાઓ સાથેની આખી ગાડી કાઉન્ટના પોતાના જહાજ ઉપર ચડાવી દેવામાં આવી. માર્સેલ્સ બંદરે જ્યારે તેમનું જહાજ દાખલ થયું, ત્યારે બીજું એક વહાણ આલ્જિયર્સ તરફ ઊપડવા તૈયાર થઈ રહ્યું હતું. તેના તૂતક ઉપર ઊભેલો એક જુવાન નીચે ઊભેલી, કાળાં કપડાં પહેરેલી એક સ્ત્રીને વિદાય આપી રહ્યો હતો.

મૅક્સિમિલિયને કાઉંટનું ધ્યાન ખેંચીને કહ્યું: 'કાઉન્ટ, જુઓ, પેલો આલ્બર્ટ મૉર્સર્ફ છે!'

કાઉંટે કહ્યું: 'હા, મેં તેને જોયો છે; અને નીચે ઊભેલી તેની માને પણ જોઈ છે.'

તે દિવસ બંનેએ માર્સેલ્સમાં જ ગાળવાનો હતો. મૅક્સિમિલિયન પોતાના પિતાની કબરની મુલાકાતે જવાનો હતો; કાઉન્ટને પણ બીજાં કામ હતાં.

કાઉન્ટ હવે મૅક્સિમિલિયનથી છૂટો પડી, પોતાના પિતાના મકાન તરફ વળ્યો. આખું મકાન કાઉંટે મર્સિડીસને આપી દીધું હતું, અને તે ત્યાં જ હશે, એવી કાઉન્ટને ખાતરી હતી.

કાઉન્ટ જ્યારે મર્સિડીસને મળ્યો, ત્યારે પોતાના જીવનના છેલ્લા આધારરૂપ પોતાના પુત્રને પરદેશ વળાવીને તે લગભગ શૂન્ય દશામાં ઘરના વાડામાં બેઠી હતી.

કાઉન્ટને જોતાં જ તે આટલું બોલી, 'મારી એક જ ભૂલથી આ બધી બરબાદી સરજાઈ છે. જે દિવસે તમારા મોતના સમાચાર મને મળ્યા, તે દિવસે જ હું મરી ગઈ હોત, તો આ કશું ન થાત. મેં જ સૌ ઉપર આફત આણી મૂકી છે.'

'મર્સિડીસ, હું હવે તારી વિદાય લેવા આવ્યો છું. તું તારી જાતને અતિ દોષિત માની, જરૂર કરતાં વધારે સજા ન કરતી. આપણે માણસો જે કંઈ કરીએ છીએ, તે આપણી અપૂર્ણતાની મર્યાદાને લીધે વધારે પડતું અથવા ઘણું ઓછું કરીએ છીએ. માણસનાં કર્મનું ફળ પણ ઈશ્વર જ સર્વજ્ઞ તથા સર્વશક્તિમાન હોઈ, યથાયોગ્ય આપી શકે છે; અને તેને જ તે ફળ આપવાનો અધિકાર છે. કારણ કે તે દયાળુ છે, તથા સૌનું ભલું જ તાકનારો છે. હું એ પાઠ આટલા અનુભવે શીખ્યો છું. પાપીઓના પાપની યથાયોગ્ય સજા કરવાનું ઘમંડ હવે મારામાં નથી રહ્યું. તું હવે શું ઈચ્છે છે તે મને કહે.'

'હું એક જ વસ્તુ ઈચ્છું; અને તે મારા પુત્રનું સુખ.'

'ઠીક; ઈશ્વર તેને જીવતો રાખે એટલી પ્રાર્થના તું કરજે; બાકીનું બધું હું સંભાળી લઈશ. આજથી તેનો બધો ભાર મારે માથે છે.'

'તમારો આભાર માનું છું, ઍડમંડ! એથી વિશેષ હવે મને કશાની ઈચ્છા નથી. વિશેષ કંઈ આપવાની ઈચ્છા કરીને તમે પણ દુ:ખી ન થશો. મારો પુત્ર મને જે આપે તેટલું જ હું લઈ શકીશ.'

"ઠીક; હું એ બાબતમાં કશો આગ્રહ નહિ કરું. તું હવે મને વિદાય આપ. પણ 'જાઓ' કહીને નહિ, પરંતુ 'આવજો' કહીને."

"હા હું તમને 'આવજો' એમ જ કહેવાની છું; એથી તમને ખાતરી થશે કે, હું હજુ આશા હારી નથી બેઠી."

પછી કાઉન્ટના ધ્રૂજતા હાથને આંગળીનાં ટેરવાંથી સ્પર્શ કરી, પોતાની આંખે તે આંગળીઓ લગાડી, મર્સિડીસ ઝટપટ ઘરમાં ચાલી ગઈ.

તે જ રાતે મૅક્સિમિલિયનને માર્સેલ્સમાં થોડું વધુ રોકાવાનું કહી કાઉન્ટે એકલા ઈટાલી જઈ આવવા આગબોટમાં બેસી માર્સેલ્સ છોડયું

કારણ કે, ડૅન્ગ્લર્સ કાઉન્ટના રુક્કાને વટાવવા રોમ જવાનો જ, એવી તેને ખાતરી હતી. તે અંગે તેણે કેટલીક વ્યવસ્થા ક્યારની કરી પણ દીધી હતી. પણ તે વાત ઉપર છેલ્લો પડદો પાડવાનો હજુ બાકી રહેતો હતો.

એટલે ડૅન્ગલર્સ જ્યારે ફ્રાંસમાંથી ગુપચુપ ભાગી ઈટાલી પહોંચી, રોમમાં થૉમસન ઍન્ડ ફ્રેન્ચની કંપનીની ઑફિસે આવ્યો, ત્યારે ત્યાં પ્રખ્યાત રોમન લૂંટારુ વાન્ગાનો માણસ પેપિનો છુપાઈને તૈયાર ઊભો હતો. ડૅન્ગલર્સ કાઉંટનો રુક્કો વટાવી, એકાવન લાખ ફ્રાંકનું ખાતું ખોલાવી, પોતાની હોટેલે ગયો અને પાંચ-છ રાતના ઉજાગરા હોવાથી વહેલો સૂઈ ગયો. બીજે દિવસે પણ તે જરા મોડો ઊઠ્યો. પછી જમી પરવારી તેણે વેનિસ થઈ વિયેના જવાનો પાસપોર્ટ કઢાવ્યો. એ બધું પરવારતાં તેને ત્રણ વાગી ગયા. પછી હોટેલવાળાએ ઠરાવી આપેલી ગાડીમાં બેસી, તે રાજી થતો થતો, પોતાના લેણદારોની તથા પત્નીની પૅરિસમાં કેવી અવદશા થતી હશે તેનો આનંદથી વિચાર કરવા લાગ્યો.

મોડી રાતે જ્યારે તેણે વેગથી દોડતી ગાડીના બારણામાંથી સહેજ બહાર નજર કરી, ત્યારે તેને રોમની બહારનાં ખંડેરો જેવું જ બધું નજરે પડતાં નવાઈ લાગી. તેણે ગાડીવાળાને ઊભો રાખી પૂછવા પ્રયત્ન કર્યો, તો પાસે દોડતા ઘોડેસવારે તરત દંડૂકો મારી તેનો હાથ અને માથું ફરી અંદર લેવડાવ્યાં. ડૅન્ગલર્સને અચાનક ભય લાગ્યો કે ફ્રાંસના પોલીસવાળાઓએ ઈટાલીના સત્તાવાળાઓને કહીને તેને પાછો ફ્રાંસ પહોંચાડી દેવાની વ્યવસ્થા કરી છે કે શું ?

થોડે દૂર ગયા પછી, તેને અંદરથી ઉતારવામાં આવ્યો અને ભૂગર્ભમાં આવેલા ગુપ્ત ઓરડામાં લઈ જઈ પૂરવામાં આવ્યો. ત્યારે તેને સમજાયું કે, આ તો આલ્બર્ટ પકડાયો હતો તે સેંટ સેબાસ્ટિયનની જૂની ભૂગર્ભ ગુફાઓ છે, અને તે પોતે રોમના લૂંટારુ વાન્ગાના હાથમાં સપડાયો છે.

ડૅન્ગલર્સને એ જાણી કંઈક નિરાંત થઈ ! કારણ કે, આ લૂંટારુઓ બહુ તો તેની પાસેથી બે-પાંચ હજાર ફ્રાંક લઈને તેને છૂટો કરશે; તેની પાસે કેટલા પૈસા છે તેની આ લોકોને શી ખબર હોય ?

પરંતુ પછી જ્યારે તેણે ભૂખ લાગતાં ખાવાનું માગ્યું, ત્યારે તેની પાસે એક ટંકના ખાધાખર્ચના એક લાખ ફ્રાંક પહેલા માગવામાં આવ્યા. ડૅન્ગલર્સે હવે ઢોંગ માંડ્યો કે, તેની પાસે એટલી ફૂટી કોડી પણ નથી.

પણ પેપિનોએ જણાવ્યું કે, 'સાહેબ, રોમમાં તમારું ૫૧ લાખનું ખાતું છે; તમે ચેક લખી આપશો તો ચાલશે. પણ તમારે ભૂખેતરસે મરીને આપઘાત કરવો હોય, તો તમારી મરજી!' ડૅન્ગલર્સ હવે ચોંક્યો. તેણે જાણ્યું કે, આ લોકોનો ઇરાદો તે બધા ફ્રાંક પડાવી લેવાનો જ છે. છતાં ભૂખેતરસે પ્રાણ જ્યારે છેક નીકળી જવાના થયા, ત્યારે જ એક લાખ ફ્રાંકનો ચેક લખી આપીને તેણે ખાવાનું મંગાવ્યું.

બીજે દિવસે તરસ લાગતાં ડૅન્ગલર્સે પીવાનું કંઈક માગ્યું, ત્યારે એક શીશાના ૨૫ હજાર ફ્રાંક માગવામાં આવ્યા. ડૅન્ગલર્સે પૂછ્યું કે, 'તમારો ઇરાદો શો છે તે મને કહો; અને મને છૂટો કરવાના તમારે કેટલા પૈસા જોઈએ છે ?'

તેને જવાબ મળ્યો કે, 'તમારી પાસે ૫૧ લાખ ફ્રાંક છે. તે બધા આપી દો, એટલે અમે તમને જવા દઈશું.'

ડૅન્ગલર્સ ચિડાઈ ગયો. તેણે કહ્યું, 'ભલે તમે ગમે તે કરશો તોપણ હું હવે તમને વધુ ચેક લખી આપવાનો જ નથી. તમારે મને મારી નાખવો હોય તો મારી નાખો.'

પરંતુ બે દિવસ જેમતેમ કરીને પસાર કર્યા પછી તેણે એકદમ દશ લાખ ફ્રાંક આપવાના કરી મહાભોજન મંગાવ્યું. પેલાઓએ તેને સુંદર મિજબાની જેવું ખવરાવ્યું અને તેની પાસેથી દશ લાખ ફ્રાંકનો ચેક લખાવી લીધો. બાર દિવસ બાદ તેની પાસે માત્ર ૫૦ હજાર ફ્રાંક બાકી રહ્યા. પણ હવે તેને તેટલા થોડા ફ્રાંકની મમતા

જાગી; અને તેને ગાંડાની પેઠે અવનવી આશાઓની ભ્રમણાઓ થવા લાગી. તેને એમ લાગ્યું કે, ઈશ્વર ગમે તેવા ચમત્કાર કરી શકે છે; અને કદાચ આ ગુફા કાં તો તૂટી પડશે, અથવા પોલીસોને આ ગુફાઓનો પત્તો મળતાં તેઓ આ લૂંટારુઓને પકડી લેશે! પછી તો તેઓ મને છૂટો કરશે, એટલે મારા ૫૦ હજાર ફ્રાંક મારી પાસે રહેશે! પછી તે રડતો રડતો ઈશ્વરની પ્રાર્થના કરવા લાગ્યો.

ત્રણ દિવસ સુધી ઈશ્વરના નામનું સતત રટણ કર્યા પછી ચોથે દિવસે તો તે મરેલા માણસ જેવો જ થઈ ગયો. તે પોતાની સાદડી ભૂખનો માર્યો ચાવવા લાગ્યો. પછી પાંચમે દિવસે તેણે વાન્ગાને બોલાવીને કહ્યું, 'મારા આ બધા પૈસા લઈ લો, પણ મને આ ગુફાઓમાં જ જીવતો રહેવા દો. હું છૂટા થવાની માગણી નથી કરતો, પણ મને જીવતો રહેવા દો.'

'તમને બહુ દૂ:ખ થાય છે?'

'હા; હું ભયંકર રિબાઉં છું.'

'અને છતાં તમારા કરતાં પણ વધુ દુ:ખ વેઠ્યું હોય એવા માણસો છે.'

'હું નથી માનતો.'

'નથી કેમ માનતા? કેટલાકો ભૂખે જ મરી ગયા છે, અને કદાચ તમારે કારણે જ!'

ડેન્ગલર્સ ધીમે ધીમે વિચારમાં પડી બોલ્યો, 'હા ખરી વાત છે; મારા કરતાં પણ ઘણાએ વધુ દુ;ખ ભોગવ્યું હશે.'

'તો શું તને તારાં પાપકૃત્યનો ખરેખર પસ્તાવો થાય છે?' એક થાંભલા પાછળથી અવાજ આવ્યો. ડેન્ગલર્સે જોયું તો વાન્ગાની પાછળ હવે બીજો એક માણસ એક જભ્ભો વીંટીને ઊભો હતો.

'હા, હવે હું મારાં પાપનો ખરેખર પસ્તાવો કરું છું.' આમ

કહી તે પોતાની છાતી ઉપર પોતાના સુકાઈ ગયેલા હાથથી મુક્કાઓ મારવા લાગ્યો.

'તો હું પણ તને ક્ષમા આપું છું,' એમ કહી તે માણસ જભ્ભો દૂર કરી આગળ આવ્યો.

'કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો ?' ભયથી ફીકો પડી જઈ ડેન્ગલર્સ બોલી ઊઠયો.

'ના, હું કાઉન્ટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો નથી!'

'તો તમે કોણ છો?'

'યાદ કર; જેને તેં દગાબાજીથી લાંછિત કર્યો હતો, જેની વિવાહિતાને તેં વટાવી ખાધી હતી, જેના ઉપર પગ મૂકીને તેં તારી ઉન્નતિ સાધી હતી, જેના બાપને તેં ભૂખે મારી નાખ્યો, અને જેને પણ તેં ભૂખે મારી નાખવાનો વેંત કર્યો હતો, પણ જે હવે તને ક્ષમા કરે છે; કારણ કે, તેને પોતાને પણ હવે ક્ષમાની જરૂર પડી છે. હું એડમંડ ડાન્ટે છું!'

ડેન્ગલર્સ એક ચીસ પાડી જમીન ઉપર તૂટી પડયો.

'ઊભો થા', કાઉંટે કહ્યું, 'તારી જિંદગી બચાવવામાં આવશે. તારા બે સાથીદારો એટલા ભાગ્યશાળી ન નીવડયા: એક ગાંડો થઈ ગયો અને બીજો આપઘાત કરીને મરી ગયો. તારી પાસે બાકી રહેલા પચાસ હજાર ફ્રાંક તારી પાસે ભલે રહે. દવાખાનાંવાળાઓના જે પચાસ લાખ ફ્રાંક તું ઉઠાવી લાવ્યો હતો, તે મેં તેમને ભરપાઈ કરી દીધા છે. હવે તું નિરાંતે ખા અને પી. આજે તું મારો મહેમાન છે. વાન્ગા, જ્યારે આ માણસ ખાઈ-પી લે, ત્યારે તેને છોડી દેજો.'

વાન્ગાએ ખવરાવી પિવરાવી, ડેન્ગલર્સને ગાડીમાં બેસાડી રસ્તા ઉપર દૂર લાવી અંધારામાં છોડી દીધો. ડેન્ગલર્સ સવાર સુધી ત્યાં પડી રહ્યો. પછી સવાર થતાં તેણે જોયું કે પાસે થઈને એક ઝરો વહેતો હતો. તેમાં નીચો નમી તે પાણી પીવા ગયો, ત્યારે તેને ખબર પડી કે તેના બધા વાળ ધોળા થઈ ગયા હતા!

૪૮

આશા અને ધીરજ!

પાંચમી ઑક્ટોબરને દિવસે કાઉન્ટે મોકલેલા જહાજમાં બેસી મૅક્સિમિલિયન મોન્ટેક્રિસ્ટો ટાપુ ઉપર ઊતર્યો. કાઉન્ટ તેને આવકારવા કિનારે તૈયાર ઊભો હતો. મૅક્સિમિલિયને તેને જોતાં ઘડિયાળ કાઢીને જણાવ્યું કે, 'કાઉન્ટ, હવે મારે જીવવાના ત્રણ કલાક બાકી રહે છે!'

કાઉન્ટે કહ્યું, 'ભલે; એ ત્રણ કલાક પણ આપણે સારી રીતે ગાળવા માગીએ તો ગાળી શકીએ તેમ છીએ. જે વસ્તુ ત્રણ કલાક જેટલી પણ દૂર છે, તેની ચિંતા અત્યારથી શા માટે કરવી? તને શું મરવાની બીક લાગે છે?'

'ના, ના; હવે વેલેન્ટાઈનને જઈ મળવાની અધીરાઈ આવી છે, એટલું જ.'

કાઉંટ એ જુવાનિયાનો એકનિષ્ઠ દૃઢ પ્રેમ જોઈ, પ્રશંસાના ભાવથી તેના તરફ જોઈ રહ્યો. દરમ્યાન તેઓ કાઉન્ટની ભૂગર્ભ-ગુફામાં આવી ગયા હતા. અંદરનો વૈભવ અને ઠાઠ જોઈ, મૅક્સિમિલિયન ઘડીભર ચકિત થઈ ગયો. કાઉંટે તેને કહ્યું, 'મૅક્સિમિલિયન! તું મારી વાત જરા ધ્યાન દઈને સાંભળ; તું જાણે છે કે, મારું કોઈ સગુંવહાલું જીવતું નથી. હું તને જ મારો પુત્ર માનતો આવ્યો છું અને મારા પુત્રનું જીવન બચાવવા હું મારું સર્વસ્વ પણ ખરચી નાખવા તૈયાર છું.'

'તમે શું કહેવા ઈચ્છો છો?'

'જો, તું મૃત્યુ માટે આટલો બધો તત્પર થઈ રહ્યો છે, કારણ કે જીવનનાં સુખનો પ્યાલો હજી તેં પૂરેપૂરો ચાખ્યો નથી. મારી પાસે લગભગ દશ કરોડ ફ્રાંકની મિલકત છે. હું તે તને આપી

દઉં; તું એટલાથી મનમાં ધારે તેટલો આનંદ ભોગવી શકશે, અથવા ઇચ્છે તેવું જીવન જોગવી શકશે. માત્ર તું મરવાનો ગાંડો ખ્યાલ છોડી દે.'

'કાઉંટ, તમે તમારો કોલ આપ્યો છે. અત્યારે સાડા અગિયાર વાગ્યા છે. તમારાથી મને મરતો જોવાય તેમ ન હોય, તો તમે મને બહાર ચાલ્યો જવા દો!'

કાઉન્ટે હવે મમતાથી હસીને તેને બેસી રહેવા કહ્યું. પછી એક ખાનું ખોલી તેમાંથી ચાંદીની એક ડબ્બી કાઢી. તેમાંથી તેણે એક ચમચી ભરીને ચાટણ મૉકિસમિલિયનને આપ્યું અને કહ્યું, 'તારે આ જ જોઈએ છે, તો એ જ લે. એનાથી તારાં બધાં દુ:ખોનો અંત આવી જશે.'

મૉકિસમિલિયને કાઉન્ટનો આભાર માની, તે ચાટણને ઝેર ગણી ચાટી લીધું. થોડી વારમાં તેની આંખે અંધારાં આવી ગયાં અને તે બેહોશ થઈ ગયો.

કાઉંટે હવે એક તરફનું બારણું ઉઘાડયું, તો અંદરથી વેલેન્ટાઈન બહાર આવી. મૉકિસમિલિયન જાણે ઊંઘમાં બોલતો હોય, તેમ બોલી ઊઠયો, 'વેલેન્ટાઈન! વેલેન્ટાઈન!'

કાઉન્ટે હસીને વેલેન્ટાઈનને કહ્યું, 'બહેન, એ તને ઊંઘમાં પણ બોલાવી રહ્યો છે. મૃત્યુ તમને બેને છૂટાં પાડવા માગતું હતું, પણ મેં મૃત્યુને હટાવીને તમને બેને જોડી આપ્યાં છે. તારા જેવા અમૂલ્ય રત્નને ખરેખર એ લાયક છે કે નહિ એ જોવા માટે મેં તેને છેવટ સુધી તાવ્યો છે; અને તને પામવા તે મૃત્યુને રાજીખુશીથી ભેટયો છે. પરંતુ એ મૃત્યુ તો થોડા વખતનું જ છે. ત્યાર બાદ તમે બંને પ્રેમીઓ એક બીજાના એકનિષ્ઠ પ્રેમના અમૃતથી અમર બનજો. ભગવાન મારી સજા વિચારતી વખતે, તમો બંનેને ભેગાં કરી આપવાનું જે સત્કૃત્ય મેં કર્યું છે, તેનો વિચાર કરશે.'

વેલેન્ટાઈને આભારથી ઊભરાતા હૃદયે કાઉન્ટનો હાથ પકડી પોતાના કપાળે દબાવ્યો.

કાઉન્ટે હવે તેને પૂછયું, 'બહેન, તને હૅદી ગમે છે?'

'હું તેને મારી સગી બહેન જેવી ગણું છું; તેણે મને કેવા મીઠા બોલોથી મારા દુ:ખના કાળમાં કેટકેટલું આશ્વાસન આપ્યું છે, તે હું જ જાણું છું. તેમની કશી સેવા કરવાની મને મળે, તો હું તેને મારું સદ્‌ભાગ્ય જ સમજું. પણ તમારા જેવાની ઓથ પામેલી તે ભાગ્યશાળી બહેનને મારા જેવાની કશી સેવાની કદી જરૂર ન પડશે.'

પરંતુ મારે હૈદી માટે જ તારી પાસે એક માગણી કરવાની છે. તેં તેને તારી બહેન તરીકે હમણાં ઓળખાવી. તો હવેથી તે તારી સાચી બહેન બનો. મારા પ્રત્યે તું જે કાંઈ ઋણ માનતી હોય, તે તું તેને સાથ અને ઓથ આપીને વાળી શકશે; આજથી તે હવે જગતમાં એકલી પડશે.'

'એકલી પડશે?' પાછળથી હૈદીનો અવાજ આવ્યો.

'કારણ કે, કાલથી તું મારા હાથમાંથી મુક્ત બનશે, અને તારું સમુચિત સ્થાન જગતમાં પ્રાપ્ત કરશે. તું એક રાજાની કુંવરી છે. હું તને તારા પિતાનું નામ અને સંપત્તિ પાછાં આપું છું.' કાઉન્ટે જવાબ આપ્યો.

હૈદી મરણતોલ ફીકી પડી ગઈ. 'તો શું તમે મને તજી દો છો?'

'હૈદી, હૈદી, તું જુવાન છે, સુંદર છે; મને ભૂલી જા અને સુખી થા.' કાઉન્ટે જરા દુ:ખ સાથે કહ્યું.

'ઠીક, તો હું મારા માલિકનો હુકમ માથે ચડાવું છું; હું તમને ભૂલી જાઉં છું અને સુખી થાઉં છું.' આમ કહી તે એક ડગલું પાછી ફરી.

વેલેન્ટાઈન તેના તરફ જોઈ બોલી ઊઠી, 'ભલા ભગવાન! કાઉંટ, તમે જોતા નથી કે તે કેટલી ફીકી પડી ગઈ છે? તેને કેટલું બધું દુ:ખ થાય છે?'

'તે શું કરવા જુએ? તે મારા માલિક છે અને હું તેમની ગુલામડી છું. તેમને કશું ન જોવા-જાણવાનો હક છે.'

કાઉન્ટ હૈદીનો અવાજ સાંભળી ધ્રૂજી ઊઠયો. તેના હૃદયના ઊંડામાં

ઊંડા તાર ઝણઝણી ઊઠયા. તે બોલ્યો, 'તો શું મને જે ઊંડો ઊંડો વહેમ હતો તે સાચો છે? હેદી, તું મારી સાથે જ રહેવા રાજી છે?'

'હું જુવાન છું. તમે મારા જીવનને હંમેશાં એટલું મધુર બનાવ્યું છે કે, મને મરવું પડે તો અવશ્ય દુ:ખ થાય.'

'એટલે કે, હું તને તજી દઉં, તો તું –'

'હું અવશ્ય મરી જઈશ.'

'તો શું તું મને ચાહે છે?'

'વેલેન્ટાઇન બહેન, એ મને પૂછે છે કે, હું તેમને ચાહું છું! તેમને કહો તો ખરાં કે તમે મૅક્સિમિલિયનને ચાહો છો?'

કાઉંટનું હૃદય ભરાઈ આવ્યું. તેણે પોતાના હાથ ફેલાવ્યા અને હેદીએ તેમાં પડતું નાખ્યું. તે બોલી, 'હું જીવન જેટલા તમને ચાહું છું. તમને હું મારા ઈશ્વર ગણીને ચાહું છું. કારણ કે, આ દુનિયામાં મારે માટે તમે સર્વોત્તમ – પુરુષોત્તમ છો.'

'તો તું કહે છે તેમ ભલે થાય. હું મારા જીવનને મારા વેરનું પ્રાયશ્ચિત્ત કરવામાં જ ખતમ કરવા ઇચ્છતો હતો. પરંતુ ઈશ્વર મને ક્ષમા કરવા માગે છે. કદાચ તારો પ્રેમ જ મારે મારા જીવનમાંથી જે કાંઈ ભૂંસવાનું છે તે ભૂંસી આપશે. જગતમાં હવે મારે માટે તું જ બાકી રહી છે. તારી મારફત હું જીવનને સ્વીકારું છું. હે ઈશ્વર! તું મને સજા કરતો હોય કે વરદાન આપતો હોય, હું તેને માથે ચડાવું છું. ચાલ હેદી, ચાલ......'

આટલું કહી, કાઉન્ટ વેલેન્ટાઇનનો હાથ દબાવી, તેને ત્યાં મૅક્સિમિલિયન પાસે જ રહેવાનું કહી, હેદીને લઈ બહાર નીકળી ગયો.

એક કલાક બાદ મૅક્સિમિલિયને આંખો ઉઘાડી. ધીમે ધીમે તેની બધી ઈંદ્રિયો સચેત થઈ. તે નિરાશાના સૂરથી બોલી ઊઠયો, 'હું હજુ જીવતો છું! કાઉન્ટે મને છેતર્યો!' આમ કહી તેણે ટેબલ ઉપરથી છરી ઉપાડવા હાથ લંબાવ્યો. છરીને બદલે તેના હાથમાં એક બીજો પ્રેમ-નીતરતો સુંદર હાથ આવી ગયો.

'જરા જાગો, અને મારા સામું જુઓ તો.' વેલેન્ટાઈને પોતાના મધુર સ્મિત સાથે મૅક્સિમિલિયનને કહ્યું.

મૅક્સિમિલિયન આ ચમત્કારને પ્રભુની કરામત માનતો તરત ઘૂંટણિયે પડયો.

*　　*　　*

બીજે દિવસે સવાર થતાં બંને જણ ગુફાની બહાર નીકળ્યાં, તેવો જ જેકોપો આવી મૅક્સિમિલિયનના હાથમાં એક ચિઠ્ઠી મૂકી ગયો :

" ચિ૦ ભાઈ મૅક્સિમિલિયન,

"બંદરમાં એક જહાજ તમારે માટે તૈયાર ઊભું છે. જેકોપો તમને લૅઘોર્ન બંદરે પહોંચાડશે. નોઈરટિયર ત્યાં પોતાની પૌત્રીને લગ્નના આશીર્વાદ આપવા ઉત્સુક થઈને રાહ જુએ છે. આ ગુફામાંનું બધું, શેંપ એલીસીવાળું મારું પૅરિસનું મકાન, અને નોર્મન્ડી આગળની મારી જાગીર એ બધું ડાન્ટે પોતાના માલિક શ્રી. મૉરેલના પુત્રને લગ્નની ભેટ તરીકે આપે છે.

" તારા દેવીને કોઈ કોઈ વાર મારે માટે પ્રાર્થના કરવા કહેજે; કારણ કે સેતાનની પેઠે હું પણ ભૂલથી ઈશ્વરનું અનુકરણ કરવા લાગી ગયો હતો. પરંતુ હવે અનુભવે સમજ્યો છું કે, ઈશ્વર પાસે જ સૌ જીવોનાં કર્મોનો નિર્ણય કરવા માટેની યોગ્ય શક્તિ તથા ડહાપણ છે.

"તો, મારાં પ્રિય સંતાનો, સુખે રહેજો; અને એક વાત કદી ન ભૂલતાં કે, ઈશ્વર માણસને ભવિષ્યના જ્ઞાનવાળો ન કરે, ત્યાં સુધી માનવ ડહાપણનો કુલ સાર આ બે શબ્દોમાં સમાયેલો છે :

'આશા અને ધીરજ'

તમારો મિત્ર,
એડમંડ ડાન્ટે
કાઉંટ ઑફ મોન્ટે-ક્રિસ્ટો "

મૅક્સિમિલિયન હવે ચિંતામાં પડી જઈ જેકોપોને પૂછવા લાગ્યો : 'કાઉંટ ક્યાં છે ? હૅદી ક્યાં છે ?'

જેકોપોએ દૂર ક્ષિતિજ તરફ આંગળી કરી. ત્યાં દૂર સરતા જતા એક સફેદ સઢની ટોચ દેખાતી હતી.

'ચાલ્યા ગયા? પ્રણામ, મારા બંધુ, પ્રણામ, મારા પિતાજી!' મૅક્સિમિલિયન બોલ્યો.

'ચાલ્યાં ગયાં? પ્રણામ મારા બંધુ, પ્રણામ મારી બહેન!' વેલેન્ટાઇન ગણગણી.

'કોણ જાણે હવે ફરી કદી તેમને આપણે જોવા પામીશું કે નહિ?' મૅક્સિમિલિયને હતાશ થઈને કહ્યું.

"કાઉંટે હમણાં તો આપણને 'આશા અને ધીરજ' રાખવા જણાવ્યું, તે ભૂલી ગયા શું?" વેલેન્ટાઇને જવાબ આપ્યો.

અલેકઝાન્ડર ડૂમા કૃત
વિશ્વવિખ્યાત નવલકથાઓ

[સચિત્ર, વિસ્તૃત સંક્ષેપો]

સંપાદક : ગોપાળદાસ પટેલ

કાઉન્ટ ઑફ મૉન્ટે-ક્રિસ્ટો [કિશોરો માટે]	૪.૦૦
થ્રી મસ્કેટિયર્સ–૧	૮.૦૦
થ્રી મસ્કેટિયર્સ–૨ (ટ્વેન્ટી ઇયર્સ આફ્ટર)	૮.૦૦
થ્રી મસ્કેટિયર્સ–૩ (વાઇકાઉન્ટ દ બ્રાજલોન)	૧૦.૦૦
થ્રી મસ્કેટિયર્સ–૪ (લુઇઝા દ વાલિયેર)	૧૨.૦૦
થ્રી મસ્કેટિયર્સ–૫ (મૅન ઇન ધ આયર્ન માસ્ક)	૧૫.૦૦

પ્રાપ્તિસ્થાન :
એટનબરો લાઇબ્રેરી, અમદાવાદ–૫૪
૧/૭૦, સત્યાગ્રહ છાવણી

"માનવની સારી બાજુને જ આગળ કરીએ, તો તે માનવ ન રહે, પણ 'દેવ' બની જાય, તેમ જ તેની હીન બાજુને જ આગળ કરીએ, તો પણ તે માનવ ન રહે પરંતુ 'સેતાન' બની જાય. સાચો નવલકથાકાર તેથી માનવની સારી તેમ જ હીન એમ બંને બાજુઓને તાણાવાણાની પેઠે સાથે જ વણીને રજૂ કરે છે, જેથી સાચો 'માનવ' મૂર્તિમંત થાય. અને એ સાચા માનવની કહાણી આપણ માનવોને જેટલી સ્પર્શી જાય, તેટલી માત્ર 'દેવ'ની કે નર્યા 'રાક્ષસ'ની કહાણી આપણને ન સ્પર્શી શકે. 'આશા અને ધીરજ' એવી સાચા માનવની કહાણી છે, જે વાચકને સ્પર્શ્યા વિના રહેશે નહીં."

"વાચક".